
# પંચાયતી રાજ સંસ્થાઓના ક્ષમતાવર્ધન માટે તાલીમ સામગ્રીનો સારસંગ્રહ

(પ્રશ્નોત્તરી)




प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge

SIRD
State Institute of Rural Development

# પ્રસ્તાવના

1992માં બંધારણીય સુધારાના આધારે 1993માં 'ગુજરાત પંચાયત ધારો' ઘડાતા હવે ગુજરાતમાં કાયદાકીય રીતે 'પંચાયતી રાજ' ખરા અર્થમાં સર્વાંગીપણે લાગૂ પડ્યો છે. જેને કારણે પંચાયતોના વહીવટમાં નવી જ ચેતના આવી છે અને મહિલાઓ તથા વંચિત સમુદાયોમાંથી નવુ નેતૃત્વ ઊભુ થઈ રહ્યું છે.

બીજી તરફ ગ્રામિણ વિકાસની યોજનાઓમાં પંચાયતી રાજની સંસ્થાઓને વધુને વધુ અધિકારો તથા જવાબદારીઓ સોંપાઈ રહી છે. સાથે-સાથે વધારેમાં વધારે લોકો ગામડાના વિકાસની પ્રક્રિયામાં જોડાઈ શકે તે માટે વિકાસનું આયોજન સ્થાનિક સ્તરે લોક ભાગીદારીથી થાય, તેવો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે અને વહીવટ તથા નાણાકીય વ્યવસ્થામાં પારદર્શકતા લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

પંચાયતી રાજના માધ્યમથી વિકેન્દ્રિત શાસન પ્રક્રિયા, લોક આધારિત આયોજન, વંચિતો તથા મહિલાઓનું નેતૃત્વ તથા સહભાગિતા સાકાર થઈ શકે છે. એનાથી વિકાસમાં વેગ આવશે અને સામાજિક ન્યાય શક્ય બનશે. આજે પણ ગુજરાતના 6 જિલ્લા પછાત ગણાય છે. કોલગી સાહેબના કમિટિ રિપોર્ટે પછાત તાલુકાઓની ઓળખ માટે માપદંડો નક્કી કર્યાં છે. રાજ્યની ગરીબ પ્રજા અને ક્ષેત્રને આગળ વધારવા માટે પંચાયતી રાજની એક મોટી ભૂમિકા છે. પંચાયતી રાજ સંસ્થાઓ, વિકાસ, સામાજિક ન્યાય અને જવાબદેહ શાસનતંત્ર ઊભા કરી શકે તે માટે તેમનું ક્ષમતાવર્ધન જરૂરી છે.


આ જરૂરિયાતો અને પડકારોને ધ્યાનમાં લઈ આ પુસ્તિકા બેકવર્ડ રિજિયન ગ્રાન્ટ ફંડ હેઠળ ઉન્નતિ દ્વારા સંકલિત કરવામાં આવી છે. આ પુસ્તિકામાં પંચાયતી રાજના મહત્વના પાસાઓ, કાયદાઓની વિગતો, વહીવટી પ્રક્રિયાની જાણકારી અને પંચાયતી રાજના પ્રતિનિધિઓની ભૂમિકા, જવાબદારીઓ તથા અપેક્ષિત કાર્યો જેવી મહત્વની બાબતોને આવરી લેવામાં આવી છે. જો પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ અસરકારક ભૂમિકા ભજવતા થશે, તો જ ગ્રામવિકાસની યોજનાઓ તથા કાર્યક્રમો સફળતાના શિખરે પહોંચશે ગરીબોના આંસુ લૂછી શકાશે વંચિતો તથા શોષિતોના દુઃખનો અંત આવશે.

આ પુસ્તિકા પંચાયતી રાજ વ્યવસ્થાને સુદ્દઢ તથા અસરકારક બનાવવાના આપણા સૌના પ્રયત્નોમાં મહત્વની પૂરવાર થશે.

# વિષય સૂચિ


1. ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓ 7
2. ગુજરાતમાં પંચાયતી રાજ 13
3. લોકશાહી વિકેન્દ્રીકરણ તથા પંચાયતી રાજ સંસ્થાઓનું મહત્ત્વ 19
4. ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાઓનું કાર્ય 23
5. પંચાયત આવક તથા ખર્ચ 35
6. પંચાયત આયોજન અને અંદાજપત્ર 40
7. પંચાયતના નાણાકીય હિસાબો તથા ઓડિટ 47
8. પછાત વિસ્તાર અનુદાન ભંડોળ 54
9. ગરીબીની સમજ તથા ગરીબી નિવારણની રણનીતિઓ 62
10. આપત્તિનાં જોખમો ઘટાડવામાં પંચાયતની ભૂમિકા 68
11. કુદરતી સંસાધન સંચાલનમાં પંચાયતોની ભૂમિકા 72
12. માહિતીનો અધિકાર 75
13. માનવ વિકાસ 81
14. મહિલા સશક્તિકરણ 86
15. સામાજિક ન્યાય 93
16. સૂક્ષ્મ સ્તરીય આયોજન 97
17. વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોનું સંકલન 102
18. દેખરેખ અને મૂલ્યાંકન 106
19. સામાજિક ઑડિટ 110
20. નેતાગીરીનો વિકાસ 115
21. પ્રેરણા 118
22. અસરકારક સંચાર 120
23. જૂથ નિર્માણ 125
24. સાક્ષર ભારત અભિયાન 127

# 1. ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓ




**પ્ર. 1 પ્રાચીન, મુગલ તથા બ્રિટિશ શાસન દરમ્યાન ભારતમાં સ્થાનિક વહિવટનું સ્થાન શું હતું?**

પ્રાચીન કાળથી સ્થાનિક સ્વરાજયની વ્યવસ્થા અમલમાં છે. ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ છે. પુરાવાઓ સુચવે છે કે 'સભા' તરીકે ઓળખાતાં સ્વ-શાસનના ગ્રામીણ મંડળો અસ્તિત્વમાં હતાં. સમય જતાં આ મંડળો પંચાયતો બન્યાં. પંચાયત શબ્દ બે સંસ્કૃત શબ્દો 'પંચ' અને 'આયત' પંચ એટલે પાંચ સભ્યોનું જૂથ અને આયત એટલે આ પાંચ લોકો જે જગ્યાએ બેસીને ગામના પ્રશ્નો ઉકેલે તે સ્થાન. પંચાયતો લગભગ દરેક ગામમાં પાયાના શાસન માટે કાર્યરત સંસ્થાઓ હતી. ગ્રામ પંચાયત અથવા તો ચૂંટાયેલી મંડળીને વહીવટી અને ન્યાયિક સત્તાઓ હતી. જમીનની વહેંચણી પંચાયત દ્વારા કરવામાં આવતી હતી. તે ખેતીની ઉપજોમાંથી કર પણ ઉઘરાવતી હતી અને ગામ વતી શાસનનો હિસ્સો ચૂકવી દેતી હતી. જુદી જુદી ગ્રામ્ય મંડળીઓના જૂથ માટે જરૂર પડે તો દેખરેખ રાખવા અને દખલ કરવા માટે એક બૃહદ પંચાયત અથવા તો મંડળી હતી. મધ્યકાળમાં મોગલ શાસન દરમિયાન જ્ઞાતિપ્રથા અને સામંતશાહી વ્યવસ્થાના કારણે ધીમે ધીમે ગામડાંમાં સ્વશાસનને ઘસારો પહોંચ્યો. શાસકો અને લોકો વચ્ચે સામંતશાહી વડાઓ અને મહેસુલ ઉઘરાવાનારાઓનો એક નવો વર્ગ

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

(જમીનદાર)અસ્તિત્વમાં આવ્યો. બ્રિટિશ શાસન દરમિયાન, સ્થાનિક દિવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના, મહેસુલી અને પોલીસ તંત્રો, સંદેશાવ્યવહારમાં વધારો અને વ્યક્તિવાદની વૃદ્ધિ તથા મહાલવારી અથવા તો ગ્રામ્ય ભાડાં પદ્ધતિના કારણે પંચાયતોની સ્વાયતતાની ધીમે ધીમે પડતી થઇ. બ્રિટિશ શાસકોને તેમના માટે કરવેરા ઉઘરાવીને તેમનાં વેપારી હિતોની જાળવણી કરવામાં મદદ કરે તેવી 'અંકુશિત' સ્થાનિક સંસ્થાઓના સર્જનમાં રસ હતી. 1857ના બળવા પછી જયારે અંગ્રેજી શાસન નાણાંકીય ભીંસમાં મૂકાયું ત્યારે તેના ઉકેલરૂપે વિકેન્દ્રિકરણ અપનાવીને માર્ગ તથા જાહેર બાંધકામ જેવી જવાબદારીઓ સ્થાનિક સંસ્થાઓને તબદીલ કરી દેવામાં આવી. જોકે, આ 'લાદવામાં આવેલાં' વિકેન્દ્રિકરણનું મુખ્ય જોર શહેરી વહીવટીતંત્ર સંબંધિત હતું.

**પ્ર. 2 ભારતમાં વિકેન્દ્રીત વહિવટને આગળ વધારવા માટે બ્રિટિશ સરકાર વડે કયા પ્રયત્નો કરવામાં આવ્યા હતાં?**

1870માં લોકોની માંગને પહોંચી વળવા અને અંગ્રેજી શાસનની તિજોરીમાં આવક માટે વહીવટી કાર્યક્ષમતા લાવવા સત્તાના વિકેન્દ્રિકરણ માટેનો વાઇસરોય લોર્ડ મેયો દ્વારા થયેલા ઠરાવથી સ્થાનિક સંસ્થાઓના વિકાસને જરૂરી વેગ મળ્યો. સ્થાનિક શાસન માટેની અંગ્રેજી નીતિના ક્રમિક વિકાસમાં આ ઠરાવ એક સિમાચિન્હ ગણાય છે. વિકેન્દ્રિકરણની સરકારી નીતિના સાચા માનદંડ માટેનું શ્રેય લોર્ડ રિપનને આપી શકાય. તેના ઠરાવમાં સ્થાનિક શાસનના બે પાસાંને ઉજાગર કરવામાં આવ્યાં: વહિવટી કાર્યક્ષમતા અને રાજકીય શિક્ષણ. રિપનના ઠરાવમાં શહેરોને લક્ષમાં રાખવામાં આવ્યાં હતાં અને ચૂંટાયેલા બિનસરકારી સભ્યોની બહુમતી ધરાવતી અને એક બિનસરકારી અધ્યક્ષના વડપણ હેઠળની સ્થાનિક સંસ્થાઓની જોગવાઇ કરવામાં આવી હતી. આ ઠરાવનો અંગ્રેજી વહીવટકર્તાઓ તરફથી વિરોધ કરાયો હતો. શહેરી સ્વશાસન સંસ્થાઓની સ્થાપના માટે લેવાયેલાં અધકચરાં પગલાંને કારણે સ્થાનિક સ્વરાજયની પ્રગતિ ધીમી થઇ ગઇ હતી. ગ્રામ્ય શાસન માટે વહિવટી સુધારાનો કોઇ પ્રયાસ ના થયો અને તેથી, ગ્રામ્ય વિસ્તારોમાં વિકેન્દ્રિકરણની પ્રક્રિયા ઉપેક્ષિત જ રહી હતી.

**1907માં સૌપ્રથમ વખત ધી રોયલ કમિશન દ્વારા ગ્રામ્ય સ્તરે પંચાયતનું મહત્વ પિછાણવામાં આવ્યું હતું.** આ કમિશન દ્વારા ભલામણ કરાઇ હતી કે વિકેન્દ્રિકરણના હિતો જાળવવા અને તે જ રીતે લોકોને વહિવટીતંત્રની સ્થાનિક કામગીરીઓ સાથે જોડવાના હેતુસર ગામડાંની સ્થાનિક બાબતોના વહિવટ માટે ગ્રામ પંચાયતો રચવામાં અને વિકસાવવામાં આવે. મોન્ટેગ્યુ - કેમ્સફોર્ડ સુધારાઓ (1919) દ્વારા સ્થાનિક સ્વરાજયને પ્રાંતોમાં ભારતીય પ્રધાનોના સત્તાધિકાર હેઠળ તબદીલ કરાયેલા પ્રાંતીય વિષય તરીકે મૂકવામાં આવ્યું હતું. સંસ્થાકીય અને નાણાંકીય મર્યાદાઓના કારણે, આ સુધારા પંચાયતી સંસ્થાઓને સાચા અર્થમાં લોકશાહી અને ગતિશીલ બનાવી શકયા નહીં. જોકે, આ સમયગાળાની સૌથી મહત્વપૂર્ણ ઘટના સંખ્યાબંધ પ્રાંતોમાં ગ્રામ પંચાયતોની સ્થાપના હતી, જે માત્ર કાર્યકારી ન્યાયિક પંચ નહીં, પરંતુ, એક ગામના નિગમ જેવાં સ્વરૂપના પ્રતીકરૂપ અને દિવાની બાબતોમાં વ્યાપક ન્યાયક્ષેત્ર ધરાવતી પ્રતિનિધિરૂપ

સંસ્થાઓ હતી. તેનાં પરિણામરૂપે 1925 સુધીમાં આઠ પ્રાંતોએ પંચાયત ધારાને બહાલી આપી હતી અને 1926માં છ દેશી રાજયોએ પણ પંચાયતી કાયદાઓને બહાલી આપી હતી.

ભારત સરકાર ધારા, 1935 હેઠળની પ્રાંતીય સ્વાયતતાના કારણે ભારતમાં પંચાયતોના ક્રમિક વિકાસનું વિશિષ્ટ સ્વરૂપ નક્કી થયું. પ્રાંતોમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારોએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વધુ લોકશાહી સ્વરૂપ આપવા માટે કાયદા લાગુ કર્યા પરંતુ, પાયાના સ્તરે જવાબદાર શાસનની પદ્ધતિ ભાગ્યે જ જવાબદાર હતી. **રોયલ કમિશન ઓન ડિસેન્ટ્રલાઇઝેશન (1907)**, બંધારણીય સુધારા પરનો મોન્ટેગ્યુ અને કેમ્સફોર્ડ અહેવાલ (1919), ભારત સરકારનો ઠરાવ (1918) વગેરે જેવી વિવિધ સમિતિઓની ભલામણ છતાં દેખરેખ અને અંકુશો આધારિત એક જુદા જુદાં સ્તરના હોદ્દાઓ ધરાવતું વહીવટી માળખું વિકસ્યું. વહિવટદાર ગ્રામ્ય શાસનના કેન્દ્રબિંદુ બની ગયાં.

### પ્ર. 3 સ્વતંત્રતા પછીના સમય દરમ્યાન પંચાયતી રાજ સંસ્થાનું સ્થાન શું હતું?

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ 1920ના અરસાથી 1947 દરમિયાન અખિલ ભારતીય સ્વરાજના મુદ્દાને મહત્વ આપ્યું અને મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્ય સંગ્રામ માટેનું આંદોલન યોજયું. ટોચના નેતાઓમાં ગ્રામ્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના દરજજા અને તેમને સોંપવાની કામગીરી મુદ્દે કોઇ સર્વસંમતિ ન હતી, અને તેને બદલે આ વિષય પર સૌના અભિપ્રાયો અલગ અલગ હતા.

ભારતના બંધારણના ઘડતર સમયે પંચાયતી રાજ સંસ્થાઓને આર્ટિકલ 40 પ્રમાણે રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ મૂકવામાં આવી. આ આર્ટિકલમાં ઉલ્લેખ છે કે, ‘રાજય ગ્રામ પંચાયતોના ગઠન માટે પગલાં ભરશે અને તેમને સ્વ શાસનના એકમો તરીકે કામ કરી શકવા માટે સક્ષમ બનાવે તે માટે જરૂરી સત્તાઓ અને અધિકારોનું પ્રદાન કરશે.’ જોકે, તેના અમલ માટે રાષ્ટ્રીય સ્તરે કે રાજય સ્તરે કોઇ ઉપયોગી કાયદો પસાર કરાયો નહીં.

વિવિધ સત્તામંડળો દ્વારા ગ્રામ સ્તરે સ્થાનિક વહિવટના એકમ તરીકે પંચાયતી રાજ સંસ્થાઓ સ્થાપવા માટે કેન્દ્રને વિકેન્દ્રિકરણનાં વિભિન્ન પાસાં વિશે સલાહ આપવા માટે કેટલીક કમિટિઓની રચના કરવામાં આવી.

### પ્ર. 4 પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત કરવા માટે બળવંતરાજય મહેતા કમિટિ વડે અપાયેલ મુખ્ય ભલામણો કઈ હતી?

બળવંતરાય મહેતા કમિટી સામુદાયિક વિકાસ યોજનાઓના અભ્યાસ માટે રચવામાં આવી હતી. એવું ઠરાવાયું કે સમુદાય, આયોજન, નિર્ણય ઘડતર અને અમલીકરણની પ્રક્રિયામાં સામેલ થાય તો સામુદાયિક વિકાસ સઘન અને સુદીર્ઘ બને. આ ઠરાવનો ઉદ્દેશ નિર્ણય ઘડતર કેન્દ્રને લોકોની વધુ નજીક લઈ જવાનો હતો. આ કમિટી દ્વારા થયેલી ભલામણો આ મુજબ હતી :

- ચૂંટાયેલી સ્થાનિક સંસ્થાઓની તાલુકા/સમિતિ સ્તરે સ્થાપના કરવી કારણ કે તેમના અધિકારક્ષેત્રનો વિસ્તાર બહુ મોટો અથવા તો સાવ નાનો ના હોવો જોઇએ અને તેમને સતત નાગરિક સામેલગીરી માટે જરૂરી તમામ સંસાધનો, સત્તા અને અધિકાર સોંપી શકાય.
- આવી સંસ્થાઓને સરકાર અથવા તો સરકારી એજન્સીઓના વધુ પડતા અંકુશ દ્વારા દાબ હેઠળ રાખવી જોઇએ નહીં. તેની રચના ઓછામાં ઓછાં પાંચ વર્ષ માટે ગ્રામ પંચાયતમાંથી પરોક્ષ ચૂંટણી દ્વારા થવી જોઇએ.
- તેની કામગીરીઓમાં તમામ પ્રકારે કૃષિનો વિકાસ, સ્થાનિક ઉધોગોને ઉત્તેજન અને પીવાનું પાણી, રસ્તાઓનું બાંધકામ વગેરેનો સમાવેશ થવો જોઇએ.
- ઉચ્ચ સ્તરની સંસ્થા, જિલ્લા પરિષદ, સલાહકારી ભૂમિકા ભજવશે.

પંચાયતી રાજ માળખું અનિવાર્ય લોકશાહી ગતિબળ વિકસાવી શકયું નથી અને ગ્રામ વિકાસની જરૂરિયાતો સંતોષવામાં નિષ્ફળ ગયું. આ પરિણામ માટે સ્થાનિક સ્તરની સંસ્થાઓ સાથે સત્તા અને સંસાધનોની વહેંચણી કરવામાં રાજય સ્તરે રાજકીય અને અમલદારશાહી પ્રતિરોધ, કલ્યાણ યોજનાઓના લાભોના મહત્તમ હિસ્સા પર સ્થાનિક ભદ્ર લોકોનું પ્રભુત્વ, સ્થાનિક સ્તરે ક્ષમતાનો અભાવ તથા રાજકીય મનોબળનો અભાવ જેવાં ઘણાં કારણો જવાબદાર હતાં.

**પ્ર. 5 પંચાયતી રાજ સંસ્થાઓના સંબંધે કે. સંથાનમ કમિટિ વડે કરાયેલ ભલામણો વર્ણવો.**

કે. સંથાનમ કમિટીની રચના પંચાયતી રાજ સંસ્થાઓના નાણાંકીય પાસાંના અભ્યાસ માટે થઇ હતી. તેણે એવી ભલામણ કરી હતી કે પંચાયતોને જમીન મહેસુલ તથા ઘરવેરા પર વિશેષ કર લાદવાનો અધિકાર હોવો જોઇએ અને રાજ્ય સ્તરેથી તમામ ગ્રાન્ટસ અને સરકારી આર્થિક મદદો એકત્ર કરી જુદી જુદી પંચાયતી રાજ સંસ્થાઓને સંયુક્ત સ્વરૂપમાં મોકલવી જોઇએ. કમિટીએ પંચાયતી રાજ સંસ્થાઓના નાણાકીય સ્ત્રોતોની દેખભાળ માટે પંચાયતી રાજ ફાઇનાન્સ કોર્પોરેશનની સ્થાપના કરવાની પણ તરફેણ કરી હતી.

**પ્ર. 6 બીજી અગત્યની સમિતિઓની ભલામણો કઈ હતી?**

પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા માટે તપાસણી કરવા તથા પગલાં સૂચવવા માટે અશોક મહેતાના વડપણ હેઠળ એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીની ભલામણ મુજબ, જિલ્લો એ એક સક્ષમ વહિવટી એકમ છે જેના માટે આયોજન, સંકલન અને સ્ત્રોતોની ફાળવણી શકય છે અને ટેકનિકલ કુશળતા પ્રાપ્ય છે. પંયાયતી રાજ સંસ્થાઓ દ્વિ-સ્તરીય તંત્રપ્રણાલિઓ હોવી જોઇએ જેમાં મંડળ પંચાયત પાયાના સ્તરે હોય અને જિલ્લા પંચાયત ટોચના સ્તરે હોય. આ કમિટીએ સૂચવ્યું હતું કે પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણીમાં અનુસૂચિત જાતિ અને અનસૂચિત જનજાતિનું પ્રતિનિધિત્વ તેમની વસતિના પ્રમાણ આધારિત હોવું જોઇએ અને પંચાયતોની મુદ્દત ચાર વર્ષની હોવી જોઇએ.

પંચાયતી રાજ સંસ્થાઓના વિવિધ પાસાંની તપાસ માટે ફરી એક વખત જી.વી.કે.રાવ કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીનો અભિપ્રાય એવો હતો કે ગ્રામ્ય વિકાસનો સર્વાંગી દૃષ્ટિકોણ જ હોવો જોઈએ અને લોકોની સમસ્યાઓ હાથ ધરવામાં પંચાયતી રાજ સંસ્થાઓએ કેન્દ્રિય ભૂમિકા ભજવવી જ જોઈએ. તેણે ભલામણ કરી હતી કે પંચાયતી રાજ સંસ્થાઓને સક્રિય કરવી જોઇએ અને તેમને સ્થાનિક સ્વરાજયની અસરકારક સંસ્થાઓ બનવા માટે જરૂરી તમામ સહાય પૂરી પાડવી જોઇએ. પંચાયતી રાજ સંસ્થાઓને જિલ્લા સ્તરે ગ્રામ વિકાસ કાર્યક્રમોના આયોજનો, અમલ અને નિયમનની ભૂમિકા સોંપાવી જોઇએ અને તાલુકા વિકાસ કચેરી ગ્રામ વિકાસની પ્રક્રિયામાં કરોડરજ્જુ સમાન બનવી જોઇએ.

પંચાયતી રાજના અભ્યાસ માટે એલ.એમ.સિંઘવી કમિટીની નિમણૂંક કરવામાં આવી હતી. આ કમિટીએ એવી ભલામણ કરી હતી કે સ્થાનિક સ્વરાજયને બંધારણીય માન્યતા મળવી જોઇએ અને રાજકીય પક્ષોએ પંચાયતી ચૂંટણીઓમાં સામેલ થવું જોઇએ નહીં.

પંચાયતે બંધારણીય દરજ્જો આપવાના સૂચનનો સરકારી પંચ દ્વારા વિરોધ થયો, જોકે, 1980ના દાયકાના ઉતરાર્ધમાં આ સૂચનને ખાસ કરીને સ્વ. વડાપ્રદાન રાજીવ ગાંધી દ્વારા બહાલીના કારણે વેગ મળ્યો અને તેમણે 1989માં 64મો બંધારણીય સુધારા બિલ રજૂ કર્યો. 64મો સુધારા બિલ તૈયાર કરાયો અને સંસદના નીચલાં ગૃહમાં રજૂ થયો. રાજયસભામાં તેને ફગાવી દેવાયો. 1989માં, રાષ્ટ્રીય મોરચાએ 74મો બંધારણીય સુધારો બિલ રજૂ કર્યો પરંતુ, નવમી લોકસભાના વિસર્જનના કારણે તે કાયદો બની શકયો નહીં. નવા બંધારણીય સુધારા બિલના ઘરડતર વખતે પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા માટેનાં આ તમામ વિવિધ સૂચનો, ભલામણો અને ઉપાયો ખ્યાલમાં લેવામાં આવ્યાં હતાં.

**પ્ર. 7 73મા સુધારા ધારાની મુખ્ય બાબતો વર્ણવો**

બંધારણીય (73મો સુધારો) ધારો, 1992માં મંજુર થયો અને 24મી એપ્રિલ, 1993થી અમલમાં આવ્યો છે. તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય સ્તરે અથવા તો રાજય સ્તરે છે એવી લોકશાહી પાયાના સ્તરે સ્થાપવા માટે બંધારણીય મંજૂરી ઉપલબ્ધ કરાવવાનો છે. 73મા બંધારણીય સુધારા ધારાની મુખ્ય બાબતો  નીચે પ્રમાણે છે :

- ગ્રામસભાને પંચાયતી રાજ વ્યવસ્થાના પાયા તરીકે માન્યતા આપવામાં આવી છે.
- પંચાયતી રાજ સંસ્થાઓ માટે ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે એમ ત્રિસ્તરીય માળખું રચવામાં આવ્યું છે.
- પંચાયતમાં દરેક સ્તર પરની તમામ બેઠકો સંબંધિત પ્રાદેશિક મતવિસ્તારોમાંથી ચૂંટણી દ્વારા ભરવાની રહેશે.
- તમામ સ્તરોએ એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.
- પંચાયતોમાં તમામ સ્તરે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયો માટે તેમની વસતિના પ્રમાણમાં બેઠકો અનામત રહેશે.
- પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ ચૂંટણી માટે દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં એક રાજય ચૂંટણી પંચની રચના કરવાની રહેશે.

- પાયાના સ્તરેથી આયોજનને ઉત્તેજન આપવા માટે દરેક જિલ્લામાં જિલ્લા આયોજન સમિતિ રહેશે.
- આયોજન તથા સંબંધિત કાર્યોના અમલમાં અસરકારક ભૂમકા માટે 11માં પરિશિષ્ટ દ્વારા પંચાયતોને 29 કાર્યોની નિર્દેશાત્મક યાદી સોંપવામાં આવશે.

## પ્ર. 8 અનુસૂચિત વિસ્તાર વિસ્તરણ અધિનિયમની મુખ્ય બાબતો શું છે?


ભારતના બંધારણની કલમ 244(1) અને (2) સરકારને આદિવાસી વિસ્તારોમાં શાસન અને વહિવટ માટે અલગ કાયદા લાગુ પાડવાની સત્તા આપે છે. આ કલમોના અનુસંધાનમાં ભારતના રાષ્ટ્રપતિએ દેશના દરેક રાજયને આદિવાસી પ્રભુત્વવાળા વિસ્તારો ઓળખી કાઢવા જણાવ્યું હતું. રાજયો દ્વારા આ રીતે ઓળખી કાઢવામાં આવેલા વિસ્તારોને પાંચમા પરિશિષ્ટના વિસ્તારો તરીકે જાહેર કરાયા હતા. આવા વિસ્તારોને વિશેષ અધિકારો મળે છે અને સંબંધિત રાજયોના રાજયપાલોને આદિવાસી સમુદાયના હક્કોની જાળવણી માટે અને બહેતર શાસન માટે કાયદાઓ રચવાની સત્તા હોય છે.

સંસદે દેશના પાંચમા પરિશિષ્ટ હેઠળના વિસ્તારોમાં પંચાયતી રાજના અમલ માટે ભલામણો સૂચવવા માટે મધ્યપ્રદેશના એક આદિવાસી સંસદસભ્ય દિલીપસિંહ ભૂરીયાના વડપણ હેઠળ એક ખાસ કમિટીની રચના કરી હતી. ભૂરિયા કમિટિની ભલામણોના આધારે સંસદે પાંચમા પરિશિષ્ટ હેઠળના વિસ્તારોમાં પંચાયતો માટે ચોક્કસ જોગવાઇઓ નિશ્ચિત કરતા એક અલગ કાયદાને 73માં બંધારણીય સુધારા સાથે જોડાણરૂપે બહાલી આપી હતી. આ જોગવાઈ 24મી ડિસેમ્બર , 1996થી અમલમાં આવી. આ કાયદા થકી આઠ રાજયો - આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, બિહાર, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાં પંચાયતોનો પ્રસાર થયો. એક વર્ષની સમયમર્યાદા પૂરી થાય એટલે કે 23મી ડિસેમ્બર, 1997 પહેલાં રાજય સરકારોએ આ કાયદાની જોગવાઇઓ સાથે સુસંગત રીતે તેમના કાયદાઓ લાગુ કરવાના હતા.

આ વિસ્તરણ કાયદો અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભાને વિશેષ હક્કો આપે છે. અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોને ગ્રામસભાની સામે યોગ્ય સ્તરે શાસનના સંદર્ભમાં અપાયેલી સત્તાઓ આ મુજબ છે:

- કુદરતી સ્ત્રોતોનું વ્યવસ્થાપન કરવાની સત્તા
- રીતરિવાજો અને પરંપરાઓને જાળવવાની અને તેનું રક્ષણ કરવાની સત્તા
- સામુદાયિક સંસાધનો વ્યવસ્થાપન કરવાની સત્તા
- પ્રણાલિકાગત રીતે વિવાદોના ઉકેલની સત્તા
- નાણાં ધિરાણ સંબંધિત વ્યવસાય પર અંકુશ
- ઇમારતી લાકડા સિવાયની વન પેદાશો પર અંકુશ અને વ્યવસ્થાપન

# 2. ગુજરાતમાં પંચાયતી રાજ



**પ્ર. 1 આઝાદી પૂર્વના સમયગાળા દરમ્યાન ગુજરાતમાં પંચાયતી રાજની સ્થિતિ શું હતી?**

ગુજરાત એવાં રાજ્યોમાંનું એક છે જેમણે સ્વતંત્રતા પહેલાંના સમયથી સ્વ-સંચાલનના ધારા તરીકે પંચાયતોને સ્વીકારી છે. પંચાયતના કાર્યોનું નિયમન કરતા ધારામાં સુધારો કરવા રાજ્યએ સમયાંતરે સમીક્ષા તથા ફેરફારો કર્યા છે. સ્વતંત્રતા મળ્યા પહેલાં સ્થાનિક સ્વસંચાલન ધારાનું નિયમન/સંચાલન બૉમ્બે વિલેજ પંચાયત એક્ટ, 1920 વડે થતું હતું. 1939માં બૉમ્બે વિલેજ પંચાયત એક્ટનું ફેર નિરુપણ કરવામાં આવ્યું અને 1947માં તેમાં આગળ સુધારા થયા.આઝાદી પછીથી ધ બૉમ્બે પંચાયત એક્ટ 1939, બૉમ્બે વિલેજ એક્ટ 1958 તરીકે સુધારવામાં આવ્યો.

**પ્ર. 2 ગુજરાત સરકાર દ્વારા તેનો પ્રથમ પંચાયતી રાજ ધારો ઘડવા માટેની પ્રક્રિયા કઈ હતી?**

1 મે 1960માં ગુજરાત અલગ રાજ્ય થયું. 1958 ધારામાં સુધારાઓની ભલામણ કરવા માટે રાજ્ય સરકારે ત્યારના ગૃહમંત્રી શ્રી રસીકલાલ પરીખની આગેવાની હેઠળ કમિટીના ભલામણોના આધારે સૂચનો કર્યાં. પરીખ કમિટીની ભલામણોના આધારે નવો ગુજરાત પંચાયત ધારો - 1961 અમલમાં આવ્યો. સમગ્ર દેશના ત્રિ-સ્તરીય માળખાં સાથે અનુરૂપ

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

થવા, બે વધારાનાં સ્તરો એટલે કે તાલુકા સ્તરે તાલુકા પંચાયત તથા જિલ્લા સ્તરે જિલ્લા પંચાયત ઘડવામાં આવ્યો. તાલુકા પંચાયતને નિરિક્ષક તથા કડીરૂપ ભૂમિકા સોંપવામાં આવી, જ્યારે જિલ્લા પંચાયતને નિરિક્ષક તથા વહીવટી સત્તા સોંપાઈ જે ગુજરાતમાં પંચાયતી રાજનાં ઉચ્ચ સ્તરીય પ્રદર્શન પાછળનાં પ્રેરકબળ બન્યાં.

**પ્ર. 3 73મા સુધારા ધારા પહેલાં ગુજરાતમાં પંચાયતી રાજ સંસ્થાને આગળ ધપાવવા માટે રાજ્ય સરકાર વડે લેવાયેલ પગલાંને ટૂંકમાં વર્ણવો.**

ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાએ બધા સ્તરે નિયમિત ચૂંટણીઓ સાથે સંતોષજનક કામગીરી કરી. કટોકટી તથા દુકાળના સમય દરમ્યાન પણ પંચાયતની ચૂંટણીઓ સમયસર કરવામાં આવી. ઉપરના સ્તરના પંચાયત પ્રતિનિધિઓએ નીચેના સ્તર માટે સારી નેતાગીરી તથા માર્ગદર્શન પૂરાં પાડ્યાં અને તેમાંના કેટલાકે તો રાજ્યની રાજનીતિ સુધી પોતાનો માર્ગ બનાવ્યો. ગુજરાત પંચાયત ધારા 1961ના અમલ પછી રાજ્યમાં પંચાયતી રાજનાં અવલોકન માટે રાજ્ય સરકાર વડે જાદવજી મોદી કમિટી (1964), ઝીણાભાઈ દરજી કમિટી (1972) તથા રીખવદાસ શાહ કમિટી (1978) ઘડવામાં આવી. આ બધી કમિટીઓની ભલામણોને સારી રીતે આવકારવામાં આવી તથા સમયે સમયે ગુજરાત પંચાયત ધારામાં યોગ્ય સુધારા કરાયા. 1993 સુધીમાં ગુજરાત ધારામાં 44 સુધારા કરાયા હતા.

24 એપ્રિલ, 1993ના દિવસે 73મો બંધારણીય સુધારા ધારો અમલમાં મૂકાયો. તેને અનુસરીને એક નિશ્ચિત સમયગાળામાં બધાં રાજ્યોએ પોતપોતાના રાજ્ય ધારાને સુધારવાના હતા. ગુજરાતમાં જરૂરી તૈયારી સાથે ઑગસ્ટ 1993માં નવો ધારો ઘડવામાં આવ્યો જે 14 એપ્રિલ 1994થી અમલમાં આવ્યો.

**પ્ર. 4 ગુજરાત પંચાયતી રાજ ધારા, 1993 ના વિશિષ્ટ ગુણો વર્ણવો.**

ગુજરાત પંચાયતીરાજ ધારો 1993 બંધારણના 73માં સુધારાની માર્ગદર્શિકા મુજબ ઘડવામાં આવ્યો. જોકે આ ધારામાં રહેલી ઘણી શક્તિને જાળવી રાખી છે. આ ધારાના કેટલાંક ધ્યાનાકર્ષક વિશિષ્ટ ગુણો નીચે દર્શાવ્યાં મુજબ છેઃ

**1 પંચાયતીરાજ સંસ્થાના ત્રણેય સ્તરોનું સંયોગીકરણ**

**ગ્રામ પંચાયતઃ** ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામ સભાના સભ્યો વડે સીધા ચૂંટાયા છે. ગ્રામ પંચાયતના સરપંચ ગ્રામસભાના સભ્યો વડે સીધા ચૂંટવામાં આવે છે. એક તૃતિયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત છે, જ્યારે અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિની વસ્તીના વાસ્તવિક પ્રમાણમાં અનામત બેઠકો છે. ત્રણ હજારથી વધુ વસ્તી ન હોય તેવી ગ્રામ પંચાયતમાં સાત સભ્યો હોય છે. જો ગામની વસ્તી ત્રણ હજાર કરતાં વધે તો વધારાના બે સભ્યો વધારવામાં આવે છે. ગુજરાતમાં ગ્રામ પંચાયતના કુલ સભ્યો 13,693 છે.

**તાલુકા પંચાયતઃ** પંચાયતોની બીજી હાર/સ્તર તાલુકા પંચાયતો તરીકે ઓળખાય છે. તાલુકા પંચાયત માટે તે વિસ્તારના મતદારો તેમના પ્રતિનિધિઓને સીધા જ ચૂંટે છે.

આ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાનામાંથી જ પ્રમુખ તથા ઉપપ્રમુખ ચૂંટે છે. ગુજરાત પંચાયત ધારા- 1993ના સેકશન 10(6) મુજબ તાલુકા અથવા આસપાસના કોઈ પણ મતવિસ્તારમાંથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલ સભ્ય આવી તાલુકા પંચાયતના કાયમી આંમત્રિત સભ્ય છે. પરંતુ તેમને તાલુકા તાલુકા પંચાયતની મિટીંગમાં મત આપવાનો અધિકાર નથી. તાલુકા પંચાયતમાં ગુજરાત પંચાયત ધારો-1993ના સેકશન 10(5) મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક તથા શૌક્ષણિક રીતે પછાત વર્ગ તથા મહિલાઓ માટે અનામત બેઠકો હોય છે. એક લાખની વસ્તી માટે તાલુકા પંચાયતમાં 15 સભ્યો હોય છે અને પછી દર 2500ના વસ્તી વધારાએ બે સભ્યોનો સમાવેશ કરાય છે.

**જિલ્લા પંચાયતઃ** જિલ્લાના મતદાતાઓ તેમના મતવિસ્તારમાંથી સીધા તેમના પ્રતિનિધિઓ ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી જ જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ ચૂંટે છે. ચાર લાખ સુધીની વસ્તી માટે 17 સભ્યો હોય છે અને પછી દર વધારાની એક લાખની વસ્તીએ બે વધારાના સભ્યોનો સમાવેશ કરાય છે. ગુજરાત પંચાયત ધારો-1993ના સેકશન 10(5) મુજબ અનુસુચિત જાતિ, જાનજાતી, સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે જિલ્લા પંચાયતમાં અનામત બેઠકો રખાય છે. જિલ્લાના કોઈ પણ મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાન સભાના સભ્યો જે તે જિલ્લા પંચાયતના કાયમી આમંત્રિત સદસ્ય હોય છે પરંતુ તેમને મિટીંગમાં મત આપવાનો હક્ક હોતો નથી.

## 2. અનામત

- ત્રણેય સ્તરે સભ્યો તથા ચેરપર્સન સહિતની બધી પદવીઓ પર મહિલા ઉમેદવારો માટે 1/3 અનામત બેઠકોની જોગવાઈ દ્વારા મહિલાઓનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરાય છે. આમા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સારીરિક શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીમાંથી પણ મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- બધી પદવી માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિનું તેમની વસ્તી મુજબ અનામત બેઠકો વડે પ્રમાણસર પ્રતિનિધિત્વ.
- બધી જ પંચાયતોમાં કુલ બેઠકોના 10 ટકા સામાજિક તથા આર્થિક નબળા વર્ગોમાં અનામત.
- અનામત બેઠકો તથા કચેરીઓની જુદી જુદી પંચાયતોના વિવિધ પ્રાદેશિક મતવિસ્તારમાં ક્રમાનુસાર ફેરબદલી.

## 3. રાજ્ય ચૂંટણી પંચ

ભારતના બંધારણની કલમ 243 12 હેઠળ 1993ના સપ્ટેમ્બરમાં ગુજરાતમાં રાજ્ય ચૂંટણી પંચ ઘડવામાં આવ્યું, જેના વડે તેને સર્વોચ્ચતા, નિર્દેશ તથા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પર કાબુ સશક્ત કરવામાં આવી. તેનામાં રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓના સ્વતંત્ર, તટસ્થ તથા ભેદભાવ રહિત ચૂંટણી યોજવાનાં કાર્ય માટે વિશ્વાસ મૂકવામાં આવે છે. રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક સંસ્થાઓના નિયમ મુજબ વૉર્ડની તૈયારી કરવી, હદ વિશે તેમ જ બેઠકોની વહેંચણી વિશે નિર્ણય, ગ્રામ પંચાયત, તાલુકા તથા જિલ્લા

પંચાયત, રાજ્યની મ્યુનિસિપાલીટી તથા મ્યુનિસિપલ કૉર્પોરેશન માટેની મતદારની યાદી તૈયાર કરવી, સામાન્ય/મીડ-ટર્મ/બાય ઈલેક્શનનું સંચાલન તથા તેમનું નિરિક્ષણ વગેરે તે લગતી પ્રવૃત્તિઓ પાર પાડે છે.

**4. રાજ્ય નાણાં પંચ**

બંધારણની કલમ 243(I) અને 243(Y) મુજબ રાજ્ય સરકારે પંચાયતની નાણાકીય ક્ષમતાની ભલામણ માટે તા. 15/9/94એ પ્રથમ સ્ટેટ ફાઈનાન્સ કમિશનનું જાહેરનામું ઘડ્યું. કમિશને તેની 67 ભલામણોનો અહેવાલ રજૂ કર્યો, જેમાંથી 42 ભલામણો સ્વિકારવામાં આવી છે, 8 ભલામણો આંશિક રીતે સ્વિકારાઈ તેમ જ 13 ભલામણોનો સ્વિકાર થયો નથી. બીજું ફાઈનાન્સ કમીશન 2005થી 2010ના સમયગાળા માટે નવેમ્બર 19, 2003નાં રોજ ઘડવામાં આવ્યું. તેનો અહેવાલ રાજ્યના માનનિય રાજ્યપાલશ્રીને 12 જુન, 2006એ રજુ કરવામાં આવ્યો છે પરંતુ તેના પર આગળ કાર્યવાહી થઈ નથી. ત્રીજુ ફાઈનાન્સ કમિશન હજી હવે ઘડવાનું છે.

**5. નાણાં વ્યવસ્થા**

- જિલ્લા તથા ગ્રામ પંચાયત વચ્ચે આર્થિક અસલામતી ઘટાડવા માટે પછાત પંચાયતને મદદ કરવા માટે સ્ટેટ ઈક્વીલાઈઝેશન ફંડ તથા ડીસ્ટ્રીક્ટ ઈક્વીલાઈઝેશન ફંડની રચના કરવી.
- ગ્રામ પંચાયતોને તેમના પોતાના સ્રોત ઊભા કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે વિલેજ એન્કરેજમેન્ટ ફંડની રચના.
- દરેક ગ્રામ પંચાયતની આવકના 10 ટકા ફાળામાંથી ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ ફંડ રચનું. આ ફંડનો ઉપયોગ તાલુકા તથા ગ્રામ પંચાયતને વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવા માટે લોન આપવામાં કરવો.
- ગ્રામ પંચાયતને કર લાદવાની તથા મહેસૂલ ઉત્પાદિત કરવાની સત્તા અપાઈ છે.

**6. જિલ્લા આયોજન સમિતિ**

ગુજરાત સરકારના જનરલ એડમિનીસ્ટ્રેટિવ ડિપાર્ટમેન્ટ વડે જાહેરનામું બહાર પાડીને ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટીનું બંધારણ થાય છે. 29 માર્ચ, 2008ના દિવસે ધ ગુજરાત ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટી એક્ટ 2008 ઘડવામાં આવ્યો જેણે જિલ્લા આયોજન સમિતિના સંયોગીકરણ માળખું અને કાર્યો પૂરાં પાડ્યાં. 2009માં જિલ્લા આયોજન સમિતિની સંરચના બદલવા માટે ત્રીજુ જાહેરનામું થયું અને આ જાહેરાનામાં મુજબ રાજ્યોએ બધા જિલ્લાઓમાં જિલ્લા આયોજન સમિતિ બનાવી છે.

**7. પંચાયતોની અવધિ**

પંચાયતોની અવધિ પાંચ વર્ષની હોય છે. વિખેરી નખાતી પંચાયત માટે વિસર્જનના છ મહિનાની અંદરના સમયમાં ચૂંટણી થઈ જવી જોઈએ અને નવી પંચાયત માત્ર બાકીના કાર્યકાળ માટે જ કામ કરશે.

**8. સામાજિક ન્યાય સમિતિ**

હાંસીયામાં ધકેલાયેલા જનસમુદાયોને સામાજિક ન્યાયની ખાતરી માટે પંચાયતોના

ત્રણેય સ્તરે સામાજિક ન્યાય કમિટી ઘડાવી જોઈએ. આ કમિટીની અવધિ પણ પંચાયતને સમાન જ હોય છે. તે હાંસીયામાં ધકેલાયેલા જનસમુદાયોને પાયાની સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય વગેરે મળે તેની ખાતરી આપે છે તથા સામાજિક અસમાનતા દુર કરવાના પ્રયત્નો કરે છે. વિકાસ આયોજનોને લાગુ કરવા માટે ત્રણેય સ્તરે પંચાયતને સહાયક થવા માટે એક્ઝીક્યુટીવ કમિટી તથા બીજુ કમિટીઓ ઘડવાની પણ તૈયારી છે. જિલ્લા સ્તરની શિક્ષણ કમિટીને ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે.

**9. સત્તાની પ્રત્યામુક્તિ**

ગુજરાત પંચાયત ધારા - 1993 મુજબ વિકાસ આયોજનો તથા ચોક્કસ યોજનાના અમલીકરણના સંદર્ભમાં પંચાયતો ઉપર સત્તા થતા જવાબદારી મુકવાની તૈયારી પણ છે. બાબતો કે જેના સંદર્ભમાં સેકશન 99,130 તથા 154માં દર્શાવાયેલ આયોજન કરવાની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ફરજ છે. આ શેડ્યુલ I, II, તથા III તરીકે ઓળખાય છે.

**10. ગુજરાત સર્વિસ સીલેક્શન બૉર્ડનું ઘડતર**

બૉર્ડનું ઘડતર કરવાની રાજ્ય સરકારની જવાબદારી છે. તેમાં ચેરપર્સન સહિત પાંચ સભ્યો હોય છે. પસંદગી સમિતિના સભ્યો પંચાયત સેવાઓ ઉમેદવારોની પસંદગી સંબંધે રાજ્ય સરકારને ભલામણ કરે છે.

**પ્ર. 5. ગુજરાત પંચાયત સુધારણા ધારો 1998 શું છે? તથા તેની મુખ્ય બાબતો ટૂંકમાં વર્ણવો.**

ભારતનાં બંધારણની કલમ 244 (1) તથા (2) સરકારને અનુસૂચિત જનજાતિના વહીવટ માટે અલગ કાયદા ઘડવાની સત્તા આપે છે. આ ધારાનું પાલન કરીને ભારતના રાષ્ટ્રપતિએ દેશના દરેક રાજ્યોને અનુસૂચિત જનજાતિનો અધિપત્ય વાળા વિસ્તારો જાણવાનું કહ્યું છે. રાજ્યો વડે આ રીતે ઓળખાયેલા વિસ્તારેનો પાંચમાં પત્રકના વિસ્તારો જાહેર કરાયા. આવા વિસ્તારોને વિશિષ્ટ અધિકારો હોય છે અને લાગતા વળગતા રાજ્યના રાજ્યપાલને નિયમન વધુ સારું કરવાની સત્તા હોય છે.

લોકસભાએ મધ્યપ્રદેશના એક અનુસૂચિત જનજાતિના સાંસદ દિલિપ સિંઘ ભૂરીયાના વડપણ હેઠળ દેશમાં પાંચમાં પત્રકમાં પંચાયતી રાજનાં અમલીકરણ માટે ભલામણ કરવા માટે એક ખાસ કમિટિ નીમી. ભૂરીયા કમિટીના ભલામણોને આધારે લોકસભાએ 1996માં પાંચમાં પત્રકના ક્ષેત્રમાં પંચાયતો માટે વિશિષ્ટ વ્યવસ્થાની સ્પષ્ટતા કરતો 73મા સુધારાના પરિશિષ્ટ કાયદો પસાર કર્યો. આ વ્યવસ્થા પંચાયતી એક્ષટેન્શન ટુ શેડ્યુઅલ એરીયા એક્ટ (પેસા) 1996 તરીકે ઓળખાય છે, જે 24 ડિસેમ્બર 1996થી અમલમાં આવી. આ ધારો આઠ રાજ્યો - આંધ્રપ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, બિહાર, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા તથા રાજસ્થાનમાં પંચાયતોને અનુસૂચિત પ્રદેશો સુધી વિસ્તારે છે. રાજ્ય સરકારોએ આ ધારાની એક વર્ષની તા. 23 ડિસેમ્બર 1997ની સમાપ્તિ પહેલા આ ધારાની વ્યવસ્થા મુજબ તેમના કાયદાનો અમલ કરવો જરૂરી હતો.

ગુજરાત પંચાયત ધારો 1993, 73માં સુધારાના આદેશના રાજ્યના સુમેળમાં પંચાયતમાં કાયદા સંબંધિતતા લાવવા માટે બનાવવામાં આવ્યો હતો. પંચાયત એક્સટેન્શન ટુ શેડ્યુલ એરિયાઝના કાયદાને અનુસરીને ગુજરાત પંચાયત (સુધારા) ધારા 1998 એ 1993ના રાજ્ય ધારામાં નવા સેકશન 278A તથા 278AA તેમ જ તેની સાથે શેડ્યુઅલ IV તથા V ને રાજ્ય પંચાયત ધારામાં દાખલ કરીને સુધાર્યા. આ ધારાના શેડ્યુઅલ IV તથા V માં દર્શાવેલ સુધારા મુજબ નવું સેકશન રાજ્યના નિશ્ચિત ક્ષેત્રને લાગુ પડશે. આ શેડ્યુઅલને 1998ના ધારા 5 વડે દાખલ કરાયા તથા ગેઝેટ પાર્ટ IV એક્સ્ટ્રા ઓર્ડીનરી તા. 13/7/1998માં પ્રકાશિત કરાયું.

ગુજરાત પંચાયત એમેન્ડમેન્ટ (સુધારણા) એક્ટ (ધારા) 1998ની મુખ્ય વિશિષ્ટતા નીચે મુજબ છે.

**ગ્રામસભાને સત્તા**

- પંચાયત વડે સામાજિક તથા આર્થિક વિકાસ માટે લાગુ કરાયેલી યોજનાઓ તથા આયોજનોને બહાલી આપવી.
- ગરીબી હટાવો તથા બીજાં આયોજનો માટે લાભાર્થીઓની પસંદગી કરવી.
- પંચાયત દ્વારા અમલ કરાયેલ યોજનાઓ તથા આયોજનોને ઉપયોગનું સર્ટિફિકેટ આપવું.
- સામાજિક તથા આર્થિક વિકાસની યોજનાઓ તથા આયોજનોને બહાલી આપવી.

**ગ્રામપંચાયતોને સત્તા**

- જળાશયોનું આયોજન તથા સંચાલન કરવું.
- દારૂબંધીનો અમલ કરાવવો તથા કોઈ પણ કેફી પદાર્થોનાં વેચાણ અથવા વપરાશનું નિયમન કરવું અથવા મર્યાદા બાંધવી.
- નાની તથા ગૌણ વન્ય પેદાશોની માલિકી.
- બધા જ સામાજિક વિભાગમાં સંસ્થાઓ તથા કર્મચારીઓ ઉપર અંકુશ કરવો.
- અનુસુચિત જનજાતિઓને પૈસા ધિરવા ઉપર અંકુશ રાખવો.


**તાલુકા પંચાયતને સત્તા**

- વિકાસના પ્રકલ્પો માટે નિશ્ચિત ક્ષેત્રમાં જમીન સંપાદન પહેલાં ચર્ચા વિચારણા અને તે પહેલાં આવા પ્રકલ્પો વડે અસર પામનાર વ્યક્તિઓના પુનર્વસવાટ; નિશ્ચિત વિસ્તારમાં પ્રકલ્પોનું વાસ્તવિક આયોજન તથા અમલીકરણ રાજ્ય સ્તરના સહયોગથી થશે.
- આદિમ લોકજાતિ (ટ્રાઈબલ)ના પેટા આયોજનો સહિતના સ્થાનિક આયોજનો ઉપર તથા આયોજનો માટેના સ્રોતો પર અંકુશ.

**જિલ્લા પંચાયતને સત્તા**

નિશ્ચિત વિસ્તારમાં જમીનના હાથબદલાને અટકાવવો તથા નિશ્ચિત વિસ્તારની ગેરકાયદેસર તબદીલ થયેલી જમીનને પાછી મેળવવા માટે યોગ્ય પગલાં લેવાં.

# 3. લોકશાહી વિકેન્દ્રીકરણ તથા પંચાયતી રાજ સંસ્થાઓનું મહત્ત્વ



**પ્ર. 1 વિકેન્દ્રિકરણના કેટલાં પ્રકારો છે તથા સુધારણા અને વિકેન્દ્રિકરણ વચ્ચેની કડી વર્ણવો.**

વિકેન્દ્રિકરણ ત્રણ પ્રકારનાં હોય છે. રાજકીય વિકેન્દ્રિકરણમાં રાજકીય સત્તાને સ્થાનિક સ્તરે ચૂંટાયેલી સ્થાનિક સરકારની સ્થાપના વડે બદલવાનો, મતદાન પ્રક્રિયામાં સુધારા કરવાનો, સહભાગી પ્રક્રિયાઓને સત્તાધિકાર તથા બીજા સુધારાઓનો સમાવેશ થાય છે. આર્થિક વિકેન્દ્રિકરણ નાણા વિષયક અધિકારને સ્થાનિક સ્તરે બદલવાનું દર્શાવે છે. તેમાં સંસાધનોની અંતર સરકારી બદલી ઉપર અંકુશ ઘટાડવા તથા સ્થાનિક હકુમતને તેમની પોતાની આવક ઉત્પાદિત કરવાની વધુ સત્તા આપવાનો સમાવેશ થાય છે. વહીવટી વિકેન્દ્રિકરણ કામગીરીને લગતી જવાબદારીઓની સ્થાનિક સ્તરે પૂર્ણ અથવા આંશિક બદલી નક્કી કરે છે. (દા. ત. આરોગ્ય સંભાળ સેવાઓ, શિક્ષણ, રસ્તાઓનું બાંધકામ તથા સારસંભાળ, મૂળભૂત સેવાઓ પૂરી પાડવી તથા ગંદા પાણીના નિકાલ વગેરે)

સુધારા તથા વિકેન્દ્રિકરણ વચ્ચે મજબુત કડી છે. સરકારની ઘટાડેલી ભૂમિકા અંગત સાહસો તથા જનસમુહ માટે તક ઊભી કરે છે એવો સૈદ્ધાંતિક તર્ક હોવા છતાં ઘણા દેશોમાં વિકેન્દ્રીકરણ માટે સંસ્થાકીય સ્થાન વધારવા માટેના વાસ્તવિક કાર્યક્રમો ઘડાયા છે. વિવિધ વિકાસશીલ દેશો જેવાં કે પોલેન્ડ, ચીલી, આર્જેન્ટીના, સાઉથ આફ્રીકા તથા ચીનમાં થઈ

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

રહેલા સુધારાવાદી પ્રોગ્રામોને સ્થાનિક એકમોને રોકાણ તથા કેપીટલ માર્કેટ સુધી પહોંચવા માટેના પ્રોત્સાહક નિર્ણયો સુધારણા માટેનો મજબૂત પાયો પૂરો પાડ્યો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આવા સંદર્ભોમાં થતું આર્થિક વિકેન્દ્રિકરણ જ સુધારણા માટેના પ્રોગ્રામની સફળતાની ચાવીરૂપ છે. ઉપર દર્શાવેલ દેશોમાંથી માત્ર સાઉથ આફ્રીકાએ જ ત્રીજા સ્તર સુધીનું સત્તાનું સર્વગ્રાહી વહેંચાણ હાથ ધર્યું છે. ચીનમાં સુધારાઓ રાજકીય સ્વતંત્રતા સાથે સંકળાયેલા નહોતા. રાજકીય વિકેન્દ્રિકરણ વધુ ટકાઉ તાર્કિક - કાયદાકીય માળખું પુરું પાડે છે, જે વિકેન્દ્રિકરણને રાજકીય તથા નાગરીકત્વ નિરુપણનો અંતર્ગત ભાગ બનાવે છે.

**પ્ર. 2 શું વહિવટી પદ્ધતિમાં વિકેન્દ્રિકરણ વિકાસ તરફ દોરી જાય છે?**

અત્યારના સમયમાં એવી માન્યતા વધી છે કે વાસ્તવિક વિકેન્દ્રિકરણ વિકાસ તરફ લઈ જાય છે. એવું પણ લાગે છે કે લોકોનાં સશક્તિકરણ માટે લોકોને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે તથા અસરકારકતા વધારવા માટે તો શ્રેષ્ઠ ઉપાય સરકારના સ્થાનિક એકમોની સત્તાનું વિકેન્દ્રિકરણ છે. હ્યુમન ડેવલપમેન્ટ રીપોર્ટ 1993 મુજબ આ વિકેન્દ્રિકરણ લોકોને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે તંત્ર અને તેના કર્મચારીઓમાં જવાબદારી તથા પારદર્શકતા લાવવામાં ખાસ્સું સફળ છે. તે ગરીબોને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવીને સ્રોતને ખસેડવામાં તથા સમાન વિકાસને આગળ ધપાવવામાં મદદરૂપ થાય છે. હાલમાં ભારતને રાજકીય વિકેન્દ્રિકરણ માટે સ્થાન ઉભું કરવા બાબતે વિશ્વનો આગેવાન દેશ ગણવામાં આવે છે. ભારતમાં તમામ સરકારી નીતિઓ તથા આયોજનોનાં અમલીકરણના દરેક પાસાંમાં લોકોને ભાગ લેતા કરવા માટે સ્થાન ઉભું કરવા પર વધારે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.

**પ્ર. 3 73મા બંધારણીય સુધારા પહેલાં પંચાયતોમાં વિકેન્દ્રીકરણનું સ્થાન શું હતું?**

આપણા બંધારણની 40મી કલમ સરકારને ગ્રામ પંચાયત બનાવવાનાં પગલાં લેવા તથા તેમને સ્વ-શાસનના એકમ તરીકે કાર્ય કરવા માટે જરૂરી સત્તા પૂરી પાડવા માટેનાં સૂચનો આપે છે. 80ના દાયકાની મધ્યમાં એ ખ્યાલ આવી ગયો હતો કે ઉપરોક્ત આદેશ ભારતમાં પંચાયતી રાજને સંસ્થાપિત કરવા માટે પૂરતો નથી. રાજ્ય નીતિ આદેશિત સિદ્ધાંતો મુજબની પંચાયતી રાજની પદ્ધતિ, નીતિના ઘડનારાઓ માટે સંતોષપ્રદ ન હતી. એક કારણ એ હતું કે રાજ્યની સરકારો વડે પંચાયતી રાજની એકસરખી ભાતને અનુસરાતી ન હતી. જ્યારે કેટલાંક રાજ્યો દ્વિ-સ્તરીય પદ્ધતિને અનુસરતાં હતાં, તો બીજાં ત્રી-સ્તરીય પદ્ધતિને અનુસરતાં હતાં. ઘણાં રાજ્યો પંચાયતોની નિયમિત ચૂંટણીઓ કરતાં ન હતાં. પંચાયતોની ચૂંટણીઓ રાજ્ય સરકારોનો પોતાના વડે થતી હોવાને કારણે તેમની તટસ્થતા તથા સ્વતંત્રતા શંકામાં હતી. આવી સંસ્થાઓને સત્તા આપવા બાબતે કોઈ ચોક્કસ માર્ગદર્શિકા પણ ન હતી. ગ્રામ્ય વિસ્તારના લોકોનાં સશક્તિકરણની જરૂરિયાત વધુ અગત્યની હતી. એ જોવામાં આવ્યું કે સત્તા તો સામાજિક તથા આર્થિક રીતે પ્રભાવશાળી વ્યક્તિઓના હાથમાં જ રહી અને રાજકીય નિર્ણયો કરવામાં ગરીબ માણસની બહુ ઓછી ભાગીદારી રહી. આ, મહિલાઓ માટે પણ એટલું જ સાચું હતું. ત્યારે નીતિ ઘડનારાઓએ ગ્રામ્ય વિસ્તારના લોકો, ખાસ કરીને મહિલાઓને સત્તા આપવા માટે તથા પંચાયતોને એક

બંધારણીય સ્થાન આપવા માટે તથા તે રીતે દેશમાં એકરૂપતા લાવવા માટે બંધારણમાં સુધારા કરવા વિશે વિચારવાનું શરૂ કર્યું.

**પ્ર. 4 વિકેન્દ્રિકરણ લાવવામાં તથા હાંસિયામાં ધકેલાયેલાઓની સ્થાનિક વહિવટમાં ભાગીદારી વધારવામાં 73માં બંધારણીય સુધારાનું મહત્વ વર્ણવા.**

બંધારણના 73માં અને 74માં સુધારાઓ એ વિકેન્દ્રિત શાસન પદ્ધતિ માટેની વાસ્તવિક સમજણ માટે માર્ગ કંડાર્યો તથા લોકશાહીનાં મૂળીયાંનો પાયો નાખ્યો.

કલમ 243, 243Aથી O બંધારણમાં નવા નખાયેલા ભાગ IXના ભાગ તરીકે ઉમેરવામાં આવ્યા હતા. આ સુધારાએ પંચાયતોની ગ્રામ, બ્લોક તથા જિલ્લા સ્તરની ત્રી-સ્તરીય પદ્ધતિ બધે લાગૂ કરાવી. ગ્રામ પંચાયત સ્તરના મતદાર મંડળને ગ્રામસભા કહેવાય છે કે જે ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓને સીધી ચૂંટણી વડે ચૂંટે છે. તદ્ઉપરાંત કલમ 243D બધા સ્તરે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલાઓ માટે અનામત બેઠકો પૂરા પાડે છે. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિને લાગતા વળગતા વિસ્તારની વસ્તીનાં વાસ્તવિક પ્રમાણમાં અનામત છે, પરંતુ દરેક સ્તરની કુલ બેઠકોનો ઓછામાં ઓછો એક તૃતિયાંસ ભાગ મહિલાઓ માટે અનામત ફાળવાયો છે. ત્રણેય સ્તરે અધ્યક્ષપદ માટે પણ અનામત છે. તે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની અનામત બેઠકો તેમની વસ્તીના વાસ્તવિક ભાગનાં પ્રમાણમાં હોય છે, તેમ છતાં કેટલાંક રાજ્યોએ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે પણ અનામત બેઠકો રાખી છે. જુદાં જુદાં રાજ્યોમાં પંચાયતોમાં મહિલાઓ પાસે વાસ્તવિક બેઠકો 35થી 42 ટકા સુધી છે. પરિણામે સ્ત્રીઓ સહિત પછાત તથા નબળા વર્ગના લોકો પંચાયતોમાં લગભગ 50 ટકા બેઠકો ધરાવે છે.

બંધારણ જણાવે છે કે દરેક પંચાયત પાંચ વર્ષના સમયગાળા સુધી ચાલુ રહેશે. રાજ્યોને પણ પંચાયતોને યોગ્ય જકાત તથા કર લેવાની છૂટ આપવાની સત્તા આપવામાં આવી છે. આમ બધા જ સ્તરે પંચાયતો સ્થાનિક સ્તરે આર્થિક સ્રોત ઉભા કરવા તથા સ્થાનિક જરૂરિયાત મુજબ ઈચ્છિત ક્ષેત્રે ખર્ચ કરવા સક્ષમ છે. રાજ્યના કાયદાઓ અનુસરવાની પદ્ધતિઓ બતાવે છે, તેમ જ આવા કર/લેવીઓની હદ નક્કી કરે છે. રાજ્ય સરકારો પંચાયતોને તેમના દ્વારા ઉઘરાવતા વિવિધ કરો તેમ જ કરવેરા સોંપી શકે છે. રાજ્ય સરકારોએ પંચાયતોની આર્થિક સ્થિતિના વિશ્લેષણ માટે કરોની રાજ્ય તથા પંચાયત વચ્ચે વહેંચણીની ભલામણ માટે, ચોક્કસ કરો માત્ર પંચાયતને સોંપવા તેમ જ ગ્રાન્ટ્સ-ઈન-એઈડની ભલામણ કરવા માટે રાજ્ય નાણાં પંચની નિમણુંક કરવાની છે.

73મો સુધારો પંચાયતોની સ્વતંત્ર તથા તટસ્થ ચૂંટણીની ખાતરી માટે દરેક રાજ્યમાં રાજ્ય ચૂંટણીપંચ સ્થાપવાનું કહે છે. સ્ટેટ ઈલેક્શન કમિશનરની નિમણૂંક લાગતા-વળગતા રાજ્યના રાજ્યપાલે કરવાના છે. રાજ્ય ચૂંટણી પંચની સ્વતંત્રતાની ખાતરી માટે નિશ્ચિત કરવામાં આવ્યું છે કે સ્ટેટ ઈલેક્શન કમિશનરને માત્ર હાઈકોર્ટના ન્યાયધિશ જેવી જ પદ્ધતિથી અથવા તેવા જ કારણોસર ખસેડી શકાય.

કલમ 243G તથા 243H મુજબ પંચાયતોને તેમના લાગતા વળગતા વિસ્તારના આર્થિક વિકાસની ખાતરી માટે જિલ્લા, બ્લોક તથા પંચાયત સ્તરે આયોજન તૈયાર કરવાની જવાબદારી સોંપાઈ છે. આર્થિક વિકાસ માટેના નાણાનો પ્રવાહ આવાં આયોજનો પર આધારિત હશે. કરો લાદવાના અધિકાર સાથે પંચાયતો આર્થિક રીતે સશક્ત તથા સ્વનિર્ભર બને છે. આ સંસ્થાઓ સામાજિક - આર્થિક વિકાસના લક્ષ્ય માટેની યોજનાના અમલીકરણ માટે પણ જવાબદાર છે તથા બંધારણના 11માં શિડ્યુલમાં વર્ણવ્યા મુજબ 29 પ્રકારના કાર્યો વિશે નિર્ણય લેવાના અધિકાર ધરાવે છે.

**પ્ર. 5 વિકેન્દ્રિકરણ સામે કયા પડકારો છે?**


વિકેન્દ્રિકરણ સામે નીચે મુજબના પડકારો છે.

**1. લોકો અને રાજકીય નેતાઓ વચ્ચે અરસપરસ વિશ્વાસ વિકસાવવો:** શાસનમાં લોકોની સક્રિય ભાગીદારીને આગળ વધારવા તથા પ્રોત્સાહિત કરવા દરેક સ્તરે સશક્ત નેતાગીરી જરૂરી છે. વિકેન્દ્રિકરણના જુદા જુદા મુદ્દે એકમતતા ઘડવી પણ જરૂરી છે.

**2. વિકેન્દ્રિકરણ પ્રક્રિયાને આગળ વધારવા માટે રાજકીય તથા નાગરિકત્વીય ઈચ્છા:** વિકેન્દ્રિકરણ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે રાષ્ટ્રીય સ્તરે રાજકીય ઈચ્છા હોવી જોઈએ. રાજકીય ઈચ્છા વગર વિકેન્દ્રિકરણ સફળ થઈ શકે નહી. બીજું, કે સરકારી કર્મચારીઓ, અધિકાર, સત્તા, કાર્યો, જવાબદારીઓ તથા આવશ્યક સ્રોતોની બદલીની પ્રક્રિયાની સરળતા માટે તૈયાર અને ઈચ્છુક હોવા જોઈએ. અધિકારત્વની ઈચ્છા વગર, વિકેન્દ્રિકરણના માર્ગમાં ઘણા અંતરાય હશે. ત્રીજું કે તળીયાનો સમાજ, ખાસ કરીને સ્થાનિક સરકારના ચૂંટાયેલા નેતાઓ વ્યવસ્થિત, કાબેલ તથા અધિકાર તથા સત્તા મેળવવા તથા તેનો ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવતા તથા લોકોના સામાજિક - આર્થિક વિકાસ માટે જવાબદારી ધરાવતા હોવા જોઈએ. નાગરીકત્વની ઈચ્છા અને કાબેલીયત વગર વિકેન્દ્રિકરણ અસરકારક રીતે પાર પડશે નહીં અને બદલવામાં આવેલા સ્રોતો વેડફાઈ જશે.

**3. વિવિધ હિસ્સેદારીની ક્ષમતા ઘડવી:** આ હકીકતે વિકેન્દ્રિત શાસનની સફળતાનાં મહત્ત્વનાં પાસાંઓમાંનું એક છે. સામાન્ય રીતે રજુ કરાતી દલીલો એવી છે કે સ્થાનિક લોકો સ્થાનિક સરકારોને સંભાળવા માટેની આવશ્યક કાબેલીયત ધરાવતા નથી અને તેથી કાર્યો, જવાબદારીઓ તથા સ્રોતો તેમને શિરે મુકવાં જોઈએ નહીં. સ્થાનિક શાસન માટેની ક્ષમતા અથવા અક્ષમતા ફક્ત જનસમુદાય તરફ ચિંધવા જોઈએ નહી. સ્થાનિક સરકારમાં સરકારી કર્મચારીઓ, જનસમુદાય, રાજ્ય તથા કેન્દ્ર સરકાર વગેરે જેવા કેટલાંક હિતધારકોનો પણ સમાવેશ હોય છે. માટે સ્થાનિક શાસન માટે યોગ્ય કાબેલીયત ઘડવાની પ્રક્રિયામાં દરેક ભાગ લેનાર છે. અને તેની ભૂમિકાની ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. જેથી દરેકની ક્ષમતા તેની ભૂમિકાને અસરકારક રીતે નિભાવવા માટે મજબૂત બને. વિકેન્દ્રિત શાસન માટે જાગરૂકતા ઘડવા જેવી ક્ષમતા ઘડતરની પ્રકૃત્તિમાં હંમેશા બધા હિસ્સેદારોનો તથા ભાગ લેનારાઓનો સમાવેશ કરવો જોઈએ.

# 4. ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાઓનું કાર્ય



**પ્ર. 1 પંચાયતને 73મા સુધારા દ્વારા યોગ્ય સ્તરે સોંપાયેલ અધિકારો તથા જવાબદારીઓનું ટુંકમાં વર્ણન કરો.**

ભારતીય બંધારણમાં 73મા સુધારા દ્વારા તેને આધાર મળ્યો છે જે મુજબ પંચાયતોને સત્તાઓ અને જવાબદારીઓ આપવામાં આવશે. યોગ્ય સ્તરની પંચાયતોને સતાઓ અને જવાબદારીઓ આપવામાં આવી છે તે નીચે મુજબ છે.

- આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે આયોજનની તૈયારી
- બંધારણના અગિયારમાં પરિશિષ્ઠમાં આપવામાં આવેલા 29 વિષયોના સંદર્ભમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓનું અમલીકરણ કરવું
- યોગ્ય કરવેરા, વેરાઓ, જકાત અને ફી લાદવાં અને ઉઘરાવવાં

**પ્ર. 2 73મા સુધારાના સુમેળમાં ગુજરાત પંચાયતી રાજ ધારો ક્યારથી અમલમાં આવ્યો? ગુજરાત પંચાયતી રાજ ધારા 1993 કે જેના દ્વારા પંચાયતી રાજ સંસ્થાને સ્થાનિક વહિવટના એકમ તરીકે કામ કરવાની સત્તા તથા જવાબદારી સોંપવામાં આવી, તેનાં વિભાગો વર્ણવો.**

1992ના 73મા બંધારણીય સુધારાને અનુસરી ગુજરાતે પંચાયતીરાજ ધારો 1993 પસાર કર્યો. આ સૌપ્રથમ 26.8.93ના રોજ વિશિષ્ટ ગેઝેટના અંગ્રેજી વિભાગ-4, વધારો નં 20

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

માં જાહેર થયો હતો અને 15મી એપ્રિલ 1994થી અમલમાં આવ્યો હતો. તે પછી તેમાં વર્ષ 1998, 2000 અને 2004માં સુધારા-વધારા કરવામાં આવ્યા હતા. ગુજરાત પંચાયત અધિનિયમ-1993ના સેકશન-179 અને 180 મુજબ વિકાસ યોજનાઓ અને ખાસ યોજનાઓના અમલીકરણના સંદર્ભમાં પંચાયતોને સત્તાઓ અને જવાબદારીઓની સોંપણી માટેની જોગવાઈ કરવામાં આવી છે. તેના સંદર્ભમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે સેકશન-99, 130 અને 154 માં જોગવાઈ છે. આ પરિશિષ્ટ-1, 2 અને 3 તરીકે ઓળખાય છે.

**પ્ર. 3 જાહેર આરોગ્ય તથા સ્વચ્છતાના સંદર્ભમાં ગ્રામ પંચાયતની ભૂમિકા વર્ણવો.**

ગ્રામ પંચાયતે તેના વિસ્તારના જાહેર સ્વાસ્થ્ય તથા આરોગ્ય માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવાની છે.

- સ્વાસ્થ્યનું રક્ષણ કરવા અને રોગોથી દૂર રહેવા માટે ગામને સ્વચ્છ રાખવાનું અને આરોગ્યપ્રદ આચરણનો અમલ કરવાનું ખૂબ જરૂરી હોય છે. કચરાના ઉકરડાની સફાઈ કરવી, બંધ કરી દીધેલા કુવાઓ, અસ્વચ્છ અને દૂષિત સરોવરો અને તળાવોને પૂરેપૂરા પાણીથી ભરવા, ખાડાઓ અને પાણી જમા થયું હોય તેવા વિસ્તારોની સફાઈ કરવી અને આરોગ્યપ્રદ આચરણના પ્રચાર-પ્રસાર માટે તમામ પ્રકારના પગલાં લેવાની જવાબદારી ગ્રામ પંચાયતોની છે.
- માનવજાત અને પશુઓને રોગો સામે રક્ષણ આપવા માટે રસીકરણ જેવા આરોગ્યપ્રદ આચરણને અપનાવવા માટે ગ્રામજનોને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- જાહેર આરોગ્યધામો અને દવાખાનાઓ ઉભાં કરવા અને તેની જાળવણી કરવી. જાહેર તબીબી સારવાર માટેની બધી જરૂરી વ્યવસ્થા પણ કરવી જોઈએ.
- ચેપી રોગો રોગચાળાનું સ્વરૂપ ન લે તે માટે પ્રતિબંધક પગલાં લેવાં જોઈએ.
- સ્પર્શજન્ય રોગો વારંવાર ન થાય તેની ખાતરી કરવા માટે બધી જ જરૂરી વ્યવસ્થા પણ કરવી જોઈએ.
- સગર્ભા સ્ત્રીઓ અને નાનાં બાળકોનાં કલ્યાણને સુનિશ્ચિત કરવા માટેની યોજનાઓ હાથ ધરવી જોઈએ. આંગણવાડીઓ ઉભી કરવાની યોજના એ આ યોજનાનું મહત્વનું અંગ બની શકે છે. આ પ્રકારની કુટુંબ-કલ્યાણ યોજનાઓનો વધુ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.
- પાણી છાંટીને સ્વચ્છતા રાખવી અને નિયમિત સમયગાળા દરમિયાન તે કરતાં રહેવું. રસ્તાઓ, તળાવો, કુવાઓ અને અન્ય જાહેર તથા ખાનગી સ્થળો પરનું આરોગ્ય અને સ્વચ્છતાનું ધોરણ જાળવું રાખવું.
- જાહેર રસ્તાઓ, ગટરોને સ્વચ્છ રાખવા જોઈએ અને બિનજરૂરી ઝાડી-ઝાખરા કે જે મચ્છરો ઉત્પન્ન કરે છે અને રોગનું જોખમ ઉભું કરે છે તેનો નાશ કરવો જોઈએ.

**પ્ર. 4 પંચાયત સ્તરે શિક્ષણ તથા સંસ્કૃતિને આગળ વધારવા માટે ગ્રામ પંચાયતનાં મહત્ત્વનાં કાર્યો કયાં છે?**

- સ્ત્રીઓ અને યુવાનોના કલ્યાણ માટે વ્યાયામ શાળાઓ, રમતના મેદાનો, સામુદાયિક કેન્દ્રો, કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટેના સભાગૃહોની સ્થાપના.
- કલા અને સંસ્કૃતિની બઢતી માટે રંગભૂમિની સ્થાપના.
- ગ્રામજનોના લાભાર્થે પુસ્તકાલયો ઉભા કરવા અને તેની જાળવણી કરવી.
- સારા, નૈતિક આચરણને બઢતી અને પ્રોત્સાહન આપવું જયારે નશાખોરી, લાંચ-રૂશ્વત અને જુગારને અમાન્ય કરવા.
- સમાજના પછાત વર્ગોના ઉત્કર્ષ માટેના પ્રયત્નો કરવા અને અસ્પૃશ્યતાને નાબૂદ કરવી.
- પ્રાથમિક શાળાઓમાં બાળકોની ભરતી માટે પ્રોત્સાહન પૂરું પાડવું. આ બાબત સરકારના ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ઉપ્લબ્ધ કરાવવાની જવાબદારીને સહાયરૂપ બનવું.
- શાળાઓની સ્થાપના, નિર્માણ અને શાળાઓના મકાનોની જાળવણી તથા પ્રાથમિક શિક્ષણની જરૂરી સાધન-સામગ્રી પુરી પાડવી.
- બાળ કલ્યાણ કેન્દ્રોની સાથે-સાથે પૂર્વ પ્રાથમિક શાળાઓ, બાલવાડીઓની સ્થાપના.
- જરૂરિયાતમંદ વિધાર્થીઓ માટેની જરૂરી નાણાંકીય મદદનો પ્રસાર કરવો અને જો શકય હોય તો વિધાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવી.
- શાળાઓમાં તહેવારો અને વાર્ષિક કાર્યક્રમોની ઉજવણી કરવી. લોકસમૂહને શિક્ષિત કરવાના દ્રષ્ટિકોણથી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.

**પ્ર. 5 સમુદાય તથા સામાજિક વિકાસમાં ગ્રામ પંચાયતની ભૂમિકા વર્ણવો?**

**સામુદાયિક વિકાસના ઉદ્દીપકો**

- આર્થિક અને સામાજિક વિભાગોમાં સહકારી પ્રવૃતિઓને સહાય અને પ્રોત્સાહન
- કુટુંબ નિયોજનનો પ્રચાર-પ્રસાર
- ગરીબો, અપંગો અને બીમાર વ્યકિતો માટે રાહત
- સમુદાયનાં કાર્યો માટે ગામના સ્વયંસેવી કાર્યાલયની વ્યવસ્થા કરવી.
- કુદરતી આફતો વખતે સામુદાયોને સહાય પુરી પાડવી - દુકાળ કે કુદરતી આફતો વખતે ધરવિહોણા અને આર્થિક રીતે વંચિત લોકો માટે સહાય પૂરી પાડવી, આવી આફતો વખતે બેકારો માટેની પ્રવૃતિઓ ઉભી કરવી કે જે તેમને રોજગાર આપી શકે. દા. ત. મકાન બાંધવાની પ્રવૃતિઓ, કુદરતી આફતોના ભોગ બનેલા લોકો માટે આર્થિક અને અન્ય પ્રકારની સહાયોનો પ્રસાર કરવો, ગ્રામ પંચાયતોએ તેના અધિકારોની મર્યાદામાં રહીને ઉપર્યુકત દર્શાવેલા જાહેર કામો હાથ ધરવા જોઈએ, પરંતુ તે ગુજરાત પંચાયત ધારા 1993ના સેકશન-100 મુજબના હોવા જોઈએ. ગ્રામ પંચાયત જિલ્લા પંચાયત સાથે સલાહ પરામર્શ કરીને અન્ય ગામોમાં પણ આવી પ્રવૃતિઓ હાથ ધરી શકે છે.
- સમુદાયના કામોમાં સહાય માટે ગામના સ્વૈચ્છિક કાર્યદળો બનાવવા.
- અસ્પૃશ્યતા જેવા સામાજિક દૂષણોનો જડ-મૂડમાંથી નિકાલ કરવો અને સ્ત્રી-પુરુષ માટે સમાન દરજજો નિશ્ચિત કરવો.

- અંધશ્રધ્ધા અને અન્ય દૂષણો જડ-મૂડમાંથી નિકાલ કરવા માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવી.
- ધર્મ નિરપેક્ષતાને પ્રોત્સાહન આપવું.
- બાળ - કલ્યાણ, એ સામાજિક વિકાસનું અગત્યનું અંગ છે. પંચાયતના સભ્યોએ એ નકકી કરવું જોઈએ કે બાળકો માટે સ્વાસ્થ્ય અને શિક્ષણને કઈ રીતે નિશ્ચિત કરી શકાય.

**પ્ર. 6 પાણી પૂરવઠા તથા જાળવણીને લગતી ગ્રામ પંચાયતની જવાબદારીઓ શું છે?**

ઘરેલુ ઉપયોગ માટે અને ઢોરઢાંખર તથા ઘરેલુ પશુઓ માટે પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવો. ગ્રામ પંચાયતે પોતાના વિસ્તારમાં આવતા પાણીના સ્રોતોની જાળવણીની ખાતરી કરવી.

**પ્ર. 7 ગ્રામ ઉદ્યોગો તથા પંચાયત સ્તરે આજીવિકાને બઢતી આગળ વધારવામાં ગ્રામ પંચાયતની ભૂમિકા વર્ણવો.**

ગુજરાત ગ્રામ પંચાયત ધારા 1993નાં પત્રક-1 વડે પંચાયત સ્તરે ગ્રામ ઉદ્યોગ તથા આજીવિકાના વિકલ્પ માટે ગ્રામ પંચાયતોને નીચેનાં કાર્યો સોંપાય છે.

- ગ્રામજનોની ઔદ્યોગિક ક્ષમતાઓ અને વ્યવસાયિક કુશળતાઓનું વિશ્લેષણ કરવું.
- બેકારો અને ઓછું વેતન મેળવતા કામદારોને સારી આજિવિકા મેળવવામાં મદદ કરવા માટેની યોજનાઓની સૂચિ તૈયાર કરવી.
- કાંતણ, હાથવણા, રંગકામ, છાપકામ, ભરત-ગૂંથણ, સીવણ, ઓઈલ-પ્રેસિંગ, ઉદ્યોગ, ચર્મ - ઉદ્યોગ, માટીકામ, સુથારી કામ, ભઠ્ઠી ઉદ્યોગો, ખેતીના કચરામાંથી સારું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા, અન્ય કુટીર ઉદ્યોગો અને ગ્રામ્ય - કલા કારીગરીને પ્રોત્સાહન આપવું.
- ગામના ચાલુ કુટીર ઉદ્યોગો અજોડ હસ્તકલા શૈલી, કોઈને પણ પર્યાપ્ત સલામતી, પ્રોત્સાહન અને સહાય સાથે પુર્નજીવિત કરવા જોઈએ. ગામના ઉદ્યોગોને વધુ મજબૂત કરવા માટે જરૂરી વસ્તુઓ જેમકે, કાચો માલ પૂરો પાડવાની જરૂરિયાતનું ધ્યાન રાખવું.
- પ્રયત્નો ધ્વારા એ વાતની ખાતરી કરવી જોઈએ કે ગામના કારીગરોએ આધુનિક અને કુશળ રીતે કાર્ય કરવાની તાલીમ લીધેલી છે અને તેઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.
- ગ્રામ ઉદ્યોગોનો ઝડપી અને સર્વાંગી વિકાસ થાય તે માટે ગામના કારીગરોને સહકારી મંડળીઓ રચવાના ફાયદા જાણવવા જોઈએ.

**પ્ર. 8 જાહેર બાંધકામોનાં નિર્માણ તથા જાળવણી માટે માળખાંગત સુવિધાઓ પૂરી પાડવામાં ગ્રામ પંચાયતનાં કાર્યો વર્ણવો.**

- સમુદાયના ઉપયોગ માટે જરૂરી અને અન્ય વિકાસને લગતા હેતુઓ માટે જરૂરી મકાનો બાંધવા જોઈએ. આવાં મકાનોની જાળવણીનું કામ પંચાયતો ધ્વારા થવું જોઈએ. જાહેર રસ્તાઓ, ડ્રેનેજ પાઈપલાઈન, પંચાયતની હદ નિશાનીથી અલગ પાડવી, બજારનાં સ્થળો, કતલખાનાં, સંડાશ અને યુરિનલ માટેનાં સ્થાનો, ગટર્સ, સ્નાન કરવાનાં સ્થળો, કપડાં

ધોવાનાં સ્થળો, પીવાના પાણીની સુવિધાઓ, તળાવો - કૂવાઓ - ચેક ડેમ્સ એ જાહેર બાંધકામો છે જેનું નિર્માણ અને જાળવણી ગ્રામ પંચાયત ધ્વારા થવું જોઈએ.

- પંચાયતનાં મકાનો, પશુઓને ચરાવવાનાં મેદાનો, જંગલના માર્ગો અને સિંચાઈ માટે વપરાતા કૂવાઓ તથા તળાવોની જાળવણી અને તેનો ઉપયોગ કરવાના નિયમો અને શરતો દર્શાવવા
- શેરી - બત્તીઓ
- મેળા, બજારનાં સ્થળો, ઘોડાગાડી સ્ટેન્ડ, કાર સ્ટેન્ડ પર નિયંત્રણ
- ધર્મશાળા, ઢોર- ઢાંખર માટેનાં તળાવોનું નિર્માણ અને જાળવણી
- ગામમાં અને ખાસ કરીને રસ્તાની એક તરફ વૃક્ષો રોપવા.
- ગ્રામ પંચાયતના કર્મચારીઓ માટેનાં રહેઠાણોનું નિર્માણ અને જાળવણી

**પ્ર. 9 કૃષિ પ્રવૃત્તિઓ તથા પશુપાલનની સુધારણા માટે ગ્રામ પંચાયતની ભૂમિકા શું છે?**

**ખેતીના વ્યવસાયમાં સુધારણા**

- ખેતીના વ્યવસાયમાં સુધારણા લાવવા માટે બધાં જ શકય પગલાં લેવા જોઈએ.
- વધુ સારી ખેત-પેદાશ નિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા વ્યાજ - દરથી ધિરાણ ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- અનાજોનો સંગ્રહ કરવા માટેની વખારો બનાવવી, તેની જાળવણી કરવી.
- ખેતી અને અન્ય વિકાસ કાર્યોના હેતુથી રાજય સરકાર ધ્વારા પંચાયતોને આપવામાં આવેલી ખરાબાની જમીનોનો વિકાસ કરવો.
- સૌ પ્રથમ રાસાયણિક ખાતરોનો સિલક માલ કેટલો છે તે તપાસવું જોઈએ તે પછી રાસાયણિકખાતરની ચોકકસ મેળવણી તૈયાર કરવી જોઈએ અને ખેડૂતોને વેચાણ કરવું જોઈએ. વૈજ્ઞાનિક રીતે માન્ય બિયારણ પૂરું પાડવુ જોઈએ. આ હેતુ માટે ખાસ અલાયદાં કેન્દ્રો ઊભા કરવા જોઈએ. જયાં બિયારણ અને રાસાયણિક પદાર્થોના વેચાણ ઉપરાંત ખેડૂતોને અદ્યતન અને સંવર્ધિત ખેતીનાં સાધનોની જરૂરિયાત અને ગુણવતા અંગેની તાલીમ મળી રહે. આવાં કેન્દ્રો પર આવાં સાધનો સહેલાઈથી અને પૂરતાં પ્રમાણમાં મળી રહે તે માટેની ખાતરી મળવી જોઈએ.
- ખેતરોની લધુ - સિંચાઈ યોજનાઓ અને પાણી - સંગ્રહ માટેની નાની ટાંકીઓ બનાવીને પૂરતો પાણી - પૂરવઠો મેળવવાની ખાતરી કરવી જોઈએ.
- પાક તથા ખેતીની ઉપજના વિકાસ, રક્ષણ તથા ઢોરોને ચરવા માટે ઘાસનાં મેદાનો, ફળાઉ ઝાડ વાવવાં જોઈએ. પાકને નુકશાન કરે તેવા પ્રાણીયોને દૂર રાખવાની યોગ્ય વ્યવસ્થા કરવી.

**પશુ ઉછેર**

- ઢોર - ઢાંખરની સુધારણા અને સંખ્યામાં વધારો કરવા માટે બધાં જ જરૂરી પગલાં હાથ ધરવાં જોઈએ. ડેરી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.

**પ્ર. 10 ગ્રામ પંચાયતનાં વહીવટી તથા જાળવણીનાં કાર્યો વર્ણવો.**

**વહીવટ અને જાળવણી**

- રખડતાં ઢોર અને કૂતરાઓના માલિકો સામે શિક્ષાત્મક પગલાં ભરવા.
- જે વ્યવસાય - ધંધાઓ જાહેર સુખાકારી, સલામતી અને કલ્યાણ માટે જોખમી સાબિત થાય તેવા હોય તેની તપાસ કરવી.
- ખંડિયેર મકાનો અને બાંધકામો કે જે જાહેર સલામતી માટે જોખમી હોય તેને સલામત બનાવવા અથવા જરૂર પડે તો તેનો નાશ કરવો.
- મકાનો અને બાંધકામોને કાયદેસર કરવા માટેનું વ્યવહારુ માર્ગદર્શન તૈયાર કરવું એ જગ્યાઓ કે જે મેળાઓ અને ઘરેલુ બજાર ભરવા માટેનાં સ્થળો તરીકે વાપરવામાં આવે છે તેનું નિયંત્રણ કરવો. મેળાઓ, ઉત્સવોનું આયોજન નિયમિત રીતે થતું રહેવું જોઈએ.
- ચા, કોફી અને દૂધનાં કેન્દ્રો જેવા વ્યવસાયની પરવાનગી આપીને કે અન્ય સાધનો ધ્વારા કાયદેસર બનાવવાં.
- સ્મશાનગૃહો અને કબ્રસ્તાનોની જાળવણી અને વહીવટ, પશુઓનાં મડદાંનો ઝડપી અને આરોગ્યપ્રદ રીતે નિકાલ કરવો.
- દાવો નહીં કરાયેલાં પશુઓનાં મડદાંના નિકાલ.
- આગ - સુરક્ષા માટેનાં પગલાં લેવાં જોઈએ. આગના કોઈપણ બનાવમાં જાનમાલના રક્ષણ માટેનું એક માળખું ઉભું કરવા માટેનાં પૂરતાં પગલાં લેવા જોઈએ.
- પંચાયતનાં બધાં જ મકાનો અને મિલકતોની પૂરતી સલામતી અને સુરક્ષાની ખાતરી કરવી.
- ખેતરમાં પાકના રક્ષણ માટે ગ્રામજનોની સ્વૈચ્છિક ટુકડીઓ બનાવવી જોઈએ. આ પ્રકારની સ્વ-બચાવની પ્રવૃતિને પ્રોત્સાહન આપવું જોઈએ.
- ગામ, તેના રહેવાસીઓ અને તેના પાકના રક્ષણ માટે ગામના યુવાનોને સ્વ-બચાવની તકનીકમાં તાલીમ આપવી જોઈએ. આ પ્રકારની તાલીમો આપવા માટેની રાજય સરકારની યોજનાઓનો સહાય માટે ઉપયોગ કરવો જોઈએ.
- જાહેર રસ્તાઓ અને ખુલ્લાં પ્લોટ પરનાં બધા જ પ્રકારનાં દબાણો દૂર કરવાં જોઈએ. સ્વતંત્ર રીતે જમીન - સર્વેક્ષણ ધ્વારા આની વ્યવસ્થા કરી શકાય કે પછી જમીન - સર્વેક્ષણ માટેની રાજય સરકારની પહેલમાં સહાય કરી શકાય.
- રાજય સરકારની જમીન સુધારણા પરિયોજનાને સહાય કરવી જોઈએ. ગ્રામીણ ઉત્થાન અને વિકાસ માટેની વિવિધ પરિયોજનાઓ માટે રાજય અને કેન્દ્ર સરકાર ધ્વારા વિસ્તૃત કરવામાં આવેલી બધી જ સહાય
- બજેટ તૈયાર કરવું, આવક-જાવકનો હિસાબ રાખવો - હયાત નાણાંકીય સંસાધનોની સંભાળ લેવી જોઈએ અને તેનો રચનાત્મક ઉપયોગ કરવો જોઈએ. જે વિશાળ જનસમૂહને લાભકર્તા બની રહેશે. બધી જ નાણાંકીય પ્રવૃતિઓની હિસાબ અને આર્થિક નિયમો સાથે જાળવણી કરવી જોઈએ. પંચાયતની નાણાંકીય લેવડ-દેવડનો હિસાબ રાખતી ખાતાવહીની જાળવણી પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઈએ.

**કરવેરાઓ આપવા અને ઉઘરાવવા**

- ગામોની બહારની મર્યાદામાં આવેલાં ગામો, ઢોરને ચરવાનાં મેદાનો અને સમુદાય માટેના પ્લોટ્સની અલગ ઓળખ અને નિભાવ માટેની પૂરતી વ્યવસ્થા કરવી.
- લગ્ન અને જન્મ-મરણની નોંધણી માટેની સુવિધા પૂરી પાડવી. પંચાયતની મર્યાદા મુજબ ધરો અને ઈમારતોની વહેંચણી કરવી.
- પંચાયત ધ્વારા જે પ્રશ્નો કે સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ ના હોય તેને સંબંધિત સરકારી અધિકારીઓ સમક્ષ રજુઆત કરવી.
- રાજય સરકારના સેકશન-168 અંતર્ગત મળેલી સત્તાઓ અન્વયે જમીનની મહેસૂલની ઉઘરાણી કરવી. હિસાબો અને દસતાવેજોની પૂરતી વ્યવસ્થા અને જાળવણી પણ જરૂરી છે.

**પ્ર. 11 સ્વચ્છતા તથા આરોગ્યને લગતાં તાલુકા પંચાયતનાં કાર્યો વર્ણવો.**

- અછબડા અને અન્ય રોગોનો ફેલાવો થતો અટકાવવો અને આરોગ્ય સેવાઓની જાળવણી કરવી
- કુટુંબ નિયોજન
- સ્વચ્છ પીવાના પાણીની સુવિધાઓ પૂરી પાડવી.
- દવાઓની દુકાન, હોસ્પિટલ, ફાર્માસીસ, પ્રસૂતિગૃહ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દેખરેખ રાખવી.
- આરોગ્ય અને સ્વચ્છતાનું પાલન થાય તે માટેની રીતો વિશે સમુદાયને શિક્ષણ આપવું.
- ચેપી રોગોનો ફેલાવો થતો અટકાવવો અને તેનો નાશ કરવો.
- સંક્રામક રોગચાળા સામે રક્ષણ મેળવવા માટે લોકોને આરોગ્ય સેવાઓ આપવી.

**પ્ર. 12 શિક્ષણ તથા સંસ્કૃતિના પ્રસાર માટે તાલુકા પંચાયતનાં કાર્યો વર્ણવો.**

- પ્રાથમિક શાળાની સ્થાપના અને તેની જાળવણી તેમજ પ્રાથમિક શિક્ષણનો પ્રચાર કરવો.
- પ્રાથમિક શાળાની ઈમારત બનાવવી અને ગ્રામ પંચાયતને શૈક્ષણિક પ્રવૃતિઓ માટે મદદ પૂરી પાડવી.
- ફરજિયાત પ્રાથમિક શિક્ષણને લગતા કાયદાઓનો અમલ થાય તેવો આગ્રહ રાખવો.
- લાયબ્રેરી (ગ્રંથાલય) અને બીજી અન્ય સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- માહિતી કેન્દ્રો, સામુદાયિક શિક્ષણ કેન્દ્રો અને આનંદ -પ્રમોદ મળી શકે તેવા કેન્દ્રોની સ્થાપના અને તેની જાળવણી કરવી.
- યુથ કલબ, મહિલા કલબ અને ખેડૂત સંઘ જેવી સામાજિક સેવાઓ માટે સંસ્થાઓની સ્થાપના કરવી તેમજ આ પ્રકારની કોઈ સંસ્થાઓની સ્થાપના કરેલી હોય તો તેને પ્રોત્સાહન આપવું.
- ગામડામાં પાકની જાળવણી કરવી.
- ભૌતિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- સ્વયંસેવી આરોગ્ય સંઘની સ્થાપના કરવી.
- ગ્રામ સેવકોને તાલીમ આપવી અને તેમની સેવાઓનો .પયોગ કરવો.

- ગ્રામ લક્ષ્મી અને ગ્રામ સેવિકાઓને તાલીમ આપવી અને તેમની સેવાઓનો ઉપયોગ કરવો.
- બાળકોને લગતી પ્રવૃતિઓને આગળ વધારવી.
- SC, ST અને OBC વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધાઓ પૂરી પાડવી.
- દવાના સેવનને રોકવા માટે આયોજન કરવું.

**પ્ર. 13 સામુદાયિક વિકાસને આગળ વધારવા માટે તાલુકા પંચાયતનાં મુખ્ય કાર્યો કયાં છે?**

- રોજગારી અને ઉત્પાદન વધારવા માટેનું આયોજન કરવું અને ગ્રામ્ય સ્તરે આવેલી સંસ્થાઓ સાથે સહકાર સાંધવો.
- પરસ્પર સહકારના સિધ્ધાંત અન્વયે સ્વમદદ અને પોતે જાતે પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે તે માટે ગામના સમુદાયને તાલીમ આપવી.
- રાજય સરકાર તરફથી સોંપેલા વિકાસના કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- ટ્રાયબલ સબપ્લાન તેમજ સ્થાનિક યોજના અને સ્ત્રોતો ઉપર અંકુશ રાખવો.
- મહિલા અને બાળ કલ્યાણને લગતી યોજનાઓનું અમલીકરણ કરવું.
- મહિલા અને બાળ કલ્યાણને લગતી પ્રવૃતિઓ, શિક્ષણ, કળા અને સીવણ કામ માટેના કેન્દ્રો વગેરે પ્રવૃતિઓને આગળ વધારવી.
- સામાજિક કલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને મંજૂરી આપવી અને તેમની પ્રવૃતિઓમાં મદદ કરવી.

**પ્ર. 14 પશુપાલનના પ્રસાર સહિત કૃષિ પ્રવૃત્તિને આગળ વધારવામાં તાલુકા પંચાયતની ભૂમિકા વર્ણવો.**

- કૃષિ અને બાગાયતને લગતી પ્રવૃતિઓને આગળ વધારવી અને તેનો વિકાસ કરવો તેમજ તાલુકા કક્ષાએ કૃષિ સુધારણા માટે આયોજન કરવું.
- જમીન અને પાણીના સત્રોતોનો ઉપયોગ કરવો અને આધુનિક સંશોધન અન્વયે સુધારેલ કૃષિ સંબંધિત રીતોનો ફેલાવો કરવો.
- તાલુકા કક્ષાએ સિંચાઈને લગતા કામોનું બાંધકામ અને તેની જાળવણી કરવી.
- તાલુકા કક્ષાએ ખેતી વિષયક જમીનની સાચવણી કરવી.
- બીજમાં વધારો થાય તેવા ખેતરોની જાળવણી કરવી તેમજ તાલુકા કક્ષાએ બીજ ઉત્પાદકની નોંધણી અને બીજ ઉત્પાદન માટે મદદ પૂરી પાડવી.
- સેન્દ્રિય ખાતર બનાવવા માટે અનાજના ઉત્પાદન માટે અને શાકભાજીની સાચવણી માટે ખનીજના સ્ત્રોતો
- અનાજ અને શાકભાજીના ઉત્પાદનમાં સુધારો લાવવા માટે અને જમીનમાં ખનીજના સ્ત્રોતોની જાળવણી માટે છાણીયું ખાતર, સેન્દ્રિય ખાતર અને મિશ્ર ખાતર બનાવવું અને આ તમામ પ્રકારના ખાતરો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવી.
- પાક, ફળના ઝાડ અને અન્ય છોડોનું રોગો સામે રક્ષણ કરવું.
- મોડેલ કૃષિ ફાર્મની સ્થાપના કરવી અને તેનું સંચાલન કરવું. તેમજ સિંચાઈ સંબંધી સુવિધાઓ અને ખેતીના વિકાસ માટે ઋણ / લોન આપવી.

- પાણીના સ્ત્રોતો ઉભા કરીને અને તેની જાળવણી કરીને સિંચાઈ લાયક જમીન વિસ્તારમાં વધારો કરવો.
- ગામમાં જંગલ વિસ્તારનો વિકાસ કરીને ઘાસચારોનું પ્રમાણ વધારવું.

**પશુપાલન**

- ઢોરની ઓલાદમાં સુધારો કરવો તેમજ તે માટેના કેન્દ્રો પ્રસ્થાપિત કરીને તેની જાળવણી કરવી.
- ચેપી રોગોની તપાસ કરીને તેનો અટકાવ કરવો.
- ઘાસચારાની ગુણવતામાં સુધારો લાવીને ઢોરોને ચરવા માટેની જગ્યા ઉભી કરવી.
- પશુ ચિકિત્સા કેન્દ્ર અને જનાવરના રોગો સંબંધી દવાખાના શરૂ કરવા અને તેની જાળવણી કરવી.

**પ્ર. 15 ગામડાંમાં ઘરો બનાવવામાં તાલુકા પંચાયતનાં કાર્યો કયાં છે?**

સ્થાનિક લોકોના સહકારથી ગામડામાં ઘરો બાંધવાનું આયોજન કરવું અને ગામમાં તે માટેની જગ્યા નકકી કરવાની જવાબદારી તાલુકા પંચાયતની છે.

**પ્ર. 16 સહકારી, ગૃહ તથા લઘુ ઉદ્યોગોને આગળ વધારવામાં તાલુકા પંચાયતની ભૂમિકા વર્ણવો.**

- ગામમાં રોજગારીની તકો ઉભી કરીને લઘુ ઉદ્યોગનો વિકાસ કરવો તેમજ ઉત્પાદન અને તાલીમ કેન્દ્રોની સ્થાપના કરીને લોકોના જીવનધોરણમાં સુધારો લાવવો.
- કારીગરો માટે કૌશલ્યવર્ધન કાર્યક્રમોનું આયોજન કરવું.
- ઝૂંપડી, ગામ અને લઘુ ઉદ્યોગ માટેની યોજનાઓનું અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવું.
- તાલુકા સ્તરે ઉદ્યોગ માટેની ટાઉનશિપની સ્થાપના કરીને ઉન ઉદ્યોગનો વિકાસ કરવો.

**પ્ર. 17 તાલુકા પંચાયતની વહીવટી જવાબદારીઓ શું છે?**

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો કે રાજય સરકારને જોઈતા આંકડાઓ એકઠા કરવા માટે સંકલન કરવું.

**પ્ર. 18 જિલ્લા પંચાયતનાં વહીવટી કાર્યો કયાં છે?**

- જિલ્લાના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે વાર્ષિક યોજનાઓ તૈયાર કરવી અને તેની સાથે મળીને તેની બજવણી થાય તે સુનિશ્ચિત કરવું.
- રાજય સરકાર, કેન્દ્ર સરકાર કે અન્ય કોઈ કાયદા ધ્વારા સોંપવામાં આવેલી યોજનાઓ માટે વાર્ષિક યોજનાઓ તૈયાર કરવી અને સાથે મળીને તેની બજવણી થાય તે સુનિશ્ચિત કરવું.
- જિલ્લાનું વાર્ષિક બજેટ તૈયાર કરવું.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતો કક્ષાએ વિવિધ પ્રવૃતિઓનું સંકલન, મૂલ્યાંકન, સમજાવટ અને માર્ગદર્શન આપવું.

- કેન્દ્ર કે રાજય સરકાર ધ્વારા સોંપવામાં આવેલી યોજનાઓનું અમલીકરણ અને તેના કાર્યો સુનિશ્ચિત કરવા.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોએ નકકી કરેલા ધોરણ મુજબ કેન્દ્ર કે રાજય સરકારના કાર્યો / યોજનાઓ કે પ્રોજેકટોમાં થયેલા બદલાવોને અનુલક્ષીને તેના ફંડમાં ફેરબદલી કરવી.
- તાલુકા પંચાયત ધ્વારા કોઈ ચોકકસ હેતુ માટેનો પ્રસ્તાવ મળ્યો હોય તો તેની ગ્રાન્ટના ઠરાવ રાજય સરકારને મોકલી આપવા અને તેનું સંકલન કરવું.
- બે કે બેથી વધારે તાલુકા પંચાયતોના લાભ માટે યોજનાઓ, પ્રોજેકટો અને અન્ય કામોનું અમલીકરણ સુનિશ્ચિત કરવું.
- કેન્દ્ર કે રાજય સરકાર કે અન્ય કાયદા ધ્વારા આપવામાં આવેલી સતાની રૂએ સ્ત્રોતોને વધારવા માટેના જરૂરી પગલાં લેવા અને કુદરતી આફતો દરમિયાન રાહત કામગીરી માટે તે સતાનો ઉપયોગ કરવો.
- અગત્યના આંકડાઓની જાળવણી રાખવી.

**પ્ર. 19 કૃષિ, લઘુ સિંચાઈ, પાણી જાળવણી તથા વૉટર શેડના વિકાસને લગતાં જિલ્લા પંચાયતનાં મુખ્ય કાર્યો કયાં છે?**

**કૃષિ અને કૃષિ આધારિત બાબતોનો સમાવેશ**

- કૃષિના અમલીકરણમાં થયેલી સુધારણા અને કૃષિનાં ઉત્પાદન વધારવા માટે તેમાં સુધારેલી પધ્ધતિઓના ઉપયોગનો વ્યાપ/ ફેલાવો વધારવો.
- કૃષિ બીજ ફાર્મ અને વેપારલક્ષી ફાર્મ ખોલવા અને તેનું સંચાલન કરવું.
- કૃષિ અને બગાયતના વિસ્તરણ માટેની સંપૂર્ણ યોજના બનાવવી એ તેનું અમલીકરણ કરવું.
- જમીનની ઉત્પાદનશકિત અને તેની સાચવણી માટેની સંપૂર્ણ યોજના બનાવવી અને તેનું અમલીકરણ કરવું.
- મોડેલ કૃષિ ફાર્મની સ્થાપના કરવી અને તેનું સંચાલન કરવું.

**સિંચાઈ, પાણીની વ્યવસ્થા અને વોટરશેડનો વિકાસ**

- ટપક સિંચાઈ પધ્ધતિનું બાંધકામ અને તેનું સંચાલન
- વોટરશેડ કાર્યક્રમનો ફેલાવો વધારવો.
- પાણીના ઉપલબ્ધ સ્ત્રોતોની જાઈવણી કરવી.
- સામુદાયિક પાણીની સમિતિઓને પ્રેરિત કરવી અને સામુદાયિક પંપનો સેટની ગોઠવણ કરવી.

**પ્ર. 20 પશુપાલન, ડેરી તથા મરઘા ઉછેરમાં જિલ્લા પંચાયતની ભૂમિકા વર્ણવો.**

**પશુપાલન, ડેરી અને મરઘા પાલન**

- ઘરગથ્થું પાળતા ઢોર, મરઘા પાલન અને અન્ય પશુઓની ઓલાદમાં સુધારો લાવવા માટેનું સંપૂર્ણ આયોજન કરવું અને તેનું અમલીકરણ કરવું.
- મરઘા પાલન અને ખેતીના કામને ઉતેજન આપવું અને ગૌશાળાના વિકાસ માટેની યોજનાઓનો અમલ કરવો.
- પશુચિકિત્સક દવાખાના અને કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો ખોલવા.
- ઘાસચારાના વિકાસ માટે આયોજન કરવું.

**પ્ર. 21 લઘુ ઉદ્યોગને આગળ વધારવામાં જિલ્લા પંચાયત કયા પ્રકારની ભૂમિકા ભજવી શકે?**

- ગામડા અને લઘુ ઉદ્યોગોનો વિકાસ કરવો.
- પરંપરાગત નિષ્ણાંત કારીગરોને શોધી કાઢવા અને તેમને લાયક ગૃહ ઉદ્યોગોની યોજનાઓનું અમલીકરણ કરવું.
- કલાકારો અને કારીગરોને તાલીમ અને નાણાંકીય મદદ કરવાની ગોઠવણ કરો.

**પ્ર. 22 જિલ્લા સ્તરે શૈક્ષણિક તથા અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને આગળ વધારવામાં જિલ્લા પંચાયત કેવા પ્રકારની ભૂમિકા ભજવી શકે?**

- ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાન અને ઔદ્યોગિક શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવો અને તેને વ્યાપ વધારવો.
- પ્રાથમિક શાળાઓમાં સંપૂર્ણપણે નામની નોંધણી અને હાજરી સુનિશ્ચિત થાય તે માટે પ્રેરણાદાયી યોજનાઓ અમલ કરવો.
- એજયુકેશન ગેરંટી સ્કીમનું આયોજન કરવું અને તેનું અમલીકરણ કરવું.
- શૈક્ષણિક પ્રવૃતિઓની મોજણી કરવી અને તેનું મૂલ્યાંકન કરવું તેમજ અભ્યાસલક્ષી કોર્સ માટે ભલામણ કરવી.
- રાજય સરકાર ધ્વારા સોંપવામાં આવેલ હોય તેવા માધ્યમિક શિક્ષણને અનુલક્ષીને કોઈપણ પ્રકારના કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સરકાર ધ્વારા પ્રાથમિક શિક્ષણ માટે આપવામાં સહાયને તાલુકા પંચાયતોમાં વહેંચણી કરવી.
- જિલ્લા કક્ષાએ થતી તમામ પ્રકારની શૈક્ષણિક પ્રવૃતિઓને મદદ કરવી, માર્ગદર્શન આપવું અને પ્રોત્સાહિત કરવી.
- કાયદાકીય રીતે આવતી પ્રાઈવેટ શૈક્ષણિક સંસ્થાઓની ઓળખ કરવી.

**પ્ર. 23 આરોગ્ય, સ્વચ્છતા તથા સામાજિક કલ્યાણને લગતી જિલ્લા પંચાયતની ભૂમિકા ટૂંકમાં વર્ણવો.**

જિલ્લા પંચાયતો આરોગ્ય, સ્વચ્છતા, સાફસફાઈ તથા સામાજિક કલ્યાણને લગતી નીચેની પ્રવૃત્તિઓ કરી શકેઃ

- જાહેર જગ્યાઓ, તળાવો, કુવાઓ અને રસ્તાઓની ચોખ્ખાઈ રાખવી અને ગ્રામ્ય સ્તરે સ્વચછતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું.
- જાહેર શૌચાલયો બનાવવાની યોજના તૈયાર કરવી અને તેનું અમલીકરણ અને જાળવણી કરવી.
- રોગોના અટકાવ માટે રોગ પ્રતિકારક શકિત અને રસીકરણના કાર્યક્રમો ગોઠવવા.
- રોગચાળાનો અટકાવ કરવા અને તેને અંકુશમાં કરવા માટે સંપૂર્ણ યોજના બનાવવી અને તેનું અમલીકરણ કરવું.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો, દવાખાના, મેડીકલ કોલેજો, ટી.બી. હોસ્પિટલ અને રકતપિતના દવાખાનાની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.


**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

- આરોગ્ય અને પરિવાર કલ્યાણને લગતા કાર્યક્રમોનો વ્યાપ વધારવો.
- કુપોષણને ઘટાડવા અને તેના અટકાવ માટે પગલાં લેવા.
- નાના પરિવારના નિયમને પ્રોત્સાહન આપવું અને કુટુંબ નિયોજન માટે વ્યવસ્થા કરવી.

**સામાજિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા સાથે મહિલાઓનું કલ્યાણ**

- મહિલા અને બાળકોના વિકાસ માટે કાર્ય કરતી સંસ્થાઓ માટે ખાસ પ્રકારના કાર્યક્રમો યોજવા.
- અંધવિશ્વાસ, કેફી દ્રવ્યો, અસ્પૃશ્યતા અને અન્ય સામાજિક દૂષણો સામે પ્રચાર કરવો.

# 5. પંચાયત આવક તથા ખર્ચ



**પ્ર. 1 પંચાયતોને ભંડોળની જરૂર શા માટે હોય છે?**

ભારતનાં સમવાય બંધારણમાં પંચાયતો રાજ્યનાં સમવાયી એકમો છે. કલમ 240G મુજબ, રાજ્યોએ પંચાયતો સ્થાનિક શાસન સંસ્થા તરીકે કામ કરી શકે તે માટે સત્તા તથા જવાબદારીઓ તબદીલ કરવાની હોય છે. પંચાયતોએ બંધારણના 11મા સીડ્યુલ પત્રકમાં નોંધાયેલા 29 વિષયોના સંદર્ભમાં જાતિઓના આર્થિક વિકાસ તથા સામાજિક ન્યાય માટેનાં આયોજનો કરવાનાં હોય છે તથા તે યોજનાઓનું અમલીકરણ કરવાનું હોય છે. આ જવાબદારીમાં નિભાવવા માટે ભંડોળની જરૂર છે.

**પ્ર. 2 પંચાયતોને માટે ભંડોળના વિવિધ સ્રોતો કયા છે?**

પંચાયતો માટેના ભંડોળના સ્રોતોને પ્રાથમિક રીતે ત્રણ પ્રકારમાં વહેંચી શકાય-પોતાની આવક, ભાગે પડતા કરવેરા તથા કામગીરીની સોંપણી તથા સહાય.

**પોતાની આવક** - પોતાની મહેસુલ એ પંચાયતના પોતાના વડે ઊભી કરેલી આવક છે. તે પ્રાથમિક રીતે મિલકત વેરો, જમીન સૅસ, સ્ટેમ્પ ડ્યુટી પર સરચાર્જ, જકાત, વ્યવસાય વેરો,

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

જાહેરખબર વેરો, મોટર વગરનાં વાહન વેરો, ટોલ, વાપરવાનો ચાર્જ વગેરેથી ભેગી થયેલી હોય છે. મકાન/મિલકત વેરો, જમીન મહેસુલ પર સેસ/સરચાર્જ, મનોરંજન વેરો, યાત્રા વેરો/ફી, ટોલ, વાહન વેરો, સફાઈ દર, વિજળી દર, પાણી દર, ગટર દર. શિક્ષણ સેસ, ગ્રામ પંચાયત વડે લદાયેલા કોઈ પણ કરવેરા પર સરચાર્જ. વ્યવસાય, વ્યાપાર વગેરે પર કર, ગ્રામ પંચાયત વડે લદાયેલા કોઈ પણ કર સરચાર્જ.

મહેસુલના બીજા સ્રોત વહેંચાયેલા કરવેરાઓ છે. તે રાજ્ય સરકાર વડે લદાયેલા અને વસુલ કરાલેયા હોય છે અને તેનો એક ભાગ પંચાયતોને અપાય છે. આમાં દરેક રાજ્યમાં ફેરફાર હોય છે. સ્ટેમ્પ ડ્યુટી, જમીન મહેસુલ પર વધારાના કર અથવા સેસ, વ્યવસાય વેરો, મનોરંજન વેરો વગેરે કેટલાંક રાજ્યોમાં વહેંચાયેલા વેરાઓના ભાગરૂપ બને છે જ્યારે બીજાં રાજ્યોમાં તે પંચાયતોની પોતાની મહેસુલનો ભાગ હોય છે. ગુજરાતમાં ભાગે પડતી આવક છે.

તાલુકા પંચાયત સ્ટેમ્પ ડ્યુટી, પાણી વેરા, ટેન્ડર ફી તથા પંચાયતના મકાનના ભાડા પર સેસ નાખી શકે છે. ગુજરાત પંચાયત ધારા 1993ના સેક્શન 208 હેઠળ જિલ્લા પંચાયત, ગ્રામ પંચાત વડે નાખી શકાય તેવા કોઈ પણ વેરા અથવા ફી, જો તે વેરા અથવા ફીના દર ગ્રામ પંચાયત વડે ખરેખર નખાયેલ વેરા અથવા ફીના દરના 10 ટકા કરતાં વધુ ન હોય, તો લાદી શકે છે. સેક્શન 191 હેઠળ રાજ્ય સરકાર દર રૂપીયે પચાસ પૈસાના દરેથી શરૂ કરીને સેસ નાખી શકે છે. જિલ્લા પંચાયત રાજ્ય સરકારને જિલ્લા સંબંધી સેસનો દર વધારવાની ભલામણ કરી શકે છે પરંતુ તે વધારો દર રૂપિયા ઉપર 300 પૈસાથી વધારે ન હોવો જોઈએ. બિન કર મહેસુલમાં લાભકર્તા ઉદ્યોગો તથા જનતાના ફાળાથી થતી આવકનો સમાવેશ થાય છે. આવી અરજી મળવાથી રાજ્ય સરકાર જાહેરનામા વડે સેસનો દર વધારી શકે છે. સેક્શન 209 હેઠળ, જિલ્લા પંચાયત, તેની મિટીંગમાં ઠરાવ પસાર થયા મુજબ, જિલ્લાની હદની અંદર આવેલી સ્થાવર મિલકતોના વેંચાણ, ગીરો મુકવી, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારની તબદીલીની ચોક્કસ ડ્યુટી 20 ટકા કરતાં વધે નહીં તે રીતે બોમ્બે સ્ટેમ્પ ધારા 1958 હેઠળ નાખી શકાતી સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરવાની અરજી રાજ્ય સરકારને કરી શકે છે.

ગુજરાત પંચાયત ધારા 1993 હેઠળ સેક્શન 202 હેઠળ રોયલ્ટીની ઉઘરાણીથી મેળવેલાના 50 ટકા જિલ્લા પંચાયતને અપાય છે.

**કામગીરીની સોંપણી તથા સહાય** - ગુજરાતે 15 કાર્યો અને તેમને સંલગ્ન ભંડોળો પંચાયતોને સોંપ્યાં છે. પંચાયતોની આવકનો મોટો ભાગ કેન્દ્રિય રીતે પ્રાયોજિત યોજનાઓ રૂપે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની આંતર-સરકારી તબદીલીમાંથી આવે છે. ગ્રાન્ટની સહાય સ્થાનિક સંસ્થાની આવકમાં તફાવતને પૂરી પાડવા માટે છે જેથી તેઓ મૂળભૂત કાર્યો માટે થતા ખર્ચને પહોંચી શકે. ગુજરાતમાં પ્રોત્સાહક અનુદાન સરપંચની સર્વાનુમત ચૂંટણી તથા પંચાયત સંસ્થા તથા કરવેરા એકઠા કરવા માટે પૂરા પડાય છે. તે (i) કોઈ યોજના અથવા પ્રકલ્પ જેવા ખાસ હેતુ માટે કરાયેલી શરતી અથવા ચોક્કસ સહાય હોઈ શકે. તેનું આગળ સંલગ્ન અથવા પ્રોત્સાહક સહાય અથવા અસંલગ્ન સહાયમાં વિભાજિત થઈ શકે. (ii) કોઈ પણ શરત સાથે

જોડાણ વગરની સામાન્ય હેતુ સહાય અથવા બ્લોક સહાય હોઈ શકે. અનુદાનને સ્ટેટ્યુટરી તથા નૉન-સ્ટેટ્યુટરીમાં વર્ગીકરણ કરી શકાય. સ્ટેટ્યુટરી સહાયો જકાત વેરા જેવા ચોક્કસ કરની નાબુદીને બદલી રૂપે હોય છે.

તેરમા નાણાં પંચે (2011-2015) પંચાયતોને તેમના પ્રતિનિધિઓને મૂળભૂત સેવાઓ અસરકારક રીતે પૂરા પાડી શકવા માટે પૂરતો ટેકો આપવાની ભલામણ કરી. સ્થાનિક સંસ્થાઓને અપાતી કુલ સહાયની રકમ રૂ. 87519 કરોડની છે. તેણે પંચાયતોને સહાય માટે નીચે મુજબના માપદંડો ફાળવ્યા છે. વસ્તી - 50 ટકા, વિસ્તાર - 10 ટકા, ઉચ્ચતમ માથાદીઠ આવક વિભાગીય આવકની અંતર - 10 ટકા, વંચિતતાનો આંક - 15 ટકા, વસ્તીમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિનું પ્રમાણ - 10 ટકા તથા સહાયતા વપરાશનોં આંક 5 ટકા. અગાઉના માપદંડોની વિરૂદ્ધ, તેરમા નાણાં પંચે કામગીરીની સોંપણી તથા ભંડોળનાં વપરાશનાં પાસાંઓ પર ભાર મૂક્યો છે. તેણે સ્થાનિક સંસ્થાઓને તેઓ વિકાસમાં બદલાવ લાવનાર ચાવીરૂપ ભાગ ભજવનાર ગણીને સીધું ભંડોળ તબદીલ કરવાની પણ ભલામણ કરી છે.

**પ્ર. 3 પંચાયતની નાણાકીય સ્થિતિ સુધારવામાં રાજ્ય નાણા પંચની શું ભૂમિકા છે?**

કલમ 243-I રાજ્યોને પંચાયતોની આર્થિક સ્થિતિ ચકાસવા માટે તથા નિયમન કરવા જરૂરી હોય તેવા નીચે મુજબના સિદ્ધાંતો વિશે રાજ્યપાલને ભલામણ કરવા માટે રાજ્ય નાણાં પંચ ઘડવાનો આદેશ આપે છે. પ્રથમ ગુજરાત નાણાં પંચને 15 સપ્ટે. 1994એ ઘડવામાં આવ્યું હતું અને તેણે તેનો અહેવાલ 1998માં સુપરત કર્યો હતો. તેણે રૂ. 293 કરોડની રકમની ભલામણ કરી હતી. નાણાં પંચે આ મુજબની ભલામણો કરી - ગ્રામ પંચાયતોને મિલકત વેરો, પાણી વેરો તથા જાળવણી વેરો નાખવાનો આદેશ કરવો; પાછલા ત્રણ વર્ષની સરેરાશને આધારે જમીન મહેસુલની વહેંચણી કરવી, સ્વતંત્ર સ્થાન ધરાવતા પંચાયત ફાઈનાન્સ બૉર્ડની પુનઃ રચના કરવી તથા વ્યવસ્થા વેરાનો એક હિસ્સો પંચાયતોને આપવો. નાણાં પંચે રસ્તા, બિન ખેતી જમીનની ચકાસણી તથા ખેતીમાંથી બિનખેતીમાં બદલવાના કર ઉપર મદદરૂપ સહાયની ભલામણ કરી છે. દ્વિતિય ગુજરાત નાણાં પંચને 19 નવે. 2003માં ઘડવામાં આવ્યું અને તેણે 2005-06થી 2009-10ના સમયગાળા માટેનો પોતાનો અહેવાલ જુન 2006માં સુપરત કર્યો. ત્રીજા ફાઈનાન્સ કમીશને હજી ઘડવામાં આવ્યું નથી.

**પ્ર. 4 પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) હેઠળ કેટલું ભંડોળ ઉપલબ્ધ છે?**

ગુજરાતમાં છ જિલ્લાઓ - બનાસકાંઠા, ડાંગ, દાહોદ, નર્મદા, પંચમહાલ તથા સાબરકાંઠા - BRGF હેઠળ છે. BRGFમાં નાણા સ્રોત માટે બે બારીઓ છે. (i) પ્રાથમિક રીતે આયોજન, તેનું અમલીકરણ, દેખરેખ, હિસાબ તથા જવાબદારી તથા પારદર્શિતાં વધારવાની ક્ષમતા ઊભી કરવા માટે વાર્ષિક રૂ. 250 કરોડનું ભંડોળ (ii) 2006-07ની રૂ. 3500 કરોડની ખૂલ્લી સહાયની ફાળવણી.

**પ્ર. 5 BRGF નાં ભંડોળ કયાં હેતુઓ માટે વપરાવા જોઈએ?**

ભંડોળનું પારદર્શક સ્વિકૃત ધોરણો વડે માર્ગદર્શન કરાય છે તથા સહભાગી આયોજન વડે

પરખાયેલ પૂર્ણ વિકાસમાં રહેતા દોષયુક્ત અવકાશને સંબોધવા માટે પંચાયતો તથા નગરપાલિકાઓ દ્વારા ઉપયોગ કરાય છે. BRGF વડે પંચાયતના અભિપ્રાય મુજબ ધ્યાન કરી શકાય તે નીચે મુજબ છે.

- ગ્રામ વિજકરણ
- એવા પર્વતીય અથવા આદિવાસી વિસ્તારો કે જ્યાં પારંપારિક પંપ અથવા પાણીની પાઈપ વડે પૂરવઠો પહોંચાડવા સક્ષમ નથી ત્યાં પીવાના પાણીના પૂરવઠા માટે પંચાયત વડે યોગ્ય ટેકનોલોજી અપનાવવી.
- ઈન્દીરા આવાસ યોજનાને આગળ વધારવી

### પ્ર. 6 જિલ્લાઓ વચ્ચે ભંડોળની વહેંચણી માટે કયાં ધોરણો છે?

જિલ્લાઓ વચ્ચે ભંડોળની વહેંચણી માટેના માપદંડની વ્યાખ્યા નીચે મુજબ કરાઈ છે.

1. દરેક જિલ્લાને વાર્ષિક લઘુત્તમ રૂ. 10 કરોડની નિયત રકમ મળે.
2. ફાળવણીમાંથી બાકી વધેલા 50 ટકાની વહેંચણી બધા જિલ્લાની BRGF હેઠળની કુલ વસ્તીના જિલ્લાની વસ્તીના હિસ્સાના આધારે કરવામાં આવે છે.
3. બાકીની 50 ટકા રકમ BRGF હેઠળના જિલ્લાના કુલ વિસ્તારમાં જિલ્લાના વિસ્તારના હિસ્સાના આધારે વહેંચવામાં આવે છે.

   રાજ્ય સરકારના ભંડોળમાં નાણા તબદીલ કરવામાં આવે છે. કોન્સોલીડેટેડ ફંડ માટે નાણાં છુટા કર્યાના 15 દિવસની અંદર રાજ્ય સરકાર વડે પંચાયત તથા મ્યુનિસિપાલીટીને તબદીલ કરાનારા ભંડોળ તેમના બેંક ખાતામાં ફેરવાઈ જવા જોઈએ. બેંક દ્વારા પંચાયતને નાણાંની ઝડપી હેરફેરની શક્યતાના અભ્યાસ માટે બનાવાયેલ પંચાયતી રાજના કાર્યાલયના ટાસ્ક ફોર્સ વડે સૂચવાયેલ બેંકના તબદીલી તંત્રનો ઉપયોગ કરીને સંબંધિત પંચાયતો તથા મ્યુનિસિપાલીટીનાં ખાતાંમાં રાજ્ય સ્તરેથી નાણાં સીધાં જમા કરવામાં આવે છે. એક જિલ્લાથી બીજા જિલ્લામાં સ્રોતને વાળવાની છુટ અપાતી નથી. થાપણ ઉપર જમા થયેલ વ્યાજની રકમને BRGF હેઠળ વધારાના સ્રોત તરીકે ગણવામાં આવે છે તથા આયોજનના માર્ગદર્શન મુજબ તેનો ઉપયોગ થવો જોઈએ.


### પ્ર. 7 પંચાયતો તેમનાં ભંડોળમાં કેવી રીતે વધારો કરી શકે?

પોતાની મહેસુલ વધારવાની શક્યતાઓ છે. આદેશાત્મક પદ્ધતિમાં સૂચિત તળીયાના ભાવો સાથે આવશ્યક કર તપાસણીને ગંભીરતાથી લાગુ કરવા જોઈએ. આને માટે "કરદાતાઓની નજદીકી"ને કારણે ઉભા થતા પ્રશ્નોનું નિવારણ કરવું જરૂરી છે. પંચાયતોને વધારે ટેક્ષસન પાવર આપવા ઉપરાંત નવા રચનાત્મક સ્રોતોનો પણ વિચાર કરી શકાય. વપરાશકાર ફી વગેરે જેવા બિનમહેસુલી સ્રોતોને પણ યોગ્ય રીતે ટંકારવા જોઈએ.

રાજ્ય નાણાં પંચોએ સામાન્યતઃ કેટલાક કરોની ભલામણ કરી છે. જો કે સ્થાનિક સ્તરે કર ઉઘરાવવાનું મુશ્કેલ રહ્યું છે. દરેક કર ઉઘરાવવા માટે એક તંત્રની જરૂર છે અને ઘણી વખત વાસ્તવિક ઉઘરાણી કરતાં તે ઉઘરાવવાની કિમત વધી જાય છે. કર વહીવટને વર્તમાન કરતા વધુ સજ્જડ કરવાની જરૂરીયાત છે. પંચાયતો આવકની યોજનાઓ તથા સ્રોતોના સંયોગીકરણ

માટે પ્રયત્ન કરી શકે. ગુજરાતમાં ‘તામ્ના’ ગ્રામ પંચાયતે બીનવપરાશ યોજનાઓ કરી છે અને આમ પંચાયત માટે વધારાની આવક ઉત્પાદિત કરી છે. અત્યારે પંચાયતો MGNREGSનો ઉપયોગ માત્ર ગ્રામિણ વસ્તીને રોજગારી પૂરી પાડવા માટે જ નહી, પરંતુ વધારાની આવક ઊભી કરવા માટે ટકાઉ મિલકતોના વિકાસ માટે પણ કરે છે.

# 6. પંચાયત આયોજન અને અંદાજપત્ર



**પ્ર. 1 આયોજન એટલે શું?**

કોઈ નિશ્ચિત લક્ષ્યને મેળવવા માટેના કાર્યના અતિ વ્યવહારુ ક્રમની સભાનપણે તૈયાર કરવામાં આવતી રૂપરેખાને આયોજન કહેવામાં આવે છે. તેમાં વર્તમાન સંસાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરવાની બાબત સમાયેલી છે. હેતુઓ અને ઉદેશ્ય નકકી કરવા, પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું, સમસ્યાઓની ઓળખ કરીને માહિતીપૂર્ણ રણનિતિઓ અને કાર્યક્રમો સાથેની કાર્ય યોજના તૈયાર કરવાનાં કાર્યનો તેમાં સમાવેશ થાય છે.

**પ્ર. 2 શા માટે આયોજન એ પંચાયતોનું મહત્વનું કાર્ય છે?**

આયોજન એટલે આંતરિક અને બાહ્ય, આર્થિક અને માનવીય સંસાધનોનો જરૂરિયાતો સાથે સુમેળ કરવો. જયારે આયોજન સ્થાનિક સ્તરે કરવામાં આવ્યું હોય છે. ત્યારે તે સ્થાનિક જરૂરિયાતો સાથે સુમેળ ધરાવતું હોઈ શકે છે. બંધારણની કલમ - 243 (જી) સૂચવે છે કે, રાજયની ધારાસભા કાયદા દ્વારા પંચાયતોને એ સત્તા અને અધિકારો આપી શકે છે જે સ્વ-રાજયની સંસ્થાઓ તરીકે કાર્ય કરવા માટે જરૂરી હોય, જેમાં સમાવિષ્ટ છે (1) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓની તૈયારી અને (2) તેમને સોંપવામાં આવી હોય તે આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓનું અમલીકરણ બંધારણની

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

73 અને 74મી કલમ ધ્વારા આયોજન માટેનો સર્વ સામાન્ય મંચ પૂરો પાડવામાં આવ્યો છે, જો પાયાગત સહભાગિતા નકકી કરવામાં આવે તો જ વિકેન્દ્રિત આયોજન સફળ થઈ શકે. આની સાથે સાથે એ પણ જરૂરી છે કે યોજના તૈયારીની પ્રક્રિયા નિરીક્ષણ અને મૂલ્યાંકન માટેની પ્રક્રિયા અને મધ્ય ગાળાના સુધારાની પ્રક્રિયા માટે પણ પૂરતો વિચાર કરવો જોઈએ.

આ સંદર્ભમાં પ્રવૃતિઓનો નકશો તૈયાર કરીને તેના આધારે અધિકાર ક્ષેત્ર નિશ્ચિત કરીને સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવી શકાય છે. જિલ્લા યોજનાઓના દ્રઢીકરણ પછી જ રાજય યોજનાઓ તૈયાર કરવી જોઈએ. જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ક્ષેત્રીય યોજનાઓ અને રાજય કક્ષાની વિભાગીય યોજનાઓનું સંવાદિકરણ કરવાના પ્રયત્નો એક પડકારરૂપ છે અને બધાં જ સ્તરે સમર્પીત પ્રયત્નો અને આયોજન મશીનરીનું દ્રઢીકરણ માંગે છે. જયાં પંચાયતો માટેની કલમો એક સાથે બનાવવામાં આવી છે અને બજેટ પસાર થાય તે વખતે સીધી જિલ્લા પંચાયતો તરફ મોકલવામાં આવી છે. ત્યાં બજેટના પૂનઃનિર્માણની જરૂર છે. સજાગ નાગર સમાજ સાથે જોડાઈને ચૂંટાયેલા સ્થાનિક તંત્રો ધ્વારા  તૈયાર કરવામાં આવેલી વિકેન્દ્રિત આયોજનોની મજબૂત પ્રથા આયોજન પ્રક્રિયા, વૃધ્ધિ અને વિકાસને સફળતાપૂર્વક લોકોની નજીક લઈ જશે.

**પ્ર. 3 ભારતમાં વિકેન્દ્રિત આયોજનને ઈતિહાસ શું છે?**

પ્રથમ પંચવર્ષિય યોજના (1951-56) એ વિકેન્દ્રિત આયોજનની જરૂરિયાતને ઓળખી અને તેને માન્ય કરી તથા આયોજનના પ્રયોગને રાષ્ટ્ર, રાજય, જિલ્લા અને સ્થાનિક સમુદાયના સ્તરનાં વહેંચી નાખવામાં આવ્યો. પ્રથમ તથા બીજી પંચવર્ષિય યોજનાએ આયોજનનાં વિકેન્દ્રિકરણની જરૂરિયાત જાણી. જિલ્લા વિકાસ સમિતિ, ગ્રામ - યોજનાઓ અને આયોજનમાં લોકોની સહભાગિતા જેવી બાબતોની ઓળખ કરાવી. જો કે, અમલીકરણની દ્રષ્ટિએ તેનો સ્પષ્ટપણે ખુલાસો કરવામાં આવ્યો નહોતો અને એક સક્ષમ માળખાનો અભાવ હતો. વહીવટીય સુધારણા આયોગ અહેવાલ (1967)માં ભારપૂર્વક જણાવાયું છે કે જિલ્લા અધિકારીઓને સંસાધનોનાં સ્પષ્ટ સૂચકો આપવાં જોઈએ, જેથી તેમને હેતુપૂર્ણ યોજનાઓ તૈયાર કરવા માટે સક્ષમ બનાવી શકે. વિકાસના માળખામાં સ્થાનિક વિવિધતા પર ધ્યાન આપવાની જરૂરિયાત પર તેણે ભાર મૂકયો. 1969 માં આયોજન પંચ દ્વારા રાજયોને પધ્ધતિની માહિતી સાથેની વાર્ષિક, મધ્ય-સત્ર અને પરિપ્રેક્ષ્ય જિલ્લા યોજનાઓ વ્યવસ્થિત રીતે તૈયાર કરવાનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું અને ઘણા રાજયોએ જિલ્લા યોજનાઓ તૈયાર કરી. જો કે મોટા ભાગનાં રાજયોમાં સ્થાનિક આયોજન પ્રયોગ, વાર્ષિક આયોજન પ્રક્રિયા સાથે જોડાયેલું નહોતો એટલે જિલ્લા આયોજનની પહેલ ઓછી થતી ગઈ. તેઓ જિલ્લા આયોજનના એક ભાગ તરીકે શહેરી યોજનાઓ સાથે પણ જોડાયેલા નહોતા. ગ્રામસભા લોકોના અવાજને મહત્વ મળે તે માટે એકઠી થતી હતી, પગલાં જે તે વિભાગ દ્વારા લેવામાં આવતાં હતાં. પંચાયતો તેમનાં કાર્યક્ષેત્રની અંદર સ્વાયત્તના આચરણ સાથે સ્વતંત્ર આયોજન એકમો તરીકે કાર્ય કરી શકે તેમ નહોતી, કારણ કે તેમાંની મોટાભાગની પંચાયતો બહુ ઓછાં આર્થિક સંસાધનો ધરાવતી હતી. પાછલા 60 થી 80 વચ્ચેના સમયગાળા દરમિયાનનું વલણ બહુ મોટા પાયે વહીવટના વિકેન્દ્રિકરણ તરફનું હતું. 60 ના છેલ્લા ગાળામાં, મોટાભાગના રાજયોમાં પંચાયતોને દૂર

કરવામાં આવી હતી. કેન્દ્ર પુરસ્કર્તા યોજનાઓની રચના કરવામાં આવી અને મુખ્યત્વે સરકારી ખાતાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવી. વિવિધ કારણોસર વિકેન્દ્રિત આયોજન હજુ સુધી વાસ્તવિકતા બની શકયું નથી. ભારતમાં રાજય અને રાષ્ટ્રીય સ્તરે આયોજન લોકોની જરૂરિયાતને બદલે સેકટર આધારિત કરવામાં આવ્યું છે. પંચવર્ષીય અને વાર્ષિક આયોજનો સેકટર આયોજનને ભેગાં કરે છે. ક્ષેત્રીય વિકાસ કાર્યક્રમો જેવા કે, દુકાળગ્રસ્ત ક્ષેત્રીય કાર્યક્રમ, રણ વિકાસ કાર્યક્રમ પણ લોકોની જરૂરિયાતો કરતાં વધુ સેકટરની જરૂરિયાતો પર આધારિત છે. આ રીતે, આંતરિક વિભાગીય જોડાણો નબળાં છે.

**પ્ર. 4 વિકેન્દ્રિત આયોજનમાં જિલ્લા આયોજન સમિતિની ભૂમિકા શું છે?**

કલમ-243 ઝેડ ડી હેઠળ, દરેક રાજયમાં (જમ્મુ અને કાશ્મીર, મેધાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને દિલ્હીના એન.ટી.સી. સિવાયના) જિલ્લા સ્તરે જિલ્લા આયોજન સમિતિની સ્થાપના કરવી જોઈએ. પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજનાઓને મજબૂત કરવા અને જિલ્લા માટે વિકાસ આયોજનનો મુસદો તૈયાર કરવા માટે આ સમિતિઓની જરૂર છે. જિલ્લા આયોજન સમિતિએ ગ્રામીણ અને શહેરી સ્થાનિક તંત્ર વચ્ચેના સહિયારા હિતોને લગતી બાબતો ઉપરાંત તેને લગતું આયોજન, પાણીની અને અન્ય ભૌતિક તથા કુદરતી સંસાધનોની વહેંચણી, માટે આયોજન કરવું જોઈએ. બાંધકામો અને પર્યાવરણ સંરક્ષણનો સર્વાંગી વિકાસ અને ઉપલબઘ્ સંસાધનોની માત્રા અને પ્રકારને ઘ્યાનમાં લેવા જોઈએ.

જિલ્લા આયોજન એ કુદરતી, માનવીય અને આર્થિક રીતે ઉપલબઘ્ સંસાધનોને ઘ્યાનમાં રાખીને જિલ્લા માટે તૈયાર કરવામાં આવતી સર્વાંગી યોજનાની એક પ્રક્રિયા છે અને જિલ્લા સ્તરે તથા તેની નીચે સોંપવામાં આવેલી અને જે સ્થાનિક સરકારો દ્વારા અમલમાં મુકવામાં આવી છે તેવી પ્રવૃતિઓ અને યોજનાઓનો તે સમાવેશ કરે છે. સંસાધનો અને વિવિધ હેતુઓ માટેની તેની વહેંચણીની વિગતો અને ગ્રામીણ તથા શહેરી-સ્થાનિક તંત્રો દ્વારા તેમને સોંપવામાં આવેલી પ્રવૃતિઓ અને તેમના પોતાનાં સંસાધનો દ્વારા તેમણે અમલમાં મૂકેલી રાષ્ટ્રીય/રાજય યોજનાઓ અને જે હેતુઓ માટે ખાસ અંકિત કરવામાં આવી હોય તેનો સમાવેશ જિલ્લા યોજનામાં કરવામાં આવે છે.
ગુજરાતમાં, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, 2008 મુજબ, જિલ્લા આયોજન સમિતિની રચના અઘ્યક્ષ તરીકે ઈનચાર્જ મિનિસ્ટર અને ઉપાઘ્યક્ષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા કરવામાં આવી છે.

**પ્ર. 5 વિકેન્દ્રિત આયોજન શરૂ કરવા માટે સરકાર વડે કયા પ્રયત્નો કરવામાં આવ્યા છે?**
મે-2005 માં પાયાના સ્તરના આયોજન માટે નિષ્ણાંત જૂથ (વી.રામચંન્દ્રનના અઘ્યક્ષપદ હેઠળ) ની સ્થાપના કરવામાં આવી હતી. તેણે સહભાગિતાના ધોરણે આયોજનને મજબૂત કરવા માટે એક કાર્યયોજના આપી. તેણે જિલ્લા સ્તરે પરિપ્રેક્ષ્ય પંચવર્ષીય અને વાર્ષિક યોજનાઓ તૈયાર કરવાની પઘ્ધતિ તૈયાર કરી અને જિલ્લા આયોજન સમિતિઓને મજબૂત કરવાનાં વધુ સૂચનો આપ્યાં. અહેવાલ મુજબ, જિલ્લા આયોજન સમિતિ, તેના કાર્યોમાં સહયોગ માટે મંત્રીમંડળની જોગવાઈ કરતી કાયમી સંસ્થા હોવી જોઈએ. જિલ્લા સ્તરીય

આયોજન પ્રક્રિયા અને તેમાં જિલ્લા આયોજન સમિતિઓની ભૂમિકા માટેનું સવિસ્તાર માર્ગદર્શન ઉપર્યુકત જૂથ દ્વારા તૈયાર કરવામાં આવ્યું.

**વર્તમાન પહેલ તરફ એક નજર**

- વર્ષ 2006 માં આયોજન પંચ દ્વારા તૈયાર માર્ગદર્શન સૂચનો બહાર પાડવામાં આવ્યાં
- 250 પછાત વિસ્તાર અનુદાન ભંડોળ હેઠળ જિલ્લાઓમાં સર્વાંગી. જિલ્લા યોજનાઓની તૈયારીમાં વ્યવસાયિક સહયોગ પૂરો પાડવા અને યોજનાને આગળ વધારવા માટે તકનીકી સહયોગ સંસ્થાઓ સાથે જોડાણ
- પ્લાન પ્લસ સોફટવેરનો વિકાસ અને અમલીકરણ
- વર્ષ 2007 માં સર્વાંગી જિલ્લા યોજનાઓ માર્ગદર્શિકાની તૈયારી માટે કાર્યદળનું બંધારણ કરવું
- જાન્યુઆરી 2009 માં રાષ્ટ્રીય પરિષદ અને સંકલિત જિલ્લા આયોજન માર્ગદર્શિકાનું વિમોચન
- મે 2009 માં પંચાયતીરાજ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી સંકલિત જિલ્લા આયોજનની માર્ગદર્શક રૂપરેખા
- પછાત વિસ્તાર અનુદાન ભંડોળ 2009 ની રાષ્ટ્રીય સલાહકાર તથા ફેરતપાસણી સમિતિઓ

તેમની ભલામણો સ્વીકારીને, ઓગષ્ટ - 06માં આયોજન પંચ ધ્વારા સવિસ્તાર માર્ગદર્શક રૂપરેખા બહાર પાડવામાં આવી. જે મુજબ સ્થાનિક સરકારોના સશકિતકરણની વર્તમાન સ્થિતિ અને સ્થાનિક યોજનાઓનો મુસધ્ધો તૈયાર કરવામાં જે પ્રક્રિયા અપનાવવામાં આવી હોય તેના પરની એક નોંધ સાથેની અગિયારમી પંચવર્ષિય અને વાર્ષિક યોજનાની દરખાસ્તોના એક ભાગ તરીકે જિલ્લા યોજનાઓનો એક ટૂંક સાર રજૂ કરવામાં આવશે. એવું સૂચવવામાં આવ્યું છે કે રાજ્યમાં જિલ્લા આયોજનનો ખર્ચનો કુલ સરવાળો રાજ્ય આયોજનના કુલ ખર્ચના લગભગ 40 ટકા હોવો જોઈએ. ભારત સરકારે જિલ્લા આયોજનની પ્રાપ્યતા પર રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયેધરી યોજના તથા પછાત વિસ્તાર અનુદાન ભંડોળ હેઠળ કેન્દ્રિય સહાય પૂરી પાડવાની કડી જેવાં પગલાં લીધાં છે.

**પ્ર. 6 અસરકારક જિલ્લા આયોજન માટે કયા પગલાં લઈ શકાય?**

અગિયારમી યોજનાના સમયગાળા માટેની પંચવર્ષિય પરિપ્રેક્ષ્ય યોજનાની તૈયારી કરવા માટે જિલ્લા આયોજન સમિતિ અને પંચાયતોનો તકનીકી સહયોગ વધારવાના હેતુથી ભારત સરકાર ધ્વારા માર્ગદર્શક રૂપરેખા બહાર પાડવામાં આવી. જે અસરકારક જિલ્લા આયોજન માટે નીચેનાં પગલાં સૂચવે છે

1. ગ્રામસભા અને સ્વસહાય જૂથ જેવી સહભાગીતાના ધોરણે ચાલતી સભાઓ દ્વારા જરૂરિયાતની ચકાસણી અને અગ્રતાક્રમ નકકી કરવા
૨. સહભાગિતાના ધોરણે ઝડપી મૂલ્યાંકન પધ્ધતિ ધ્વારા ઉમેરાયેલી સરળ પધ્ધતિઓ ધ્વારા સ્થાનિક રીતે ઉપલબ્ધ માહિતી વાપરીને પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું
3. પંચાયતો પોતાનાં સંસાધનો, રાજય અને કેન્દ્ર સરકારનાં મુકત અનુદાનો, પછાત

વિસ્તાર અનુદાન ભંડોળ અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયેધરી યોજના જેવી યોજનાઓના અંશત: બાંધેલા અનુદાનો, સ્થાનિક સ્તરનાં આયોજનો અને અમલીકરણ માટે સોંપાયેલી યોજનાઓ, રોકડ, વસ્તુ અને શ્રમ તથા ઋણના સ્વરૂપમાં અપાતો લોકફાળા જેવા સ્ત્રોત દ્વારા સંસાધનોની ચકાસણી કરવી

4. પંચાયત દ્વારા હિતકર્તાઓ અને સ્થાનિક નિષ્ણાંતો સાથેની વાતચીતની પ્રક્રિયા દ્વારા વિકાસની દૃષ્ટિ વ્યવસ્થિત રજૂઆત તેમજ તે દૃષ્ટિને સિધ્ધ કરવા માટેની રણનીતિ
5. પંચાયત દ્વારા વિવિધ સ્તરે કાર્ય કરતાં નિષ્ણાંતોનાં જુથો દ્વારા જરૂરિયાત ચકાસણી અને પરિસ્થિતિ વિશ્લેષણ પર આધારિત પરિયોજનાની પરિકલ્પનાઓનો વિકાસ કરવો
6. કાર્ય કરતાં જૂથોની વિકાસ દરખાસ્તોને મજબૂત બનાવવી
7. દરખાસ્તોને અગ્રતાક્રમ આપવો અને તે ક્રમ મુજબ સંસાધનોની વહેંચણી કરવી
8. પરિયોજના  અહેવાલની તૈયારી સંપૂર્ણ માહિતી સાથે કરવી
9. જિલ્લા આયોજન સમિતિના તકનીકી સલાહકાર જૂથ દ્વારા તકનીકી અને આર્થિક પાસાઓ અંગે પરિયોજના અહેવાલની ચકાસણી
10. પંચાયત દ્વારા પરિયોજનાઓને યોજનાઓમાં ભેળવી દેવી.
11. પંચાયત યોજનાઓનું જિલ્લા યોજનાઓમાં એકીકરણ કરવું.
12. જિલ્લા આયોજન સમિતિ દ્વારા યોજનાઓને મંજૂરી આપવી.

**પ્ર. 7 ગુજરાત પંચાયત ધારા 1993માં આયોજન તેમ જ અંદાજપત્રને લગતી શું જોગવાઈઓ છે?**

સેકશન 116 થી 121, ગ્રામ પંચાયતના બજેટ અને હિસાબ સંબંધિત જોગવાઈ ધરાવે છે. સેકશન - 138 થી 143 તાલુકા પંચાયતો સાથે સંબંધિત  છે. જયારે સેકશન અ 163 થી 167, જિલ્લા પંચાયત સાથે સંબંધિત છે. સેકશન - 179, પંચાયતો ધ્વારા વિકાસ યોજનાઓની તૈયારીની જોગવાઈઓ સાથે સંબંધિત છે. પંચાયતો અને નગર પાલિકાઓ બજેટની તૈયારી અને માન્યતા માટે રાજય અધિનિયમો અને નિયમોમાં ખૂબ ઝીણવટથી તૈયાર કરવામાં આવેલી ભલામણોનો સમાવેશ થયેલો છે. બજેટ, પ્રાથમિક રીતે તો કાયદાનુસાર તૈયાર કરવામાં આવે છે, જે છે અને સામાન્ય રીતે આર્થિક નિયંત્રણ, લાંબાગાળાનાં આયોજનો અને અસરકારક સંચાલન માટેના નિર્ણયો લેવા માટેનાં સાધન તરીકે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. પંચાયતનાં ત્રણેય સ્તરે તેમનાં અંદાજપત્રો દર વર્ષે 31 માર્ચ સુધીમાં રજુ કરવાં જરૂરી છે. બજેટ રજુ કરવાની એક સરખી જ છેલ્લી તારીખ હોવાથી નીચલા સ્તરના આયોજનનું ઉપલા સ્તરનાં આયોજનમાં સંયોગીકરણ તથા સંકલન કરવું મુશ્કેલ બને છે.

**પ્ર. 8 વિકેન્દ્રિત આયોજનમાં કેરળનું શું વલણ છે?**

વિકેન્દ્રિત આયોજન માટે કેરળનું નવીન મોડલ યોજના અગ્રતાક્રમને નકકી કરવાની પ્રક્રિયામાં લોકોને સાંકળવાનું ધ્યેય ધરાવે છે. રાજય યોજના અંદાજપત્રના લગભગ 40 ટકા સ્થાનિક તંત્રોને સોંપવામાં આવ્યા છે. વર્ષ 1996 દરમિયાન શરૂ થયેલો આયોજન અંગેનો સંગઠિત કાર્યક્રમ પાંચ તબકકા ધરાવે છે.

1. ગ્રામસભાઓ કે વોર્ડ સભાઓ સ્થાનિક વિકાસ સમસ્યાઓને ઓળખી કાઢવા માટે બોલવવામાં આવતી હતી. વધુમાં વધુ લોકો, ખાસ કરીને મહિલાઓ અને સમાજના અન્ય નબળા વર્ગોના

લોકો તેમાં ભાગ લઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવતા હતા. જેમ કે, ગ્રામસભાઓ રજાના દિવસોમાં બોલાવવામાં આવતી હતી. સ્વયંસેવક દળો ઘર ઘરની મુલાકાત લઈને કાર્યક્રમ વિશે સમજાવતા હતા, તૈયારી માટેની સભા બોલવવામાં આવતી અને દરેક પ્રકારનાં માધ્યમોમાં જાહેરાતો આપીને અને રંગબેરંગી પોસ્ટરોનો ઉપયોગ કરીને સક્રીય પ્રચાર કરવામાં આવતો. ગ્રામસભાના સંચાલનમાં ભાગ લેવા માટે અને માળખાગત ચર્ચાઓને આગળ ધપાવવા માટે રાજય -સ્તરે લગભગ 650 મહત્વના રિસોર્સ -પર્સન, જિલ્લા સ્તરે લગભગ 12,000 રિર્સોસ પર્સન અને સ્થાનિક સ્તરે 1,00,000 કરતાં વધુ સંખ્યામાં રિસોર્સ પર્સનને ઓળખી કાઢવામાં આવ્યા હતા. ચર્ચાના પ્રવાહના નિયમન માટે પ્રશ્નાવલી વહેંચવામાં આવી હતી.

૨. ગ્રામ સભાઓ દ્વારા ઓળખી કાઢવામાં ઓળખી કાઢવામાં આવેલી સમસ્યાઓના ઉકેલમાં સૂચનો કરવા માટે સ્થાનિક વિકાસ પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું. ગ્રામ-પંચાયત / નગરપાલિકાઓની સામાજિક - આર્થિક દરજજા અહેવાલ વહેંચીને સેકટર - મુજબ ચર્ચાઓ માટેની જરૂરી પાર્શ્વ ભૂમિકા માટેની માહિતી સહભાગીઓને પૂરી પાડવામાં અવી હતી. તે અહેવાલની રૂપરેખા, ગ્રામ સભા અહેવાલ, ચાલુ યોજનાઓનાં પરીક્ષણો, ગૌણ માહિતીઓ, જે-તે વિસ્તારનો ભૌગોલિક અભ્યાસ અને સ્થાનિક ઈતિહાસના ટૂંકા સર્વેક્ષણના આધારે તૈયાર કરવામાં આવી હતી. પ્રારંભિક તૈયારીના કાર્યમાં રાજય, જિલ્લા અને સ્થાનિક રિસોર્સ પર્સનની તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો. ચાલુ પરિયોજનાઓ અંગેની ઉપલબ્ધ માહિતીઓ અને હકીકતો પૂરી પાડવા અંગે લાઈન ડીપાર્ટમેન્ટને સૂચના આપવામાં આવી.

3. વિકાસ પરિષદો ધ્વારા બહાર પડેલી ભલામણો અને સૂચનોનો અમલ કરવા માટે પાયાગત સ્તરે સેકટર-વાઈઝ કાર્યદળો (દરેક સ્થાનિક તંત્રમાં લગભગ 12 કાર્યદળો)ની રચના કરવામાં આવી. આ રીતે ગ્રામ સ્તરે 1.2 લાખ વ્યકિતઓનાં લગભગ 12,000 કાર્યદળો કાર્ય કરતાં હતા. તેમણે પંચાયતની સામે વિચારણા માટે મૂકવાની લગભગ 1 લાખ જેટલી પરિયોજનાઓ તૈયાર કરી હતી. અધિકારીઓ અને તકનીકી લાયકાત ધરાવતા સ્થાનિક લોકોની સહભાગીતા નકકી કરવા માટેના ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. રાજયના સંભવિત નિવૃત અને બિન - અધિકારી નિષ્ણાતોની એક સર્વગ્રાહી યાદી તૈયાર કરવામાં આવી હતી. કોઈ પણ તજજ્ઞ જે પંચાયતને મદદ કરવા માટે ઓછામાં ઓછો અઠવાડીયાંનો એક દિવસ આપવા ઈચ્છતો હોય તેને સ્વૈચ્છિક ટેકનીકલ કોર્પમાં નોંધવામાં આવશે. કાર્યદળના અધ્યક્ષ તરીકે ચૂંટાયેલો પ્રતિનિધિ અને કન્વીનર તરીકે સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટનો અધિકારી હતો. પરિયોજનાઓની તૈયારી માટેની માર્ગદર્શક પુસ્તિકાઓ અને તાલીમી કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યા હતાં. પરિયોજનાઓ સર્વાંગી અભિગમ સાથે તૈયાર કરવામાં આવે તે બાબતની સંભાળ રાખવામાં આવી હતી.

4. પરિયોજનાઓને અગ્રતાક્રમ આપીને પંચાયતોની પંચવર્ષીય યોજનાઓમાં જોડી દેવામાં આવી હતી. યોજનાને આખરી સ્વરૂપ આપવા માટે, પંચાયતોએ વિવિધ સ્ત્રોત ધ્વારા સંસાધનો મેળવવાની તેમની ક્ષમતાને સ્પષ્ટપણે ચકાસવી જોઈએ. સમસ્યાઓની ઓળખ અને સ્થળનાં શકય સંસાધનોને આધારે વિકાસ રણનીતિ વિકસિત કરવી જોઈએ. અમલીકરણ માટેની પરિયોજનાઓનો અગ્રતાક્રમ નકકી કરી પસંદ કરવી અને પસંદ કરેલી દરેક પરિયોજનાનાં સફળ અમલીકરણ માટે નિરીક્ષણ તંત્ર નકકી કરવું. આ વિશ્લેષણના આધારે, દરેક પંચાયત ધ્વારા યોજના - દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો.

૫. તાલુકા અને જિલ્લા પંચાયતોએ સ્થાનિક સ્તરની યોજનાઓ અને જયાં જરૂર લાગી ત્યાં પૂરક યોજનાઓની રચના ધ્વારા તેમના યોજના દસ્તાવેજો તૈયાર કર્યા. આ માટે તેમણે સ્થાનિક વિકાસ અહેવાલનું વિગતવાર વિશ્લેષણ, સ્થાનિક આયોજન દસ્તાવેજ તથા નીચેની ભલામણો હાથ ધરી.

આ રીતે યોજનાઓ સ્થાનિક જરૂરિયાતો અને અપેક્ષાઓ તથા તેમને સરળ બનાવવાના સાચા પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. મઘ્યસ્થ સ્તરે તકનીકી સલાહકાર સમિતિ હોય છે. જે ગ્રામ પંચાયતો તૈયાર કરવામાં આવેલી પરિયોજનાને તપાસે છે અને તેનું ખરાપણું સાબિત કરે છે અને તેને જિલ્લા આયોજન સમિતિની મંજૂરી માટે મોકલી આપવાની ભલામણ કરે છે. તકૂનીકી સલાહકાર સમિતિ અને યોજના તૈયારી સહાયક જૂથની વિનંતીથી સંકલન કરવામાં આવે છે. જિલ્લા આયોજન સમિતિ જિલ્લાની અંદર આવેલા સ્થાનિક તંત્રો પાસેથી મળેલી યોજનાઓને મજબૂત બનાવે છે અને તેને રાજય સરકારને સુપ્રત કરે છે.


**પ્ર. 9 લોકોની ભાગીદારી સાથેનાં અસરકારક સ્થાનિક સ્તરનાં આયોજન માટે કયાં પગલાં લઈ શકાય?**

અસરકારક આયોજન માટે લોકસંખ્યા શાસ્ત્ર, શૈક્ષણિક, સંસાધનો અંગેની ધરેલુ અને વિવિધ સામાજિક- આર્થિક માહિતીઓ જરૂરી હોય છે. હાલમાં, સ્થાનિક સરકારો માનવ સમાજોના જીવનની આંકડાકીય માહિતી મેળવવામાં વ્યસ્ત છે. જો કે, તેઓને આદર્શ રીતે તો તેને લગતા સર્વાંગી ડેટાબેસ મેળવવા અને જાળવવા માટે રાખવામાં આવી છે.

ઉપગ્રહ જોડાણ અને માહિતી-સંચાર તકૂનીક અગ્રેસર હાલના પ્રવાહો, સ્થાનિક આયોજન માટે ડેટા એકઠા કરવા, જાળવણી તથા માહિતીની ઉતમ તકો પૂરી પાડે છે. સતાઓ અને જવાબદારીઓની અર્થપૂર્ણ સોંપણીની ગેરહાજરીને કારણે આયોજન અંગેની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ ઓછી છે. પ્રવૃતિઓનો નકશો તૈયાર કરીને તેના આધારે પંચાયત અધિકાર - ક્ષેત્રના નિશ્ચિત કરીને સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવી શકાય છે. ઉપર્યુકત બંને બાબતો સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવવા માટેની જરૂરી પ્રાથમિક શરતો છે. આને માટે શક્તિશાળી વચનબદ્ધતા જરૂરી છે.

બધાં જ સ્તરે પંચાયતો ધ્વારા સંકલિત ગ્રામ યોજનાઓની તૈયારીને સક્ષમ બનાવાવની પ્રક્રિયામાં ફેરફાર થવો જોઈએ. ઓકટોમ્બર 2005માં આયોજન પંચ ધ્વારા સ્થાપવામાં આવેલ નિષ્ણાંત - જૂથની ભલામણોને અનુસરીને લેવામાં આવેલાં આવકારદાયક પગલાં મુજબ, કેન્દ્ર પ્રયોજિત યોજનાઓમાં પંચાયતોની ભૂમિકા નક્કી કરવામાં આવી છે અને આયોજન, અમલીકરણ અને અસરોની ચકાસણીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટેકનીકલ સહયોગ જરૂરી છે. તેમની જરૂરિયાતો, અનુભવી આયોજકો અને લોકોના પ્રતિનિધિઓ વચ્ચેના સંકલન માટેનું માળખું પણ જરૂરી છે. રાજય અને રાષ્ટ્રીય યોજનાઓ સાથે જિલ્લા યોજનાઓના અસરકારક સંકલન માટે વધુ પ્રયત્નોની જરૂર છે. સભ્યો લગભગ ઑક્ટોબર અથવા નવેમ્બરમાં તેમના વિચારેલ આયોજનો પ્લાનિંગ કમિશન - આયોજન નિગમને મોકલે તે પહેલાં જિલ્લા પંચાયતને તેમનાં આયોજનો કરવાની સગવડ આપવા માટે, જિલ્લા પંચાયતે તથા પછીથી નીચલાં સ્તરોને સંભવિત ફાળવણી સૂચવી શકાય.

# 7. પંચાયતના નાણાકીય હિસાબો તથા ઓડિટ



**પ્ર. 1 પંચાયતોઓએ માટે હિસાબો તથા ઑડિટની સંભાળ શા માટે અગત્યની છે?**

પંચાયતો વિવિધ સંસાધનોની ઘણી યોજનાઓ તથા ભંડોળ સંભાળે છે. આથી જ નાણાકીય વ્યવહારોના હિસાબો એ સર્વોપરી મહત્વ ધરાવે છે. નાણાકીય વ્યવહારોના હિસાબોમાં સમાવિષ્ટ છે (1) શું ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કાયદેસર રીતે કરવામાં આવ્યો છે અને (૨) શું તેનો ઉપયોગ કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો છે? આના માટે તજજ્ઞ પાસે હિસાબોની તપાસ કરાવીને સમયસર નાણાકીય હિસાબોના વ્યવહારો બનાવવા અને તેને પ્રસિદ્ધ કરવા જરૂરી છે જે સમાજને ખાત્રી કરાવે છે કે  સાર્વજનિક નાણાં કાયદાકીય રીતે ખર્ચાયા છે. પંચાયત સ્થાનિક વહિવટની મજબુત સંસ્થા તરીકે ઉભરે તે માટે નાણાકીય હિસાબ તંત્રને મજબુત કરવાની જરૂર છે.

**પ્ર. 2 પંચાયતોના હિસાબોની વર્તમાન પરિસ્થિતિ શું છે?**

દેશમાં સરકારી દફતરોમાં નાણાકીય હિસાબો રાખવાની અને તેના દસ્તાવેજીકરણની સર્વ સામાન્ય પદ્ધતિનો અભાવ જોવા મળે છે. સી એન્ડ એજીએ પંચાયતીરાજના હિસાબી પદ્ધતિ વિશે નીચેની બાબતો જાહેર કરેલ છેઃ

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

1. બહુવિધ રોકડ ખાતાવહી નિભાવી હોય અને તેને બંધ સિલક તરીકે બતાવવામાં ન આવી હોય. ઉધડતી સિલક કે બંધ સિલકમાં તફાવત હોય અને તેને અયોગ્ય ખાતામાં ઉધારવામાં આવેલ હોય અને આવકની નોંધ હિસાબોમાં લેવામાં આવેલ ન હોય.

2. નાણાંની સાબિતીની ચકાસણી ન કરવામાં આવી હોય

3. રોકડ ખાતાવહી અને બેંકની પાસબુક વચ્ચે સુસંગતતા ન હોય

4. આગોતરા નાણાં ધિરાણની ખાતાવહી રાખવામાં ન આવી હોય

5. માસિક અને વાર્ષિક હિસાબો બનાવવામાં અને તેને હિસાબ તપાસણી માટે મોકલાવવામાં વિલંબ થયો હોય

6. ઉધારવામાં આવેલ રકમ મુજબ હિસાબો અને બિલની રકમમાં ફરક હોય

7. મંજુર કરવામાં આવેલ મર્યાદા ઉપરાંતની રોકડ સિલક હાથ પર રાખી હોય

8. સ્થાવર મિલ્કતની નોંધપોથીની નિભાવણી ન થતી હોય અને સામાનની સ્થળ ચકાસણી કરી ખરાઈ કરવામાં આવતી ન હોય

   અગિયારમા નાણાં પંચે એ નોંધ્યું છે કે સ્થાનિક કક્ષાના આવક અને જાવકના આંકડાઓ એકઠા કરવા માટે કોઈ ચોક્કસ માળખું જોવા મળ્યું નથી.

**પ્ર. 3 પંચાયતોની હિસાબ પદ્ધતિને મજબૂત કરવા માટે રાષ્ટ્રીય સ્તરે તાજેતરમાં કયાં વિવિધ પગલાં લેવાયાં છે?**

અગિયારમા નાણાં પંચે એ સૂચવ્યું છે કે સીએન્ડએજી કમિટિએ આગળ વધીને હિસાબ રાખવાની સુવ્યવસ્થિત પદ્ધતિ બનાવી સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે નિભાવ થાય અને નાણાકીય આંકડાઓ સચવાય તેવું સુચન કરવામાં આવ્યું છે. સીએન્ડએજીએ સ્થાનિક મંડળોના હિસાબોની નિભાવણી અને તેના ઓડિટ માટે મદદરૂપ બનવાનું રહેશે. તેઓએ સ્થાનિક શાસન વ્યવસ્થાના પાયા રૂપ ઓડિટર તરીકે સ્થાનિક નાણાંકીય ઓડિટ નિર્દેશક (ડીએલએફએ)ને તકનીકી માર્ગદર્શન પણ પુરૂં પાડવાનું રહેશે. અગિયારમાં નાણાં પંચે પણ ભલામણ કરી હતી કે જે પંચાયતો પાસે તાલીમ પામેલા કર્મચારીઓ નથી તેવા સંજોગોમાં નાણાકીય વહીવટ સાચવવા માટે બહારના તજજ્ઞની મદદ લઈ શકાય. અહીં એ પણ ભલામણ કરવામાં આવી છે કે પંચાયત દ્વારા ઓડિટ કરવા માટે લવાનારા વાર્ષિક ખર્ચાના અડધા ટકા જેટલો ખર્ચ અને નાણાકીય હિસાબો રાખવામાં થતા ખર્ચને પહોંચી વળવા માટે હંગામી ધોરણે દરેક પંચાયત દીઠ વાર્ષિક સરેરાશ રૂ. 4000ની મર્યાદામાં ખર્ચા કરી શકાય. ઈએફસીએ એ પણ ભલામણ કરી છે કે જિલ્લા, રાજ્ય અને કેન્દ્ર સરકાર કક્ષાએ નાણાકીય બાબતો માટે કોમ્પ્યુટરાઈઝડ આંકડાઓ ભેગા કરવા જોઈએ અને તેને વી-સેટથી જોડવા જોઈએ. રાજ્ય રૂ. 200 કરોડના ફાળવેલા મૂડી રોકાણની સામે ફકત રૂ. 93 કરોડ ખર્ચ કરે છે. હિસાબોના વ્યવહારોની નિભાવણી પાછળ ફાળવેલા રૂ. 483 કરોડની સામે ફકત રૂ. 113 (2.3 ટકા) કરોડ વાપરેલા છે. સી એન્ડ એજીએ પંચાયતો તથા નગરપાલિકાઓ માટે 2006માં તેમને સમજાવવાની દૃષ્ટિતી, સ્થાનિક સંસ્થાઓની વ્યાપક આર્થિક રૂપરેખા રજુ કરવા તથા જુદા જુદા સ્રોતો પાસેથી મેળવેલ ભંડોળના ઉપયોગની

માહિતી પૂરી પાડવા, ફાળવાયેલ ભંડોળની ભૌતિક પ્રગતિ ઉપરાંત પોતાના સ્રોતમાંથી આવક-જાવક માટે સરળ કોષ્ટક તથા હિસાબ પ્રક્રિયા દર્શાવ્યાં છે. હિસાબના ઉપરીની સુસંગતતા, નોમેનકલ્ચરની યોગ્યતા, સરળ વર્ગીકરણ તથા  પંચાયત વડે કરાતી બધી પ્રવૃત્તિઓને આવરવાની વ્યાપકતા એ કોષ્ટક તૈયાર કરવા માટેના કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો હતા. જાવકની કેટલીક સામાન્ય રીતે વપરાયેલ વસ્તુઓનાં ધોરણ નક્કી કરવામાં આવ્યાં હતાં. હિસાબો તથા અંદાજપત્રનાં કોષ્ટકોને સુસંગત કરવામાં આવ્યાં હતાં તથા યુનિયન તથા રાજ્ય સરકારના હિસાબો સાથે જોડવામાં આવ્યાં હતાં જેથી તેનું સરળતાથી કોમ્પ્યુટરાઈઝેશન કરી શકાય, તેની દેખરેખ રાખી શકાય તથા સમગ્ર ભારત દેશના આંકડાઓ ભેગા કરી શકાય. ગુજરાત રાજ્યમાં માર્ચ 2007થી સી એન્ડ એજીના કોષ્ટકોનું અમલીકરણ કરવામાં આવ્યું.

## પ્ર. 4 પંચાયતના હિસાબની સંભાળ માટેની કેટલીક સારી રીતો કઈ છે?

પંચાયતી રાજના હિસાબો રાખવાની કેટલીક સારી પ્રસ્થાપિત રીતો નીચે મુજબ છે

કર્ણાટક રાજ્યની સ્થાનિક ભંડોળ સત્તાધિકાર રાજવિત્તય જવાબદારી અધિનિયમ, 2003માં જો સમયસર હિસાબો બનાવીને રજુ કરવામાં ન આવે તો નાણાં ભંડોળને અટકાવી દેવાની જોગવાઈ રાખવામાં આવી છે. જિલ્લા પંચાયતે પાછલા નાણાકીય વર્ષના ઓડિટેડ હિસાબો આગામી વર્ષની 31 જુલાઈ સુધીમાં સરકારમાં જમા કરાવી દેવા તેવી સત્તા કર્ણાટકના પંચાયતીરાજ અધિનિયમમાં આપવામાં આવી છે. જેની નિયમિત દેખરેખ રાજ્યના ધારાસભાની બનાવેલી કમિટિ રાખે છે. મહારાષ્ટ્રમાં દરેક જિલ્લા પંચાયતે પોતાના પાછલા નાણાકીય વર્ષના મંજુર થયેલા અને ઓડિટ કરાયેલા વાર્ષિક હિસાબો આગામી વર્ષની 15મી નવેમ્બર સુધીમાં સરકારના ગેઝેટમાં છપાવવાના હોય છે. કેરળ રાજ્ય સરકારે 2006માં હિસાબોમાં પાછલા બાકી કામ પુરા કરવા માટે આ પ્રકારની સેવા આપનારા અથવા નિવૃત્ત પંચાયતીરાજના / સરકારી અધિકારીની નિયુકિત કરી શકાય તે સંદર્ભની એક માર્ગદર્શિકા બહાર પાડી હતી. ઉત્તર પ્રદેશમાં દરેક ગ્રામ પંચાયતોએ પંચાયતીરાજના નાણાકીય હિસાબો સી એન્ડ એજીના 2003-04 સુધીમાં આપેલા પત્રકો મુજબ હંગામી ધોરણે ચાર્ટર્ડ હિસાબનીશ નિયુકત કરીને તૈયાર કરાવી શકાય. હિમાચલ પ્રદેશમાં ગ્રામ પંચાયતોના હિસાબો રાખવા માટે હંગામી ધોરણે પંચાયત સહાયકોની ભરતી કરવામાં આવી છે.

## પ્ર. 5 ગુજરાતમાં પંચાયતના હિસાબો માટેની વ્યવસ્થા સંબંધી મુખ્ય પાસાઓ કયાં છે?

ગુજરાત પંચાયત ધારા 1993ના સેકશન 119 માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ દરેક પંચાયતે આવક અને જાવકના હિસાબો નિયત કરેલ પત્રકમાં અને નિયત શૈલીમાં બનાવવાના હોય છે અને દરેક વર્ષના પહેલા દિવસે તેનો વાર્ષિક તાળો મેળવવાનો હોય છે. સેકશન 120 મુજબ, દરેક પંચાયતના તલાટી-કમ-મંત્રીએ પંચાયતનો વાર્ષિક વહીવટી અહેવાલ બનાવવાના હોય છે અને તેને નાણાકીય અહેવાલો સાથે પંચાયત સમક્ષ મંજુરી માટે રજુ કરવાના હોય છે. અહીં એ પણ આગ્રહ રાખવામાં આવે છે કે નિયત કરેલી તારીખ પહેલાં વાર્ષિક નાણાકીય અહેવાલ અને વાર્ષિક અહેવાલો તાલુકા પંચાયત મારફતે જિલ્લા પંચાયતમાં મોકલાના હોય છે. સેકશન 141 અને 142માં તાલુકા પંચાયત માટે અને સેકશન 166 અને 167માં જિલ્લા

પંચાયતો માટે આ પ્રકારની જોગવાઈ અને આગ્રહ રાખવામાં આવે છે. ગુજરાત ગ્રામ્ય પંચાયત (ગ્રામ્ય ભંડોળની માલિકી અને રોકાણ) અધિનિયમ 2000 દ્વારા ગ્રામ્ય પંચાયતોને સત્તા આપવામાં આવી છે કે તે પોતાના તલાટી-કમ-મંત્રી પાસે કાયમી આગોતરા રૂ. 1000 થી વધારે નહી તેવી (સુધીની) રકમ રાખી શકે છે. દરેક મહિનાના આખરી દિવસે સરપંચે અથવા તો તેની ગેરહાજરીમાં ઉપસરપંચે કાયમી આગોતરા ખાતાની નિભાવણી તલાટી-કમ-મંત્રી એ યોગ્ય રીતે કરી છે અને તેના હિસાબો બરાબર છે તેની ખાત્રી કરી હાથસિલકની ચકાસણી કરી આ ખર્ચાના હિસાબો સાચા છે અને બંધ હાથસિલકની નોંધ સામાન્ય રોકડ ખાતાવહીમાં કરી છે તેવું તેઓની સહી અને તારીખ સાથે પ્રમાણિત કરવાનું હોય છે. અન્ય તમામ અનુદાન, લોન કે ટેક્ષ રૂપે આવેલ ભંડોળને સરકારી તિજોરીમાં અથવા તો સરકારી તિજોરી જે અધિકૃત બેંક સાથે વહીવટ કરતી હોય તેવી બેંકમાં જમા કરાવવાના હોય છે અને જ્યારે જ્યારે જે કામ માટે જરૂર પડે ત્યારે તેટલી રકમનો ઉપાડ કરવાનો હોય છે. ભંડોળ સરકાર માન્ય કોઓપરેટીવ બેંકમાં પણ જમા કરાવી શકાય અથવા તો જાહેરનિધિમાં પંચાયતના પોતાના નામથી રોકાણ કરી શકાય. વધારાના ભંડોળને તાત્કાલીક જમા કરાવવાના હોય છે.

**પ્ર. 6 ગુજરાતમાં પંચાયતોની ઑડિટ માટે શું વ્યવસ્થા છે?**

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ 1963 હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતોનું ઓડિટ કરવામાં આવે છે. ડીએલએફએ દ્વારા ધારાસભામાં તાલુકા અને જિલ્લા પંચાયતમાં આચરવામાં આવનારી ગેરરિતિઓ અંગે એક સંક્ષિપ્ત નોંધ લખીને ધ્યાન દોરવામાં આવે છે. એક જુદી જ સમિતિ આ અહેવાલોની ચકાસણી કરે છે અને તેમાં લાવવા જોઈતા સુધારા લાવવા પ્રયત્નો કરવા. ગુજરાત સહિતનામાં નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ ઓડિટ (ડીએલએફએ) જ સ્થાનિક સંસ્થાઓના પ્રાથમિક ઓડિટર છે. તેઓના કર્મચારીઓ રાજ્ય સરકારના નિયંત્રક વહીવટી અધિકારીની નીચે કામ કરે છે. સીએન્ડએજી એ સ્થાનિક સંસ્થાઓના હિસાબોના તપાસકર્તા છે. ઓડિટની ખાત્રી માટે પંચાયતી રાજ સંસ્થાઓની ટકાવારીની દોરવણીની સાથે સાથે ઓડિટના આયોજનમાં, માપદંડો અને માર્ગદર્શિકાની રચના કરવા માટે તકનિકી માર્ગદર્શન આપવાની તેઓની પાસે અપેક્ષા રાખવામાં આવે છે. કાયદાકીય આધારિત અને નિયમો અને પદ્ધતિઓના પાલન કરવા ઉપરાંત સીએન્ડએજીનું ઓડિટ કાર્યક્રમના હેતુઓ આધારિત સિદ્ધઓ અને ભંડોળના કાર્યક્ષમ ઉપયોગની પણ ખાત્રી આપે છે. આથી આ રીતે ડીએલએફએ અને સીએન્ડએજી એક બીજાના પૂરક છે.

**પ્ર. 7 પંચાયતોના ઑડિટના મજબુતીકરણ માટે કયાં વિવિધ પગલાં લેવાયાં છે?**

ઓડિટને વધુ સધન બનાવવા માટે સીએન્ડએજીએ પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટના ધારા-ધોરણો અધિકૃત કરેલા છે જે ઓડિટરને બરાબર ઓડિટ કરવા માટે, લોકોની વિશ્વસનિયતા વધારવા માટે તથા સંલગ્ન કેન્દ્ર / રાજ્ય સરકાર તથા દરેક સ્તરના સહભાગીને ખાત્રી આપે છે. પાછલા કેટલાક વર્ષોમાં જુદા જુદા રાજ્યોમાં ડીએલએફએના કર્મચારીઓની ઓડિટમાં આવડત વધારવા માટે પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટ માટેના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. 15 રાજ્યોમાં પંચાયતીરાજ સંસ્થાઓના તથા ડીએલએફએના કર્મચારીઓ માટે તાલીમકારોની તાલીમ અને ક્ષમતા વર્ધક તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સીએન્ડએજી

દ્વારા ઓડિટ માટેના તાલીમ કાર્યક્રમની સૂચિ પંચાયતીરાજ સંસ્થાઓના જુદા જુદા પહેલુઓ પંચાયતીરાજના ભંડોળ, હિસાબો, તેઓની ઐતિહાસિક પૂર્વ ઈતિહાસ અને કાનુની બાબતો, જુદી જુદી સ્થાનિક સમિતીઓ અને કાર્યો અને હંગામી કરારનું ઓડિટ સામાજિક અને લિંગ ભેદભાવને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.

**પ્ર. 8 પંચાયત ઑડિટને લગતી કેટલીક રચનાત્મક ક્રિયા કઈ છે?**

તાજેતરમાં કેટલાક રચનાત્મક પ્રયત્નો કરવામાં આવ્યા છે. મે 2005માં ગુજરાતના આદિવાસી તાલુકા દાહોદમાં એક તાલીમ-સહ-ઓડિટ કાર્યશાળા થઈ ગઈ. તેણે ગામલોકોને એ પણ શીખવાડયું કે કાયદાકીય રીતે જ્યારે પંચાયતના હિસાબો ગ્રામસભામાં તેઓની સામે રજુ કરવામાં આવે ત્યારે તેઓની ભાગીદારી ખૂબ જ અગત્યની હોય છે.

2007માં કેરાલા રાજ્યના રાજ્ય ઓડિટ નિયામકશ્રીએ મુખ્ય હિસાબી અધિકારીની જાહેર કરેલી માર્ગદર્શિકાના આધારે નિયત કરેલી ગ્રામ પંચાયતોમાં અમલમાં મુકાયેલી યોજનાઓનું ટકાવારીમાં ઓડિટ કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં 2006માં બંગાળીભાષામાં સ્થાનિક ખાતાઓના પરિક્ષકના અહેવાલોને એક પુસ્તક રૂપે રજુ કરવામાં આવ્યું હતું અને તેને પંચાયતીરાજ સંસ્થાઓના વહીવટકર્તાઓને અને ચુંટાઈને આવેલા પ્રતિનિધિઓને આપવામાં આવ્યા હતા. 2007માં ગ્રામ્યલોકો, પંચાયતીરાજ સંસ્થાના વહીવટકર્તા અને ચુંટાઈને આવેલા પ્રતિનિધિઓ સુધીની પહોંચ વધારવા માટે પંચાયતીરાજના હિસાબો અને ઓડિટના નિયમો મુજબ પાલન કરતી ગ્રામિણ સંસ્થાઓમાંથી ઉત્તમ કામ કરતી સંસ્થાઓની એક સીડી બનાવીને આપવામાં આવી હતી.

રાજસ્થાનમાં સ્થાનિક ભંડોળના ઓડિટ કરવા માટે એક તપાસ સૂચિ બનાવવામાં આવી હતી. અહીં ઓડિટના દસ્તાવેજી પુરાવાઓ આપવામાં ન આવે તો તેઓનું ભંડોળ અટકાવી દેવાની જોગવાઈ રાખવામાં આવી હતી. ડીએલએફએએ એક નિયમિત રીતે પ્રકાશિત પ્રકાશનો સાથે એક વેબસાઈટ પણ બનાવી હતી.

**પ્ર. 9 પછાત વિસ્તાર અનુદાન ભંડોળની માર્ગદર્શિકા મુજબ હિસાબો તથા કામનાં ઑડિટ સંબંધી મુખ્ય વ્યવસ્થા શું છે?**

દરેક પંચાયત અને નગરપાલિકા તેઓને ફાળવવામાં આવેલા ભંડોળોના હિસાબોની જાળવણી કરવા માટે જવાબદાર છે. ઘણી બધી પંચાયતોના હિસાબો જિલ્લા દ્વારા એકઠા કરી તેને સંયુકત રીતે ઓડિટ માટે પ્રસ્તુત કરવામાં આવે છે. પૂરતા માણસો અને અન્ય સંસાધનો પુરા પાડવા માટે રાજ્ય જવાબદાર છે. વચ્ચે આવનાર પંચાયત સંસાધન કેન્દ્ર આ ટેકો ખેંચી શકે છે. કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલા ખર્ચાઓને સંલગ્ન પંચાયતો અને નગર પાલિકાએ વાર્ષિક હિસાબોમાં દર્શાવવાના હોય છે અને જે-તે રાજ્યના પંચાયતીરાજ અધિનિયમની મર્યાદામાં રહીને તેને સંયુકત રીતે દર્શાવવાના રહે છે.

દરેક જિલ્લામાં દરેક નાણાકીય વર્ષને અંતે કામગીરીનું નાણાકીય અને ભૌતિક ઓડિટ નિયમિત રીતે કરાવવું જોઈએ. સ્થાનિક ભંડોળ અધિકારી અથવા તો રાજ્ય સરકાર તરફથી બનાવવામાં

આવેલ યાદીમાંના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા તો રાજ્યના એકાઉન્ટ જનરલ દ્વારા આ ઓડિટ કરાવવું જોઈએ. ઓડિટરના સુચનો માટે કરવામાં આવેલ પગલાંઓની નોંધ સાથે આ ઓડિટ અહેવાલ રજુ કરવામાં આવે જેની સાથે ભંડોળના દ્વિતીય હપ્તાની માંગણી કરતી દરખાસ્ત પણ રજુ કરવામાં આવે. આ પગલાંઓની નોંધ ઓડિટર દ્વારા ચકાસણી કરીને પ્રમાણભૂત કરેલી હોવા જોઈએ.

**પ્ર. 10 પંચાયતોમાં હિસાબ તથા ઑડિટને વધુ મજબુત કરવા માટે કયાં પગલાં લઈ શકાય?**

પંચાયતીરાજ સંસ્થાના હિસાબો અને તેની આંકડાકીય માહિતીની સાચવણીને સુધારવા માટે ડીએલએફએ અને સીએન્ડએજીના પ્રતિનિધિઓની મે-2007માં મળેલી પ્રાદેશિક ચર્ચાસભાએ નીચેના સુચનો કર્યા હતા.

- હિસાબો આખરી કરવાની છેલ્લામાં છેલ્લી તારીખ અને જો હિસાબો આખરી ન કરે તો દંડની જોગવાઈ સાથે તે નક્કી કરેલી હોવી જોઈએ(ગુજરાત પંચાયત અધિનિયમ-1993માં આનો સમાવેશ થયેલો છે)
- પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબોમાં પાછલા વર્ષની બાકી રકમ (ખાદ્ય) માંથી બહાર આવવા માટે સક્ષમ દરખાસ્ત રાજ્ય સરકારે કરવી જોઈએ અને પેટા હિસાબનીશની નિમણંક સાથેની અન્ય રચનાત્મક પદ્ધતિને ધ્યાનમાં લેવી જોઈએ.
- સ્થાનિક સંસ્થાઓની નાણાકીય અને હિસાબોની માહિતીને એકત્ર કરવા માટે દરેક રાજ્ય સરકારે એક કેન્દ્રિય એજન્સીની સ્થાપના કરવી જોઈએ.
- રાજ્ય સરકારે સીએન્ડએજી દ્વારા સ્થાનિક સંસ્થાઓના નાણાકીય બાબતોની માહિતી એકઠી કરવા માટે ભલામણ કરાયેલા કોષ્ટકોની સ્વીકૃતિ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- ડીએલએફએની સરખામણીમાં જિલ્લા કક્ષાની સમિતિઓ (તમિલનાડુની જેમ) ના સફળ માપદંડોને સમજી અને સ્વીકારવા જોઈએ અને વહીવટી બાબતોની ફેરચકાસણી કરી અને સ્થાનિક સંસ્થાઓમાં હિસાબો અને ઓડિટને લગતી બાબતો પર પગલાં લેવા જોઈએ.

પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબો માટે આવડતોમાં વધારો કરવા માટે અને સમર્પિત લોકોની કતારને બાંધવાની જરૂર છે. કાર્યપ્રણાલી અને તાલીમોને સક્ષમ કરવા માટે સીએન્ડએજીનો ટેકાનો ઉપયોગ કરી શકાય. બારમા નાણાં પંચના ભંડોળનો હિસાબો અને તેની માહિતીના રખરખાવ માટે ઉપયોગ કરવો જોઈએ.

ડીએલએફએ સંસ્થાકીય સંરક્ષણ તથા ક્ષમતા ઘડતરની જરૂર છે. સીએન્ડએજી વડે થતા તાલીમના પ્રયત્નોને રાજ્ય સરકારનાં સમન્વય સાથે વધુ દૃઢ કરવાની જરૂર છે. આઈ. ટી., ઑડિટમાં આંકડાકીય નમૂના તથા ઑડિટના દેખાવ એટલે કે કાર્યક્રમો તથા યોજનાઓની કાર્યદક્ષતા તથા અસરકારકતા જેવાં ક્ષેત્રોમાં કુનેહને ઉપર લાવવાની ખાસ જરૂર છે. સમર્પિત હિસાબનીશો તથા ઑડિટર્સની સ્થાપના આ પદ્ધતિને મજબુત કરવામાં લાંબા સમય સુધી કામ લાગશે.

ડીએલએફએનું અપર્યાપ્ત આવરેલ ક્ષેત્ર તથા કામની ચઢત સંસાધનોના અભાવને કારણે ઉપાર્જિત થઈ શકે. અંતિમ પરિણામો મેળવવા માટે ઑડિટ તથા આયોજનની અગ્રતા ફરી જોઈ જવાની

તથા ઉપલબ્ધ સંસાધનોને સમજવાની જરૂર છે. આંકડાકીય નમૂનાનો અતિશય ઉપયોગ સ્થાનિક સંસ્થાઓના ઑડિટમાં ઉંચા સ્તરની દ્રઢતા લાવી શકે.

સ્થાનિક ભંડોળ ઑડિટ વડે હિસાબોમાં પ્રમાણનનો પરિચય, મિલકતોની ચકાસણી તથા ઑડિટ થયેલ હિસાબોનું પ્રકાશન દ્રઢતાના મહત્ત્વના માર્ગો તરીકે કામ કરી શકે. પૂરાવા મેળવવા માટે ભૌતિક/સારીરિક ચકાસણી, ફોટોગ્રાફ્સ, સાક્ષાત્કારો વગેરે જેવી રચનાત્મક ટેકનિક્સ દાખર કરવી જરૂરી છે. ઑડિટની સમગ્ર અસરકારકતાને સુધારવા માટે વિશ્વસનીયતાની હદની આકારણી તથા મુલ્યાંકન કરતી વખતે લોકોની ભાગીદારી, તળીયાનું આયોજન તથા હાંસીયામાં ધકેલાયેલાઓનું સશક્તિકરણ વગેરે જેવા માપી ન શકાય તેવાં ધોરણોને ધ્યાનમાં લેવાં જરૂરી છે. ચર્ચા વિચારણાની સગવડ માટે ઑડિટનાં તારતમ્યોની પર્યાપ્ત જાહેરાત માટેના પ્રયત્નો કરવા પણ જરૂરી છે. એ ખાતરી માટે કે ઑડિટ અહેવાલો પર ચર્ચા વિચારણા થઈ છે, તથા તેમાં સુધારા માટે ત્વરિત પગલાં લેવાંયાં છે, એક ઔપચારિક તંત્ર જરૂરી છે. આ ચર્ચા વહિવટનાં ઉચ્ચ સ્તરોમાં તેમ જ સ્થાનિક સમુદાય સાથે થવી જરૂરી છે. ગ્રામસભાના અભિમુક્ત કાર્યોને સારા પ્રમાણમાં મજબૂત કરવાં જરૂરી છે.

સામાજિક ઑડિટ તંત્ર તથા પારદર્શિતા તથા વિશ્વાસનિયતા માટેનાં બીજાં સાધનો જેવાં કે પડોશી કમિટિઓ, નિરિક્ષણ કમિટિઓ તથા લાભ મેળવતી કમિટિઓ વચ્ચે સહકાર વિકસાવવો જરૂરી છે જેથી જાહેર કામની યોજનાઓ, નાગરિકોના કરાર ઑમ્બ્યુડસમેન જેવી દેખરેખ રાખતી સંસ્થાઓ દ્વારા ઔપચારિક ઑડિટ તંત્રનાં તારણો માટે આગળ ઝીણવટભરી તપાસ કરી શકાય.

# 8. પછાત વિસ્તાર અનુદાન ભંડોળ



**પ્ર. 1 પછાત વિસ્તાર અનુદાન ભંડોળના હેતુઓ શું છે?**

વડાપ્રધાન વડે આસામના બારાપેટામાં 19 ફેબ્રુ. 2006 એ શરૂ કરાયેલ/ તરતી મૂકાયેલ પછાત પ્રદેશ સહાય ભંડોળ વિકાસનાં વિરોધમાં ટક્કર લેતી પ્રાદેશિક અસમતુલાને સંબોધવા માટે નવી રીત દર્શાવે છે. આ ભંડોળ વિકાસ માટેની વર્તમાન આવકમાં ક્ષતિપૂર્તિ કરતો તથા પૂરક નાણાકીય સ્રોત પૂરો પાડશે. જેમકે:

- સ્થાનિક માળખાં તથા બીજી વિકાસ માટેની જરૂરિયાતો વચ્ચેનાં કટોકટીભર્યા અંતર કે જેને પહોંચી વળવા માટે વર્તમાન આવક પર્યાપ્ત ન હોય, તેને જોડશે.
- ત્યાં સુધી પંચાયત તથા મ્યુનિસિપાલિટી સ્તરના સંચાલનને, ભાગ લેનાર આયોજનનો સમાવેશ કરવા નિર્ણયો લેવા, અમલીકરણ તથા નિરિક્ષણ કરવા, સ્થાનિક જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવા વધુ યોગ્ય ક્ષમતા ઘડતર સાથે મજબૂત કરવા.
- સ્થાનિક સંસ્થગાઓને તેમની યોજનાઓનાં આયોજન, અમલીકરણ તથા નિરિક્ષણ માટે વ્યાવસાયિક ટેકો પૂરો પાડવો.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

- પંચાયતને સોંપાયેલાં આવશ્યક કાર્યોના દેખાવ તથા વહેંચણી તથા અપર્યાપ્ત સ્થાનિક ક્ષમતાને કારણે થયેલી ઉલટી કાર્યક્ષમતા તથા વાસ્તવિક ખોટ સુધારવી.

**પ્ર. 2 પછાત વિસ્તાર અનુદાન ભંડોળ હેઠળ પસંદગી પામેલ જિલ્લા વડે કયું પ્રથમ પગલું અનુસરાવવું જોઈએ?**

સંકલિત વિકાસનો પ્રારંભ વ્યાવસાયિક આયોજનના ટેકાના આશ્રયે દરેક જિલ્લા વડે હાથ ધરાયેલ પોતાનાં પછાતપણાનાં નિદાનકર્તા અભ્યાસ સાથે થશે. આનું અનુસરણ 2006-2007 અને 11મી પંચ વર્ષીય યોજનાના સમય દરમ્યાનની પછાતતાને માટે એક સારી રીતે આકાર અપાયેલ જિલ્લા વિકાસ યથાર્થ યોજના તૈયાર કરીને કરાશે. ગ્રામ સ્તરે પંચાયતો, મધ્યસ્થી કરશે તથા જિલ્લા સ્તરે કલમ 243Gનો પત્ર તથા તત્ત્વ સાથે રાખીને આ કાર્યક્રમનાં અમલીકરણનું આયોજન હાથ ધરાશે, જ્યારે શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલીટી કમલ 243Wના પત્ર તથા તત્વની અનુમતિ સાથે અને બંધારણની કલમ 243ZD સાથે આ કાર્યક્રમની તેવી જ રીતે યોજના તથા અમલ કરાશે.

**પ્ર. 3 આયોજનની પ્રક્રિયા શું છે?**

આ યોજના સંબંધિત જિલ્લામાં ચાલુ હોય તેવા ઘણાંબધા કાર્યક્રમોને એકત્રિત કરશે અને તેથી જિલ્લા તરફ વહેતા/જતા સ્રોતોનાં સંયોજન દ્વારા પછાતપણાંને સંબોધશે. તે આયોજનના સ્થાનિક પસંદગી કરવાના સિદ્ધાંતની તોડફોડ કર્યા વગર પછાત વિસ્તાર અનુદાન ભંડોળ ને યોજનાને લગતાં કોઈ પણ આવરણ ચડાવ્યા વગર કરાશે. આ ભંડોળ હેઠળ અમલીકરણ માટે નક્કી થયેલા કાર્યક્રમો લોકોની ભાગીદારી-ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ તથા વોર્ડ સભા દ્વારા તથા શહેરી વિસ્તારમાં વિસ્તાર સભાઓ તથા વોર્ડ કમિટિઓ દ્વારા પસંદ કરાશે. ભાગ લેનાર યોજનાઓ દરેક પંચાયત તથા મ્યુનિસિપાલીટી વડે તૈયાર કરાશે. જે બધા સ્રોતો પંચાયતના વિસ્તારમાં વપરાશે તેમજ છેક છેલ્લા સુધી આવરશે તેનો ખ્યાલ રાખશે.

- રાજ્ય યોજનાના વિભાગીય તેમજ જિલ્લા ખંડ/ભાગ.
- કેન્દ્રિય રીતે પ્રાયોજિત યોજનાઓ (ખાસ કરીને ફ્લેગશીપ કાર્યક્રમો)
- રાષ્ટ્રીય રોજગાર ગેરંગી યોજનાને કારણે ભંડોળ આવે છે.
- કેન્દ્ર તથા રાજ્ય નાણા નિગમ તરફથી બાંધી તથા છુટ્ટી સહાય/અનુદાન તથા
- ભારત નિર્માણને કારણે ભંડોળ આવે છે.

દરેક પંચાયત તથા મ્યુનિસિપાલીટી વડે તૈયાર કરોલ ભાગ લેનાર યોજનાઓ જિલ્લા આયોજન સમિતિ વડે જિલ્લા યોજનામાં એકત્રિકરણ કરાશે. તે જિલ્લામાં ઉપલબ્ધ બધા જ નાણાકીય સ્રોતોને પ્રતિબિંબિત કરશે તથા વિલંબ, દિશા પલટો, નકલ કે લીકેજ થયા વગર તેના શ્રેષ્ઠ ઉપયોગની ખાતરી આપશે.

દરેક પંચાયત તથા મ્યુનિસિપાલિટી પછાત વિસ્તાર અનુદાન ભંડોળ હેઠળ આયોજન માટેનાં એકમો હશે. પંચાયત અથવા નગરપાલિકા વડે તૈયાર થયેલી યોજનાઓ જિલ્લા આયોજન કમિટી વડે જિલ્લા આયોજનમાં ભેળવી દેવામાં આવશે. આયોજન પંચની માર્ગદર્શિકામાં ગોઠવાયેલ દૃષ્ટિને ધ્યાનમાં રાખતાં, આયોજનાઓને એકત્રિત કરતી વખતે, જિલ્લા યોજનાઓ

અનુ. જાતિ, અનુ. જનજાતિના વિકાસને લગતા મુદ્દાઓને સંબંધો તેની ખાતરી માટે વિશેષ્ સંભાળ રખાશે.

- દરેક પંચાયત તથા નગર પાલિકાઓની યોજનાની અંદર અનુ. જાતિ, અનુ. જનજાતિ માટે યોજના મુજબની ફાળવણી દર્શાવતી એક પેટાયોજના તૈયાર થવી જોઈએ.
- અનુ. જાતિ, અનુ. જનજાતિઓના ફાયદા માટેની યોજનાઓને ઓછામાં ઓછું જે સત્તા વિસ્તાર માટે તે યોજના તૈયાર કરવામાં આવી છે, તેમાં આ સમાજની વસતીનાં પ્રમાણમાં ફંડની ફાળવણી થવી જોઈએ.
- અનુ. જાતિ, અનુ. જનજાતિની વસતી સંગીત હોય તેવાં ગામોમાં શાળાઓ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો વગેરે જેવી સગવડો અગ્રતાનાં ધોરણે પૂરી પાડવી જોઈએ.

**પ્ર. 4 કાર્યક્રમ માટે ફાળવાયે કુલ ભંડોળ કેટલું છે?**

**ભંડોળની ફાળવણી**

આ કાર્યક્રમના બે અવયવ છે, એક જિલ્લા ઘટક, જે 250 જિલ્લાને આવરે છે અને બીજો બિહાર અને ઓરિસ્સાના કલાહાંડી, બોલનગીર તથા કોરાપુટ જિલ્લા માટે. 2006-07નાં અંદાજ પત્રમાં બન્ને ઘટકો માટે રૂા. 5000 કરોડની કુલ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ફાળવણીમાંથી રૂા. 1250 કરોડ આયોજન પંચ વડે વ્યવહાર કરાતી વિશિષ્ટ યોજનાઓ માટે વિત્ત મંત્રાલયની અનુદાન માટેની માગણીમાં અપાયા હતા. બાકીના રૂા. 3750 કરોડ જિલ્લા ઘટકો માટે પંચાયતીરાજનાં મંત્રાલયની વ્યવસ્થા માટે રખાયા હતા.

રૂા. 3750 કરોડની ફાળવણી ભંડોળની બે બારીઓ ધરાવે છે

(1) **ક્ષમતા ઘડતર** - વાર્ષિક રૂા. 250 કરોડ એટલે કે દરેક જિલ્લા માટે રૂા. 1 કરોડ આયોજન, અમલીકરણ, નિરિક્ષણ, હિસાબ તથા જવાબદારી તથા પારદર્શિતા સુધારવા માટેની ક્ષમતા ઘડવા માટે પ્રાથમિક રીતે વપરાશે. આમાં કરાર કરવો તથા આઉટ સોર્શીંગની વ્યવસ્થાનો સમાવેશ થઈ શકે.

(2) **સંયુક્ત અનુદાન ભંડોળ:** પારદર્શક સર્વસામાન્ય ધોરણો માર્ગદર્શન વડે આ ભંડોળની ફાળવણી પંચાયતો તથા નગલ પાલિકાઓમાટે થાય છે, અને તેઓ માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબની ભાગે લેનારી આયોજન પ્રક્રિયા દ્વારા જણાવાયેલ સંગઠિત વિકાસના કટોકટીભર્યા અંતર માટે આ ભંડોળ વાપરશે.

**પ્ર. 5 ભંડોળની વહેંચણી માટેનાં ધોરણો કયાં છે?**

સંયુક્ત ભંડોળ નીચેની પદ્ધતિથી જિલ્લાઓમાં વહેંચી દેવાશે.

- દરેક જિલ્લો નિયત લઘુત્તમ રૂા.10 કરોડની રકમ દર વર્ષે મેળવશે.
- 50 ટકા રકમની ફાળવણી બધા પછાત જિલલાની કુલ વસતીના જે તે જિલ્લાની વસતીના ભાગના આધારે કરવામાં આવશે.
- 50 ટકા બધા પછાત જિલ્લાના કુલ વિસ્તારનો જિલ્લાનાં વિસ્તારમાં કેટલો ભાગ છે તેના આધારે કરવામાં આવશે.

**જિલ્લાની અંદર પંચાયતો નગર પાલિકાઓમાં પછાત વિસ્તાર અનુદાન ભંડોળની અંદરોઅંદર ફાળવણીની યોજના:**

દરેક રાજ્ય દરેક પંચાયત તથા નગર પાલિકાઓ માટે પછાત વિસ્તાર અનુદાન ભંડોળ માટેની સર્વસ્વિકૃત હોય તેવી

યોજના દર્શાવશે. (1 મિલિયન વસતી વાળાં શહેરો) આમ સર્વસ્વિકૃત હોય તેવી યોજનાઓ:

- દરેક સ્થાનિક સ્વરાજ સંસ્થા શ્રેણી (પંચાયતો તથા નગર પાલિકાઓ)નો ભાગ.
- દરેક શ્રેણી માટે કરાયેલ એકંદર ફાળવણીની અંદર, દરેક સંબંધિત પંચાયત તથા મ્યુનિસિપાલિટીના અંદરોઅંદરના ભાગનું સંચાલન કરતાં સર્વસ્વિકૃત ધોરણો.

યોજનામાં જઈ શકે તેવા ઘટકોમાં નીચેનાનો સમાવેશ થઈ શકે

- પછાતપણાં તેમજ વિકાસના સ્તરને પ્રતિબિંબિત કરતાં હોય તેવાં રાજ્ય વડે તૈયાર કરાયેલ તથા સ્વિકારાયેલ કોઈ પણ સૂચકાંક.
- જિલ્લા આયોજન વિશે આયોજન પંચની માર્ગદર્શિકા તા. 26-08-06 હેઠળ વર્ણવ્યા મુજબ નજર રાખવાથી જણાયેલ વિશિષ્ટ જિલ્લાવાર અગ્રતાક્રમને જોશે.
- ભંડોળના વાજબી ટકા જે ચોક્કસ ધોરણોના આધારે દેખાવના પ્રોત્સાહક તરીકે જુદી રખાયેલ નિશ્ચિત રકમ હોઈ શકે.

પછાત વિસ્તાર અનુદાન ભંડોળની માર્ગદર્શિકા મુજબ ઉપરની ફાળવણીની વિગતોનો, ખાસ કરીને બધી જ સંબંધિત પંચાયતો તથા નગર પાલિકાઓમાં બહોળો પ્રચાર થવો જોઈએ.

**પ્ર. 6 બીઆરજીએફ રાષ્ટ્રીય સમ વિકાસ યોજનાને સમાવેશ કરે છે, ત્યારે રાષ્ટ્રીય સમ વિકાસ યોજના હેઠળના જિલ્લાઓના પરિવર્તનની પ્રક્રિયા શું છે?**

રાષ્ટ્રીય સમવિકાસ યોજનામાંથી બીઆરજીએફમાં પરિવર્તન: બધા જ 147 આરએસવિવાય જિલ્લાઓને જ્યારે તેઓ ઉપયોગિતાનાં પ્રમાણપત્રો રજૂ કરવા જેવા આ યોજના હેઠળના જરૂરી કરારો પૂરા કરશે ત્યારે ભંડોળ આપવામાં આવશે. બિન આરએસવિવાય જિલ્લાઓ 2006-07માં જિલ્લા યોજનાની તૈયારીની પ્રક્રિયા શરૂ કરશે. એ બિન બીઆરજીએફ - આરએસવિવાય  જિલ્લાઓ, જેમણે જિલ્લા વિકાસ યોજનાના લખાણો/દસ્તાવેજોનું 2006-07માં જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા એકત્રિકરણ કર્યું છે, તેઓ 2006-07 માટેની સંપૂર્ણ ફાળવણી મેવળશે. જેથી તેઓ તાત્કાલિક તેમની યોજનાનું અમલીકરણનો આરંભ કરી શકે.

2006-07 દરમ્યાન દરેક બિન આરએસવિવાય-બીઆરજીએફ જિલ્લાઓને, જ્યાં જિલ્લા આયોજન સમિતિ સ્થાપવામાં આવી છે તથા એક જિલ્લા યોજના તૈયાર કરવામાં આવી છે, તેને દરેકને રૂા. 10 કરોડનો પ્રારંભિક હપ્તો આપવામાં આવશે. જે રાજ્યો જિલ્લા આયોજન સમિતિ સ્થાપવાની પ્રક્રિયામાં છે, તેઓ જો બંધારણની કલમ 243D સાથે મળીને ફેબ્રુઆરી 15,2006 સુધીમાં જિલ્લા આયોજન સમિતિઓની સ્થાપના કરી દે તો ભંડોળ મેળવવા પાત્ર બનશે.

**પ્ર. 7 બીઆરજીએફ હેઠળ ક્ષમતા ઘડતર માટે શું વ્યવસ્થા છે?**

બીઆરજીએફનાં અસરકારક અમલીકરણને બધા હિસ્સેદારોની સતત તથા ટકાઉ ક્ષમતાનાં ઘડતરની જરૂર પડશે. આથી પંચાયત તથા નગર પાલિકાઓનો ક્ષમતાઘડતર બીઆરજીએફ માટે અતિઆવશ્યક છે. વાર્ષિક રૂા. 250 કરોડની રકમ પંચાયતોની ક્ષમતા ઘડતર માટે બીઆરજીએફ હેઠળ ખાસ પસંદ કરવામાં આવી છે. દરેક રાજ્ય માટે ભંડોળની ફાળવણી રાજ્યના બીઆરજીએફ જિલ્લા દીઠ રૂા. 1 કરોડના દરે ગણવામાં આવી છે.

**મુખ્ય પાસાંઓ**

- અયોજન તથા અમલીકરણ માટે પંચાયતો માટે પર્યાપ્ત કાર્યકરો (પુરા પાડવા)ની વ્યવસ્થા.
- વિકેન્દ્રિત આયોજન પ્રક્રિયામાં પંચાયતો તેમજ ગ્રામ સભાઓને ખાસ કરીને સહાયક વ્યક્તિઓની સેવા મેળવવા માટે ટેક્નિકલ સહાયની વ્યવસ્થા.
- પંચાયતો તથા જિલ્લા આયોજન કમિટી માટે યોજનાઓ તૈયાર કરવી તથા એકત્રીકરણ માટે સહાય મેળવવી.
- જ્યાં જરૂરી હોય ત્યાં કચેરીઓ, તથા માર્ગો, ટેલીફોનો, વીજ પુરવઠો તથા ઈ-કનેક્ટિવીટી દ્વારા આ કચેરીઓ સાથે સંપર્ક સહિતનાં પૂરતાં માળખાં પૂરાં પાડવાં.
- પર્યાપ્ત તાલીમ પૂરી પાડવી.
- પછાતપણા ઉપર સર્વે તથા અભ્યાસનું સંચાલન તથા પાયારૂપ ડેટાબેંકનો વિકાસ.
- હિસાબ તથા ઓડિટ પદ્ધતિની સ્થાપના તથા સંભાળ.

**પ્ર. 8 સમુદાયની ક્ષમતા ઘડવા માટે શું વ્યવસ્થા છે?**

બીઆરજીએફનું સ્પષ્ટ ફોકસ પંચાયતોને વ્યાવસાયિક સહાય દ્વારા સમાજની ક્ષમતા ઘડવા ઉપર છે.

- ખેતીને લગતાં અનુવર્ધન માટે સમાજ સ્તરની તાલીમ પામેલ વ્યક્તિ, જે ખેતી, પાણી પ્રબંધન, ઢોર-ઢાંખરનો વિકાસ, વાવણી પછીનું પ્રબંધન તથા ખેતી વ્યાપાર વિશે સમાજને જ્ઞાન આપવા જેવાં બહુવિધ કાર્યો કરી શાકે તેવી હોય.
- એક જાતિ સશક્તિકરણ સમાજ આગેવાન અથવા સ્વયંસેવક જ જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને આગળ લાવે.
- ટેક્નિકલ સ્વિકૃતિનાં અનુકૂલન તથા પંચાયતો માટે કાચા અંદાજ તૈયાર કરવા માટે તાલીમબદ્ધ બેરફૂટ એન્જીનિયર્સ અથવા સ્થાનિક એન્જીનિરીંગ ક્ષમતા ઉભી કરવી.
- વ્યાવસાયિક આયોજન માટે ટેકો.
- ઉપરના કર્મચારી વર્ગ માટે તાલીમ.

પંચાયતી રાજના કેન્દ્રિય મંત્રાલય વડે તૈયાર કરાયેલ રાષ્ટ્રીય ક્ષમતા ઘડતર માળખાં મુજબ, સંબંધિત રાજ્ય સરકાર વડે તૈયાર કરાયેલ, રાજ્ય તથા જિલ્લા વિશિષ્ટ તલીમ વ્યુહરચનાઓ થા યોજનાઓને પંચાયતીરાજ મંત્રાલય વડે યોગ્ય ટેકો અપાશે.

## પ્ર. 9 બીઆરજીએફ હેઠળ અમલીકરણ તંત્ર શું છે?

પંચાયતો, નગરપાલીકઓ તથા જિલ્લા આયોજન સમિતિ કાર્યક્રમોનું પ્રબંધન હાથ ધરાશે. કોઈપણ પંચાયત સ્તરે અથવા નગર પાલિકા સ્તરે યોજનાનાં અમલીકરણ માટે કોઈ ખાસ સંસ્થાઓ, પ્રબંધન સમિતિઓ, સોસાયટી વગેરે બનાવવામાં આવશે નહીં. કાર્યક્રમનાં નિયંત્રણ, પ્રબંધન તથા નિરિક્ષણ ઉપર વિશિષ્ટ ધ્યાન આપવા માટે, આવી સંસ્થાઓની અંદર કાયદાકીય વ્યવસ્થા હેઠળ ઘડાયેલ સ્થાયી સમિતિઓને આ હેતુ માટે મજબૂત બનાવી શકાય.

રાજ્ય સ્તરે સ્વિકૃતિ: રાજ્ય સરકાર કાર્યક્રમના પ્રબંધન નિરિક્ષણ તથા મૂલ્યાંકનની જવાબદારી માટે, મોટેભાગે રાજ્ય સ્તરે મધ્યવર્તી વિભાગ તરીકે પંચાયતી રાજ વિભાગ, જેવો એક વિભાગ નીમી શકે છે.

રાજ્યના ચીફ સેક્રેટરીના નેતાપદે ડેવલપમેન્ટ કમિશ્નર, આયોજન સેક્રેટરી, પંચાયતીરાજના રાજ્ય સેક્રેટરી, રાજ્ય શહેરી વિકાસ સેક્રેટરી, કાર્યક્રમ હેઠળ હાથ ધરનાર કામ જે વિભાગ હેઠળ હોય તેના મુખ્ય રાજ્ય સેક્રેટરીઓ, પંચાયતી રાજ મંત્રાલયના એક પ્રતિનિધિ તથા આયોજન પંચના રાજ્ય યોજના સલાહકાર તેમજ બીજા જરૂરી મનાતા ભારત સરકારની પસંદ થયેલ વ્યક્તિઓ ધરાવતી એક ઉચ્ચ સત્તાધારી સમિતી BRGFની જિલ્લા બારી હેઠળ હાથ ધરાનાર સૂચિત જિલ્લા યોજનાઓ તથા તાલીમ યોજનાઓ પર ધ્યાન તથા સ્વિકૃતિ આપશે.

મધ્યવર્તી વિભાગ, પંચાયત બેન્ક ખાતાંઓ કે જેમાં વિકાસશીલ અનુદાન બનાવવામાં આવશે, તેના ડેટાબેઝ સહિત BRGF જિલ્લાઓની બધી પંચાયતોના કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ સંભાળવા માટે જવાબદાર રહેશે.

## પ્ર. 10 બીઆરજીએફ હેઠળ છૂટા કરાયેલ ભંડોળોના વિકાસનો હેતુ શું છે?

બીઆરજીએફ હેઠળ છુટા કરાયેલ વિકાસ ભંડોળનો ઉપયોગ બીજા મોટા હસ્તક્ષેપોને બદલે વિકાસ માટે અતિઆવશ્યક કટોકટીભર્યા ગાળાને પૂરવા માટે થવો જોઈએ. પંચાયતો તથા નગર પાલિકાઓ આ ભંડોળને બંધારણના અનુક્રમે 11 તથા 12માં પત્રકમાં સૂચિત થયા મુજબ અનુક્રમે તેમને સોંપાયેલાં કામની અંદર આવતા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરી શકે છે.

**નીચેના પર ખાસ ધ્યાન આપી શકાય છે:**

- ગ્રામ વિદ્યુતકરણ, જ્યાં એક ગામનું સઘન વિદ્યુતકરણ વર્તમાન રાષ્ટ્રીય સ્તરનાં રોકાણમાંથી કરવાની દરખાસ્ત પાર હોઈ શકે.
- જ્યાં વર્તમાન પંપ અથવા પાઈપ વડે પણી પૂરવઠો પહોંચાડવો શક્ય ન હોય, તેવા પહાડી તથા આદિમજાતિ વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા માટે પંચાયતોએ યોગ્ય ટેક્નોલોજી વિકલ્પો અપનાવવા જોઈએ.
- જ્યાં ભારત નિર્માણ નવાં ઘરોની વ્યવસ્થાનાં ભરાવામાં માત્ર થોડાક ભાગ માટે ઉપયુક્ત છે, ત્યાં ઈન્દીરા આવાસ યોજનામાં વૃદ્ધિ.

## પ્ર. 11 ભંડોળ પ્રવાહિતા તંત્ર શું છે?

બંધા ભંડોળો રાજ્ય સરકારનાં એકત્રિત ભંડોળમાં ફેરવવામાં/તબદીલ કરવામાં આવશે. રાજ્ય સરકાર વડે જે ભંડોળો પંચાયતો તથા નગરપાલિકાઓને તબદીલ કરવાનાં હશે તે ભંડોળ છૂટા થયાના 15 દિવસમાં તેમનાં બેંક ખાતાંઓમાં તબદીલ કરાશે. બેંક દ્વારા પંચાયતને ઝડપી ભંડોળ તબદીલ કરવીના સંભાવનાના અભ્યાસ માટે પંચાયતી રાજ મંત્રાલયનાં કાર્યબળ વડે સૂચવાયેલ બંક તબદીલી તંત્રનો ઉપયોગ કરીને, રાજ્ય સ્તરે ભંડળ સીધા સંબંધિત પંચાયત તથા નગરપાલિકાનાં બેંક ખાતાંઓમાં જમા કરવામાં આવશે. બીઆરજીએફ ભંડોળો રાષ્ટ્રીયકૃત બેંકોમાં અથવા પોસ્ટ ઓફીસોમાં રાખવામાં આવશે. થાપણો પર ભેગી થયેલી વ્યાજની રકમને બીઆરજીએફ હેઠળ વધારાના સ્રોત તરીકે માનવામાં આવશે અને તેનો ઉપયોગ કાર્યક્રમની માર્ગદર્શિકા મુજબ કરવાનો રહેશે. આવાં ભંડોળના નિકાલ માટે સંબંધિત પંચાયત વડે નક્કી થયેલ વિધિના સુમેળમાં, સંબંધિત પંચાયત વડે નક્કી થયા મુજબ, ભંડોળ કામ મંજુર થાય કે તરત જ પુરેપુરુ અથવા હપ્તામાં છૂટું કરવામાં આવશે. રાજ્ય પંચાયતી ધારાને લગતી વ્યવસ્થા હેઠળ ઘડાયેલ કાયદા મુજબ રાજ્ય સરકાર વડે વર્ણવાયેલ નાણાકીય તથા આર્થિક હિસાબના નિયમોની વર્તમાન પ્રણાલીની વિગતો મુજબ પંચાયતો તથા નગરપાલિકાઓ વડે ભંડોળ ઉપાડાશે.

## પ્ર. 12 ખાતાં તથા ઑડિટની સંભાળને લગતી વ્યવસ્થા શું છે?

દરેક પંચાયત તથા નગર પાલિકાઓ તેમને ફાળવાયેલ ભંડોળનાં ખાતાંના નિભાવ માટે જવાબદાર રહેશે. પંચાયતઓ તથા રજુ કરાયેલ ઓડિટના કિસ્સામાં આ ખાતાઓ જિલ્લા પંચાયત વડે દૃઢીભૂત કરી શકાય છે. તેવી જ રીતે કોઈપણ કાર્ય કરતી સંસ્થાઓ, જેને કાર્યક્રમ હેઠળ ભંડોળ સોંપવામાં આવ્યું હોય, તે પણ અલગથી હિસાબ સંભાળશે, જે ઓડિટ માટે રજૂ કરવામાં આવશે. રાજ્ય બધી જ પંચાયતો તેમજ નગરપાલિકાઓને પર્યાપ્ત માનવબળ તથા સ્રોતો પૂરા પાડશે. દરેક જિલ્લામાં દરેક નાણાકીય વર્ષને અંતે યોજના હેઠળ થયેલાં કાર્યોનું નિયમિત ભૌતિક તથા નાણાકીય ઓડિટ કરવામાં આવશે. આ ઓડિટ સ્થાનિક ભંડોળ ઓડિટર વડે અથવા રાજ્યના AGઓ અથવા રાજ્ય સરકારની રાજ્ય નામાવલીમાં નોંધાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો વડે કરાશે.

## પ્ર. 13 બીઆરજીએફ હેઠળ જવાબદારી તથા પારદર્શિતા માટે વિવિધ યાંત્રિક્તા શું છે?

જિલ્લા સ્તરે પુન: તપાસ સમિતિ: જ્યાં સુધી મધ્યસ્થ પંચાયત સ્તર સંસ્થાગત ન થાય, ત્યાં સુધી પંચાયતો પોતે જ પ્રક્રિયાની થોડી ઘણી પુન:તપાસ કરશે. જિલ્લા સ્તરે DCP વડે પુન:તપાસ સમિતિ એવી ઘડવામાં આવશે કે તે 8 થી 10 સભ્યોથી વધારે સભ્યો ધરાવતી ન હોય, જેનાં મુખ્ય સ્થાને જિલ્લા પંચાયતના ચેરપર્સન અથવા મધ્યસ્થ પંચાયત અથવા ULBઓના ચેરપર્સન વારાફરતી રહેશે.

**કાર્યોની તપાસનું સમયપત્રક**

કાર્યોની ગુણવત્તાના નિભાવ માટે, એક ગુણવત્તા નિરિક્ષણ પદ્ધતિ, સંસ્થાગત કરવામાં આવશે. આ પદ્ધતિનાં કાર્યોની પુન:તપાસ ઉચ્ચ સત્તાધારી સમિતિ વડે કરાશે.

**સામાજિક ઓડિટ અને તળીયાંના સ્તરે જાગૃતિ**

રાજ્ય વડે ગ્રામ્ય ઓડિટની સ્પષ્ટ માર્ગદર્શિકા ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ તથા વોર્ડ સભાઓ વડે તથા શહેરી વિસ્તારમાં ક્ષેત્ર સભાઓ વડે મૂકાવી/દાખલ કરાવી જોઈએ. પંચાયતોની યોજનાઓ, પ્રકલ્પો અથવા કાર્યક્રમો માટે ફાળવાયેલ ભંડોળના ઉપયોગ વિહોણાં સર્ટિફીકેટો આપવાની સત્તા ગ્રામસભાને અપાશે, તેમજ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર ગેરંટી યોજનાની માર્ગદર્શિકામાં વર્ણવ્યા મુજબની જ પ્રક્રિયાનું અનુસરણ કરાશે.

**સંદર્ભ:** કાર્યક્રમ માર્ગદર્શિકા, પછાત પ્રદેશ અનુદાન ભંડોળ.

# 9. ગરીબીની સમજ તથા ગરીબી નિવારણની રણનીતિઓ



**પ્ર. 1 ગરીબી નિવારણ માટે પ્રયત્નો કરવા શા માટે જરૂરી છે?**

વીસમી સદીના આરંભે જે સૌથી મોટો પડકાર ઊભો થયો તે રાષ્ટ્રોની વચ્ચે, રાષ્ટ્રોની અંદર અને સહિતો અને રહિતો વચ્ચેની અસમાનતા નિવારવાનો હતો. ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશોમાં આ ખાઈ વધતી જ ગઈ. માનવતાવાદી જગતના નિર્માણ માટેના પ્રયાસો વધતા ગયા તેમ છતાં આ ખાઈ સતત વધતી ગઈ છે. ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ગરીબીમાં જીવે છે, રોજના એક ભોજન ઉપર પોતાનું અસ્તિત્વ તેઓ ટકાવે છે અને તેમના જીવન તથા અસ્તિત્વની કોઈ સલામતી નથી. અસમાન વૃદ્ધિ અંગેના અભ્યાસો એમ બતાવે છે કે આ કોઈ કુદરતી ઘટના નથી પરંતુ તે ઐતિહાસિક અને માળખાકીય વિકાસલક્ષી પ્રક્રિયાઓનું પરિણામ છે. તેણે જ ધીમે ધીમે ગરીબી વધારી છે અને કરોડો લોકોને છેવાડે ધકેલી દીધા છે અને તેમના પ્રત્યે ભારે અન્યાય કર્યો છે.

**પ્ર. 2 ગરીબી શું છે?**

નિષ્ણાતો તેથી એમ જણાવે છે કે ગરીબી માનવ સર્જિત છે. વ્યવસ્થાઓ જ એવી છે કે થોડાક તાકતવર લોકોનાં હિતો ટકે છે, સ્વીકૃતિ પામે છે અને પ્રસ્થાપિત થાય છે. સામાજિક, આર્થિક

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

અને રાજકીય માળખું જ એવી રીતે વિકાસ પામે છે કે જેમાં ગરીબીનું સર્જન થાય છે અને ગરીબી ટકે છે. અહીં એવી દલીલ થઈ શકે કે ભારતમાં બીજા વિશ્વ યુદ્ધ બાદ વિકાસ માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. છેલ્લાં 63 વર્ષ દરમ્યાન કુલ ઘરેલૂ ઉત્પાદન (જીડીપી) અને માથાદીઠ આવકમાં વધારો થયો છે. ઉદ્યોગો, માળખાગત સવલતો વગેરે ક્ષેત્રોમાં પણ વૃદ્ધિ થઈ છે અને માહિતી ટૅક્નોલોજી જેવા નવા ક્ષેત્રમાં પણ આપણે ઘૂસણખોરી કરી છે. આર્થિક સંદર્ભમાં એકંદર વૃદ્ધિ થઈ છે, ત્યારે અસમાનતા, બાદબાકી અને અન્યાય વધી રહ્યાં છે અને સીમાન્તીકરણ વધી રહ્યું છે. વાસ્તવિકતા એ છે કે તેને લીધે કેટલાક લોકો ભૂખમરાથી મૃત્યુ પામે છે.

**પ્ર. 3 ગ્રામ વિકાસ એટલે શું?**

ભારતમાં હજુ પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો ગ્રામ વિસ્તારોમાં રહે છે. ગ્રામ વિસ્તારોમાં રોજગારીની અપૂરતી તકો હોવાને લીધે ગરીબોને નજીકનાં શહેરો અને નગરોમાં સ્થાળાંતર કરવાની ફરજ પડે છે, અને તેઓ કરારી મજૂરો તરીકે કામ કરે છે તથા અનારોગ્યપ્રદ પરિસ્થિતિમાં જીવે છે. અસરકારક રીતે ગરીબી ઘટાડવા માટે ગ્રામીણ ગરીબો ઉત્પાદક પ્રવૃત્તિઓમાં સામેલ થવા જોઈએ અને ગ્રામ વિસ્તારોમાં જ અધિશેષનું સમાન રીતે વિતરણ થવું જોઈએ. ભારત જેવા ખેતીપ્રધાન અર્થતંત્રમાં જમીનએ મૂડીનો મુખ્ય સ્રોત છે. અને જો થોડાક લોકો જ આ અસ્કામતના માલિક હોય તો એ થોડાક લોકો જ અથવા પ્રભાવક જૂથો જ એ અધિશેષની ઉપર જ અંકુશ ધરાવે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્ર. 4 ગરીબી નિવારણ માટે શું વ્યુહરચનાઓ/વલણો છે?**

ગરીબી નિવારણ માટે ત્રણ અભિગમો પ્રવર્તે છે અથવા ત્રણ વિચારધારાઓ પ્રવર્તે છેઃ કલ્યાણલક્ષી અભિગમ, પાયાની જરૂરિયાતોનો અભિગમ અને સક્ષમતાનો અભિગમ. કલ્યાણને સુખાકારી સાથે સંબંધ છે, વસ્તુઓની વપરાશ દ્વારા ઊભા થતા સુખ સાથે સંબંધ છે. એટલે કે, તે આવકના અમુક લઘુતમ સ્તર દ્વારા તે માપવામાં આવે છે. માથાદીઠ આવકને આધારે જે ગરીબીની રેખા ઊભી થઈ તે આને આધારે ઊભી થઈ. 1970ના દાયકા દરમ્યાન એ વધારે ને વધારે સ્પષ્ટ બનતું ગયું કે દેશ કે પ્રદેશની માથાદીઠ આવક કે કુલ ઘરેલુ આવક (જીડીપી) વધે છે, પણ સાપેક્ષ ગરીબીનું અસ્તિત્વ તો રહે જે છે અને તે વધે છે. આવકમાં વધારો થાય તેથી અધિશેષની સમાનતાપૂર્ણ વહેંચણી થાય તેની ખાતરી મળતી નથી, અને તેથી જીવનધોરણ સુધરે જ એવું બનતું નથી. એનાથી વિરુદ્ધ, કેટલાંક જૂથો વધારે પ્રમાણમાં છેવાડે ધકેલાઈ જાય છે. આવકને જરૂરિયાતોને પહોંચી વળવાના સંદર્ભમાં જ જોવામાં આવે છે. તેથી પાયાની જરૂરિયાતોનો ખ્યાલ ઊભો થયો. તેમાં આરોગ્ય, પોષણ અને સાક્ષરતા સહિતના સારા જીવનધોરણને સમાવેશ થયો. ગરીબી નિવારણની વ્યૂહરચનાઓ અને કાર્યક્રમો સમગ્ર રાષ્ટ્રનું જીવનધોરણ સુધારવા ઉપરથી અસહાય જૂથો માટે નક્કર પગલાં ભરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું, પ્રાથમિક આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેવી પાયાની સેવાઓ પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. કલ્યાણલક્ષી અભિગમના સ્થાને જે સક્ષમતાનો અભિગમ આવ્યો તેનો આધાર એ હતો કે નીતિઓ એવી હોવી જોઈએ કે જેથી લોકોની સક્ષમતા વધે, તેઓ માત્ર સેવાઓનો ઉપયોગ કરનારા ન બની રહે. લોકો વર્તમાન સંસાધનોનો લાભ મેળવે એ જરૂરી છે. તેઓ

જાતે પસંદગીઓ અને એ રીતે સક્ષમતા ઊભી કરે એ આવશ્યક છે. તેઓ સક્ષમતા કેળવીને ભૂખમરાથી મુક્ત થાય તથા જાહેર જીવનમાં ગૌરવ સાથે સહભાગી બને તે જરૂરી છે.

**ગરીબી ઘટાડવાની યોજનાઓ**

**1. સ્વર્ણજંયતી ગ્રામ સ્વરોજગાર યોજના**

**હેતુઃ** BPL કુટુંબોને ગરીબી રેખાની ઉપર લાવવા માટે બેંક ધિરાણ તથા સરકારી સહાય દ્વારા આવક ઉત્પાદન મિલકતો પૂરી પાડવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં લઘુ ઉદ્યોગ સ્થાપવા.

**લક્ષ્યઃ** જુથ/પ્રદેશ/વિસ્તાર, ગ્રામસભા વડે ઓળખાયેલા તથા માન્યતા મેળવેલ BPL કુટુંબો.

**2. રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ**

**પેટા યોજના64**

(1) રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના

(2) નેશનલ ફેમીલી બેનીફીટ સ્કીમ

(3) નેશનલ મેટરનીટી બેનીફીટ સ્કીમ

**હેતુ**

(1) વૃદ્ધો - જેમની આજીવિકા ખૂબ ઓછી હોય અથવા ન હોય તેમને આર્થિક સહાય.

(2) ગરીબી રેખા હેઠળનાં કુટુંબને રોજીરોટી રળનારના મૃત્યુના કિસ્સામાં સહાય.

(3) બીપીએલ કુટુંબની સગર્ભા સ્ત્રીને - પ્રથમ બે જીવતા જન્મ માટે.
**લક્ષ્ય જૂથઃ** કોઈ પણ દરિદ્ર 65 વર્ષ કે ઉપરની અરજદાર (પુરુષ/સ્ત્રી).

(4) બીપીએલ કુટુંબ રોજીરોટી રળનાર ના મૃત્યુના કિસ્સામાં.

(5) બીપીએલ કુટુંબની 19 વર્ષ કે ઉપરની ગર્ભવતી મહિલાને પહેલાં બે જીવતા જન્મ સુધી.

**3. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના**

**હેતુઃ** જોબકાર્ડ મેળવ્યા પચી અરજીના 15 દિવસમાં એક નાણાકીય વર્ષમાં 100 દિવસનાં કામની ગેરંટી આપે છે.

**લક્ષ્યઃ** કોઈ પણ ગ્રામિણ ઘર, જેના સભ્યો બીન કૌશલ્યવાળું કામ કરવા ઈચ્છતા હોય.

**4. ઘર તથા જાહેર માળખાંના વિકાસ કાર્યક્રમો**

**પેટા યોજનાઃ**

(1) ઈન્દીરા આવાસ યોજના

(2) સરદાર પટેલ આવાસ યોજના

(3) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

(4) ગોકુળ ગ્રામ યોજના

**હેતુઃ**

(1) મકાનો બાંધવા સહાય આપવી.

(2) મકાનો બાંધવા સહાય આપવી.

(3) ગ્રામ્ય વિસ્તારમાં જોડાણ માટે રસ્તા બનાવવા

(4) બધાં ગામોને એકસમાન પદ્ધતિથી ચોક્કસ સમયગાળામાં ચોક્કસ મૂળભૂત જરૂરીયાતો/ સગવડો પૂરી પાડવી.

**લક્ષ્યઃ**

(1) અનુ. જાતિ/અનુ. જનજાતિ સભ્યો તથા બીપીએલ કુટુંબો

(2) ગુજરાતના જમીન વિહોણા ખેત મજુરો તેમ જ બીપીએલ હેઠળના ગ્રામીણ કારીગરો.

(3) 500થી વધુ વસ્તી ધરાવતા જોડાણ વગરના ગ્રામીણ પ્રદેશો.

**5 ખરાબા તથા વિકાસ**

(1) ઈન્ટીગ્રેટેડ વેસ્ટલેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સ્કીમ.

(2) ડ્રાઉટ પ્રોન એરીયાઝ પ્રોગ્રામ

(3) ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

(4) ઈન્ટીગ્રેટેડ વૉટર શેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ

**હેતુઃ**

(1) ગ્રામીણ રોજગાર ઊભા કરવા તથા ખરાબાની જમીનના વિકાસ કાર્યક્રમમાં બધા સ્તરે ગામલોકોના સહભાગીતા વધારવાના હેતુ સાથે ગ્રામ/લઘુ વૉટર શેડ આયોજન આધારિત સંકલિત ખરાબાની જમીનનો વિકાસ.

(2) પાકનાં ઉત્પાદન, ઢોરઢાંખર તથા જમીનની ઉત્પાદક્તા ઉપર દુષ્કાળની ખરાબ અસરો ઓછી કરવી, અસરગ્રસ્ત વિસ્તારોમાં દુષ્કાળ અટકાવવા પાણી તથા માનવસ્રોત.

(3) ઉજ્જડતાની ખરાબ અસરો તથા પાક, માણસો તથા ઢોરઢાંખર પર ખરાબ હવામાનની અસરોનું ઉપશમન; પર્યાવરણીય અનુકુલન સાધવું તથા તીવ્ર દુષ્કાળથી સતત અસરગ્રસ્ત વિસ્તારોના વિશિષ્ટ પ્રશ્નો સંભાળવવા.

(4) જમીન, વનસ્પતિ આવરણ તથા પાણી જેવા કુદરતી સ્રોતોના સંચય તથા વિકાસ વડે પર્યાવરણીય અનુકુલન સ્થાપવું.

**લક્ષ્યઃ**

(1) બધા પ્રદેશો માટે

(2) બધા દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે

(3) આ કાર્યક્રમ ગુજરાત તથા રાજસ્થાન બન્નેના રણ પ્રદેશો તેમ જ હરીયાણા, જમ્મુ કાશ્મીર તથા હિમાચલ પ્રદેશમાં શરૂ કરાયો.

(4) બધા પ્રદેશો

**6 પાણી તથા સાફસફાઈ**

**પેટા યોજનાઃ (1) પૂર્ણ સ્વચ્છતા અભિયાન (2) સ્વજલ ધારા.**

**હેતુઓઃ**

(1) જાગરુક્તા તથા આરોગ્ય શિક્ષણ વડે સ્વચ્છતા સુવિધાની માગણી પેદા કરીને ગ્રામ્ય વિસ્તારની જીવન ગુણવત્તા સુધારવી.

(2) સમુદાય આધારિત ગ્રામ્ય પાણી પૂરવઠા દ્વારા બધાં ગ્રામિણ રહેઠાણ તે પીવાના પાણી સુધી પહોંચાડવાં.

**લક્ષ્યઃ** (1) + (2) તથા બધા પ્રદેશો માટે.

**7. સંકલીત બાળ વિકાસ યોજના**

**હેતુઃ**

(1) 0થી 6 વર્ષની ઉંમરનાં બાળકોમાં પોષણ તથા આરોગ્યની સ્થિતિ સુધારવાનું.

(2) બાળકોનો યોગ્ય માનસિક, શારીરિક તથા સામાજિક વિકાસનો પાયો નાખવાનું

(3) મૃત્યુ, માંદગીનું પ્રમાણ, કુપોષણ તથા શાળા છોડવાની ઘટનાઓ ઘટાડવાનું, બાળ વિકાસ માટે જુદા જુદા વિભાગોમાં યોજનાઓનું સંકલન તથા અમલીકરણ કરવું.

(4) યોગ્ય પોષણ તથા આરોગ્ય શિક્ષણ વડે, બાળકોનું સામાન્ય આરોગ્ય તથા પોષણની જરૂરીયાતોનું ધ્યાન રાખવા માટે માતાની ક્ષમતા વધારવાનો છે.

**લક્ષ્યઃ** બધા વિસ્તારનાં 0-6 વર્ષનાં બાળકો માટે.

**8 અન્ન તથા જાહેર વિતરણઃ**

**પેટા યોજનાઃ**

(1) અન્નપૂર્ણા યોજના.

(2) અંત્યોદય અન્ન યોજના

(3) મધ્યાહ્ન ભોજન યોજના

**હેતુઃ**

(1) નેશનલ ઓલ્ડ એજ પેન્શન સ્કીમ હેઠળ યોગ્ય હોવા છતાં આવરાયા ન હોય તેવા વડીલ નાગરિકોને અન્ન સુરક્ષા પૂરી પાડવી.

(2) ટાર્ગેટેડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ હેઠળ આવરાયેલ બીપીએલ કુટુંબોમાંથી ગરીબથી પણ ગરીબ 1 કરોડ કુટુંબોને બારીકાઈથી ઓળખી કાઢવાં અને તેમને ખૂબ જ સહાયક દરે અન્ન પુરું પાડવું.

(3) શાળામાં નોંધણી ચાલુ રાખવી તથા હાજરીમાં વધારા વડે પ્રાથમિક શિક્ષણનાં વૈશ્વિકરણને આપવો તથા સાથોસાથ જ પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓની પોષણ સ્થિતિ પર અસર કરવી.

**લક્ષ્યઃ** 1, 2, 3, 4 - બધા પ્રદેશો.

**9 બાયોગેસ વિકાસનો રાષ્ટ્રીય પ્રકલ્પ**

**હેતુઃ**

(1) બાયોગેસ પ્લાન્ટ દ્વારા ગ્રામ્ય ઘરોને રસોઈ માટે બળતણ પુરું પાડવું તેમ જ સેંન્દ્રીય ખાતર આપવું.

(2) ગ્રામિણ મહિલાઓનાં વૈતરાંનું ઉપશમન

(3) જંગલ ઉપરનું દબાણ ઘટાડવું તથા સામાજિક લાભો પર ભાર આપવો

(4) પાયખાનાંઓને બાયોગેસ પ્લાન્ટ સાથે જોડીને ગામની સ્વચ્છતા વધારવી.

**લક્ષ્યઃ** બધા ગ્રામીણ પ્રદેશો

**10. અપંગ વ્યક્તિઓને સાધનો ખરીદવા/ફીટીંગ માટે સહાય યોજના**

**હેતુઃ** જરૂરીયાતવાળી અપંગ વ્યક્તિઓને ટકાઉ, સોફેસ્ટીકેટેડ તથા વૈજ્ઞાનિક રીતે ઉત્પાદિત થયેલ આધુનિક ધોરણવાળા સાધનો શોધવામાં સહાય કરવી કે જે તેમની અપંગતાની


સ્થિતિમાં ઘટાડો કરીને તથા તેમની આર્થિક શક્તિ વધારીને તેમની શારીરિક, સામાજિક તથા માનસિક પુનઃવસન કરી શકે.

**લક્ષ્યઃ** બધા પ્રદેશો

ગરીબી નિવારણમાં પંચાયતની ભૂમિકાઃ ગ્રામવિકાસ કાર્યક્રમનાં અમલીકરણમાં પંચાયતો નીચેની ભૂમિકા ભજવી શકેઃ

- અસહાય જુથોની ઈચ્છા સાથે લોકોની જરૂરીયાત મુજબ ગ્રામ આયોજન હાથ ધરવું તથા ગ્રામસભામાં તેની અગ્રતાને બહાલી આપવી.
- નિશ્ચિત સમયગાળામાં બહાલી થયેલ યોજના પર કામ કરવું.
- ગ્રામ વિકાસ માટે જરૂરી બધા ઉપલબ્ધ ગ્રામ સ્રોતો, વસ્તુઓ તથા પૈસા એકઠા કરવા.
- થયેલાં કામની ચકાસણી કરવી તથા ગ્રામસભામાં સૂચવ્યા મુજબ સમયાંતરે તેનું મુલ્યાંકન કરવું.
- લોકોને શિક્ષણ આપીને જમીનની માલીકીનાં એકત્રીકરણમાં સહાય કરવી.
- ગ્રામ લોકોની મંજુરીથી યોજનાના વિકાસ વડે ખરાબાની જમીનનો ખેડવી.
- ટાંકાઓ તથા બંધ જેવા પક્કા સિંચાઈ પ્રકલ્પનાં ઘડતરને આગળ વધારવું.
- ગામમાં સહિયારા લાભો માટે જંગલો, ઘાસચારાની જમીન તથા ઓર્ચાડ ઊભા કરવાં.
- સંગ્રહની સગવડ સાથે સ્થાનિક માગણી અનુસાર સુધારેલાં બીજ ઉગાડવા ગ્રામીણોને પ્રોત્સાહિત કરવા.
- સમુદાયએ હાથ ધરવા જેવી બધી જવાબદારીઓ જેવી કે - રસ્તાઓ, ગટરો, બંધો, કલ્વર્ટર્સ તથા પૂલોનાં બાંધકામ, જાળવણી તથા સમારકામ તથા જાહેર મકાનો તથા ગામની માર્કેટનું બાંધકામ.
- ગામના પાણી પૂરવઠા, સ્વચ્છતા તરફ ધ્યાન આપવું તથા રોગો સામે સાવચેતીનાં પગલાં લેવાં.
- સામાજિક - સાંસ્કૃતિક ક્ષેત્રમાં પંચાયતો નીચેની પ્રવૃત્તિઓમાં મદદ કરી શકે.
  1) શિક્ષણનો પ્રસાર તથા વધુ હાજરી માટે પ્રોત્સાહિન
  2) તબીબી સલાહને અનુસરવાની ખાતરી કરવી.
  3) મનોરંજન કેન્દ્રો, પુસ્તકાલયો, રંગમંચો તથા સમુદાય કેન્દ્રો સ્થાપવાં.

# 10. આપત્તિનાં જોખમો ઘટાડવામાં પંચાયતની ભૂમિકા



**પ્ર. 1 આપત્તિ જોખમ ઘટાડામાં પંચાયતી રાજ સંસ્થાની ભૂમિકા શું છે?**

ગુજરાત આપત્તિ વ્યસ્થાપન ધારાએ ગ્રામ આપત્તિ પ્રબંધન સમિતિને આપત્તિ જોખમ ઘટાડા માટેની એક ફરજિયાત સંસ્થા બનાવી છે. આપત્તિ જોખમ ઘટાડાનાં કાર્યોનાં પ્રારંભ માટે પંચાયત એક ગ્રામ આપત્તિ આપત્તિ વ્યવસ્થાપન કમિટી કાર્યાન્વિત કરશે. તે ઉપશમન (મીટીગેશન) તથા અગમચેતી માટે વિવિધ વિકાસશીલ કાર્યક્રમો હેઠળ ગ્રામ સ્તરે આયોજનો કરશે. એક વખત લોકોની ભાગીદારી સાથે આયોજન પ્રક્રિયા શરૂ કરાય, પછી આપત્તિ પછીની રાહત સેવાઓની રાહ જોવાને બદલે જોખમ ઘટાડવા માટે વિચાર કરવાની તથા કામ કરવાની એક સમગ્રતયા શક્તિમાન આબોહવા વિકસશે. સમગ્ર રીતે પંચાયતને આ વલણમાં આવરી લેવાશે જેથી, મહિલાઓ, બાળકો, વિકલાંગ લોકો, વૃદ્ધો તથા અનુ. જાતિ/અનુ. જનજાતિ સમાજને આ કામનાં આયોજનમાં ગૌરવ સાથે સામેલ કરાય.

**પ્ર. 2 જોખમોની આકારણી એટલે શું?**

સમુદાયનાા જોખમોની આકારણી સમાજને સંબંધીને કહે છે કે ભય અને સમજ એ ચોક્કસ પ્રકારના જોખમના લક્ષણો છે. આ આકારણી જોખમની તાકાત, ચેતવણીની સંજ્ઞાઓ તથા

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

પૂર્વચેતવણીની નિશાનીઓ, ઘસારાની ઝડપ, પુનરાવૃત્તિ, બનાવનો સમયગાળો તથા અવધિની જેવી જોખમોની માહિતી આપે છે.

**પ્ર. 3 આંતરિક નબળાઈઓની આકારણી એટલે શું?**

આંતરિક નબળાઈએ પ્રવર્તમાન સ્થિતિઓનો સમુહ છે, જે લોકસમાજની અગમચેતી, ઉપશામનની અથવા આપત્તિની ઘટનાના પ્રત્યાઘાતની તૈયારીની શક્તિને ખરાબ રીતે અસરકર્તા છે. આંતરિક નબળાઈએ અસુરક્ષિત પરિસ્થિતિ છે અને આંતરિક નબળાઈની માત્રા આદર્શ સુરક્ષા સ્થિતિ સાથે સંબંધીત છે.

**પ્ર. 4 ક્ષમતા આકારણી એટલે શું?**

ક્ષમતાનું વર્ગીકરણ અગમચેતી, ઉપશમન, અસ્તિત્વ ટકાવી રાખવું તથા તૈયારીનાં પગલાં એવો થાય છે. સામાન્ય સમય દરમ્યાન લોકસમાજની ક્ષમતા વિકસાવી શકાય. ઉદાહરણ તરીકે, ઉપશમન તથા અગમચેતીની પ્રવૃત્તિઓ વિવિધ વિકાસશીલ કાર્યોક્રમો હેઠળ લઈ શકાય. તેવી જ રીતે અસ્તિત્વ ટકાવી રાખવા માટેની તથા બહાર આવવા માટેની આવડતો/કુનેહો, જેવી કે તરવું, પ્રાથમિક સારવાર આરોગ્ય સંભાળ સગવડો, શોધ તેમ જ બચાવ તંત્ર, સુરક્ષિત બાંધકામ માટે કડીયા કામની તાલીમ વગેરે આપત્તિ પહેલાં લાગુ કરી શકાય. લોકસમુદાયની ક્ષમતા પણ જ્ઞાતિ, જાતિ, ઉંમર વગેરેની રીતે જુદી જુદી હોય છે. ક્ષમતાની આકારણી પણ અસયુક્ત પદ્ધતિથી થવી જરૂરી છે.

**પ્ર. 5 જોખમનું વિશ્લેષણ કેવી રીતે કરવું?**

આપત્તિ જોખમને લોકસમુદાયએ જુદી જુદી આપત્તિનાં ચોક્કસ જોખમોનું વિશ્લેષણ કરવાની તથા કાર્યો તત્વો કયા પ્રકારનાં જોખમ હેઠળ છે, તે ચકાસવાની ક્ષમતાના ભાગાકાર તરીકે જોવાય છે. આપત્તિનાં જોખમોનું વિશ્લેષણ જોખમ ઘટાડવાની વ્યૂહરચના વિકસાવવા તથા તૈયાર કરવાની સમજણ પૂરી પાડવામાં મોટો ભાગ ભજવે છે. આપત્તિનાં જોખમની હદ આપત્તિની તાકાત તથા આંતરિક નબળાઈની હદ પરથી નક્કી થાય છે.

**પ્ર. 6 પંચાયતોના સમાવેશમાં મુખ્ય અવરોધો કયા છે?**

પંચાયતોના આપત્તિ જોખમ ઘટાડા સમાવેશમાં કેટલાક અવરોધો છે, જેને વાચા આપવી જરૂરી છે. સામાન્ય રીતે લોકોએ પંચાયતના દેખાવમાં વિશ્વાસ ગુમાવ્યો છે, તેથી આયોજન તથા અમલીકરણમાં ગ્રામ પંચાયતની સ્પર્ધાત્મક તથા વિશ્વસનીયતા માટે પ્રશ્ન ઉભો થયો છે. આ હેતુ માટે સરકાર અથવા પંચાયત તરફથી કોઈ અંદાજપત્રીય ફાળવણી થઈ નથી. પંચાયતની ક્ષમતા ઘડવાનાં વિશિષ્ટ કેન્દ્રબિંદુ સાથે સમુદાય આધારિત આપત્તિ જોખમ ઘટાડાને આગળ વધારવા માટે મર્યાદિત ક્ષમતા ઘડતરની શરૂઆત થઈ છે. ગ્રામસભાઓ બહુ ક્રિયાશીલ તથા પ્રત્યાઘાતી નથી.

**પ્ર. 7 આપત્તિ જોખમ ઘટાડામાં સમુદાયનો સમાવેશ શા માટે મહત્વનો છે?**

સમાજની ભાગીદારી તેમની જોખમ તથા આંતરિક નિર્બળતા વિશેની જાગરુકતા વધારવા તરફ દોરી જશે. સમુદાયને વિવિધ આપત્તિની અસર વિશે વધુ સમજણ હોય છે. અને લોકો તેમના અનુભવો સમુદાય પ્રથમ પ્રત્યાઘાતી છે તેથી તે વિવિધ આપત્તિઓની અસર વિશે વધુ સમજણ ધરાવતો હોવાથી તેમના અનુભવો તથા સ્રોતોના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા તે ઘણું અગત્યનું છે. જ્યારે સમાજ સામેલ થાય ત્યારે આયોજન પર ઝડપી ક્રિયાઓ શક્ય બને છે, સમુદાય પણ સ્રોતોની સજાવટ માટે બહાર તરફ કડીઓ બાંધવા માટે સશક્ત થયાનું અનુભવે છે. તે સમાજ પોતાની પ્રક્રિયા તરફ દોરી જાય છે તેથી, સમાજનો આત્મવિશ્વાસ વધે છે, જે સ્વ-આવડત તરફ દોરી જાય છે તથા સ્થાનિક સ્તરે નેતાગીરીના વિકાસની તક પૂરી પાડે છે.

**પ્ર. 8 આપત્તિ વ્યવસ્થાપન ધારો ક્યારે બનાવાયો હતો?**

ગુજરાત સરકારે ડીઝાસ્ટર મૅનેજમૅન્ટ પોલીસી 2002ના વર્ષમાં જાહેર કરી. આ નીતિને અનુસરીને સરકારે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન ધારો 2003 પસાર કર્યો. આ ધારો રાજ્ય વિધાનસભા વડે 28 માર્ચ, 2003 ના દિવસે પસાર કરાયો અને 13 મે, 2003થી અમલમાં આવ્યો.

**પ્ર. 9 આ ધારાની મુખ્ય બાબતો કઈ છે?**

ડીઝાસ્ટર મેનેજમેન્ટનો એક મહત્વનો ગુણ છે, લાઈન વિભાગ, ગ્રામ-બ્લોક-જિલ્લા તથા રાજ્ય કક્ષાએ સ્થાનિક સંસ્થાઓ તથા સમુદાય સહયોગથી સાવધાની તથા ઉપશામક આયોજનો તૈયાર કરવાં તથા તેનો અમલ કરવો. સ્થાનિક સમુદાયને પ્રાથમિક હિસ્સેદાર ગણવામાં આવે છે. આ આયોજનોને સંચાલન શક્તિથી ભરપૂર કલ્પવામાં આવ્યાં છે તથા સમયાંતરે તેમની પુનઃઅકારણી તથા સુધારા-વધારા કરવાની સગવડ કરવામાં આવી છે. આ આયોજનો લોકોની દરેક સ્તરે ભાગીદારીની ખાતરી સાથે ઘડાવાં જોઈએ તથા તે જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ હોવાં જોઈએ.

**પ્ર. 10 આપત્તિ જોખમ ઘટાડા આયોજનને વિકાસ આયોજન સાથે કેવી રીતે જોડવું?**

ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ધારાએ ગ્રામ આપત્તિ વ્યવસ્થાપન સમિતિને આપત્તિ જોખમ ઘટાડા માટેની એક ફરજિયાત સંસ્થા બનાવી છે. આપત્તિ જોખમ ઘટાડાનાં કાર્યોનાં પ્રારંભ માટે પંચાયત એક ગ્રામ આપત્તિ વ્યવસ્થાપન કમિટી કાર્યાન્વિત કરશે. તે ઉપશમન (મીટીગેશન) તથા અગમચેતી માટે વિવિધ વિકાસશીલ કાર્યક્રમો હેઠળ ગ્રામ સ્તરે આયોજનો કરશે. ઉ.ત. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના પાસે પૂરનિયંત્રણ તથા દુષ્કાળની અગમચેતીનાં કામ હાથ ધરવાની સગવડ છે. માળખાકીય આંતરિક નબળાઈઓ, જેવી કે શાળાઓ, દવાખાનાનાં મકાનો, પૂલો વગેરે સરકારના વિવિધ કામોના કાર્યક્રમો હેઠળ લઈ શકાય. તળના આરોગ્ય સેવા પૂરી પાડનારાને વધુ જવાબદાર બનાવીને અગમચેતી રૂપ

આરોગ્ય સંભાળ સગવડો મેળવી શકાય. બીજા શબ્દોમાં, સમાજ આપત્તિ સાથે સંકળાયેલાં જોખમો સામે કામ કરવા માટે વધુ જવાબદારી હાથ પર લઈ શકે. તે સામાન્ય સમયમાં આપત્તિનાં ઉપશમન તથા અગમચેતી માટે સ્રોતોનો ઉપયોગ કાર્યક્ષમ બનાવી શકે. તે નેતાગીરી, કડીરૂપ મકાનો તથા વિવિધ ટેકારૂપ સેવાઓની આકારણીની બાબતમાં સમાજની ક્ષમતા પણ ઘડી શકો, જે લાંબાગાળે સમાજની સ્થિતિસ્થાપકતા ઘડી શકે.

# 11. કુદરતી સંસાધન સંચાલનમાં પંચાયતોની ભૂમિકા



**પ્ર. 1 કુદરતી સંસાધનો શું છે અને તે ગ્રામ્ય જીવન નિર્વાહમાં કેવી રીતે ઊપયોગી છે?**

ગ્રામ્ય જીવનનિર્વાહ પ્રાથમિક રીતે ખેતી, પશુપાલન તથા જમીન, પાણી, માટી તથા છોડ, કે જે તેમના ટકવા માટેના મુખ્ય કુદરતી સંસાધનો છે, તેના પર આધારિત પ્રવૃત્તિઓ પર આધારિત છે. ખેતી તથા ખેતરની પ્રવૃત્તિઓની સફળતા માટે આ સંસાધનોની ઉત્પાદક્તા ખૂબ મહત્વની છે.

**પ્ર. 2 કુદરતી સંસાધન વ્યવસ્થાપનના મુખ્ય મુદ્દાઓ કયા છે?**

હાલમાં પાણી, જમીન તથા જંગલો જેવા કુદરતી સંસાધનોને વધુ પડતો ઉપયોગ થાય છે, તેમ જ ખરાબ પરિસ્થિતિમાં છે.

**જમીનઃ** 1.96 કરોડ હેક્ટર જમીન સાથે ભારતમાં સાતમો ક્રમ ધરાવતાં ગુજરાત રાજ્યમાં જમીનની કોઈ ખોટ નથી. જમીનના ધોવાણ, રણ પ્રદેશની વિસ્તૃત, સામુદાયિક જમીન સંસાધનોની તથા વાવેતરની જમીનમાં ખરાબી ઉપરાંત જમીનનું ભૌતિક ધોવાણ જેવા પ્રશ્નો છે; તેમ જ સંસ્થાઓનું પણ ધોવાણ થયું છે. રાજ્યમાં જમીનની ઉત્પાદકતાને રક્ષવા તથા વિકસાવવા માટે બહુ ઓછાં સામુદાયિક તંત્રો છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**પાણીઃ** રાજ્યમાં ભૂગર્ભ જળની અછત હોય તેવા વિસ્તારો મોટે ભાગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં વરસાદ ઓછો અને અનિયમિત છે, સિંચાઈનો વિકાસ ખૂબ મોટા પ્રમાણમાં થયો છે અને કંઈક અંશે તે મૂળભૂત રીતે ખારાપાટનો વિસ્તાર છે, તેથી પાણીની ભારે અછત પ્રવર્તે છે.

**જંગલોઃ** ગુજરાતમાં લગભગ 30 ટકા જંગલ હોય એવું ધોરણ છે. જો કે, ગુજરાતમાં માત્ર 10 ટકા જ જંગલ વિસ્તાર છે. જો કે, 1990ના ભારતના વન સર્વે અનુસાર ગુજરાતમાં માત્ર 6 ટકા જ, જંગલો છે. ટૂંકમાં ગુજરાતમાં એવાં જંગલો ઘટવાનું એકંદર વલણ રહ્યું છે કે જે પર્યાવરણ અને પરિસ્થિતિના રક્ષણ અને સ્થિરતા માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### પ્ર. 3 કુદરતી સંસાધન વ્યવસ્થાપન એટલે શું?

કુદરતી સંસાધન સંચાલનમાં સંસાધનો તથા પરિસ્થિતિ વિજ્ઞાનની વૈજ્ઞાનિક અને ટેક્નિકલ સમાજ ઉપર અને આ સંસાધનોની જીવનને ટેકો આપનારી ક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કુદરતી સંસાધનના સંચાલનનો અર્થ પર્યાવરણીય સંચાલન પણ થાય છે. પર્યાવરણીય વ્યવસ્થાપન શબ્દ પણ કુદરતી સંસાધનો વ્યવસ્થાપન જેવો જ છે. કુદરતી સંસાધનોની સ્થિતિમાં સુધાર વાવણી હેઠળના વિસ્તારની ઉત્પાદિતામાં વધારો કરશે તથા કુદરતી સંસાધનો પોતાની આવક પેદા કરવાની શક્તિ વધારશે.

### પ્ર. 4 કુદરતી સંસાધન વ્યવસ્થાપન માટે કયા પ્રકારની માવજત જરૂરી છે?

માવજત જમીન, પાણી તથા બાયોમાસને લગતી હોઈ શકે છે. માવજતના પાંચ વિસ્તૃત જુથો છે - જમીન/માટી તથા પાણીની માવજત, ખેતીની જમીનમાં ખેતીવાડી અર્થશાસ્ત્ર પ્રવૃત્તિ, વનીકરણ, ચરાણની જમીનનો વિકાસ માવજતનો સૌથી મહત્ત્વનો તથા પાયાનો પ્રકાર એટલે ભૌતિક માળખાંઓની રચના દ્વારા જમીન તથા પાણીનો સંચય કરવો. ખરાબાની જમીન, ખેડાણ માટેની જમીન (ચરાણની જમીન સહિત) તથા ગટર લાઈન માટે જુદી જુદી માવજત છે.

**ખેતીનાં અર્થશાસ્ત્રની પ્રવૃત્તિઃ** ચોક્કસ એગ્રોનોમિક પ્રવૃત્તિઓ જમીન તથા ભેજને જાળવવા/સંચયમાં મદદરૂપ બને છે, જ્યારે ભૂલભરેલી રીતો જમીનનાં ધોવાણ તથા જમીનનો કિંમતી ભેજ ગુમાવવા તરફ દોરી જાય છે. આ પ્રવૃત્તિઓ જ્ઞાનથી પ્રોત્સાહિત હોય છે તથા ખાસ રોકાણ જરૂરી નથી.

**વનીકરણઃ** વનીકરણમાં કુદરતી જંગલોનાં રક્ષણ તથા ખરાબાની જમીન પર સમુદાયનાં તથા ખાનગી જંગલોની રચનાનો સમાવેશ થાય છે. ખાનગી જમીનો પર તે ફાર્મ ફોરેસ્ટ્રી અથવા સૂકી જમીનના બાગાયતી પાકો તથા બાયો-ફ્યુઅલ પાકો જેવાં વૃક્ષો ઉગાડવાનાં રૂપે થઈ શકે. વનીકરણના લાભો બદલાતા હોય છે તથા તેમાં આર્થિક વસ્તુઓ તેમ જ પર્યાવરણીય સેવાઓ બન્નેનો સમાવેશ થાય છે. બધા વનીકરણ કાર્યક્રમોમાં પ્રજાતિઓની પસંદગી, જો લોકો લાંબા ગાળે રસ ટકાવી રાખવાના હોય તો, સૌથી મહત્વના હોય છે. એવું જોવાયું છે કે સ્થાનિક સમુદાય અને જંગલ ખાતાંની પસંદગી વચ્ચે દેખીતો તફાવત હોય છે.

**ચરણની જમીનનો વિકાસઃ** ભારતનાં મોટાભાગનાં ગામોમાં ગૌચર તરીકે ઓળખાતી સહિયારી ચરાણ જમીન હોય છે. જેની સંભાળ પારંપરાકિ રીતે સ્થાનિક ગ્રામ સંસ્થા કરતી હોય છે. લાંબા સમયે આ ગ્રામ સંસ્થાઓ તુટી ગઈ છે. હકીકતમાં આમાંની મોટાભાગની જમીન ખરાબ હાલતમાં હોય છે અથવા ગામનાં શક્તિશાળી તત્વો ચડે પચાવી પાડેલ હોય છે, જેથી સામાન્ય ગ્રામવાસીની પહોંચની બહાર હોય છે. ચરાણની જમીનની માવજત શુષ્ક અથવા અર્ધ શુષ્ક વિસ્તારો, જ્યાં પશુપાલન એ જીવનનિર્વાહનો મુખ્ય અથવા સહાયક સ્રોત છે, ત્યાં વધુ મહત્વની છે.

**પ્ર. 5 કુદરતી સંસાધન સંચાલન માટે સમુદાયની ભાગીદારીનું શું મહત્વ છે?**

લોકોની સંસ્થાઓ જાતિ પ્રધાન વિકાસના સમાવેશ માટે તથા સંસાધનો ટકાઉ પદ્ધતિથી વપરાયો છે તેની ખાતરી કરાવતી અર્થપૂર્ણ ભૂમિકા ભજવે છે. સ્થાનિક સમુદાયને પોતાની જાણકારી પદ્ધતિ છે તથા સ્થાનિક ટેક્નિકલ જ્ઞાનની પરિણામીક સંસ્થા છે. તેમની પાસે અજોડ પરંપરાગત સંસ્થાઓ છે, જેમણે ચોક્કસ કુદરતી સ્રોતોને ટકાઉ રીતે સંભાળવાનું વિકસાવ્યું છે.

**પ્ર. 6 ટકાઉ કુદરતી સંસાધન સંચાલનને પંચાયત કઈ રીતે દોરી શકે?**

પંચાયતોને માત્ર પ્રકલ્પોના અમલના માર્ગ તરીકે જ નહીં પરંતુ કુદરતી સંસાધનોની ટકાઉ જાળવણી તરફ દોરી જતી સશક્તિકરણ તથા સ્વવહિવટની પ્રક્રિયા તરીકે પણ જોવાય છે. એ હકીકતને વિસ્તૃત સ્વિકૃતિ મળી છે કે જો લોકોને તેમના ૭૭ પ્રકલ્પોનાં આયોજન તથા અમલીકરણમાં સમાવવામાં ન આવે તો તેઓ ભવિષ્યમાં માળખાં તથા ઉત્પાદક મિલકતોની જાળવણીમાં રસ લેશો નહીં. ગામનાં સંસાધનો પર ગ્રામ પંચાયતનો સારો કાબુ હોવો જોઈએ. સ્રોતોનું નિયમન ગ્રામ પંચાયત પાસે હોવું જોઈએ. પંચાયત દાવેદાર હોવી જોઈએ, જ્યાં તેઓ વ્યવસ્થાપનમાં એક હિસ્સો વિકસાવે છે.

# 12. માહિતીનો અધિકાર




**પ્ર. 1 માહિતી અધિકાર અધિનિયમ 2005 શું છે?**

પોતાના ગામ, રાજ્ય અને દેશના શાસનમાં જવાબદારીપૂર્વક સક્રિય રસ લેવા અને ભાગીદાર થવા માટે માહિતી ધરાવતા નાગરિકોની લોકશાહીમાં જરૂર છે. કામગીરીમાં પારદર્શિતા લાવવા, ભ્રષ્ટાચારમાં ઘટાડો કરવા અને પહોંચ તથા ન્યાયને પ્રોત્સાહન આપવા માટે માહિતી અધિકાર ધારો એક અનિવાર્ય અને પ્રગતિશીલ કાયદો છે. દેશના શાસનની કામગીરી અને સ્વરૂપમાં ગરીબ અને અસહાય વર્ગોની તરફેણમાં પરિવર્તન લાવવા માટે આ કાયદો મહત્વનો છે. તે સરકાર અને શાસિતો વચ્ચે ખૂટતી કડી પ્રસ્થાપિત કરે છે. માહિતી અધિકાર ધારો-2005 તા. 15-6-2005ના રોજ સંસદ દ્વારા પસાર થયો. તા. 12-10-2005ના રોજ તે પૂર્ણ રીતે અમલી બન્યો. આ કાયદો જમ્મુ-કાશ્મીર સિવાય દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડે છે.

**પ્ર. 2 માહિતી અધિકાર ધારા 2005ના વિશિષ્ટ ગુણો શું છે?**

માહિતી અધિકાર ધારા 2005ના વિશિષ્ટ ગુણા નીચે પ્રમાણે છે.

1. માહિતી અધિકાર ધારો સામાન્ય નાગરિકોને તમામ જાહેર કામોની સ્થિતિ જાણવા માટેની સત્તા આપે છે. તેમાં થયેલા ખર્ચ વિશેની માહિતી પણ તેઓ મેળવી શકે છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

2. નાગરિકો સરકારી ખાતાં પાસેથી કોઈ પણ માહિતી મેળવવા વિનંતી કરી શકે છે, તેઓ દસ્તાવેજોની નકલો મેળવી શકે છે, દસ્તાવેજો જોઈ શકે છે, કામો અને રેકર્ડ નિહાળી શકે છે, કામોના પ્રમાણિત નમૂના મેળવી શકે છે. નાગરિકો આ માહિતી પ્રિન્ટમાં કે ડિસ્ક, ફ્લોપી, ટેપ, વિડિયો કેસેટ કે બીજા કોઈ પણ વીજાણુ સ્વરૂપે મેળવી શકે છે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કોઈ પણ વિભાગ પાસેથી માહિતી મેળવી શકાય છે. એ જ રીતે પંચાયતી રાજ સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી શકાય છે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી, રચાયેલી, તેમની માલિકીની કે તેમના દ્વારા નિયંત્રિત કે તેમના દ્વારા સીધી કે આડકતરી રીતે નાણાકીય સ્વરૂપે સહાયિત એવા કોઈ પણ સંગઠન કે સંસ્થા (બિન-સરકારી સંગઠન સહિત) પાસેથી પણ માહિતી મેળવી શકાય છે.
3. આ કાયદા મુજબ તમામ જાહેર સત્તાવાળાઓએ પોતાના રેકર્ડ કોમ્પ્યુટરરાઈઝ્ડ રાખવા જરૂરી છે કે જેથી તેમનો વ્યાપક પ્રચાર-પ્રસાર થઈ શકે. તેમણે કેટલીક માહિતી નોટીસ બૉર્ડ, જાહેરાતો, માધ્યમોમાં પ્રસારણ તથા ઈન્ટરનેટ દ્વારા આપમેળે જ જાહેર કરવાની હોય છે કે જેથી નાગરિકોને ઔપચારિક રીતે માહિતી મેળવવા માટે ઓછામાં ઓછી વિનંતી કરવી પડે.
4. જો 30 દિવસમાં માહિતી ન આપવામાં આવે તો સરકારી અધિકારીઓને દંડ થાય તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.
5. ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ફીમાંથી માફી આપવામાં આવી છે. કાયદાના અમલ માટે રાજ્ય અને કેન્દ્ર સ્તરે અલગ અલગ પંચ નીમવામાં આવ્યાં છે.

**પ્ર. 3 માહિતી અધિકાર અધિનિયમ કેવી રીતે લાગુ કરવામાં આવ્યો?**

રાજસ્થાનમાં 1990ના દાયકા દરમ્યાન મઝદૂર કિસાન શક્તિ સંગઠન દ્વારા સૌ પ્રથમ માહિતી અધિકાર ધારાની હિમાયત કરવામાં આવી હતી. તેણે તે સમયે કામના સ્થળે લઘુત્તમ વેતનના મુદ્દે માહિતી માગી હતી અને હાજરીપત્રકો જોવા માંગ્યાં હતાં. તે માટે તેણે અનેક દેખાવો, ધરણા, ભૂખ હડતાળ, સભા-સરઘસ અને જનસુનાવણી યોજ્યાં હતાં. અખબારોમાં આ ઝુંબેશને પ્રસિદ્ધિ મળી તેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તે વધારે સ્વીકૃત બની. ગામ સ્તરના અધિકારીઓ અને સરકારી અધિકારીઓ તરફથી તેનો વિરોધ પણ થયો અને તેઓ હડતાળ ઉપર પણ ગયા. પરંતુ આ ઝુંબેશનાં મૂળ તો લોકોની પાયાની જરૂરિયાતમાં હતાં, તેથી તેણે ધીમે ધીમે વેગ પકડ્યો મજદૂર કિશાન શક્તિ સંગઠનને ટેકો આપવા માટે નેશનલ કેમ્પેઈન ઓન પીપલ્સ રાઈટ ટુ ઈન્ફર્મેશનની રચના કરવામાં આવી અને તેણે રાષ્ટ્રીય સ્તરે પણ હિમાયત આરંભી. પરિર્તન, કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશ્યેટિવ, ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર અમદાવાદ, કન્ઝ્યુમર એક્શન ગ્રૂપ-ચેન્નઈ વગેરે જેવાં નાગરિક સમાજનાં બીજા અગ્રણી જૂથો પણ આ આંદોલનમાં જોડાયાં. અગ્રણી ક્રાંતિકારી અમલદારો પણ આંદોલનમાં જોડાયા અને તેમણે માહિતી અધિકાર ધારાનો મુસદ્દો તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

**પ્ર. 4 માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગતી અરજીઓ સ્વિકારવા માટે કોને સત્તા આપવામાં આવે છે?**

દરેક વિભાગમાં કમ-સે-કમ એક અધિકારીને જાહેર માહિતી અધિકારી (પબ્લિક ઈન્ફર્મેશન

ઓફિસર) તરીકે નીમવામાં આવે છે. તે લોકોના વિનંતીપત્રો સ્વીકારે છે અને લોકો દ્વારા માગવામાં આવેલી માહિતી પૂરી પાડે છે. વધુમાં, દરેક જિલ્લામાં સહાયક જાહેર માહિતી અધિકારીઓ હોય છે. તેઓ જાહેર માહિતી અધિકારીઓના નિર્ણયો સામેની અપીલો અને માહિતી માટેની વિનંતીઓ સ્વીકારે છે, અને તેઓ પછી યોગ્ય અધિકારીઓને મોકલી આપે છે. મુખ્ય માહિતી કમિશ્નર એક અલગ એપેલેટ સત્તાધિકારી છે. તેઓ તમામ માહિતી અધિકારીઓના વડા છે. રાજ્ય સ્તરે રાજ્ય માહિતી પંચ હોય છે. તેની ગેઝેટમાં જાહેરાત કરવામાં આવે છે. તેમાં એક રાજ્ય મુખ્ય માહિતી કમિશનર હોય છે અને 10ની સંખ્યા સુધી રાજ્ય માહિતી કમિશનરો હોય છે. તેમની નિમણૂક રાજ્યપાલ કરે છે.

**પ્ર. 5 કોઈ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કઈ રીતે માહિતી માંગી શકે?**

જેને માહિતી જોઈતી હોય તેણે લેખિતમાં અરજી કરવી પડે છે. તે અંગ્રેજી, હિંદી કે અન્ય કોઈ પણ સત્તાવાર ભાષામાં નેટ દ્વારા માહિતી માગી શકે છે. તે માટે તેણે જાહેર માહિતી અધિકારી કે સહાયક માહીતી અધિકારી પાસે ફી ભરવી પડે છે. જ્યાં લેખિતમાં વિનંતી કરી શકાય તેમ ના હોય ત્યાં જાહેર માહિતી અધિકારી સમક્ષ મૌખિક વિનંતી કરવામાં આવે તો તેઓ તેને લેખિતમાં રૂપાંતરિત કરી શકે છે. જો અરજદાર વ્યક્તિ વિકલાંગ હોય તો એ અધિકારી તેને માહિતી મેળવવામાં મદદ કરે એ અપેક્ષિત છે. માહિતી જોવા માટે જરૂરી સહાય તે કરી શકે છે. અરજી કરતી વખતે અરજદારે પોતાના સંપર્કની વિગતો આપવાની હોય છે પણ તેણે કોઈ અંગત વિગતો આપવાની હોતી નથી કે માહિતી મેળવવાનાં કારણો પણ તેણે જણાવવાનાં હોતાં નથી. કેન્દ્ર સરકારે રૂા. 10 જેટલી વાજબીફી નક્કી કરી છે. રાજ્ય રાજ્યે તે જુદી જુદી હોય છે. દરેક અરજી પર માહિતી પૂરી પાડવા માટે આ ફી લેવામાં આવે છે, જોકે, જો માહિતી માગનાર વ્યક્તિ ગરીબીની રેખા નીચે જીવનાર હોય તો કોઈ ફી લેવામાં આવતી નથી. અથવા તો નિર્ધારિત સમય કરતાં વધુ સમય થાય તો ફી લેવામાં આવતી નથી. દસ્તાવેજોની નકલ માટે વધારાની ફી લેવામાં આવે છે. કેન્દ્ર સરકારે દરેક પાના અને તેની નકલ માટે રૂ.2 ફી તરીકે નક્કી કર્યા છે. કેટલાંક રાજ્યોમાં તે બદલાય છે. નિર્ધારિત સમયમર્યાદામાં જો માહિતી ન પૂરી પાડવામાં આવે તો તે સમયગાળા પછી માહિતી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જો અરજદાર ગરીબીની રેખા નીચે જીવનાર હોય તો કોઈ ફી લેવામાં આવતી નથી. આવા બીપીએલ કાર્ડ ધારકોએ તેમના બીપીએલ કાર્ડની નકલ અરજી કરતી વખતે જાહેર સત્તાવાળાને આપવાની હોય છે. રાજ્ય સરકાર અને વડી અદાલતોએ તેમના પોતાના નિયમો નક્કી કર્યા છે.

**પ્ર. 6 માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માગવા માટેનું ફી માળખું શું છે?**

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માગવા માટેનું ફીનું માળખું નીચે પ્રમાણે છે.

| સરકાર | અરજી ફી | વધારાની ફી | ચુકવણીની રીત |
|---|---|---|---|
| ગુજરાત | - રૂ. 20<br>- ઈન્ટરનેટ દ્વારા અરજી કરી હોય તો 8 કલાકમાં ફી સુપરત કરવી | - A/4 કે A/3 સાઈઝના કાગળ દીઠ રૂા. 2<br>- મોટો કાગળ - ખરો ખર્ચ<br>- પ્રકાશન - નિશ્ચિત કિંમત<br>- ફ્લોપી/ડિસ્ક - રૂ. 50<br>- નમૂના, મોડેલ કે ફોટા - ખરો ખર્ચ<br>- રેકર્ડનું નિરીક્ષણ - પ્રથમ અડધો કલાક વિનામૂલ્યે અને તે પછીના દરેક અડધા કલાક માટે રૂા. 20.<br>- જ્યાં રેકર્ડના નિરીક્ષણ માટે કોઈ પદ્ધતિ કે કાર્યવાહી હોય ત્યાં વર્તમાન દર અને ત્યાં આ દર લાગુ ના પડે. | રોકડ/ડિમાન્ડ ડ્રાફ્ટ પે ઑર્ડર/નૉન જ્યુડીશીયલ સ્ટેમ્પ |

જો પ્રાથમિક માહિતી અધિકારીને લાગે કે માગવામાં આવેલી માહિતી તેના ખાતા અંગેની નથી તો તે જે તે ખાતાને પાંચ દિવસમાં એ અરજી મોકલી આપે એ તેની જવાબદારી છે. તેણે અરજદારોને તે અંગે માહિતી પણ આપવાની હોય છે. આ પ્રકારના કિસ્સામાં માહિતી પૂરી પાડવાની સમયમર્યાદા 35 દિવસની છે.

**પ્ર. 7 નિર્ધારિત સમયગાળા દરમ્યાન જો માહિતી પૂરી પાડવામાં ન આવે, તો હું શું કરી શકું?**

જો પ્રાથમિક માહિતી અધિકારી નિર્ધારિત સમયગાળામાં માહિતી પૂરી ના પાડે અને બિનજરૂરી રીતે અરજદારને પરેશાન કરે તો અરજદાર તેની સામે રાજ્ય માહિતી પંચમાં ફરિયાદ કરી શકે છે. જો પ્રાથમિક માહિતી અધિકારી માહિતી માગતી અરજી સ્વીકારવાનો કોઈ વાજબી કારણ વિના જ ઈન્કાર કરે તો અથવા જાણી જોઈને ખોટી, અપૂર્ણ કે ગેરમાર્ગે દોરતી માહિતી આપે તો અથવા અરજદાર પાસેથી માહિતી પૂરી પાડવા માટે વધારે ફી માગે તો અરજદાર કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ સમક્ષ સીધી ફરિયાદ કરી શકે છે.

**પ્ર. 8 શું નાગરિકોને ચોક્કસ બાબતોની માહિતી આપવાનો ઈન્કાર થઈ શકે?**

કેટલાક કિસ્સા કે બાબતોમાં પ્રાથમિક માહિતી અધિકારી માહિતી આપવાનો ઈન્કાર કરી શકે છે. કઈ માહિતી ન આપી શકાય તેની વિગતો માહિતી અધિકાર ધારા-2005ની કલમ-8માં આપવામાં આવી છે. જો માગવામાં આવેલી માહિતી જાહેર હિતમાં હોય તો કલમ-8 હેઠળની માહિતી પણ જાહેર કરી શકાય છે. જે માહિતી સંસદને કે વિધાનસભાને આપવાનો ઈન્કાર ન કરી શકાય તે માહિતી સામાન્ય નાગરિકને આપવાનો પણ ઈન્કાર કરી શકાય નહિ.

**જો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મગાયેલ માહિતી અથવા પ્રતિભાવ નિર્ધારિત સમયગાળામાં ન મળે, તો શું કરી શકાય?**

અરજદાર વ્યક્તિને નિર્ધારિત સમયગાળામાં પ્રાથમિક માહિતી અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ ના મળે અથવા તેને જે પ્રતિભાવ મળ્યો હોય તેનાથી અસંતોષ હોય તો અથવા

કલમ-8નો દુરૂપયોગ થયો હોય તો તે 30 દિવસના સમયગાળામાં તેના ઉપરી અધિકારી સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે (પ્રથમ અપીલ અધિકારી). જો આ પ્રથમ અપીલથી પણ અરજદારને સંતોષ ના થાય તો તે બીજી અપીલ રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રિય માહિતી પંચને 60 દિવસના સમયગાળામાં કરી શકે છે. જો જાહેર માહિતી અધિકારીએ તમારી અરજીનો જવાબ ના આપ્યો હોય, ખોટી, અપૂર્ણ કે ગૂંચવાડાભરી માહિતી આપી હોય. કલમ-8નું ખોટું અર્થઘટન કર્યું હોય અને માહિતી આપવાનો ઈન્કાર કર્યો હોય તો તમે પ્રથમ અપીલ કરી શકો છો. તમારી પ્રથમ અપીલ પર લેવાયેલાં પગલાંથી તમને સંતોષ ના હોય તો તમે રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રિય માહિતી પંચ સમક્ષ બીજી અપીલ 60 દિવસની અંદર નોંધાવી શકો છો.

**પ્ર. 10 જો પ્રાથમિક માહિતી અધિકારી ચોક્કસ સમયગાળામાં માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો દંડ માટે શું ધોરણો છે?**

જો નિર્ધારિત સમયગાળામાં જાહેર માહિતી અધિકારી ધારા હેઠળ માગવામાં આવેલી માહિતી ના આપે અથવા માહિતી નહિ આપવામાં આવે એવી જાણકારી ના આપે તો તેમણે વિલંબ બદલ રોજના રૂ. 250નો દંડ આપવો પડે છે. વધુમાં વધુ રૂ. 25000નો દંડ થાય છે. કારણો સાથે કે કારણો વિના માહિતી આપવામાં ના આવે તો તેની સામે અપીલ કે ફરિયાદ થઈ શકે છે. વળી, નિર્ધારિત સમયગાળામાં જો માહિતી ન આપવામાં આવે તો તે વિનામૂલ્યે પૂરી પાડવાની રહે છે.

**પ્ર. 11 માહિતી માગવા માટે અરજી કરવા માટે કોઈ માળખું છે?**

જ્યારે માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી માગવાની હોય ત્યારે તમારા મનમાં તેનું ધ્યેય સ્પષ્ટ હોય એ મહત્ત્વની બાબત છે. અહીં માહિતી માગવા માટેનું જે અરજીપત્રક આપ્યું છે, તેનો ઉપયોગ માહિતી માગવા માટે કરી શકાય છે.

**અરજી પત્રક**

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી
સરનામું: ................................
................................
પિન : ................................
**વિષય : માહિતી અધિકાર ધારા-2005 અન્વયે માહિતી માટે વિનંતી.**
માનનીયશ્રી,
હું શ્રી/શ્રીમતી/કુ. ............................................................................
નિવાસ ..........................................................................................
ફોન નં. ................................
મોબાઈલ નં. ................................
નીચે મુજબની માહિતી મેળવવા માગું છું:
..................................................................................................

...........................................................................................................................

...........................................................................................................................

...........................................................................................................................


હું આથી આપને જણાવું છું કે નીચે મુજબની કાર્યવાહી પૂર્ણ કરી છે:

1. મેં જરૂરી ફી રૂ. ................. રોકડેથી/બેંકર ચેકથી/ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા/પોસ્ટલ ઓર્ડરથી ભરી છે. ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ નં. ................................ તારીખ : ................................
2. મારે દસ્તાવેજોની નકલ જોઈએ છે અને મેં ............. પાનાંની નકલોના ખર્ચ પેટે રૂ. ................ ભર્યા છે.
3. મેં સીડીના ચાર્જ પેટે રૂ. ............. ની રકમ ભરી છે.
4. હું બીપીએલ શ્રેણીમાં છું/નથી.
   જો હા, તો, તે અંગેનું પ્રમાણપત્ર આ સાથે જોડ્યું છે.
5. હું ભારતનો નાગરિક છું અને અને એક નાગરિક તરીકે આ માહિતી માગું છું.
6. હું આથી ખાતરી આપું છું કે મને જે માહિતી પ્રાપ્ત થઈ છે તે કોઈપણ સંજોગોમાં હું કોઈ વ્યક્તિને કોઈપણ રીતે નહિ આપું કે જેથી ભારતની એકતા અને અખંડતાને હાનિ પહોંચાડે છે. ભારતના હિતને નુકસાન પહોંચાડે, અને તે રીતે તેનો પ્રચાર પણ નહિ કરું, તે પ્રદર્શિત પણ નહિ કરું કે તેનો તે રીતે ઉપયોગ નહિ કરું કે કરવા દઉં.

અરજદારની સહી

તા.

# 13. માનવ વિકાસ




**પ્ર. 1 માનવ વિકાસ શું છે?**

માનવ વિકાસ લોકો પાસે જે હોવી જોઈએ અને લોકો જે ઈચ્છે છે તેવી ક્ષમતા તથા પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માનવ વિકાસ એક તરફ પાયાની જરૂરીયાતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યારે બીજી બાજુ માનવ જીવનની ગુણવત્તા સુધારવા પર ધ્યાન આપે છે. માનવ વિકાસનું મોડેલ મુખ્યત્વે તકોનાં ત્રણ આવશ્યક ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છેઃ 1. લાબું અને તંદુરસ્ત જીવન જીવવું (આયુષ્યમાં વધારો), 2. જ્ઞાન પ્રાપ્ત કરવાની તક (સાક્ષરતા કે શિક્ષણ), 3. સંસાધનો પ્રાપ્ત કરવાની તક - જમીન, ધિરાણ, આવક અને અન્ય સંસાધનોની પ્રાપ્તિ, કે જે સારા જીવનધોરણ માટે જરૂરી હોય (પ્રતિ વ્યકિત આવક).

**પ્ર. 2 માનવ વિકાસના ઘટકો કયા છે?**

**માનવ વિકાસનાં ઘટકો નિમ્ન છેઃ**

1. **સમતાઃ** તમામ વ્યક્તિઓને પાયાના માનવ અધિકાર તરીકે રાજકીય અને આર્થિક તકો મળે તે સમતા છે. આ બાબત એ ધારણા પર આધારિત છે કે તમામ વ્યક્તિઓને તેમની ક્ષમતાઓ વિકસાવી તેનો પૂરેપુરો ઉપયોગ કરવા માટે સક્ષમ થવા મદદ મળવી જોઈએ.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

એનો અર્થ એવો નથી થતો કે જો બધાને સમાન તકો આપવામાં આવે તો તેનું પરિણામ પણ સમાન આવે.

2. **ચિરંતનતાઃ** આપણે જે તકો ભોગવી છે એટલી જ તકો આગામી પેઢીને પણ મળવી જોઈએ. નાણાકીય, માનવીય, ભૌતિક કે પર્યાવરણીય - કોઈ પણ સ્વરૂપે સંસાધનરૂપ મૂડીનું ધોવાણ થાય તો ભવિષ્યની પેઢીઓની આ તકો ઝૂંટવાઈ જાય છે. તેથી તેમના વર્તમાન સ્વરૂપમાં તમામ પ્રકારની મૂડીનું જતન કરવું એ એક પ્રાથમિક બાબત છે. તેનો અર્થ એ પણ છે કે ગરીબી, વંચિતતા અને અસમાનતાની વર્તમાન સ્થિતિ ચાલુ રહેવી જોઈએ નહિ.

3. **ઉત્પાદકતાઃ** લોકો પોતાની સુષુપ્ત શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે તેમને સક્ષમ બનાવવા તેમની ક્ષમતાઓ અને કૌશલ્યો ઊભાં કરવાં પડે અને તે માટે તેમાં રોકાણ કરવું પડે, તથા સાનુકૂળ પર્યાવરણ સર્જવું પડે. અગાઉ જણાવ્યું તે મુજબ આર્થિક વૃદ્ધિ એ વિકાસનો એક પેટા વિભાગ છે અને અનિવાર્ય ભાગ છે પરંતુ સમતા, ચિરંતનતા અને સશક્તિકરણ જેવાં અન્ય ઘટકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં ન આવે તો માનવ વિકાસના ખરા ધ્યેય પરથી ધ્યાન ખસી જાય.

4. **સશક્તિકરણઃ** માનવ વિકાસનું મોડેલ માનવકેન્દ્રી છે અને તેમાં કલ્યાણવાદ દ્વારા અપનાવાયેલા ઉપકારના અભિગમનો ઈન્કાર કરવામાં આવે છે કારણ કે તે માનવીય ગૌરવથી વિરુદ્ધની બાબત છે. પોતાના જીવનને અસર કરનારી અને આકાર આપનારી નિર્ણય પ્રક્રિયાઓમાં લોકો સહભાગી થવા જ જોઈએ. સશક્તિકરણનો અર્થ એ છે કે લોકો પોતાની પસંદગીઓ વ્યક્ત કરવા માટે અને નિર્ણય પ્રક્રિયા પર પ્રભાવ પાડવા માટે સક્ષમ છે અથવા સક્ષમ બને છે.

**પ્ર. 3 ચિરંતન માનવ વિકાસ શું છે?**

ચિરંતન વિકાસ માત્ર પર્યાવરણના જતન માટે નથી, પરંતુ તે આર્થિક વૃદ્ધિનો એક નવો ખ્યાલ છે કે જે તમામ રાષ્ટ્રોના તમામ લોકો માટે ન્યાય અને તકોની સમાનતા ઉપર આધારિત છે, જે પ્રાકૃતિક સંસાધનો પર વિપરીત અસર પાડીને કે તેમનો વિનાશ કર્યા વગર કરાય. તે એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા તમામ આર્થિક, રાજકોષીય, વ્યાપાર, ઊર્જા, કૃષિ, ઔદ્યોગિક નીતિઓ એવો વિકાસ સિદ્ધ કરવા માટે ઘડવામાં આવે જે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય રીતે સક્ષમ અને ટકાઉ વિકાસ થાય. પ્રાપ્ય પ્રાકૃતિક સંસાધનોને ઓછું માનવામાં આવે છે અને અસ્કામતોના સંચાલન માટે તેમની કિંમત નક્કી કરવામાં આવે છે કારણ કે કદાચ તે ભવિષ્યમાં પ્રાપ્ય ન પણ થાય. એ રીતે, તેમાં આજની જરૂરિયાતો અને ભવિષ્યની આવશ્યકતાઓ વચ્ચે, મનુષ્યના લોભ અને સામાજિક કરૂણા વચ્ચે, સ્પર્ધાત્મક બજારો તથા નિયમનકારી તંત્રો અને અસમાન પહોંચથી અસહાય લોકોને સુરક્ષાની જાળ પૂરી પાડવા વચ્ચે, લશ્કરી ખર્ચ ઘટાડીને વધારે માનવીય રોકાણ વચ્ચે સંતુલન સાધવામાં આવે છે.

**પ્ર. 4 માનવ વિકાસની માપણી કેવી રીતે કરવી?**

લોકોની ક્ષમતાઓ અને તેઓ જે પસંદગીઓ કરે છે તે દેશની પ્રગતિ માપવા માટેનો આધાર

બનવો જોઈએ, નહિ કે આર્થિક વૃદ્ધિ, આ અંગેનો માપદંડ શોધવાની મથામણમાંથી માનવ વિકાસ આંકનો જન્મ થયો છે. મહેબૂબ અલ હકના નેતૃત્વ હેઠળ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના સહયોગથી માનવ વિકાસ અહેવાલોનું પ્રકાશન 1990થી થઈ રહ્યું છે. તેનો ઈરાદો એ છે કે આર્થિક પ્રગતિને આધારે નહિ પણ લોકોની સુખાકારીમાં થયેલા વધારાને આધારે વિકાસનું મૂલ્યાંકન લોકો, વિદ્વાનો અને નીતિ-નિર્ધારકો કરે તે માટે તેમને પ્રતીતિ કરાવવાની છે. તે પછી સમયાંતરે અમુક દેશવાર અને રાજ્યવાર અહેવાલો પણ તૈયાર કરાયા છે.

માનવ વિકાસ આંકનો ઉપયોગ માનવ વિકાસના સ્તરને આધારે દેશોને ક્રમ આપવા માટે કરાય છે. દેશોનો વિકસિત, વિકાસશીલ અને નિમ્ન વિકસિત, એમ ત્રણ વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. મૂળે ભારતના વિખ્યાત અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન દ્વારા ઘડાયેલી ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ અને કુલ ઘરેલૂ પેદાશ વિશેની આંકડાકીય માહિતી રાષ્ટ્રીય સ્તરે એકત્ર કરીને દેશોને ક્રમ આપવામાં આવે છે. સૌ પ્રથમ માનવ વિકાસ અહેવાલ યુએડીપી દ્વારા 1990માં પ્રકાશિત થયો હતો. તેમાં અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતા અને માથાદીઠ આવકને ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં.

**પ્ર. 5 ભારત તથા ગુજહાતમાં માનવ વિકાસની સ્થિતિ શું છે?**

ભારતના સંદર્ભમાં વાત કરીએ તો માનવ વિકાસનો અર્થ એ થાય છે કે સૌથી વધારે વંચિત વર્ગની પાયારૂપ ક્ષમતાઓનો વિકાસ કરવો. તેનો અર્થ એ છે કે જેઓ મુખ્ય પ્રવાહની વિકાસ પ્રક્રિયામાંથી બાકાત રહી ગયા છે અથવા છેવાડે રહી ગયા છે તેમને ટેકો આપવાનો છે. ભારત મધ્યમ માનવ વિકાસ ધરાવતા દેશો છે. 2004માં 174 દેશોમાં ભારત 128મા ક્રમે હતો અને 2009માં 182 દેશોમાં 134મા ક્રમે હતો. ભારતનો આર્થિક વૃદ્ધિ દર ઊંચો ગયો તેમ છતાં આ સ્થિતિ હતી. ભારત સતત દુનિયાના સૌથી નિમ્ન માનવ વિકાસ ધરાવતા ત્રીજા ભાગના દેશોમાં સ્થાન ધરાવતું રહ્યું છે. એ જ રીતે, ગુજરાત દેશમાં સૌથી વધુ આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યોમાંનું એક છે. દેશનાં 15 રાજ્યોની પ્રાપ્ય માહિતી અનુસાર ગુજરાતનો ક્રમ ચોથો આવે છે. 2004ના ગુજરાતના માનવ વિકાસ અહેવાલમાં જણાવાયું છે તે મુજબ આવક ગરીબી અને માનવ ગરીબી વચ્ચેના તફાવતનાં કારણો આ બાબતો સાથે સંગળાયેલા છેઃ (i) અસંગઠિત ક્ષેત્રના મજૂરોને રોજગારીની તકો ઓછી મળે છે અને તેમને સામાજિક સલામતીના લાભો નહિવત્ મળે છે, (ii) સામાજિક ક્ષેત્રના કાર્યક્રમોની કામગીરી નબળી છે જેમ કે શાળામાં છોકરીઓની નોંધણી ઓછી થાય છે તથા બાળ મૃત્યુ દરમાં ધીમો ઘટાડો થાય છે.

**પ્ર. 6 સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો શું છે?**

માનવ વિકાસ અહેવાલોને આધારે નક્કી થયા લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે સપ્ટેમ્બર 2000માં દુનિયાના 189 દેશોના નેતાઓએ સહસ્રાબ્દી ઘોષણા કરી. તેમાં ગરીબી ઘટાડવા માટે, માનવ વિકાસ ઝડપી બનાવવા માટે અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા માટે લક્ષ્યાંકો નક્કી કરાયા. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સમયબદ્ધ સંખ્યાલક્ષી લક્ષ્યાંકો છે કે જે 2015 સુધીમાં સિદ્ધ કરવાના છે. તેમાં તીવ્ર ગરીબી અને ભૂખમરાનું નિવારણ, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ, સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન, બાળ મૃત્યુ દરમાં ઘટાડો, પીવાનું સલામત પાણી ન મળતું હોય એવા લોકોની સંખ્યામાં ઘટાડો, પર્યાવરણીય ચિરંતનતાનું સર્જન અને વિકાસ માટે વૈશ્વિક

ભાગીદારી વિકસાવવી તથા તે માટે સહાય, વ્યાપાર અને દેવાં રાહતના લક્ષ્યાંકો નક્કી કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો પહેલી જ વાર દુનિયાના તમામ દેશોને આવા કાર્ય માટે એકત્ર કરી શક્યા છે. એમાં માનવ વિકાસ સિદ્ધ કરવા માટે સમયબદ્ધ લક્ષ્યાંકો નક્કી કરાયા અને તે માટે રાજકીય સર્વસંમતિ ઊભી થઈ. દરેક હિતધારક તે જ્યાં છે ત્યાં આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટેની કાર્યલક્ષી યોજના તૈયાર કરીને અમલમાં મૂકી શકે છે. 15 વર્ષના ટૂંકા ગાળામાં આ લક્ષ્યાંકો સિદ્ધ કરવાના છે અને તેમાં સમાયેલી પ્રગતિ ધીમી જણાય છે. ઉપલબ્ધ માહિતી એમ જણાવે છે કે માનવ વિકાસને પ્રોત્સાહન આપવા માટે આર્થિક વૃદ્ધિ પૂર્વશરત નથી. આ એક શરૂઆત છે અને માનવ વિકાસ સિદ્ધ કરવામાં અનેક દાયકાઓ વીતી શકે છે.

**પ્ર. 7 આપણા પ્રદેશ/જિલ્લા/રાજ્ય/રાષ્ટ્રમાં માનવ વિકાસને કેવી રીતે આગળ ધપાવી શકાય?**

સમાજની સરેરાશ વ્યક્તિ માટે અથવા ગરીબો માટે સમાજ શું કરે છે, એટલે કે લોકો માટે કેવી તકો અને લાભોનું સર્જન કરે છે અને પછી એ કેવી રીતે વહેંચાય છે તેના સંદર્ભમાં સમાજનો વિકાસ થયો છે કે નહિ તે જોવામાં આવે છે અને તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ તકો અને લાભોની વહેંચણી તેણે સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે, અસહાય જૂથોમાં, સમૃદ્ધ અને વંચિત લોકોમાં અને વિવિધ પ્રદેશો વચ્ચે કરવાની હોય છે. ઉપર જણાવ્યું તેમ ઘણી વાર આર્થિક વૃદ્ધિ અને જીવનની ગુણવત્તા વચ્ચે કોઈ સંબંધ હોતો નથી. જે પ્રદેશો અને રાષ્ટ્રોમાં આવકનું અને આર્થિક વૃદ્ધિનું સ્તર ઊંચું હોય ત્યાં સામાજિક ક્ષેત્રોમાં એવી જ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એવું જરૂરી નથી. તેથી એ બે વચ્ચેનો સંબંધ મજબૂત બને તે માટેનાં માળખાં ઊભાં કરવાનું અને વ્યૂહરચનાઓ વિકસાવવાનું મહત્ત્વું બને છે. ઉપરાંત, લોકોની સુખાકારી વધે તે માટે પ્રાપ્ય સંસાધનોનો મહત્તમ અસરકારક અને કાર્યક્ષમ ઉપયોગ થાય એને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ભારત વિવિધતામાં એકતાની સંસ્કૃતિ ધરાવે છે પરંતુ માનવ વિકાસનું સ્તર ખૂબ તફાવતો ધરાવે છે. તે તફાવતો ગ્રામીણ, શહેરી, જ્ઞાતિ, વર્ગો, સ્ત્રી-પુરુષ, ધર્મ અને વંશીયતાના સંદર્ભમાં દેખાય છે.


છેલ્લા બે દાયકા દરમ્યાન સામાજિક ક્ષેત્રોના નિર્દેશકોના સંદર્ભમાં ભારતે ખાસ્સી પ્રગતિ સાધી છે પરંતુ 11મી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો અને સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે પૂરતી પ્રગતિ થઈ નથી. આ લક્ષ્યાંકોને પહોંચવા માટે આર્થિક વિકાસ જરૂરી છે, પરંતુ એટલે જ પુરતું નથી સાથે સાથે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સુધારો થાય એ રાજ્યની જવાબદારી છે. આ જવાબદારી અદા કરવા માટે સરકારો અને નાગરિકોએ પાણી, સફાઈ, ઊર્જા, પરિવહન, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની સેવાઓ સુધારવી જોઈએ કે જેથી એ ગરીબોને પ્રાપ્ત થાય.

મોટા ભાગની આ સેવાઓ પરસ્પર સંબંધિત છે. દા.ત. જે ઘરને સફાઈની સેવા ઉપલબ્ધ છે તેને માટે તેનું મહત્ત્વ ત્યારે જ છે કે જ્યારે પાણીની સેવા તેને મળતી હોય. એ જરૂરી નથી કે જે ઘરોને સફાઈ સેવા ઉપલબ્ધ હોય તેમને પાણીની સેવા મળતી જ હોય. એ જ રીતે, શિક્ષણની પરિસ્થિતિ સુધરે તો આરોગ્યની પરિસ્થિતિ સુધરે અને લોકોનું આયુષ્ય પણ વધે અને તેમની આર્થિક સુખાકારીમાં પણ વધારો થાય. ક્ષેત્રો વચ્ચે સંકલન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. સામાજિક પર્યાવરણ ઉપરાંત, ભૌતિક પર્યાવરણ પણ વ્યક્તિઓની સુખાકારી ઉપર સીધી રીતે

અસર કરે છે. વિકાસનું ચક્રને સંસાધનોની ક્ષમતાપૂર્ણ વહેંચણી, માનવ વિકાસ આંકમાં સુધારો અને પર્યાવરણીય ચિરંતનતા તરફ વાળવાની જરૂર છે.

પાયાનો વિકાસ અસહાય લોકો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના 2005 હેઠળ અસહાય/ગરીબોને વાર્ષિક ધોરણો ઓછામાં ઓછી 100 દિવસની રોજગારી પૂરી પાડવાની, તેમના રહેઠાણમાં પાયખાનાંની સુવિધા, ઘન તથા પ્રવાહી કચરાનાં રિસાયકલીંગ દ્વારા પીવાનાં પાણી તથા સાફ સફાઈ સેવા, વિજળી તથા કન્યાઓની શાળામાં નોંધણી તથા બાળકોનું શાળામાં ટકવું, બાળકોને શાળામાં ભણવાનાં વાતાવરણ ઉપર ભાર મૂકવા માટે પ્રોત્સાહક, સમર્પિત તથા નિયમિત શિક્ષકો વગેરે પ્રવૃત્તિઓ પર ધ્યાન આપી શકે. માતા તથા બાળકના આરોગ્ય માટે આરોગ્ય સેવા સુધી પહોંચવા માટે સક્ષમ બનાવીને અપેક્ષિત આયુષ્ય સુધારી શકાય. આ કદાચ માતા તથા બાળકના મૃત્યુદરમાં ઘટાડો કરી શકે. આંગણવાડી તથા મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા બાળકોની પોષણની સ્થિતિ સુધારી શકાય. જીવન તથા મૃત્યુ, લગ્ન તથા સગર્ભાવસ્થા, રસીઓનું વૈશ્વિક આવરણની નોંધણી તથા ઓછામાં ઓછી 18થી 20 વર્ષની પછી લગ્નને આગળ વધારી શકાય. આ તો માત્ર શરૂઆત છે અને દેશો વચ્ચે તથા અંદર માનવ વિકાસ પ્રાપ્ત કરવામાં કદાચ થોડા દશકાઓ લાગી શકે.

# 14. મહિલા સશક્તિકરણ



**પ્ર. 1 મહિલાઓને સશક્ત થવાની જરૂર શા માટે છે?**

ઐતિહાસિક રીતે સ્ત્રીઓ હંમેશા પુરુષોની આજ્ઞાકારી સેવિકાની ભૂમિકા જ ભજવી છે. મહિલાઓ ઉપર પ્રભૂત્વ જમાવવું અને તેને ઉતરતી કક્ષાની ગણવાનું વલણ પ્રાથમિક રીતે સામાજિક પરિસ્થિતીમાંથી આવે છે. પુરુષો અને સ્ત્રીઓ એવી માન્યતાથી ટેવાયેલી છે કે તેઓ અલગ છે. એટલે કે મહિલાઓ આજ્ઞાંકિત, નબળી અને ચાકરી કરવા માટે છે જ્યારે પુરુષો ખડતલ, મજબૂત અને શાસન કરવા માટે છે. સ્ત્રીઓ અને પુરુષોની આવી સામાજિક અને સાંસ્કૃતિક વ્યાખ્યાને જ 'જેન્ડર' કહે છે. જાતિભેદ જીવનની શરૂઆતમાં જ શિખવા અને આત્મસાત કરવામાં આવે છે અને પછી તે જુદી જુદી રીતે સતત કહેવત, લોકગીતો તથા મહિલાઓ તથા પુરૂષોએ ધારણ કરવાના અમુક ચિન્હો વડે બળવત્તર થાય છે. તે પુરષો અને મહિલાઓ વચ્ચેના અસમાન સત્તા સંબંધો તરફ દોરી જાય છે. સામાજિક-સાંસ્કૃતિક સ્વિકૃત ધોરણોમાંથી જરા પણ ચલાયમાન થવું તે બન્ને જાતિ માટે અસ્વિકૃત છે અને સમાજ તેની સામે ભવાં ચડાવે છે.

કોઈપણ અસમાન સંબંધોમાં જે વધુ શક્તિશાળી છે તે જે નબળું છે તેને પોતાના કાબુમાં રાખવા

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

માટે શોષણ તથા દબાણ કરવાની લાક્ષણિક્તા ધરાવે છે. આવો કાબુ ચાલુ રાખવા માટે પુરુષો વડે ઘણા બળજબરી ભર્યા રસ્તા અપનાવવામાં આવે છે, જે સ્ત્રીની આખી જીવન ઘટમાળ અને જીંદગીના દરેક ભાગમાં લંબાય છે. સામે પક્ષે સ્ત્રીઓ પોતાનું ઉતરતી કક્ષામાં હોવાનું સ્વિકારે પણ છે અને તેને કાયમી બનાવે છે.

**પ્ર. 2 મહિલાઓ કયાં વર્તુળોમાં અસમાનતાનો સામનો કરે છે?**

સ્ત્રી બાળ હત્યાને કારણે સ્ત્રીઓના મૃત્યુઆંક ઉંચો છે. તેમનાં આરોગ્ય અને પોષણને ઓછું મહત્ત્વ અપાય છે, એટલે મહિલાઓ વહેલી મૃત્યુ પામે છે અને તેમના કરતાં પુરૂષોની સંખ્યા વધારે છે. દિકરા વધુ પસંદ કરાય છે જ્યારે દિકરી હોય તો ગર્ભપાત કરાવાય છે. ગર્ભમાં જ જાતિ પરિક્ષણની શક્યતાએ આમાં વધારો કર્યો છે જે જાતિના પ્રમાણભેદમાં પરિણમે છે. આ પ્રમાણ ખાસ કરીને 0થી 6 વર્ષનાં બાળકોમાં ઘટ્યું છે. સ્ત્રીઓ માટે શિક્ષણ અને ભણતરનો પ્રવેશ માર્ગ ઓછો છે અથવા પોતાની બુદ્ધિ અને આવડતના ઉપયોગની તક ઓછી મળે છે. સ્ત્રીઓ મૂળભૂત સુવિધાઓ અને પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તો પણ તેમની બીજી કેટલીક બાબતો એવી છે કે તે ઉચ્ચ શિક્ષણ અથવા ચોક્કસ પ્રકારનાં વ્યવસાયિક અભ્યાસક્રમો કે જેમાં પુરુષોનું વર્ચસ્વ માનવામાં આવે છે તે તેમને પસંદ કરવાની છૂટ મળતી નથી. ચોક્કસ પ્રકારની નોકરીઓ મેળવવામાં અતવા તેમાં પુરુષોના સમાન દરે આગળ વધવામાં મહિલાઓ મુશ્કેલી અનુભવે છે. વારસા તથા માલિકીના હક્કોમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે અસમાનતા છે. એક ઘરમાં ભલે શિક્ષણ મેળવવા જેવી બાબતોમાં અસમાનતા જોવા ન મળતી હોય તો પણ ઘરકામના બોજની વહેંચણી અને બાળકની સંભાળ જેવી કૌટુંબીક બાબતોમાં વ્યવસ્થામાં ઘણી અસમાનતા હોઈ શકે છે.

**પ્ર. 3 મહિલા સશક્તિકરણ એટલે શું?**

નારી સશક્તિકરણ એ એવી પ્રક્રિયા છે જેના વડે મહિલાઓ સાધનો તથા બૌધિક સ્ત્રોતો પર વધારે કાબૂ મેળવી શકે અને વડિલશાહીને લગતી વિચારધારાને અને સમાજની બધી જ સંસ્થાઓ તથા માળખાંઓ જ્યાં જાતિ આધારિત મહિલા વિરોધી ભેદભાવ છે તેને પડકારી શકે. આ ત્યારે જ શક્ય છે જ્યારે ગરીબ અને હાંસીયામાં ધકેલાયેલી મહિલાઓ પોતાની પરિસ્થિતિ માટેનાં કારણો સમજી શકે અને તેમાં બદલાવ લાવવા પગલાં ભરે. આમાં કાયદા, દીવાની ધારા, મિલકત અને વારસાના હક્કો, મહિલાઓનાં શરીર તથા મહેનત પર કાબૂ અને પુરુષોનાં વર્ચસ્વ તથા તેની શાશ્વત સંસ્થાઓમાં ફેરફાર પર ભાર છે. નારી સશક્તિકરણ એ પુરુષોની વિરુદ્ધમાં નથી પરંતુ પૈતૃક્તા તથા તેનું પ્રદર્શન કરતી વ્યવસ્થાની વિરુધ્ધ છે.

**પ્ર. 4 મહિલા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા તરફ શું દોરી જાય છે?**

ભારતનું બંધારણ તેના બધા જ નાગરિકોને જાતિ, જ્ઞાતિ, ભાષા અને ધર્મના ભેદભાવ વગર સમાનતાની ખાતરી આપે છે. બંધારણની પ્રસ્તાવના, મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિધ્ધાંતો જાતિની સમાનતાના સિધ્ધાંતનુ રક્ષણ કરે છે. આ આપણા સમાજમાં પ્રવર્તતી જાતિ આધારિત અસમાનતાની કબુલાત અને પ્રત્યાઘાત દર્શાવે છે. બંધારણ મહિલાઓ માટે ખાસ ઉપલબ્ધતા ઊભી કરવાની જવાબદારી માટે સકારાત્મક પગલાં ભરવાની જવાબદારી રાજ્યને

સોંપે છે (મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિ)

મહિલાઓને સત્તાના અભાવ માટેનાં કારણો વિશેની સમજણની છણાવટના આધારે પાછલાં વર્ષોમાં વિવિધ સ્તરે વિવિધ પગલાં લેવાયાં છે. 1974માં ભારતમાં મહિલાઓની સ્થિતી વિશે વિશ્લેષણ કરવા અને અભિપ્રાય આપવા માટે એક કમિટિ બનાવવામાં આવી હતી. આ કમિટિની નોંધ પરથી એ વાત પ્રકાશમાં આવી કે વિકાસની પ્રક્રિયામાં ગરીબ મહિલાઓ હાંસીયામાં ધકેલાઈ ગઈ છે અને તેમની સંસાધનો સુધીની પહોંચ ખૂબ જ ઓછી છે. આ વાતના સ્વિકારને કારણે 1985માં મહિલા અને બાળ વિકાસ વિભાગ સ્થાપવામાં આવ્યો જે ખાસ કરીને મહિલાઓ તથા બાળકોનાં આરોગ્ય, શિક્ષણ અને રોજગાર માટેની વિકાસ યોજનાઓ ઘડે છે.

પછીનાં વર્ષોમાં અનુભવે દર્શાવ્યું કે સ્ત્રીઓને વિકાસ પ્રક્રિયામાં સામેલ કરતાં પણ આગળ જવાનું જરૂરી છે. એટલે કે તેમણે સમાજમાં પૈતૃક કાળથી તેમના માટે સ્વિકૃત થયેલ ગૌણ સ્થાનને સમજવું તથા સામુહિક રીતે તેમના અધિકારોની માગણી માટે સશક્તિકરણ કરવું જરૂરી છે. આ વિચાર જુદા જુદા કાર્યોના આરંભ તરફ દોરી ગયો. 1990માં સ્ત્રીઓ માટેનાં રાષ્ટ્રીય કમિશન સ્થપાયાં જેને અનુસરી રાજ્યોમાં વડે પણ મહિલાઓના હક્કના રક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં આવાં કમિશનો સ્થપાયાં. 1996માં સ્ત્રીઓ માટેની એક રાષ્ટ્રીય નીતિનું નિરુપણ થયું, જેણે રાજ્યોને પોતાની નીતિ ઘડવામાં માર્ગદર્શકનું કાર્ય કર્યું. ગુજરાતે 2004માં તેની 'નારી ગૌરવ નીતિ' વિકસાવી અને તેને આખરી ઓપ આપ્યો. તે ઉપરાંત સરકારી વિભાગો, બિન સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિદેશી એજન્સીઓ અને આયોજનમાં માહેર વ્યક્તિઓ દ્વારા જાતિ સંવેદી કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓનો આયોજન, અમલ અને મૂલ્યાંકતમાં મદદ માટે મહિલા તથા બાળ વિકાસ વિભાગ હેઠળ સ્વાયત્ત જાતિ સંસાધન કેન્દ્ર સ્થાપવામાં આવ્યું.

કેટલાંક મહિલા સંગઠનો અને બિન સરકારી સંસ્થાઓ પણ મહિલા સશક્તિકરણ માટે કાર્યક્રમો કરે છે. તેમાં સંબંધોમાં પાયારૂપ અન્યાયને પડકારવા માટે વ્યક્તિગત નિવેદનથી લઈને સામુહિક પ્રતિરોધ, વિરોધ પ્રદર્શનો અને સંબંધોમાં પાયારૂપ અન્યાયને પડકારવા માટેની ઘોષણા જેવી પ્રવૃત્તિઓની હારમાળા હોય છે. 80ના દાયકામાં આવાં મહિલા સંગઠનો દ્વારા થયેલી માગણીઓ સ્ત્રીઓ માટેના અંગત કાયદાઓ તેમના પ્રજનન હક્કો, સ્ત્રી ભ્રૂણહત્યા, બળાત્કાર, દહેજ, શારીરિક કનડગત અને ઘરેલું હિંસા વિશે કાયદાકીય સુધારા તરફ દોરી ગઈ.

**પ્ર. 5 મહિલા સશક્તિકરણ માટેની પૂર્વ આવશ્યકતા શું છે?**

મહિલા સશક્તિકરણ માટેની પૂર્વ અનિવાર્યતાઃ

- પુરૂષો તથા મહિલાઓ બન્ને જાતિ અસમાનતાથી જાગૃત હોવાં જરૂરી છે તથા તેમના વિચારોમાં ફેરફાર કરવા માટે તથા વર્તમાન અસમતોલનમાં ફેરફાર માટે કામ કરવા તૈયાર હોવાં જોઈએ.
- મહિલાઓ તેમની માન્યતાઓ વિશે સભાન બને જાતિય અસમાનતા અને તેમની જીંદગી પર કેવી રીતે અસર કરે છે તે વિશે સભાન બને, તેમનાં બળ/તાકાતને ઓળખે તથા

સમાજમાં તેમનાં સ્થાનમાં ફેરફારની જરૂરીતાયને અનુભવે તે જરૂરી છે.

- સશક્તિકરણની પ્રક્રિયા વ્યક્તિગત રીતે શરૂ થવી જોઈએ, પરંતુ સામુહિક સ્તરે બનવી જોઈએ કારણ કે એક વ્યક્તિ સત્તાશિલ પદ્ધતિને પડકાર ફેંકી શકે નહીં.
- મહિલાઓએ તેમની સ્થિતિ વિશે ફેરફાર માટે વિચારવા ઉપરાંત, કન્યાઓને શાળાએ જવા પ્રોત્સાહિત કરવી, શ્રમનાં જાતિય વર્ગીકરણમાં ફેરફાર, સમાજ તથા ઘરમાં નિર્ણય લેવામાં ભાગીદારી, સ્વમદદ જૂથો બનાવવાં, માહિતીઓ મેળવવી તથા તેમણે સામનો કરવી પડતી અસમાનતાને પડકારવા વગેરે જેવા નાના ફેરફારો વ્યક્તિગત તેમ જ સામુહિક રીતે શરૂ કરવા જોઈએ.
- પુરૂષોએ મહિલાઓને તેમને માટે સમાન તકો ઊભી કરવાની છૂટ આપવી જોઈએ તથા અત્યાચારના દરેક પ્રકારને દૂર કરવા જોઈએ.
- સશક્તિકરણ માટે આધિનતા તથા અસહાયતાની સ્થિતિમાંથી સ્વનિર્ણય તથા ન્યાયની માગણી માટેના આત્મવિશ્વાસ તરફ જવું જરૂરી છે.

**પ્ર. 6 ગુજરાતમાં જેન્ડર અસમાનતા છે તે આપણે કેવી રીતે જાણી શકીએ?**

એક રાજ્ય/દેશના સામાજિક નિર્દેશો પરથી જાતિય અસમાનતા માપી શકાય. ભલે ગુજરાત આર્થિક પ્રગતિ કરતાં રાજ્ય તરીક ગણાયું છે. પરંતુ સામાજિક નિર્દેશનનો અહેવાલ દર્શાવે છે કે રાજ્યમાં જાતિ આધારિત અસમાનતા પ્રવર્તે છે. જે નીચેની વાતથી સ્પષ્ટ થાય છે.

1. સાક્ષરતા દરમાં અંતર - 58.6 ટકા મહિલાઓ માટે અને 80.5 ટકા પુરુષો માટે.
2. બાળકોના પ્રવેશની સંખ્યાનો દર 6થી 14 વર્ષની ઉંમરનાં જુથમાં છોકરાઓ માટે 94 છે જ્યારે છોકરીઓ માટે 78 છે.
3. શિક્ષણના દરેક સ્તરે કન્યાઓનો અભ્યાસ છોડી જવાનો દર છોકરાઓ કરતાં વધુ છે. પ્રાથમિક શાળાના સ્તરે આ તફાવત સૌથી વધારે છે. 14.02 ટકા કન્યાઓના, જેની સરખામણીએ 9.97 ટકા છોકરાઓનો દર છે.
4. પુરુષ અને સ્ત્રીઓની જાતિનો પ્રમાણ દર 1991માં 934માંથી 2001માં 920 જેટલો નીચો ઉતર્યો છે. બાળકોમાં જાતિનો પ્રમાણ દર (0થી 6 વર્ષ) 927માંથી 878નો થયો છે. અને સમગ્ર ભારતના સ્તરે ગુજરાતનો નંબર 20મો છે.
5. ગુજરાતમાં 27.2 ટકા મહિલાઓના લગ્ન 18 વર્ષથી ઓછી ઉમરમાં થયાં હતાં.
6. પુરુષોના 22.2 ટકાની સરખામણીએ 55.3 ટકા સ્ત્રીઓ પાંડુરોગથી પીડાય છે.
7. બાળ મૃત્યુનું પ્રમાણ કન્યાઓમાં 82), છોકરાઓ 74 કરતાં ઊંચું છે. તેમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં છોકરીઓનું મૃત્યુ શહેરની સરખામણીએ ઉંચું છે 2005માં ગામમાં 64 શહેરમાં 38

8. કામમાં ભાગ લેવાનો દર પુરુષોના 55.02 ટકાની સરખામણીએ મહિલાઓમાં 28.03 ટકા નીચો છે. જોકે અવિધિસરનાં અને ખેતી ક્ષેત્રે સ્ત્રીઓ પુરુષોને પાછળ રાખી દે છે. આ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષા ઓછી છે તથા મહેનતાણાની પદ્ધતિ નિયમસરની હોતી નથી.

9. સ્ત્રીઓ ઘરમાં અને કામના સ્થળે બન્ને જગ્યાએ બળ પ્રયોગનો વિષય બને છે. 15થી 49 વર્ષની 33.8 ટકા પરણેલી મહિલાઓએ માનસિક, શારીરિક અથવા જાતિય બળપ્રયોગનો અનુભવ કર્યો હોય છે.

10. કુલ ગરીબી રેખા નીચેના ઘરોમાંથી 12 ટકામાં કુટુંબના વડા મહિલા હોય છે અને 14 ટકા ઘરવિહોણા હોય છે.

**પ્ર. 7 મહિલા સશક્તિકરણને આગળ માટે સ્થાનિક સ્તરે કઈ વ્યુહરચનાઓ ઉપયોગી થઈ શકે?**

ગુજરાતે 2004માં તેની 'નારી ગૌરવ નીતિ' વિકસાવી અને તેને આખરી ઓપ આપ્યો. તે ઉપરાંત સરકારી વિભાગો, બિન સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિદેશી એજન્સીઓ અને આયોજનમાં માહેર વ્યક્તિઓ દ્વારા જાતિ સંવેદી કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓનો આયોજન, અમલ અને મૂલ્યાંકનમાં મદદ માટે મહિલા તથા બાળ વિકાસ વિભાગ હેઠળ સ્વાયત્ત જાતિ સંસાધન કેન્દ્ર સ્થાપવામાં આવ્યું.

**પ્ર. 8 મહિલા સશક્તિકરણ માટે સ્થાનિક સ્તરે કઈ વ્યુહરચનાઓ ઉપયોગી થઈ શકે?**

સ્થાનિક સ્તરે મહિલાઓના સશક્તિકરણ માટે બે ચાવીરૂપ વ્યૂહરચના સામાન્ય રીતે ઉપયોગમાં લેવાય છેઃ

1. મહિલા સમુદાયોને સંગઠિત કરીને અને જાતિ વિશે સભાનતા વધારીને તથા જાગરૂકતા ભર્યાં વલણો વધારવાં જેથી તે મહિલાઓ માટેની જુદી જુદી પ્રવૃત્તિઓ તથા પ્રક્રિયાઓમાં ભાગ લેવાના વાહન બને. નૈતિક સ્તરે અસરકારક ફેરફાર માટે મહિલાઓના સામૂહિક અવાજ અને વાટાઘાટોની ક્ષમતા વધારવા માટે સ્થાનિક સ્તરે મહિલાઓનાં જુથ અને ઉપરના સ્તરે સમવાયતંત્ર બનાવી શકાય. આવાં જુથો મહિલાઓની બચત અને ઉધાર, સાક્ષરતા, આરોગ્ય વિશે સભાનતા વગેરે પ્રવૃત્તિઓ દ્વારા સંશોધન સુધી પહોચવા માટે રસ્તો બની શકે.

2. આરોગ્ય સેવાઓ, સાક્ષરતા વર્ગો, ઉધાર અને આવક ઊભી કરતા કાર્યક્રમો જેવી નક્કર સેવાઓ ઉપલબ્ધ કરાવવી અને એ ખાતરી કરવી કે તે હાંસીયામાં ધકેલાયેલી મહત્તમ મહિલાઓ સુધી પહોંચે.

પ્ર. 9 **મહિલાઓ તથા પુરૂષો વચ્ચે સમાનતા આગળ વધારવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ શું પગલાં લઈ શકે?**

જાતિ સમાનતાને આગળ વધારવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અપનાવી શકે તેવાં પગલાંઃ

છેલ્લાં કેટલાંક વર્ષોથી માની લેવાયું હતું કે જ્યાં કુટુંબો સામાજિક-આર્થિક એકમ તરીકે ગણાય છે, જ્યાં મહિલાઓના સ્રોતો પર કાબુની સમાન પહોંચ છે, ત્યાં કુટુંબ અથવા સમાજને અનુલક્ષીને કરાયેલ યોજના આપોઆપ જ મહિલાઓને ફાયદો કરશે. અનુભવે દર્શાવ્યું છે કે આ

સત્ય નથી, મહિલાઓ તેમની જીંદગીમાં કોઈ પણ બદલાવ કરી શકે તે માટે ખાસ લક્ષ્યવાળી યોજના જરૂરી છે. ચૂંટાયેલ સ્થાનિક પ્રતિનિધિયો જેન્ડર યોજના દાખલ કરી શકે તથા જેન્ડર સંવેગી યોજનામાં નીચે મુજબ કરીને મદદ કરી શકે.

1. ગ્રામ વિકાસ યોજનાઓ તથા થયેલ ખર્ચમાંથી મહિલાઓ તથા પુરૂષોને મળતા ફાયદાઓના ક્ષતિરહિત બિનએકંદર જાતિ ડેટા એકઠા કરવા.

2. મહિલાઓને તેમની જરૂરીયાતો શું છે તે જાણવા માટે આયોજન પ્રક્રિયામાં સામેલ કરવી તથા તેનો જરૂરીયાતોનો યોજનામાં સમાવેશ કરવો.

3. મહિલાઓની તેમની જાતિ, વર્ગ, ધર્મ, ઉંમર, લગ્નને લગતી સ્થિતી વગેરેને કારણે જરૂરિયાતોમાં ફેરફારને ધ્યાનમાં લેવા.

4. મહિલાઓને નિયમિત મળવા તથા પોતાની જરૂરિયાતો તથા પ્રશ્નોની ચર્ચા કરવા સક્ષમ કરવી જરૂરી છે. સ્થાનિક સ્વ સહાય જૂથને મજબૂત કરીને મહિલાઓને આવી તક આપી શકાય. મહિલાઓમાંથી જે નેતા બનવાની ક્ષમતા ધરાવતી હોય તેને ઓળખીને જાતિ વિશ્લેષણ અને આયોજન માટે તાલીમ આપી શકાય.

5. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ એ બાબત સભાન હોવું જોઈએ કે આવું આયોજન મતભેદ ઉભા કરી શકે કારણ કે તે ઘર તથા જાહેર જગ્યાઓએ સત્તા સંબંધોમાં ફેરફાર તરફ દોરી જાય છે. તેમણે આવા મતભેદોને સંભાળવા અને તેની સામે પરિપક્વતાથી કામ પાડવું જોઈએ.

   યોજનાઓ તથા આયોજનોના જેન્ડર પ્લાનિંગ તેમ જ જેન્ડર સંવેદી અમલીકરણ માટે જેન્ડરની દૃષ્ટિથી અંદાજપત્ર બનાવવું તથા ખર્ચનો ખ્યાલ રાખવો તે તેટલું જ મહત્ત્વનું છે. આને જેન્ડર બજેટીંગ કહેવાય છે.

પ્ર. 10 **સ્થાનિક સ્તરે જેન્ડર આયોજન મહિલાઓને કઈ રીતે લાભ આપી શકે?**

જેન્ડર આયોજન મહિલાઓની તત્કાલ સ્થિતિ તેમ જ સ્થાનમાં છેવટનો સુધારો કરવા માટે કરી શકાય.

1. પાણી તથા ગટરની સુવિધા, રોજગારી, આરોગ્ય અને શિક્ષણની સગવડમાં સુધારણાને લક્ષ્ય સાથે કરાયેલા હસ્તક્ષેપ, મહિલાઓએ સામનો કરવો પડતો હોય તેવા રોજીંદા વૈતરાંમાંથી ઉગારવામા મદદરૂપ થઈ શકે છે.

2. સાથે સાથે જ પુરુષોની ઘરનાં કામકાજમાં ભાગીદારી વધારીને, હિંસા અત્યાચારને અટકાવીને તથા તેની સામે રક્ષણ આપીને રાજકીય તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારી વધારીને, કુનેહની તાલીમ વડે ઉપર લાવીને, ઉચ્ચ શિક્ષણની સગવડ આપીને, ચલાયમાનતા વધારીને વગેરે દ્વારા અસમાનતા ને વાચા આપવી મહત્ત્વની છે. સ્થાનિક સ્તરનું આયોજન મહિલાઓની પાછળની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને થઈ શકે, અને તેને અંદાજપત્રમાં ગોઠવી શકે.

**પ્ર. 11 એવાં કયાં વિશિષ્ટ પગલાં છે, જેના દ્વારા જેન્ડર આયોજન મહિલા સશક્તિકરણ આગળ વધારી શકે?**

મહિલાઓની તેમની જાત, વર્ગ, ધર્મ, ઉંમર, પરિણીત-અપરિણીત છે વગેરેને લીધે ઊભી થતી જરૂરિયાતો ગણતરીમાં લેવામાં આવે તે અગત્યનું છે. વિવિધ ક્ષેત્રોમાં જેન્ડર આયોજનનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છેઃ

**શિક્ષણઃ** શિક્ષણમાં ભેદભાવ તથા અસમાનતાને દૂર કરવા આયોજનમાં ગ્રામ શિક્ષણ કમિટિ બનાવી મજબુત કરવાનો સમાવેશ કરી શકાય, જેમને ગામડાંમાં છોકરીઓને કેળવણીની બાબતમાં સંવેદનશીલ બનાવી શકાય અને જે કન્યા કેળવણીને આગળ વધારવાની બાબતમાં પગલાં લઈ શકે, - જેવાં કે છોકરીઓ માટે અલગ જાજરૂની સગવડ, અપંગ છોકરીઓને સાઈકલની સગવડ પૂરી પાડવી, તાલુકા, જિલ્લા કક્ષાએ ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન અને રહેઠાણની સુવિધા કરવી વગેરે.


**આરોગ્યઃ** પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્તરે વધારાનું પોષણ મેળવવા તથા ડી-વૉર્મીંગ માટેની સગવડ કરી શકાય. પાંડુરોગ ઘટાડવા માટે સ્થાનિક રીતે વધારે લોહતત્વ પ્રાપ્ય બનાવી શકાય; જે મહિલાઓ શારીરિક તેમ જ માનસિક રીતે અસ્વસ્થ હોય તેમની આરોગ્ય જરૂરિયાત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના બનાવી શકાય અને તેઓને આરોગ્ય સેવા સરળતાથી ઉપલબ્ધ થાય તેવું પણ કરી શકાય.

**રોજગારઃ** મહિલાઓ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના જેવી યોજનાઓમાં નામ નોંધાવી શકે તથા રોજગાર મેળવી શકે, સમાન કાર્ય માટે સમાન મહેનતાણું મેળવે, મહિલાઓ રોજગારમાં ચાલુ રહી શકે તે માટે બાળ સંભાળની તથા જાજરૂની વ્યવસ્થા ઊભી કરાય, હાંસીયામાં ધકેલાયેલી મહિલાઓ અને ખાસ તો એકલી સ્ત્રી ધિરાણ મેળવી શકે, મહિલાઓ સહિયારી મિલકત મેળવી શકે તથા સંયુક્ત સાહસો માટે ટેકો મેળવી શકે તેવી ખાતરી સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાખી શકે છે.

**પ્ર. 12 જેન્ડર અંદાજપત્ર શું છે, અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેના માટે શું કરી શકે?**

અંદાજપત્ર એ નીતિઓ તથા કાર્યક્રમોને ક્રિયામાં બદલવા માટેનું સૌથી મહત્વનું સાધન છે. જાતિ અંદાજપત્રએ બધી નીતિઓ/યોજનાઓ તથા બધી સરકારી એજન્સીઓનાં અંદાજપત્રો તથા પુરૂષો તથા મહિલાઓની જુદી જુદી જરૂરીયાતો પર આધારિત અંદાજપત્ર ફાળવણીમાં જેન્ડર જાગૃતિની ખાતરી માટેનો માર્ગ છે. જાતિ આધારિત અંદાજપત્ર આંતરરાષ્ટ્રીય સ્તરે અને ભારતમાં પણ પાછલા દાયકામાં લાગુ કરાયું છે. તેનું વધારે ધ્યાન મહિલાઓ તથા કન્યાઓની જરૂરિયાત તરફ છે. કારણ સામાન્ય રીતે દરેક મોરચે તેઓ ખોટમાં હોય છે. જેન્ડર અંદાજપત્રનું બીજું ધ્યાન એવી સ્ત્રીઓ તથા છોકરીઓ પર છે જે સૌથી વધારે અસહાય છે - જેમ કે ગરીબ, અનુસૂચિત જાતિની, આદીવાસી, ગ્રામીણ મહિલાઓ, એકલી સ્ત્રીઓ, અપંગ મહિલાઓ વગેરે.

# 15. સામાજિક ન્યાય



**પ્ર. 1 સામાજિક ન્યાય શું છે? અને કોના માટે છે?**

સામાજિક ન્યાયની વ્યાખ્યા કરવી એ સામાન્ય રીતે અઘરું છે, અને તેનો અમલ કરવો તેનાથી પણ અઘરો છે. તેનું સાર એ છે કે સામાજિક ન્યાયની નિસ્બત એવા નબળા લોકોને પાયાના નાગરિક અધિકારોની ખાતરી તથા રક્ષણ આપવા સાથે છે, જેમનાં હક્કોનું સ્થાપિત હિતો તથા વર્ચસ્વ ધરાવતાં જૂથો વડે ઉલ્લંઘન થાય છે. તે કાયદાની અદાલતમાં ન્યાય કરવાની પ્રક્રિયા વિશે નથી, પરંતુ સામાજિક વર્તણુક, જે લોકોના સમાન અધિકાર તથા તકોની માંગણી વિશે છે; સામાજમાં હાંસિયામાં રહેલા સૌથી ગરીબથી લઈને સૌથી ધનિક, બધા જ ભેદભાવ રહિત ગૌરવભર્યું જીવન તથા સમાન તકોના હક્કદાર છે. અન્યાય ત્યારે બને છે, જ્યારે એક અથવા વધુ લોકો કોઈ બીજા લોકોના અધિકારો રદબાતલ કરે છે અને/અથવા તેમાં ઘટાડો કરે છે. સ્વાભાવિક અધિકારોનો કાયદો એ છે જે બધા લોકોના હોય છે. સામાજિક ન્યાય એક ક્રાંતિકારી ખ્યાલ છે, જે જીવનને અર્થ તથા મહત્ત્વ આપે છે અને કાયદાને ગતિશીલ બનાવે છે. જ્યારે સમાજને સામાજિક-આર્થિક અસમાનતાના પડકારોનો સામનો કરવાની જરૂર પડે છે, ત્યારે લોકનિયંત્રિત સંચાલન પદ્ધતિ કોઈ હાનિ પહોંચાડ્યા વિના સામાજિક ન્યાયને રક્ષવા માટે કાયદો ઘડે છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સામાજિક ન્યાય સંજ્ઞા સર્વપ્રથમ 1840માં એક સિસિલીની પાદરી, લુઈગી ટાપારેલી ડી'અજેગલીએ વડે વપરાયો તથા એન્ટોનિયો રોશમિની શેરબાતી વડે લા કૉન્સ્ટીટ્યુશન સિવીલ સેકન્ડ લા ગ્યુસજિયામાં 1848માં તેને પ્રખ્યાતિ અપાઈ. સામાજિક શબ્દ સામાજિક ન્યાયને ન્યાય - જે કાયદો-રાજ્ય-સંચાલિત પદ્ધતિ તરીકે લાગુ કરાય છે, જે ચોક્કસ વર્તણૂંકને અસ્વિકાર્ય ગણાવે છે તથા નિયંત્રણના ઔપચારિક તંત્રનો અમલ કરાવે છે- તેનાથી જુદો પાડે છે. સામાજિક ન્યાયમાં સામાજિક સત્તા માળખાંને નબળા તથા નિર્બળની તરફેણમાં ફેરવાય તેવાં પરિણામો પેદા કરવાની શક્તિ છે. સામાજિક ન્યાય એક સમાજના તેના પુરસ્કાર તથા બોજની વેંચણીના એકંદર પ્રમાણિક વ્યવહાર માટે પણ વપરાય છે. આમ હોવાથી, આ વાક્યખંડ ફેર વહેંચણીના મુદ્દા સાથે રાજકીય પક્ષો વડે અપનાવાયો છે. સામાજિક ન્યાય દરેક સંસ્કૃતિમાં પ્રવર્તતી નૈતિક સંહિતામાંથી તેના અધિકાર મેળવે છે.

**પ્ર. 2 સામાજિક બહિષ્કાર તથા ભેદભાવ શું છે?**

જ્યારે દલિતો યુગો જુની ભેદભાવની નિતી સામે તેમનાં સામાજિક અધિકારો માટે ઊભા થવાનો પ્રયત્ન કરે, ત્યારે વર્ચસ્વ ધરાવતા વર્ગના સભ્યો વડે અત્યાચાર અથવા શોષણનો સામનો કરે છે. ભેદભાવ એ એક વ્યક્તિની બીજી વ્યક્તિ તરફની વાસ્તવીક વર્તણુક છે, જેમાં બીજા વ્યક્તિને યોગ્ય તકથી બહાર રખાય છે અથવા અટકાવાય છે. જ્યારે નબળો સમુદાય ભેદભાવની યુગો જૂની પરંપરાની સામે પોતાના અધિકારો ભોગવવાનો પ્રયત્ન કરે ત્યારે વર્ચસ્વ ધરાવતા વર્ગો વડે તેઓ અત્યાચાર તથા હિંસાનો સામનો કરે છે. આજે પણ જોવાય છે કે જ્યારે દલિતો તેમની લગ્નવિધિ માટે ઘોડાની પીઠ પર સવાર થઈને નીકળે છે, ત્યારે વર્ચસ્વ ધરાવતો સમુદાય તેમનાં રહેઠાણ પાસેથી તે સરઘસ પસાર થવાની છૂટ આપતો નથી. અસ્પૃશ્યતા એ સામાજિક ન્યાયનો સૌથી મોટો તથા ખૂબ અમાનવીય પ્રકાર છે. આજે પણ 400 લાખ દલિતો બંધક મજદૂરો છે, 10 લાખ દલિતો સફાઈ કામદારો છે તથા અત્યાચારના લગભગ 85 ટકા કેસો બીજાં પ્રોવિઝન હેઠળ નોંધાયા છે.

**પ્ર. 3 સામાજિક ન્યાયને આગળ ધપાવવાને માટે કોઈ બંધારણીય અથવા કાયદાકીય સગવડ/પ્રોવિઝન છે?**

ભારતનાં બંધારણે તેના બધા નાગરિકોને સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાય; વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને પૂજાની સ્વતંત્રતા; સ્થાન/સ્થિતિ તથા તકોમાં સમાનતા; તથા બધામા વ્યક્તિનાં ગૌરવ તથા રાષ્ટ્રની એકતાની ખાતરી આપતો ભાઈચારો આગળ વધારવાનું ગંભીરતાપૂર્વક વચન આપ્યું છે. બંધારણે સામાજિક-આર્થિક ન્યાય તથા વ્યક્તિ સ્વાતંત્ર્ય તથા મૂળભૂત અધિકારો જેવાં વિખવાદી દેખાતા દાવાઓમાં વ્યવસ્થાઓ મૂકીને સુમેળ સાધવાનો પ્રયત્ન કર્યો છે.

કલમ 19 આ દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું જતન કરે છે. કલમ 19 (1)ની સાત પેટા કલમો નાગરિકોને જુદા જુદા સાત પ્રકારની સ્વતંત્રતા આપે છે અને તેને તેમના મૂળભૂત અધિકાર માને છે. કલમ 19 સમગ્ર રીતે વ્યક્તિ સ્વાતંત્ર્યના દાવા તથા જાહેર હિતના દાવા વચ્ચે સંવાદિતા માટે એક ખૂબ સંતોષકારક તથા તટસ્થ આધાર પૂરો પાડે છે.

કલમ 23 અને 24 શોષણ વિરુદ્ધ મૂળભૂત અધિકારો પૂરા પાડે છે. ખાસ કરીને કલમ 24 એક

રોજગારદાતાને 14 વર્ષની નીચેની વયનાં બાળકને કોઈ પણ કારખાનાં કે ખાણ અથવા બીજાં કોઈ પણ જોખમી રોજગાર માટે કામે રાખતા અટકાવે છે. કલમ 31 મિલકતના મૂળભૂત અધિકાર સંબંધી વિશિષ્ટ સગવડ ઉભી કરે છે અને મિલકતના ફરજીયાત સંપાદનના બહુચર્ચિત પ્રશ્ન તરફ ધ્યાન આપે છે.

કલમ 38ની માંગ છે કે દરેક રાજ્યએ સામાજિક કાર્ય પદ્ધતિ, જે સામાજિક આર્થિક તથા રાજકીય ન્યાય બધી રાષ્ટ્રીય જીવન સંસ્થાઓને જણાવે છે, તેને શક્ય હોય તેટલી અસરકારક રીતે બચાવીને તથા રક્ષણ આપીને લોકોની સુખાકારીને આગળ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. કલમ 39 (a) કહે છે કે રાજ્યએ કાયદા પદ્ધતિ તેનું કાર્ય ન્યાયની સમાન તકોના આધાર પર આગળ વધારશે તે નક્કી કરવું જોઈએ તથા તે ચોકક્સપણે - આર્થિક અથવા બીજી કોઈપણ અશક્તિને કારણે કોઈપણ નાગરિકની ન્યાયની માંગણીની તકનો અસ્વિકાર ન થાય તે ખાતરી કરવા માટે યોગ્ય કાયદા અથવા યોજનાઓ અથવા બીજી કોઈપણ રીતે કાયદાકીય સહાય પૂરી પાડશે.

કલમ 41 માને છે કે દરેક નાગરિકને બેકારી, ઘડપણ, બિમારી તથા અપંગતા અને બીજાં કોઈપણ અનિચ્છનિય કારણોના કિસ્સામાં કામનો, શિક્ષણનો તથા જાહેર સહાયનો અધિકાર છે. કલમ 42 કામના ન્યાય તથા માનવીય પરિસ્થિતિની ખાતરી તથા માતૃત્વ સહન માટેના મહત્વ પર ભાર મૂકે છે. કલમ 43 કામ કરતી વસતી સામે જીવંત વેતનના આદર્શો મૂકે છે તથા કલમ 46 પછાત જાતિ, પછાત જાનજાતિ તથા બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતને આગળ વધારવા પર ભાર મૂકે છે.

જેમની સાથે અસ્પૃશ્ય તરીકે વર્તન કરાય છે તેવા અસ્તિત્વ ધરાવતા નાગરિકોના વિશાળ સમુહ વડે રજૂ કરાયેલ સામાજિક પ્રશ્ને બંધારણનું ખાસ ધ્યાન ખેંચ્યું છે, જેથી કલમ 15(1) ધર્મ, કુળ, વર્ણ, લિંગ અથવા જન્મ સ્થળના મુદ્દા પર ભેદભાવ કરવાની મનાઈ કરે છે. રાજ્યને મહિલાઓ તથા બાળકો માટે તથા નાગરિકોના કોઈપણ સામજિક કે શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટે અથવા અનુ. જાતિ/અનુ. જનજાતિ માટે ખાસ સુવિધાઓ કરવાનો અધિકાર છે. કલમ 16(1)માં તેમજ 16(4)માં વર્ણવાયેલ સમાનતા તથા તકોના આ જ સિદ્ધાંતને એવો અપવાદ પૂરો પાડવામાં આવ્યો છે, જે સરકારને કોઈ પણ પછાત વર્ગ કે જેનું સરકારી સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ ન હોયની તરફેણમાં નિમણૂંકની છૂટ આપે છે. કલમ 17 જાહેર કરે છે કે અસ્પૃશ્યતા નાબૂદ થઈ ગઈ છે તથા કોઈપણ પ્રકારે તેને ચાલુ રાખવાનો નિષેધ કરે છે તથા તે કહે છે કે અસ્પૃશ્યતાનો પરાણે અમલ કરાવવો તે એક કાયાદાને અનુરૂપ સજાપાત્ર ગુનો બનશે. આ સુવિધાની સંહિતા ભારતનાં બંધારણમાં વર્ણવાયેલ આદેશ સામાજિક-આર્થિક ન્યાયના આદર્શને પામવાના પ્રશ્ન તરફ ધ્યાન આપે છે, કે જે ભારતનાં બંધારણ વડે દર્શાવાયેલ છે.

ભારતનું બંધારણ તેના બધા નાગરિકોને જ્ઞાતિ, વર્ગ, લીંગ તથા ધર્મનો ભેદભાવ વગર સામાજિક ન્યાયની ખાતરી આપે છે. 1998માં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હિંસા, નબળા વર્ગો તરફ, તિરસ્કાર/અણગમો, ખાસ કરીને SC માટે, વિકલાંગ વ્યક્તિઓ, વૃદ્ધો વગેરે દૂર કરવા માટે સક્રિય રીતે કામ કરવા માટે બનાવાયું હતું. "અનુસૂચિત જાતિ તથા

અનુસૂચિત જનજાતિ” (અત્યાચાર સામે રક્ષણ) ધારો 1989એ અત્યાચારના કિસ્સામાં યોગ્ય સૂનવણી માટે છે. ગુજરાત પંચાયતી રાજ ધારામાં ત્રણેય સ્તરે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓને વિકાસનાં કામોમાંથી બહાર ન રખાય તે જોવા માટે તથા તેઓ આત્મગૌરવ તથા સન્માનભર્યા વાતાવરણમાં રહે તે જોવા માટે સામાજિક ન્યાય કમિટીની જોગવાઈ છે.

**પ્ર. 4 મહિલાઓ તથા વિકલાંગોના વિકાસમાં સમાવેશની ખાતરી માટે કોઈ કાયદાકીય સગવડ છે?**

વિકલાંગતા ધારો 1995 નીચે મુજબના સાત પ્રકાર (અંધાપો, ધુંધળાપણું, કુષ્ઠરોગ, શ્રવણશક્તિમાં ઘટાડો, હલનચલનમાં મુશ્કેલી, માનસિક અવરોધ, માનસિક બીમારી)ના વિકલાંગતાવાળી વ્યક્તિઓને સમાન તકો, અધિકારોનું રક્ષણ તથા પૂર્ણહિસ્સેદારી પૂરી પાડવા માટે યોગ્ય માને છે. મહિલાઓ, વિકલાંગ વ્યક્તિઓ, બાળકો તથા વયસ્ક નાગરિકો તથા વૃદ્ધ લોકોને લગતી કેટલીક ધારાઓ તથા યોજનાઓ છે. દહેજ વિરોધી ધારો 1961, ઘરેલુ અત્યાચાર/હિંસા સામે મહિલા રક્ષણ ધારો 2005, મહિલા ધારા માટે રાષ્ટ્રીય કમીશન.

**પ્ર. 5 સામાજિક ન્યાયની ખાતરી માટે પંચાયતો શું કરી શકે?**

પંચાયતની સામાજિક ન્યાય સમિતિ ગ્રામપંચાયતની નિર્ણયો કરવાની પ્રક્રિયામાં મહિલાઓ, દલિતો તથા અનુ. જનજાતિઓ જેવા સમાજના નબળા વર્ગોની ભાગીદારીની ખાતરી માટે બનાવાયેલ અધિકૃત સંસ્થાઓ છે.

તેને હાંસિયામાં ધકેલાયેલ સમુદાયની જરૂરિયાતો ઉપર વિશેષભાર સાથે ગામમાં વિકાસની જરૂરિયાતોને ઓળખવાની સત્તા છે, અને તે ગ્રામપંચાયતોને તેમનાં અંદાજપત્રમાં આવી માંગણીઓના સમાવેશની ભલામણ કરે છે.

પંચાયતોએ એ ખાતરી કરવી જોઈએ કે સમાજના નબળા વર્ગોને બધી વિકાસ તથા કલ્યાણ યોજનાઓ તથા કાર્યક્રમોનો લાભ મળે તથા સમાજમાં સામાજિક ન્યાય લાવવા માટે આવા જુથોમાં આત્મગૌરવ તથા સન્માનને રક્ષણ મળે.

# 16. સૂક્ષ્મ સ્તરીય આયોજન



**પ્ર. 1 ભારતમાં આયોજન માટેના કેવા વલણો અનુસરાયાં છે?**

સમયાંતરે ભારતમાં આયોજન માટેનાં વિવિધ વલણો અનુસરાયાં છે.

**બહુહેત્વિક વલણઃ** ભારતમાં ગ્રામ વિકાસ કાર્યક્રમ બહુહેત્વિક વલણ સાથે શરૂ થયો. સમાજ વિકાસ કાર્યક્રમ 1952માં શરૂ થયો. એનો પ્રાથમિક એકમ, જે એક લાખની વસ્તી ધરાવતો હોય તેવો બ્લોક હતો અને સમાજની વિકાસને અખંડ પદ્ધતિતી જોવે છે. સરકાર જ્ઞાન, ઈનપુટ્સ તથા સ્રોતોના વિસ્તાર દ્વારા વિકાસને આગળ ધપાવનાર મુખ્ય સંસ્થા હતી. પાયાનો હેતુ જીવનધોરણ ઉપર લાવવું, સામાજિક કલ્યાણને આગળ ધપાવવુ સામાજિક ન્યાય તથા સમજ એકસુત્રતાનો હતો. આ વલણની મુખ્ય મર્યાદા એ હતી કે તેનું ધ્યાન સામાજિક - આર્થિક અસમાનતાને લગતા પ્રશ્નો ઉપર ધ્યાન આપ્યા વગર એક એકમ તરીકે સમાજ પર કેન્દ્રિત હતું.

**લઘુત્તમ પેકેજ વલણઃ** આ વલણ એક ચોક્કસ ક્ષેત્રને વધારવા પર કેન્દ્રિત હતું. ઈન્ટીગ્રેટેડ એગ્રીકલ્ચરણ ડૅવલપમેન્ટ પ્રોગ્રામ આ વલણ હેઠળ તરતો મુકાયો હતો. આ વલણની મુખ્ય ત્રૃટિ એ હતી કે આ કાર્યક્રમોના લાભ મુખ્યત્વે ગ્રામિણ ક્ષેત્રના ખમતીધર ખેડુતો વડે લણી લેવામાં આવતા હતા.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**લક્ષ્ય જુથ વલણઃ** તેની હેઠળ, એક ચોક્કસ જુથનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવતો હતો, અને તે મુજબ અગ્રતા નક્કી થતી હતી. આ વલણની એ હકીકત જણાઈ કે લોકોનાં જુદાં જુદાં જૂથોના જુદા જુદા પ્રશ્નો હતા. નાના ખેડુતોના વિકાસ કાર્યક્રમો તથા ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ તથા બાળકોના વિકાસ જેવી વિકાસ યોજનાઓ આ વલણમાંથી બહાર આવી.

**લક્ષ્ય વિસ્તાર વલણઃ** જુદા જુદા ભૌગોલિક પ્રદેશોની વિકાસ માગણી જુદી જુદી છે તે માન્યતા ડ્રાઉટ થ્રોન એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ, કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ વગેરે જેવા વિશિષ્ટ કાર્યક્રમોનો પરિચય તરફ દોરી ગઈ.

અખંડ ગ્રામ વિકાસ વલણઃ ઈન્ટીગ્રેટેડ રુરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ગરીબી ઘટાડવા તથા જમીન આધારિત પ્રવૃત્તિઓના આવીર્ભાવ દ્વારા આર્થિક વિકાસ સાધવા માટે આગળ વધારાયો હતો. સ્વ-રોજગાર સાહસોની શરૂઆત માટે આર્થિક સહાય લાભકર્તાઓ સુધી વિસ્તારવામાં આવી. જોકે તેઓએ સરકારની વહેંચણી પદ્ધતિ પર વધુ આધાર રાખવાનું શરૂ કર્યું.

આમાંનું એક પણ વલણ અસરકારક ગ્રામ વિકાસ માટે પૂરતું સાબિત થયું નહીં. તેને માટે બે મુખ્ય કારણો ધ્યાન પર આવ્યાં - જેમ કે - વાસ્તવિક પ્રશ્નને ઓળખવામાં નિષ્ફળતા તથા લોકોની સંડોવણી વગર કાર્યક્રમોનું ઘડતર. તેમણે માની લીધું કે ગ્રામિણોમાં ઈનપુટ તથા સાધન સંપત્તિનો અભાવ છે, અને માટે, આ જરૂરિયાતો પૂરી પડાશે તો તે વિકાસ તરફ દોરી જશે.

વધતી ગરીબાઈ, બેરોજગારી, અસમાનતા તથા પર્યાવરણીય અધઃપતને વિકાસની પારંપારિક માન્યતા વિશે પ્રશ્નો ઉભા કર્યા છે તથા પાછલા દાયકાઓમાં તળીયાંની સંસ્થાઓ વડે જાતીય સમાનતા, લોકોની પસંદગી કરવા માટે સશક્તિકરણ ઉપર વિશિષ્ટ રીતે કેન્દ્રિત હોય તેવી, લોકો વડે સંચાલિત તથા વધુ લોકો કેન્દ્રિત વૈકલ્પિક વિકાસ વલણ વિકસાવવા માટે પ્રયત્નો થયા છે. આ પ્રયત્નો સૂક્ષ્મ આયોજન તરીકે ઓળખાય છે, જે લોકોને પ્રાપ્ય એવા વર્તમાન લોકપ્રિય જ્ઞાન, કુનેહ તથા સાધન-સંબત્તિ પર આધારિત છે.

## પ્ર. 2 સૂક્ષ્મ આયોજન એટલે શું?

સામાન્ય રીતે આયોજન ત્રણ સ્તરમાં વ્યાખ્યાયિત થાય છે. વિશાળ (રાષ્ટ્રીય અથવા ઉપ-રાષ્ટ્રીય સ્તર), મેસો (રાજ્ય અથવા ઉપ-રાજ્ય સ્તર) તથા સૂક્ષ્મ. સૂક્ષ્મ સ્તરિય આયોજનએ વિકાસના સૌથી નીચલા સ્તરનું આયોજન છે. તે સ્થાનિક પરંપરા, ઈતિહાસ, નૈતિક્તા તથા પ્રથાઓને યોગ્ય મહત્વ આપે છે. બહુસ્તરીય આયોજન માળખાંમાં સૂક્ષ્મ સ્તરીય આયોજન દાખલ કરવાનું પ્રયોજન એક ક્ષેત્ર અથવા એકમના વિશિષ્ટ પ્રશ્નોને લગતા સાધન-સંપત્તિના સામર્થ્યના શોષણ દ્વાર વિકાસ તથા સમાનતા વચ્ચેનાં અંતરમાં સેતુરૂપ છે. તે ઉપરાંત, સૂક્ષ્મ સ્તરીય આયોજન સ્થાનિક ભાગીદારી વધારે છે અને પ્રાદેશિક તણાવ ઘટાડવામાં મદદ કરે છે. સૂક્ષ્મ સ્તરીય આયોજનો હાથ ધરવા માટેનાં મુખ્ય કારણોની હીમાયત નીચે મુજબ છે.

- ગરીબોની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન આપી શકાય
- કાર્યક્રમોને ક્ષેત્રની વિશિષ્ટ જરૂરિયાતો તથા તેના વિકાસ સામર્થ્ય તરફ વધારે આગળ વધારી શકાય તથા

- વહીવટનાં સૌથી નીચેનાં સોપાનો વ્યવસ્થિત તથા સમતોલ કરી શકાય

73મા સુધારા દ્વારા, પંચાયતોને આર્થિક વિકાસના સ્થાનિક પ્રશ્નો તથા સામાજિક ન્યાયના આયોજન તથા વાચા આપવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. તળીયાંની આયોજન પ્રક્રિયા પર બધું ધ્યાન કેન્દ્રિત છે. ગ્રામ પંચાયતો તેમના વાર્ષિક આયોજનો તાલુકા પંચાયતોને સોંપે છે, જે પછીથી જરૂરી આકારણી પછી આયોજનોનું એકત્રીકરણ કરે છે તથા તાલુકા માટે એક એકત્રીકૃત વાર્ષિક વિકાસ આયોજન તૈયાર કરે છે. તાલુકા પંચાયતો તેમના લાગતા વળગતા વાર્ષિક વિકાસ આયોજનો જિલ્લા પંચાયતને સુપરત કરે છે જે જિલ્લા માટેના એકત્રીત વાર્ષિક વિકાસ આયોજન તૈયાર કરે છે.

## પ્ર. 3 સૂક્ષ્મ આયોજનની શું પ્રક્રિયા છે?

પ્રાથમિક રીતે સૂક્ષ્મ આયોજન માટે વિવિધ અનુભવો દ્વારા આઠ પગલાં જણાયાં/ઓળખાયા છે.

1. **પંચાયત/વિસ્તારની પસંદગીઃ** પંચાયત/વિસ્તારની પસંદગી અથવા સમાજનો સંપર્ક કેવી રીતે કરવો તે પાસાંની ચકાસણી અતિઆવશ્યક છે.
2. **પર્યાવરણ બંધારણઃ** આ કાર્યમાં સમાજની સક્રીય સંડોવણી જરૂરી હોવાને કારણે, તેમને શરૂઆતથી જ પ્રેરિત કરવા આવશ્યક છે.
3. **માહિતીનું સંકલન તથા વર્ગીકરણઃ** વિભાગ તથા રહેવાસીઓની સ્થિતિની મુશ્કેલીઓની ઉત્તમ માહિતી તે વિભાગના રહેવાસીઓની પોતાની પાસેથી જ મળી શકે, પરંતુ સરકાર કે બીન સરકારી તંત્ર બેમાંથી જે પ્રાપ્ય હોય તેની પાસેથી માહિતી એકઠી કરવી સલાહભર્યું છે, જેથી ક્ષતિરહિત આયોજન થઈ શકે. ગ્રામવાસીયોનાં જુદાં જુદાં જુથો સાથે ઔપચારિક અથવા અનૌપચારિક મીટીંગો યોજાવી જોઈએ, જેથી વાસ્તવિક પ્રશ્નો ઊંડાણપૂર્વક સમજી શકાય. તે સાથે જ આ વિભાગના રહેવાસીઓ પાસેથી આ પ્રશ્નોના નિરાકરણો વિશેના અભિપ્રાયો પણ લેવાવા જોઈએ. એકઠી કરાયેલ બધી જ માહિતીના કોષ્ટક બનાવવા જોઈએ તથા વિશ્લેષણ થવું જોઈએ.
4. **નિષ્કર્ષની લોકો સાથે વહેંચણીઃ** જેમની પાસેથી માહિતી એકઠી કરાઈ છે તે સમાજ સાથે નિષ્કર્ષની વહેંચણી તેમને સામુહિક નિર્ણયોથી માહિતગાર કરવા માટે સક્ષમ બનાવે છે.
5. **સમાજના પ્રશ્નોનું વિશ્લેષણ તથા વિકાસની અગ્રતાઓ ઓળખવીઃ** ગામના પ્રશ્નોનું સામુહિક વિશ્લેષણ કરાય છે તથા પ્રશ્નોને અગ્રતાક્રમ મુજબ સંગ્રહિત કરાય છે.
6. **ઉકેલ તથા વ્યુહરચનાઓ જાણવાં/ઓળખવાંઃ** પ્રશ્નોનાં નિરાકરણ શોધવા માટે પાછના પ્રયત્નો, પરિણામો તથા વિકલ્પો સહિતના અનુભવો ચર્ચાવા જોઈએ. આ પ્રક્રિયામાં સરકારની નીતિઓ/પ્રકલ્પોને મનમાં રાખવા જોઈએ.
7. **સૂક્ષ્મ આયોજનોની તૈયારીઃ** ગ્રામ અથવા વિભાગના સ્તરના આયોજનો પંચાયત સ્તરે એકત્રિત કરી શકાય.
8. **આયોજનનો અમલઃ** આયોજન દરમ્યાન કયું કામ કોને સોંપાયું છે તે તથા સમયનું માળખું મગજમાં રાખવું જોઈએ. આ પ્રક્રિયામાં સરકારી વિભાગો/ખાતાંઓ પંચાયતના સભ્યો તથા ગ્રામવાસીઓની ભૂમિકા નિશ્ચિત કરવી જોઈએ, જેથી આયોજનનો જરૂર મૂજબ અમલ કરી શકાય.

## પ્ર. 4 અસરકારક આયોજન માટે શું ધ્યાન રાખી શકાય છે?

ગ્રામસભા અથવા વિભાગ સભા માટેની તારીખો ખાસ્સી વહેલી નક્કી થઈ જવી જોઈએ. નોટિસ ફેરવવી જોઈએ તથા રુણાલયો, શાળાઓ, બસ સ્થાનકો તથા ધાર્મિક સ્થળો જેવી જગ્યાએ મૂકાવી જોઈએ. ગ્રામસભા તથા વિભાગ સભામાં તરછોડાયેલા વર્ગો (મહિલાઓ તથા દલિતો) એ ભાગ લેવો જોઈએ. તેમને તેમના વિચારો મૂકવાની તક મળવી જોઈએ તથા તેમનાં સૂચનો/વિચારોને મહત્વ અપાવું જોઈએ.

અગ્રતાક્રમ માટે સમોવડીયા ક્રમાંક પ્રક્રિયા અપનાવી શકાય. ગ્રામસભામાં પોતાનામાં જ આવી સૂચિત પ્રવૃત્તિઓ માટે નાણાકીય જરૂરીયાતો માટેની દરખાસ્તો તૈયાર કરી શકાય.

ગ્રામસભાનાં કદ તથા સામર્થ્યને જોતાં, એ નક્કી જ છે કે તેમને બહારની મદદની જરૂર છે. આમ આ પ્રવૃત્તિઓ માટે સરકારી, બીન સરકારી તેઓ મદદ કરવી જોઈએ, પરંતુ નિર્ણય ગ્રામસભાનો જ રહેવો જોઈએ. બધાં આયોજનો તથા પ્રકલ્પોનો અગ્રતાક્રમ તથા સૂચિ ગ્રામસભામાં થવાં જોઈએ. પંચાયત સભામાં આયોજન માટે સર્વ પ્રથમ ગ્રામસભાની બદલી ભલામણો ધ્યાન પર લેવાવી જોઈએ.

એ ખાતરી રાખવી જોઈએ કે આયોજન ખૂબ સરળ પદ્ધતિમાં થવું જોઈએ જેથી દરેક ગ્રામિણ તથા પ્રતિનિધિ તેને સરળતાથી સમજી શકે. આ (વાર્ષિક) આયોજન તાલુકા પંચાતય (તાલુકા વિકાસ અધિકારીઓ)ને મોકલાય છે.

તાલુકા સ્તરે, તેમની મહત્વની ભૂમિકા ગ્રામ પંચાયતને આયોજનના જુદા જુદા તબક્કે મદદ આપવાની છે. આથી તેઓ ગ્રામ પંચાયતની ટેકનીકલ અગ્રતાઓને મેળવે છે/સુધી પહોંચે છે. મોટેભાગે તેઓ ગ્રામ પંચાયતની અગ્રતાને જાળવે છે. એક કરતાં વધારે ગ્રામ પંચાયતના કેટલાક સામાન્ય પ્રશ્નો હોઈ શકે છે, જે તાલુકા પંચાયત કાર્યક્રમમાં હાથ પર લેવાય છે.

આયોજન તૈયાર કરતી વખતે જુદા જુદા ખાતાના કર્મચારીઓ તથા અધિકારીઓના અનુભવોનો સમાવેશ કરી શકાય છે, પરંતુ નિર્ણાયક ભૂમિકાતો પંચાયતના પ્રતિનિધિઓની જ હશે. તાલુકા પંચાયત સ્તરનાં આયોજનને જિલ્લા પંચાયતને મોકલવામાં આવે છે.

જિલ્લા પંચાયત સભાઓમાં જિલ્લા સ્તરે ચર્ચા વિચારણાઓ પછી ગ્રામ્ય આયોજન કરાય છે. જિલ્લા સ્તરની પંચાયતની સૌથી મહત્વની ભૂમિકા તાલુકા પંચાયતોને વિવિધ આયોજનો તથા કાર્યક્રમોમાં સહાય કરવાની છે. તેઓ તાલુકા પંચાયતની ટેકનીકલ ઉપયોગીતાની ચકાસણી તથા તપાસ પણ કરે છે. મોટેભાગે તે તાલુકા પંચાયતનાં મહત્ત્વ તથા અગ્રતા જાણવે છે. કેટલાંક આયોજનો એક કરતાં વધારે તાલુકા પંચાયતો માટે કૉમન/સામાન્ય હોઈ શકે, જ્યાં જિલ્લા પંચાયત આ આયોજનોને તેમના પોતાનાં આયોજનોમાં સમાવેશ કરે છે. તેના ઉપરાંત આ જિલ્લાનું કાર્ય ન્યાય વિસ્તારમાં આવતા બધા પછાત વિસ્તારોનું બધા સ્તરના વિકાસનું ધ્યાન રાખવાનું છે તથા તેમને એક સ્તરે લાવવાનું છે. પંચાયતના સૌથી નીચલા સ્તરને માર્ગદર્શન આપીને તથા પેટા આયોજનો તથા અલગ ભંડોળ ફાળવણી આ કરી શકે. જિલ્લા પંચાયત સભ્યોએ ખાતરી કરવી જોઈએ કે તેમની ભાગીદારી સંબંધિત તાલુકા સ્તરની સભાઓ, ગ્રામ

પંચાયત સભાઓ તથા ગ્રામસભાઓમાં હકારાત્મક રીતે થાય છે. આ એક બાજુ તેમને સૌથી નીચલા સ્તરે અનુભવનો ફાયદો આપે છે, તથા બીજી તરફ તેઓને જિલ્લા પંચાયતના વાસ્તવિક પ્રશ્નોને સમજવા તથા સમર્થક બનવા સક્ષમ બનાવે છે.

જિલ્લા પંચાયત વડે તૈયાર કરાયેલ આયોજન જિલ્લા આયોજન સમિતિને મોકલાય છે. જિલ્લા આયોજન સમિતિ વડે તૈયાર કરાયેલ વિગતો જુદા જુદા પ્રકલ્પો માટેના સ્રોતો તથા તેમની ફાળવણીની વિગતો ધરાવે છે. તેના 3 મુખ્ય/મોટાં પાસાંઓ છેઃ

1. ગ્રામ્ય સ્થાનિક એકમોએ તેમને કામો ફાળવ્યાં છે તથા રાષ્ટ્રીય/રાજ્ય સ્તરે આયોજનો વડે કરાયેલ કાર્યો. આ આયોજનોને તેમના પોતાના ફાળવાયેલ સ્રોતો પણ હોય છે. DPC અમલીકરણની ખાતરી આપે છે.
2. શહેરી સ્થાનિક એકમો વડે તેમને ફાળવાયેલ કાર્યો તેમ જ રાષ્ટ્રીય/રાજ્ય સ્તરના આયોજન વડે ફાળવાયેલ કાર્યો પણ, સ્રોતો પણ ફાળવાયેલ હોય છે, તેમણે આયોજન તથા અમલીકરણની ખાતરી કરવાની હોય છે.
3. શહેરી તથા ગ્રામ્ય સ્થાનિક એકમોનાં આયોજનો ભેગાં કરવાં તથા છેવટે તેમને જિલ્લાની અંદર કાર્યમાં લેવાં.

જિલ્લા આયોજન સમિતિ આ ત્રણેય પાસાંઓનું ધ્યાન રાખે છે તથા પછી તેનાં પોતાનાં આયોજન ઉમેરે છે. નીચેનાં મહત્ત્વનાં પાસાંઓને પણ ધ્યાનમાં લેવાય છે.

1 સ્વ મદદ જુથો, સહકારી સમિતિઓ વગેરે તે પોતાની પ્રવૃત્તિઓ હોય છે, જે આયોજનોનું વિસ્તરણ કરે છે.

2 વ્યાવસાયીક બેંકો (જાહેર તથા ખાનગી ક્ષેત્રો) નાબાર્ડ, કૉ. ઑપરેટીવ બેંકો તથા સમાંતર બેંકની સ્થાનિક શાખાઓને પોતાની પ્રવૃત્તિઓ હોય છે, જે આયોજનોનું વિસ્તરણ કરે છે.

3 જિલ્લાઓનાં, સ્વૈચ્છિક સંસ્થાઓનાં તથા બીજાં પક્ષ આયોજનોના વડે.

4. બીજા ખાનગી એજન્ટોનાં આયોજનો હોય છે જેની સરકારી પ્રવૃત્તિઓ પર અસર હોય છે, અથવા તેઓ અપેક્ષા રાખે છે કે જ્યાં સુધી તેમના કાર્યક્ષેત્રને લાગેવળગે છે ત્યાં સુધી સરકાર તેમના વિકાસ કાર્યોમાં પ્રતિભાવ આપશે.

# 17. વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોનું સંકલન



**પ્ર. 1 વિકાસ આયોજનનું સંધાન શા માટે મહત્વનું છે?**

ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા માટે ગરીબો, ખાસ કરીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને મહિલાઓ જેવા છેવાડાના જૂથો માટે, મોટા પ્રમાણમાં જાહેર રોકાણ કરવામાં આવી રહ્યું છે. 11મી પંચવર્ષીય યોજનામાં વિવિધ ક્ષેત્રોમાં ખર્ચની જોગવાઈમાં વધારો કરવામાં આવ્યો છે.

**પ્ર. 2 સંધાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?**

સંધાન માટેનું એક તંત્ર છે, આયોજન. જો કે, અત્યારે વિવિધ ક્ષેત્રોમાં જે તે ક્ષેત્રમાં પ્રાપ્ય સંસાધનોનો ઉપયોગ કરવા માટે આયોજન કરવામાં આવે છે. વિશેષીકરણ વધી રહ્યું છે અને ક્ષેત્રવાર વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. એટલે કે જે તે ક્ષેત્ર માટે આયોજન કરવામાં આવે છે અને તે માટેની માર્ગરેખાઓ જે તે વિભાગ કે મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે. આવી ક્ષેત્રીય યોજના તૈયાર થાય તે બાદ તેમાંથી ઉપરથી નીચે સુધી સંકળાયેલી યોજના તૈયાર થાય છે. કાર્યક્ષમ રીતે સંસાધનોનો ઉપયોગ કરવા માટે અને સ્થાનિક સરકારોને સક્રિય રીતે આ યોજનામાં સાંકળવા માટે આ પ્રકારની યોજનાની પ્રક્રિયાનું રૂપાંતર સમાંતર

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

આયોજન પ્રક્રિયામાં થાય તે જરૂરી છે. તેને પરિણામે સ્થાનિક સરકારો અન્ય આયોજન સંસ્થાઓ સાથે મળીને કામ કરી શકે છે અને જે તે વિસ્તાર માટે સંકલિત યોજના તૈયાર કરી શકે છે.

સંધાન સાધવાનો એક બીજો રસ્તો છે મહત્ત્વના મોટા કાર્યક્રમોને પરસ્પર જોડવા. સ્થાનિક વિસ્તારોના વિકાસ માટે જ મહત્ત્વના મોટા કાર્યક્રમો ચાલે છે તેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના, સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, સર્વ શિક્ષા અભિયાન, પછાત વિસ્તાર અનુદાન ભંડોળ મધ્યાહ્ન ભોજન વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોની પ્રક્રિયા અને કાર્યવાહીઓમાં ઘણી સમાનતા હોય છે. આ મહત્ત્વના મોટા કાર્યક્રમોમાં સંકલન અને સંધાન સાધવા માટે તેમની તમામ માર્ગરેખાઓમાં સંકલનની વાત કરાઈ છે. એ બધાનો પાયો જિલ્લા સ્તરે સ્થાનિક આયોજન અને એકત્રીકરણમાં રહેલો છે. તફાવત ફક્ત મંજૂરીની વ્યવસ્થામાં અને અમલ માટેની સંસ્થા અને તંત્રમાં છે.

**પ્ર. 3 ગુજરાત રોજગાર બાંયધરી યોજના દ્વારા સંધાન માટે કેવી રીતે કામ કરે છે?**

છેક 2003થી ગુજરાત સરકાર સંધાન મૉડેલ પર કામ કરે છે. ગુજરાત સરકારે રાજ્ય માટે સંધાનની પરિયોજના ઘડવા એક પ્રયોગ હાથ ધર્યો હતો.

2005માં રોજગાર બાંયધરી યોજનાના અમલ સાથે સંધાનના મોડેલને વેગ મળ્યો છે. ગુજરાતમાં પણ રોજગાર બાંયધરી યોજના દ્વારા સંધાન સિદ્ધ કરવાના પ્રયાસો થયા છે. રોજગારી, ટકાઉ અસ્કામતોનું સર્જન, ગ્રામીણ માળખાગત સવલતોનું સ્તર સુધારવું અને યોજનાઓના લાભોને વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, જળસંગ્રહનાં કામો અને કાર્યક્રમોનો અમલ કરનારા વિભાગો, આદિ જાતિ વિકાસ વિભાગ અને કૃષિ વિભાગ સાથે સંધાનનું આયોજન કરાયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો મારફતે પંચાયતોને પ્રાપ્ય ભંડોળ સાથે રોજગાર બાંયધરી યોજનાના ભંડોળનું સંધાન ટકાઉ સામુદાયિક અસ્કામતોના બાંધકામ માટે કરી શકાય અથવા રોજગાર બાંયધરી યોજના હેઠળ માન્ય કામો માટે કરી શકાય.

**પ્ર. 4 BRGFમાં સંધાનનું આયોજન કેવી રીતે કરાય છે?**

74મા બંધારણ સુધારામાં જિલ્લા આયોજન સમિતિની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. કલમ - 243 ZDમાં જિલ્લા આયોજન સમિતિની રચના વિશે વિગતવાર જોગવાઈઓ કરાઈ છે. જિલ્લા સ્તરના આયોજન પાછળનો ખ્યાલ એ છે કે સ્થાનિક વિસ્તારના વિકાસ માટે એક સંકલિત, સહભાગી અને સંયોજિત યોજના બને. દરેક પંચાયત તથા નગરપાલીકાને એક આયોજન ઘટક તરીકે લેવા જોઈએ. DPC પંચાયત તથા નગરપાલીકા વડે તૈયાર કરાયેલ આયોજનનું જિલ્લા સાથે સંધાન કરે છે અને જિલ્લા માટે એક સમગ્ર વિકાસ આયોજન તૈયાર કરે છે. આ વિચારસરણી આખી યોજનામાં પંચાયતને કેન્દ્ર બનાવવામાં આવી છે. એવી માન્યતા છે કે નીચેથી થતું આયોજન, કાર્યક્રમો તથા યોજનાઓનું સંધાન કરી શકે.

નાણાંનો પ્રવાહ કેવી રીતે વહેશે તેની વિગતો પણ નક્કી કરાઈ છે. બધાં જ નાણાં રાજ્યના એકત્રિત ભંડોળમાં તબદીલ કરવામાં આવશે અને ત્યાંથી તે 12મા નાણાં પંચની ભલામણ અનુસાર પંચાયતો અને નગરપાલિકાઓનાં ખાતાંમાં તબદીલ કરવામાં આવશે. મંજૂર થયેલા

જે કામનો અમલ પંચાયતો કરતી હશે તેના હિસાબો અને છૂટાં કરાયેલાં નાણાંના ઉપયોગનું પ્રમાણપત્ર આપવાનાં રહેશે. રાજ્ય સરકારે ઠરાવેલી પેનલના વ્યવસાયી દ્વારા કામોનું ભૌતિક અને નાણાકીય ઑડિટ નિયમિતપણે કરવામાં આવશે.

કામોના અમલમાં સંધાન સાધવા માટે પંચાયત સ્તરે તેનું તંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. પંચાયતો અને પાલિકાઓ દ્વારા તમામ કામોનો અમલ જે તે પ્રવૃત્તિની નકશાંકન પ્રક્રિયા અને કામો માટે ફાળવાયેલાં નાણાં અનુસાર કરાશે. અમલ માટે તમામ નાણાં પંચાયતો અને નગરપાલિકાઓને તબદીલ કરવામાં આવશે. જો કે, જે કામ પંચાયતો અને પાલિકાઓના કાર્યક્ષેત્રની બહાર હશે તો કયો વિભાગ કે કઈ સંસ્થા તેનો અમલ કરશે અથવા પંચાયતો કે પાલિકા પાસે તે કામનો અમલ કરાવશે તે જિલ્લા આયોજન સમિતિ નક્કી કરશે. તેમને જ દેખરેખ અને નિરીક્ષણની સત્તા હશે.

ગુજરાતમાં છ જિલ્લાઓ પછાત વિસ્તાર અનુદાન ભંડોળ હેઠળ છેઃ બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, નર્મદા અને ડાંગ. માર્ગરેખાઓ અનુસાર તમામ છ જિલ્લાઓ માટે જિલ્લા કક્ષાની યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા પંચાયતોએ આ યોજનાઓને મંજૂરી આપી છે.

તેમને માટે ભંડોળની સાથે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓમાંથી નાણાં મેળવાઈ રહ્યાં છે કે જેથી સ્થાનિક માળખાગત સવલતોમાં રહેતી ખાઈ પૂરી શકાય અને ગરીબી નિવારણના ઉદ્દેશ સાથે સુધારેલી ગુણવત્તા સાથેની સેવાઓ પૂરી પાડી શકાય.

નાણાંનો પ્રવાહ કેવી રીતે વહેશે તેની વિગતો પણ નક્કી કરાઈ છે. બધાં જ નાણાં રાજ્યના એકત્રિત ભંડોળમાં તબદીલ કરવામાં આવશે અને ત્યાંથી તે 12મા નાણાં પંચની ભલામણ અનુસાર પંચાયતો અને નગરપાલિકાઓનાં ખાતાંમાં તબદીલ કરવામાં આવશે.

કામોના અમલમાં સંધાન સાધવા માટે પંચાયત સ્તરે તેનું તંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. પંચાયતો અને પાલિકાઓ દ્વારા તમામ કામોનો અમલ જે તે પ્રવૃત્તિની નકશાંકન પ્રક્રિયા અને કામો માટે ફાળવાયેલાં નાણાં અનુસાર કરાશે. અમલ માટે તમામ નાણાં પંચાયતો અને નગરપાલિકાઓને તબદીલ કરવામાં આવશે.

**પ્ર. 5 સંધાન પ્રાપ્ત કરવા માટેના કેટલાક મુદ્દાઓની સૂચિ બનાવો**

સંધાન સિદ્ધ કરવા માટેના કેટલાક મુદ્દા

**1. અંકુશ ગુમાવવાનો ડર**

તમામ માર્ગરેખાઓમાં જુદા જુદા કાર્યક્રમો વચ્ચે સંકલન અને સંધાન ઊભું થાય તેમ જણાવાયું હોવા છતાં વિવિધ વિભાગો વચ્ચે પરામર્શ થતો નથી. અન્ય વિભાગો દ્વારા આયોજિત પરિયોજનાઓ માટે નાણાં ફાળવવામાં હંમેશાં પ્રતિકાર ઊભો થાય છે. વિભાગોને એમ લાગે છે કે તેઓ તેમનાં સંસાધનો ઉપરનો અંકુશ ગુમાવે છે. સંધાન સાધવા માટે આ નાખુશી દૂર કરવી જ જોઈએ. રાજ્ય સ્તરે તમામ સંબંધિત ખાતાંએ એક પ્રકારે સર્વસંમતિ ઊભી કરવી જ જોઈએ અને તે જિલ્લા સ્તરે પહોંચાડવી જોઈએ કે જેથી તે સંધાનની પ્રક્રિયા શરૂ કરી શકે.

## 2. સંસ્થાગત મંચની ગેરહાજરી

હાલ સંધાન માટે કોઈ સંસ્થાગત મંચ નથી. વિભાગોના કર્મચારીઓ દ્વારા ઘણી વાર એવો સવાલ ઉઠાવવામાં આવે છે કે દેખરેખ કેવી રીતે રખાશે અને આયોજિત રીતે સંધાન કેવી રીતે થશે. જે વિભાગો સંધાન સાધવાનો પ્રયત્ન કરે છે એ વિભાગોની બહારથી સંસાધનો આવવાનાં હોય તો એ ઘણી વાર મુશ્કેલ બની જાય છે. વિવિધ વિભાગોએ દેખરેખ અને હિસાબની સમાન વ્યવસ્થા રાખવી જોઈએ નહિ તો એક જ કામની બેવડી નોંધની સમસ્યા ઊભી થઈ શકે છે. જુદા જુદા કાર્યક્રમોમાં એક જ કામની નોંધ ન લેવાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી થયેલી હોવી જોઈએ. હાલ, વિવિધ વિભાગોની નોંધની સામસામી ચકાસણી માટે કોઈ વ્યવસ્થા ઊભી થયેલી નથી.

## 3. વિવિધ વિભાગો વચ્ચે સંકલન

હાલ વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવા અને સંસાધનો એકત્ર કરવા માટે કોઈ સક્ષમ સત્તામંડળ નથી. દા. ત. જિલ્લાના કલેક્ટર જેવા જિલ્લા સ્તરના અધિકારી સંધાન સાધવા માટે આદેશ અને સત્તા આપવાં જરૂરી છે. એવી પણ એક સામાન્ય લાગણી છે કે જિલ્લા સ્તરને બદલે રાજ્ય સ્તરે સંધાન સધાય તો તે વધારે ઉચિત છે અને તે વધારે સારું છે. વિવિધ વિભાગો વચ્ચેનું સંધાન ગ્રામ પંચાયત સ્તરે સંધાન ન પણ કરે. અનેક અભિગમોનો ઉપયોગ કરવો પડે તેમ છે.

## 4. ભંડોળ વિશે માહિતીનો અભાવ

ખાસ કરીને જે વિભાગો પાસે ઓછું ભંડોળ હોય અને પારસ્પરિક ભંડોળ પ્રાપ્તિની વ્યવસ્થા ના હોય તો ભંડોળ મેળવવા માટે સ્પર્ધા ઊભી થાય છે. પ્રાપ્ય ભંડોળ વિશેની માહિતી મેળવવાનું મુશ્કેલ હોય છે. વિવિધ ક્ષેત્રો હેઠળ જે ભંડોળ ફાળવાયું છે તેની કાં તો ખબર નથી, અથવા તેની વિગતો આપવાનો ઈન્કાર કરવામાં આવે છે. નાણાંના પ્રવાહ વિશે માહિતી ન મળે તો સંધાન ઉચિત રીતે થતું નથી.

## 5. સર્વગ્રાહી પ્રશિક્ષણ કાર્યક્રમનો અભાવ

હાલ કોઈ સંકલિત કે સર્વગ્રાહી તાલીમ કાર્યક્રમ નથી. દરેક વિભાગની તાલીમ જુદી જુદી છે અને ક્ષેત્રીય છે. સંધાન સાધવામાં તેનાથી મદદ ના મળે. વિવિધ વિભાગોનાં સંસાધનો એકત્ર કરવાની જરૂર છે કે જેથી એક સર્વગ્રાહી તાલીમ કાર્યક્રમ ઘડી શકાય અને તે સંધાન સાધવા માટે જરૂરી કુશળતા કર્મચારીઓમાં ઊભી કરે.

# 18. દેખરેખ અને મૂલ્યાંકન



**પ્ર. 1 દેખરેખ એટલે શું?**

દેખરેખમાં આયોજિત કાર્યોના સંદર્ભમાં ચાલતી પ્રવૃત્તિઓની પ્રગતિ ઉપર નજર રાખવામાં આવે છે. કોઈ એક પ્રવૃત્તિના સંદર્ભમાં તેનો અમલ સંસાધનો, કામનું સમયપત્રક અને લક્ષ્યાંકો વિશે કેટલો થયો તે જોતા રહેવું એ દેખરેખ છે. કોઈ પરિયોજનાની યોજનાઓ, સંસાધનોનો ઉપયોગ, માળખાગત સવલતો અને સેવાઓનો પુરવઠો તથા લાભાર્થીઓ દ્વારા એ માળખાગત સવલતો અને સેવાઓનો પુરવઠો તથા લાભાર્થીઓ દ્વારા એ માળખાગત સવલતો અને સેવાઓનો ઉપયોગ વગેરેના સંદર્ભમાં પરિયોજનાના અમલનું સતત મૂલ્યાંકન કરતા રહેવું એ દેખરેખ છે.

**પ્ર. 2 પરિકલ્પનાના અમલીકરણમાં દેખરેખ કઈ રીતે મદદરૂપ છે?**

દેખરેખ સંચાલકોને પરિયોજનાની વાસ્તવિક અને સંભવિત ખામીઓ, નબળાઈઓ અને સમસ્યાઓ વિશે બહુ મોડું થાય તે પહેલાં સચેત કરે છે. તેને પરિણામે પરિયોજનાના સંચાલકોને પરિયોજનામાં સમયસર સુધારાત્મક પગલાં ભરવાની અને જરૂરી ગોઠવણો કરવાની તક મળે છે.

**પ્ર. 3 મુલ્યાંકન એટલે શું?**

મુલ્યાંકન પરિયોજનાની કાર્યક્ષમતા, અસરકારકતા, અસર, ચિરંતનતા અને પ્રસ્તુતતા નક્કી

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

કરવા માટે પરિયોજનાની પદ્ધતિસર અને સ્વતંત્ર જાંચ કરવામાં આવે છે. અમલકર્તા સંસ્થાઓ દ્વારા નક્કી કરાયેલા હેતુઓ પાર પાડ્યા કે નહિ તે તેમાં જોવામાં આવે છે. મૂલ્યાંકનમાં સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે થયો તે તપાસવામાં આવે છે. તેમાં પગારો, સાધન-સામગ્રી, સાધનો, લોકો વગેરેની તપાસ થાય છે. એને કાર્યક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે, એ જ રીતે, તેનો ઈરાદો પરિયોજનાની અસરકારકતા કેટલી રહી તે ચકાસવાનો છે. મૂલ્યાકનમાં ઈચ્છિત પરિવર્તનો આવ્યાં કે નહિ અને વધારાની દરમ્યાનગીરી ન કરાય તો પણ એ પરિવર્તનો લાંબા ગાળા સુધી ટકી શકે એમ છે કે નહિ તે જોવામાં આવે છે. (અસર તથા ટકાઉપણું). તેમાં માત્ર આંકડાકીય તપાસ નથી કરાતી પરંતુ કુશળતા, વલણ, વર્તન, જીવનની ગુણવત્તામાં ફેરફાર, જાહેર નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારીનું સ્તર, સશક્તિકરણ, જૂથનું મજબૂતીકરણ વગેરે જેવી ગુણાત્મક બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. કોઈ પણ પરિયોજનાની સફળતા નક્કી કરવામાં આ ગુણાત્મક પરિબળો ખૂબ જ અગત્યનાં છે.

**પ્ર. 4 એક પરિકલ્પનાના સંદર્ભમાં નીચેની પરિભાષા વર્ણવોઃ (1) અસર મુલ્યાંકન (2) ચિરંતનતા (3) પ્રસ્તુતતા (4) પરિણતિ અને પરિણામ (5) નિર્દેશકો.**

મૂલ્યાંકન અને દેખરેખમાં કેટલાક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. દેખરેખ કે મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં આ શબ્દોની સમજ મેળવવી અત્યંત જરૂરી છે.

**અસર મૂલ્યાંકન**

પરિયોજનાને પરિણામે તેના અમલના વિસ્તારમાં સીધી કે આડકતરી રીતે જે વિધાયક કે નકારાત્મક પરિણામો આવે તે.

**ચિરંતનતા**

અમલકર્તા સંસ્થા પરિયોજના માટેની સહાય પૂરી થઈ ગયા પછી પણ કેટલે અંશે પરિયોજનાના હેતુઓ સિધ્ધ કરવાનું ચાલુ રાખી શકે છે તે.

**પ્રસ્તુતતા**

ઓળખી કઢાયેલી પ્રાથમિકતા ધરાવતી જરૂરિયાતો અને નિસ્બત ધરાવતી બાબતોના સંદર્ભમાં પરિયોજનાનો તર્ક અને હેતુઓ કેટલા પ્રમાણમાં યોગ્ય અને મહત્ત્વના બની રહે છે.

**પરિણતિ અને પરિણામ**

પરિણતિ એ ટૂંકા ગાળાનું છે. જ્યારે પરિણામ લાંબાગાળાનું છે. તે ટકાઉ હોય પણ ખરું અને ન પણ હોય. પરિણતિ એ તત્કાળ ઊભી થતી અસર છે, જ્યારે પરિણામ એ અસર છે.

**હિતધારકો**

કોઈ કાર્યક્રમ કે પરિયોજનાના હેતુઓ અને અમલમાં જે લોકો, જૂથો કે સંસ્થાઓમાં જેમનું હિત અને ભૂમિકા સામેલ હોય અને હિતધારકો કહેવાય. તેમાં એ સમગ્ર સમુદાયનો પણ સમાવેશ થઈ શકે છે કે જેની પરિસ્થિતિમાં ફેરફાર કરવાનો ઉદ્દેશ કાર્યક્રમમાં હોય છે. તેમાં સ્થાનિક સંસ્થાઓ, પાયાની વિવિધ સેવાઓના પુરવઠાકારો અને પ્રવૃત્તિઓનો અમલ કરનારા પરિયોજનાના ક્ષેત્રીય કર્મચારીઓનો પણ સમાવેશ થયા છે. તેમાં પરિયોજના અને કાર્યક્રમ પ્રબંધકો પણ ગણાય કે જેઓ અમલ ઉપર દેખરેખ રાખે છે. એવા દાતાઓ અને નિર્ણયકર્તાઓનો પણ તેમાં સમાવેશ થાય છે કે જેઓ કાર્યક્રમ સંબંધી બાબતો અંગે નિર્ણયો લે છે અને જેઓ સમગ્ર કાર્યક્રમના માહોલ

સીધો અથવા આડકતરો પર પ્રભાવ પાડે છે અથવા પરિયોજના સાથે જોડાયેલ છે. એ તમામનો પણ તેમાં સમાવેશ થાય છે.

**નિર્દેશકો**

જે કંઈ થઈ રહ્યું છે તે જોવા માટે, સંસાધનોનો કેટલો ઊપયોગ થયો તે જોવા માટે, પ્રવૃત્તિઓની નોંધ કરવા માટે, લોકો-સામુદાયો ઉપર પરિયોજનાની અસર જોવા માટે નિર્દેશકોનો ઉપયોગ કરવામાં આવે છે. નિર્દેશકો એટલે વિકાસલક્ષી પરિયોજનાઓ કે કાર્યક્રમો માટેનાં સાધનો પરિણામ પ્રક્રિયાઓ, અને અસરો.

**પ્ર. 5 પરિકલ્પનાની દેખરેખ માટે માહિતી એકઠી કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય?**

દેખરેખ હેતુ અને અમલની પ્રક્રિયાના ભાગ તરીકે માહિતી ભેગી કરવી જ જોઈએ. પરિયોજનાની વિવિધ પ્રકારની આંકડાકીય માહિતી, ક્ષેત્રીય મુલાકાતોની નોંધો અને તેમની મેળવણી કરવા માટેનાં માળખાં અને પત્રકો દેખરેખ માટે ખૂબ જ ઉપયોગી થાય છે. મૂલ્યાંકનમાં એક જ પ્રકારની માહિતી ભેગી કરવા માટે સર્વેનો ઉપયોગ કરી શકાય છે. તેમાં લોકો કે પરિવારોની પસંદગી નમૂના પધ્ધતિને આધારે કરી શકાય.

ઉપરાંત પ્રગતિ વિશે જાણવા માટે ચોક્કસ મુદ્દાઓ, જેવાં કે શાળામાં નોંધણી, માતૃત્વ મૃત્યુ દર અને બાળમૃત્યુ દરની સમસ્યાઓ વિશેની પ્રક્રિયાઓ જોવા માટે પાયાની માહિતી ભેગી કરવાનું વિકસાવી શકાય. જમીન વિકાસ, વનીકરણ, તળાવો કે કૂવા ઊંડાં કરવાં વગેરે જેવી પરિયોજનાઓમાં અગાઉનું ચિત્ર શું છે તે જાણવાનું ઉપયોગી બનતું હોય છે.

**1. ઝડપી મૂલ્યાંકન**

લાભાર્થીઓ અને અન્ય હિતધારકોનાં મંતવ્યો જાણવાની અને તેમનો પ્રતિભાવ મેળવવાની આ ઝડપી અને ઓછી ખર્ચાળ પધ્ધતિ છે. માહિતી માટેની નિર્ણયકર્તાઓની જરૂરિયાતો તેનાથી સંતોષાય છે. સંચાલકોને નિર્ણયો કરવા માટે તેનાથી ઝડપથી માહિતી મળે છે. પરિયોજનાને પરિણામે આવેલા ફેરફારો વિશે તે ગુણાત્મક સમજ પૂરી પાડે છે. એ વિવિધ હિતધારકો સાથે ચર્ચા-વિચારણા દ્વારા થાય છે.

**પ્ર. 6 દેખરેખ તથા મુલ્યાંકનનાં બે અભિગમો કયા છે?**

દેખરેખ તથા મુલ્યાંકન માટે બે પ્રકારના અભિગમો છે. (1) પરંપરાગત અભિગમ (2) સહભાગી અભિગમ.

**પ્ર. 7 પારંપારિક તથા સહભાગી અભિગમો વચ્ચે મુખ્ય તફાવત કયા છે?**

પારંપારીક મુલ્યાંકન બહારના તજજ્ઞો વડે કરાય છે. તેઓ પૂર્વનિશ્ચિત નિર્દેશોના સંપૂટ વડે, કે જે કિંમત તથા લાભોનો ખ્યાલ રાખે છે, પરિયોજના માટે ભંડોળ ચાલુ રાખવું કે નહીં તે નિર્ણય કરે છે. આ મોટે ભાગે પરિયોજના પૂરી થાય ત્યારે કરાય છે.

સહભાગી મુલ્યાંકન સ્થાનિક લોકો વડે પરિયોજના ઉપર કબજો લેવા માટે સશક્ત કરવા માટે તથા જરૂર પડે તો સુધારણાનાં પગલાં લેવા માટે સમુદાયના સભ્યો અથવા પરિયોજનાના કર્મચારીઓ વડે કરાય છે. સમુદાય સફળતાના પોતાના નિર્દેશો તૈયાર કરે છે. સાદી પદ્ધતિઓ

નો ઉપયોગ કરાય છે અને એકઠી કરેલ બધી માહિતી ખૂલ્લી મૂકાય છે. આવી દેખરેખ નિયમિત સાથે કરી શકાતી હોવાને કારણે, કાર્યક્રમના અમલીકરણમાં સુધારણાનો અવકાશ છે.

**પ્ર. 8 સહભાગી દેખરેખ તથા મુલ્યાંકન એટલે શું?**

સહભાગી દેખરેખ તથા મુલ્યાંકન પરિકલ્પનાના હિસ્સેદારની સક્રિય સંડોવણી માટે વ્યવસ્થા કરે છે. સહભાગી દેખરેખ પરિયોજનાનો કેવી રીતે અમલ થઈ રહ્યો છે તેનું ચિત્ર પૂરું પાડે છે. આયોજન મુજબ પ્રવૃત્તિઓમાં થઈ રહી છે કે નહિ એની માહિતી તે આપે છે. હિતધારકો સાથે વાતચીત કરવામાં આવે છે. સહભાગી મૂલ્યાંકન કાર્યક્રમની કામગીરી સુધરે છે. કાર્યક્રમના લાભાર્થીઓને સાંભળવામાં આવે અને તેમની પાસેથી શીખવામાં આવે, તથા એવું જ ક્ષેત્રીય કાર્યકરો તથા અન્ય હિતધારકોના થઈ શકે છે. મૂલ્યાંકનમાં કયા પ્રશ્નો દ્વારા માહિતી મહત્ત્વના સુધારા થઈ શકે છે.

**પ્ર. 9 વિશ્વસનીયતા ઘડવા માટે સહભાગી દેખરેખ તથા મુલ્યાંકનમાં કેવી રીતે ઉપયોગ થાય છે?**

પરંપરાગત રીતે જોઈએ તો, દાતા સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ લાભાર્થીઓને ઉત્તરદાયી બનાવવા માટે તેનો ઉપયોગ કરતી હતી કે જેથી નક્કી થયેલાં લક્ષ્યાંકો અને ધ્યેયો સિદ્ધ કરી શકાય. આ પ્રકારની દેખરેખથી સરકારને જવાબદાર બનાવવામાં આવે છે અને જાહેર કાર્યક્રમોથી સમુદાયની જરૂરિયાતો કેટલી સંતોષાય છે તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. સામાજિક અન્વેષણ, આવશ્યક સેવાઓ ઉપર નાગરિકો કે સમુદાયની દેખરેખ, જનસુનાવણી વગેરે એવી કેટલીક પધ્ધતિઓ છે કે જેમનો ઉપયોગ હિતધારકોની સહભાગિતા સાથે વિકાસલક્ષી કાર્યક્રમો ઉપર દેખરેખ રાખવા અને તેમનું મૂલ્યાંકન કરવા માટે કરાતો હોય છે.

**પ્ર. 10 ભારતમાં કયા કાર્યક્રમો/પરિકલ્પનામાં ભાગીદારી દેખરેખની અંતર્નિહિત પદ્ધતી છે?**

ભારતનાં મોટાભાગના રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરના કાર્યક્રમોમાં આયોજન, અમલીકરણ તથા દેખરેખની સહકારીતા અંતર્નિહિત હોય છે. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના કે જે લોકોને સામાજિક અન્વેષણ દ્વારા ગ્રામસભામાં નીચે તરફની જવાબદારી/વિશ્વસનિયતા માટે સમાવે છે, તે આનાં ઉદાહરણો છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનમાં પણ મિશનના અમલ ઉપરની દેખરેખ અને તેના મૂલ્યાંકન માટે એક ટૂલકિટ તૈયાર કરવામાં આવી છે. મિશનના દસ્તાવેજમાં તે માટેના નિર્દેશકો પણ લખવામાં આવ્યા છે.

# 19. સામાજિક ઑડિટ



**પ્ર. 1 જ્યારે નિયમિત અન્વેષણ થતાં હોય છે, ત્યારે સામાજિક ઑડિટને આટલું બધું મહત્વ કેમ અપાય છે?**

નાણાકીય ઑડિટ એ નાણાકીય વ્યવહારની ચકાસણી છે અને તે બહારની સંસ્થાના નિયમો તથા માર્ગદર્શન મુજબ કરાય છે. તે નિશ્ચિત હેતુ માટેના સંસાધનના ઉપયોગ તથા પ્રક્રિયાની સ્થાપિત સચ્ચાઈની જવાબદારીને ઉપર લાવવા માટે છે. જેમને માટે કાર્યક્રમ તૈયાર કરાયો છે, તે સામાન્ય લોકો આ પ્રક્રિયામાં સામેલ નથી. સામાજિક ઑડિટનો મૂળભૂત હેતુ પ્રકલ્પો, કાયદાઓ તથા નીતિઓનાં અમલીકરણમાં જાહેર જવાબદારીની ખાતરી કરાવવાનો છે. આ એ પ્રક્રિયા છે, જે વિકાસનાં પ્રથમ તબક્કા માટે જાહેર સંસ્થાઓ વડે ઉપયોગમાં લેવાયેલ નાણાકીય તથા બીન નાણાકીય સ્રોતોની વિગતો દર્શાવે છે. તેમાં મોટેભાગે ગ્રામસભા જેવા જાહેર મંચ દ્વારા યોજનાનો નક્કી થયેલી વસ્તીને કેટલી અસરકારકતાથી ફાયદો મળ્યો, તથા આ ફાયદો લોકો સાથે કેવી રીતે વહેંચવામાં આવ્યો તેનું મૂલ્યાંકન થાય છે. સામાજિક ઑડિટ અંતિમ ઉપભોક્તાને વિકાસના પ્રારંભિક તબક્કાને ચકાસવાની તક આપીને લોકોને જવાબદારી તથા પારદર્શિતા તરફ આગળ વધારે છે. સામાજિક ઑડિટ એ જાહેર જાગૃતિ તથા દેખભાળની સતત ચાલતી પ્રક્રિયા છે. સામાજિક ઑડિટનો એક સાદો પ્રકાર જાહેર સભા છે, જ્યાં એક

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

પ્રકલ્પની વિગતો બારિકારીથી ચકાસાય છે. માહિતી અધિકાર ધારા મુજબ પારદર્શિતા માટે કરાયેલ ઘટસ્ફોટ આપોઆપ જવાબદારી તરફ દોરી જતો નથી. જ્યારે માહિતીના આધારે સામાન્ય માણસ અમલ કરતી સંસ્થાને પ્રશ્ન કરે, ત્યારે તે જવાબદારી તરફ દોરી જાય છે.

**પ્ર. 2 સામાન્ય રીતે લોકો ગ્રામસભામાં ભાગ લેતાં નથી, તો સામાન્ય લોકો સામાજિક ઑડિટમાં કેવી રીતે ભાગ લઈ શકે?**

લોકો ગ્રામસભામાં ભાગ નથી લેતા કારણ કે મોટા ભાગે આવી મિટીંગો એવી રીતે કે પ્રકારે ગોઠવાય છે, કે લોકો તેનો હેતુ સમજતા નથી. તેમને લાગે છે કે માત્ર થોડાક શક્તિશાળી લોકોનો જ નિર્ણય લેવાની પ્રક્રિયામાં સમાવેશ કરાય છે. જો લોકો જાણે કે આ મિટીંગ તેમના માટે કરાયેલ કાર્યક્રમ વિશે અભિપ્રાય માગવા માટે છે, અને કાર્યક્રમની ગુણવત્તા સુધારવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે, તો તેઓ રસ દેખાડવાનું શરૂ કરશે.

વહીવટી સંસ્થાઓ તથા/અથવા પાયાની સેવા પૂરી પાડનારાઓ, જેવાં કે પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સસ્તા ભાવની દુકાનો, રાહત તથા પુનર્વસન સેવાઓના સામાજિક ઑડિટો નાગરિકો, કે જેઓ પ્રાથમિક હિસ્સેદારો છે, તેમનો સમાવેશ ઈચ્છે છે. તેમને બધા નિર્ણયો તથા કાર્યક્રમોના વ્યવહાર વિશે પારદર્શક તથા સીધી પદ્ધતિમાં જાણ કરવી જરૂરી છે. તે જવાબદારીની માગણી માટે સ્થાનિક લોકોના ફોરમનું નિર્માણ કરે છે. રોજગાર બાંયધરી યોજનાના કિસ્સામાં ગ્રામ પંચાયત જવાબદારી માટે લોકોની ભાગીદારી માટેની બંધારણીય સંસ્થાની ભૂમિકા ભજવે છે. માટે સામાજિક ઑડિટ માટે એક સશક્ત જાહેર ફૉરમ બનાવવું ખૂબ મહત્ત્વનું છે.

સામાજિક ઑડિટની વ્યવસ્થા માટે પાયાની જરૂરિયાતો મોટેભાગે નીચેના સિદ્ધાંતો પર આધારિત છેઃ

1. ગ્રામસભા જેવાં લોકોની સંસ્થાએ પ્રક્રિયા ધરાવવી જોઈએ તથા તેનું સંચાલન કરવું જોઈએ.
2. તે ખૂબ સરળ હોવી જોઈએ જેથી લોકો તેની વ્યવસ્થા કરી શકે.
3. તે ભયમુક્ત હોવી જોઈએ, પરંતુ સાથે જ લોકોને સશક્ત કરે તેવી હોવી જોઈએ.
4. તેની નિષ્પત્તિ પ્રશ્નોના નવસર્જન માટે બદ્ધ હોવી જોઈએ તથા સુધારાનાં પગલાં લેવાવાં જોઈએ.

**પ્ર. 3 સામાજિક ઑડિટ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે ગ્રામ પંચાયતે શું કરવું જરૂરી છે?**

રોજગાર બાંયધરી યોજનાની નિર્દેશિત માર્ગદર્શિકા મુજબ, ગ્રામ પંચાયતે પરાપૂર્વથી બહાર રખાયેલ ગરીબો, મહિલાઓ અનુ. જાતિ/અનુ. જનજાતિમાંથી એક ગ્રામ દેખરેખ કમિટી બનાવવી જોઈએ. સામાજિક ઑડિટમાં ગરીબો તથા છેવાડાના લોકોને સમાવેશ જવાબદારીની પ્રક્રિયામાં વિશ્વાસ પેદા કરશે. બધી મુખ્ય પરિયોજનાઓને લગતી માહિતીઓ જાહેર સ્થળે મૂકાવી જોઈએ. કેટલીક આવશ્યક માહિતીઓ લોકો સમજી શકે તેવી રીતે પ્રદર્શિત કરાવી જોઈએ. તેને મેનેજમેન્ટ ઈન્ફૉર્મેશન સિસ્ટમના વિસ્તારમાંથી જનતા ઈન્ફૉર્મેશન સિસ્ટમમાં

જવું તેમ કહેવાય છે, જેથી લોકો તેમના પોતાના ડેટા તથા માહિતી સમજી શકે તથા તેનું વિશ્લેષણ કરી શકે. ગ્રામ પંચાયત એક સ્વતંત્ર બહારના વ્યવસ્થાપક તો પ્રક્રિયાની વ્યવસ્થા માટે સમાવેશ કરશે. પંચાયત તટસ્થતા દર્શાવવા માટેની અમલીકરણ સંસ્થા હોવાને કારણે, તે ફરીયાદને ચકાસવા તથા ફરીયાદની નવસજાવટ માટેનાં સૂચનો કરવા માટેની એક સ્વતંત્ર જરૂરી બની શકે. આ આખી પ્રક્રિયા લોકોને કહેવી જોઈએ જેથી સામાજિક ઑડિટમાં વિશ્વાસ વિકસાવી શકાય. બીજું મહત્વનું પાસું લોકોના સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, જેથી તેઓ પોતાના ખ્યાલો તથા પ્રશ્નોને વાચા આપી શકે. આ મોટા પાયે જાગરૂક્તા ઝૂંબેશ કરીને તેમ જ અમલીકરણ સંસ્થા દ્વારા પ્રક્રિયા વિશેની ગંભીરતા તથા પ્રતિબદ્ધતાના પ્રદર્શન વડે શક્ય બને. જાહેર પારદર્શિતા તથા જવાબદારીએ અમલીકરણ સંસ્થાની નીતિ હોવી જોઈએ, જેને કાર્યક્રમમાં સંકળાયેલ બીજી સંસ્થાઓનું પીઠબળ મળે. સામાજિક ઑડિટમાં ઓળખાયેલ મુદ્દાની ચોક્કસ સમય માળખાંમાં નવસજાવટ થવી જોઈએ. આના વગર લોકો પ્રક્રિયામાંથી વિશ્વાસ ગુમાવી દેશે.

**પ્ર. 4 સામાજિક ઑડિટનાં સંચાલન માટેનાં મુખ્ય પગલાં કયાં છે?**

રોજગાર બાંયધરી યોજનાનાં જિલ્લા પ્રોગ્રામ કોઑર્ડિનેટરની દરેક ઓફીસ બધી ગ્રામ પંચાયત માટે 30 દિવસ અગાઉ ગ્રામસભા માટે એક જાહેરનામું મોકલશે. આ જાહેરનામામાં પ્રોગ્રામ ઓફીસરને તેમના લાગતા વળગતા વિસ્તારોની ગ્રામસભાની તારીખ તથા સમય નક્કી કરવા તથા તે વિશેની માહિતી ગ્રામ પંચાયતને પહોંચાડવા માટે જવાબદાર બનાવવામાં આવશે. ગ્રામ પંચાયતને સામાજિક ઑડિટ માટે ગ્રામસભા યોજવા માટે જવાબદાર બનાવવી જોઈએ જ્યારે ઑડિટના સંચાલનની જવાબદારી સામાજિક ઑડિટ સમિતિની છે, ગ્રામ દેખરેખ સમિતિ, રોજગાર બાંયધરી યોજના હેઠળ હાથ ધરાયેલ કામની પ્રગતિના નિરિક્ષણ માટે સ્થાનિક સમાજના 9 સભ્યોનું બનાવાયેલ જુથ છે. તેમાં મહિલાઓ તથા અનુ. જાતિ/અનુ. જનજાતિનું પ્રતિનિધિત્વ હોય છે. અમલીકરણ વિશેના ડેટા એકઠા કરવા માટે વપરાશકર્તાને માફક આવે તેવા ફોર્મેટ તથા દસ્તાવેજો બનાવવા જોઈએ. ઢાંચો એવો હોવો જોઈએ જેથી ગ્રામિણો પણ કાર્યક્રમના જુદાં જુદાં ખાતાંમાં માહિતી ભરી શકે. કેટલીક મહત્વની માહિતી પ્રોએક્ટીવલી પ્રદર્શિત કરવી જરૂરી છે. પ્રોએક્ટીવ ઘટસ્ફોટનો ઢાંચો વિકસાવી શકાય અને માહિતી પંચાયતોનાં મકાનો તથા બીજા જાહેર સ્થળોની દિવાલો પર છાપી શકાય. કાર્યકરોની સૂચિ, કામના દિવસોના આંકડા તથા ચૂકવાયેલ વેતન વિશેની માહિતી જાહેર કરી શકાય, જેથી ભૂતિયા કામગારો, ન ચૂકવાયેલાં ભથ્થાંઓ વગેરે પ્રશ્નો જાહેર કરી શકાય.

રોજગાર બાંયધરી યોજનાની સામાજિક ઑડિટ કમિટીને કામની બહાલી, મસ્ટર રોલ, કામની માપણી, પગાર પત્રક તથા બીજા બધા વ્યવહારને લગતી માહિતી એકઠી કરવાની સત્તા અપાઈ છે. આ માહિતીનું વિશ્લેષણ કરાય છે અને ખૂબ સાદા ઢાંચામાં લોકો પાસે રજુ કરાય છે તથા લોકોનો અભિપ્રાય મગાય છે. સામાજિક ઑડિટ કમિટીને કઈ જાતની માહિતી ઉપલબ્ધ કરાવાય છે, તે જાહેર કરવું જરૂરી છે. તે ઉપરાંત, પરિયોજના વ્યવસ્થાપન સામાજિક ઑડિટ સમિતિ વડે મગાયેલ બધી માહિતી પૂરી પાડશે.

સામાજિક ઑડિટ કમિટી બધી માહિતી વિશ્લેષણ તથા ચકાસણી કરી શકશે. બધી માહિતી લોકો પાસે જનતા માહિતી પદ્ધતિ તરીકે સાદી રીતે રજુ કરાશે. JIS ની રજુઆત છણાવટનો આધાર પૂરો પાડે છે. સામાજિક ઑડિટ કમિટી પરિયોજના લાભાર્થીઓની સૂચિ મેળવી શકે તથા તેમને કાર્યક્રમની ગુણવત્તા, લાભો મેળવવામાં આવતા પ્રશ્નો, સામગ્રીના ભાવોની ચકાસણી, ખર્ચનો અડસટ્ટો તથા વાસ્તવિક ખર્ચ ચકાસવો વગેરે વિશે પૂછી શકે. તેઓએ લોકોએ કરેલી ફરીયાદો પણ નોંધવી જોઈએ. હાથ ધરાયેલ કામની ચકાસણી માટે સામાજિક ઑડિટ કમિટીના કેટલાક સભ્યો કાર્યસ્થળની મુલાકાત લેશે. કાર્યસ્થળે રોજના મટીરિયલ્સ રજીસ્ટર રખાયાં છે કે નહીં તથા પાંચ કામગારો વડે તેની રોજ ચકાસણી થાય છે કે નહીં તે તેમણે ચકાસવું જોઈએ. તેમણે એ પણ જણાવવું જોઈએ કે તપાસ માટે મેઝરમેન્ટ/માપણીની નોંધો ઉપલબ્ધ છે કે નહીં.

ગ્રામસભાના દિવસે સમાજમાં ઉત્સાહ તથા રસપૂર્વક અંકિત થવો જોઈએ. જાહેર ઘોષણા પણ અદ્યતન હોવી જોઈએ. નીચે જણાવેલ પગલાંઓનું ચૂસ્તતાપૂર્વક પાલન થવું જોઈએ. ગ્રામસભાનું મહત્ત્વ દર્શાવતાં બેનર લગાડવાં જોઈએ. ગ્રામસભાના આગલા દિવસે સરપંચ, પંચાયત સભ્યો તથા પંચાયત સેક્રેટરી સાથે પ્રક્રિયાને અંતિમરૂપ આપવા તથા ગ્રામસભાની સગવડતા ક્રમ નક્કી કરવા મિટીંગ થવી જોઈએ.

પરિયોજનાના અમલીકરણને લગતા બધા અગત્યના દસ્તાવેજો લોકોની ચકાસણી માટે ગ્રામસભાના સ્થળે મૂકાવા જોઈએ. પરિયોજનાના કર્મચારી સાથે સામાજિક ઑડિટ કમિટીના એક સભ્યને પણ લોકો વડે ચકાસાનાર દસ્તાવેજો સાથે તેમના પ્રશ્નો વિશે માહિતી મેળવવામાં મદદરૂપ થવા માટે ગ્રામસભાના સ્થળે બેસાડવા જોઈએ.

વિશ્લેષણ માહિતી મોટા તથા સાદા ઢાંચામાં લખીને ગ્રામસભાના સ્થળે મૂકાવી જોઈએ. ગ્રામસભાના સ્થળે ફરીયાદ/સૂચના પોથી મૂકવી જોઈએ. આનાથી જે લોકો પોતાના પ્રશ્નો વિશે બોલી નથી શકતા. તેઓ લખવા માટે પ્રેરીત થશે. આ બોક્ષનેને સામાજિક ઑડિટ સભ્ય વડે ગ્રામસભા મિટીંગ દરમ્યાન ખાલી કરવામાં આવશે તથા બધા મુદ્દા વંચાશે તથા તેનો પ્રત્યાઘાત અપાશે.

- અમલીકરણ સંબંધી મસ્ટર રોલ તથા બીજા બધા દસ્તાવેજો લોકોની ચકાસણી માટે ગ્રામસભાના સ્થળે મૂકાવાં જોઈએ.
- વિશ્લેષણ ડેટા પણ મોટા તથા સાદા ફોર્મેટ (ઢાંચા)માં લખાવા જોઈએ તથા ગ્રામસભાનાં સ્થળે મૂકાવા જોઈએ.
- કામને લગતા ડેટા (શેલ્ફ ઓફ પ્રોજેક્ટ), મંજુર થયેલ બજેટ, માન્ય કામ, નોંધાયેલ કુટુંબો, અપાયેલ જોબ કાર્ડ્સ, કુલ લોકો - પુરુષો તથા મહિલાઓને સોંપાયેલા કામના દિવસો તથા થયેલ ચૂકવણી વગેરે ગ્રામસભાના સ્થળે ચાર્ટ પર દર્શાવવા જોઈએ. લોકોની જાણકારી માટે ભાવપત્રક પણ ચાર્ટ પર દર્શાવવા જોઈએ. ગ્રામસભામાં દર્શાવેલ બધી જ માહિતી જોઈ શકાયતેવી તથા વાંચી શકાય તેવી હોય તેનો ખ્યાલ રાખવો જોઈએ. કામની પહેલાંના તથા પછીના ફોટોગ્રાફ્સ લોકોની ચકાસણી માટે મૂકાવા જોઈએ.
- અમલીકરણ સંસ્થા અથવા સંસ્થાઓના પ્રતિનિધિઓ ગ્રામસભામાં હાજર

હોવા જોઈએ.

- સામાજિક ઑડિટની ગ્રામસભાની મુખ્ય સ્થાન પર સામાજિક ઑડિટ કમિટીના પ્રમુખ હોવા જોઈએ.
- ગ્રામસભાની શરૂઆત છેલ્લી સામાજિક ઑડિટ ગ્રામસભાના મુખ્ય પ્રશ્નો/મુદ્દાઓની પ્રગતિ (લેવાયેલ પગલાં) તથા લેવાયેલ મુખ્ય નિર્ણયોની ફેર ચકાસણી વડે કરાય છે. લોકો ટીપ્પણી કરી શકે અથવા પ્રશ્નો પૂછી શકે તથા તેના આધારે આગળના નિર્ણયો લેવાય, જે સભાની મિનિટ્સ લેતી વ્યક્તિ વડે યોગ્ય રીતે નોંધી લેવાય.
- ત્યારપછી સામાજિક ઑડિટ કમિટીએ MGNREGSના અમલીકરણનો અહેવાલ રજુ કરવો જોઈએ. એટલે કે તેમણે વિશ્લેષણ થયેલ, ચકાસાએલ તથા રજુ થયેલ માહિતીઓ રજુ કરવી જોઈએ.
- સામાજિક ઑડિટ કમિટીના સભ્યો નિષ્પત્તિના સારાંશને ગ્રામસભામાં રજુ કરવા માટે શાળાના શિક્ષક અથવા બીજા સમુદાયના સભ્યની મદદ લઈ શકે છે.
- જો ચકાસણીમાં કોઈ ક્ષતિ જણાય તો તે નોંધવી જોઈએ તથા ગ્રામસભામાં હાજર સંલગ્ન અધિકારી વડે તેનો તાત્કાલિક પ્રત્યાઘાત અપાવો જોઈએ. જો જરૂર પડે તો તેને આગળ પૂછપરછ માટે મોકલી શકાય. આનો અંતિમ કાર્યકારી અહેવાલમાં સમાવેશ થવો જોઈએ.

# 20. નેતાગીરીનો વિકાસ



**પ્ર. 1 નેતાગીરી શું છે?**

નેતાગીરી એટલે કોઈ ધ્યેય પુરું કરતી વખતે અથવા તંત્રમાં સુધારા કરતી વખતે લોકોને હેતુ, નિર્દેશન તથા પ્રોત્સાહન પૂરાં પાડીને તેમના પર પ્રભાવ પાડવાની રીત.

**પ્ર. 2 નેતા કોણ છે?**

જેનામાં બીજાને પ્રેરણા આપવાની તથા લક્ષ્ય પૂરાં કરવા માટે પ્રોત્સાહિત કરવાની શક્તિ છે, તે નેતા છે.

**પ્ર. 3 શું વ્યક્તિ જન્મજાત નેતા હોય છે?**

મહાત્મા ગાંધી, નેલ્સન માંડેલા કે માર્ગારેટ થેચર જેવા નેતાઓ નેતા તરીકે જનમ્યા ન હતા. તેઓ ઉંચી કક્ષાની મહાત્વાકાંક્ષા ધરાવતા હતા જેની સાથે તેઓ ક્યાં પહોંચવા માગે છે તથા તેમના લોકોનાં હિત માટે શું કરવા ધારે છે તે વિષેની સ્પષ્ટ દૃષ્ટિ જોડાયેલી હતી. તેમની પાસે અપાર શક્તિ, આત્માવિશ્વાસ, નિર્ણયાત્મકતા, તેમનાં ક્ષેત્રનું જ્ઞાન વગેરે હતાં. નેતાગીરી કુનેહ

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

માગે છે. જો તમે તરવાનું અથવા ગણિત અથવા ચૅસ રમવાનું શીખી શકો તો તમે નેતાગીરીની કુનેહ પણ શીખી શકો છો.

**પ્ર. 4 એક સારા નેતાનાં ગુણો શું છે?**

એક સારો નેતા એ છે કે જે ઉપરીઓ, સમોવડીયાઓ કે હાથ નીચેના કર્મચારીઓમાં ઊંચા સ્તરનો વિશ્વાસ સ્થાપિત કરવો તથા સહયોગ અને પ્રભાવતી કામ કરી શકે છે. એક સારા નેતામાં મહત્વકાંક્ષા, આરંભ, આત્મવિશ્વાસ અને પોતાની ક્રિયાઓ માટે અંગત જવાબદારી હોવી તથા બહાંના ન કાઢવા તથા બીજા પર દોષારોપણ ન કરવું જેવાં ગુણો છે. તેને ક્યાં પહોંચવું છે અને તેને માટે કયો રસ્તો લેવો છે તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો તથા મુખ્ય લક્ષ્ય તથા હેતુ માટે પ્રયત્નો તથા શક્તિ એકાગ્રચિત્ત કરવાં. એક સારા નેતામાં વસ્તુ સ્થિતિ કેવી હોવી જોઈએ તેની દૃષ્ટિ હોવી અને કામદારો સાથે અસરકારક તથા ઉત્સાહપૂર્વકની વાતચીત દ્વારા 100 ટકા પરિણામ મેળવવું. પરિસ્થિતિની માગને સમજીને તે મુજબ ક્રિયા કરવી. કાર્યને લગતાં દરેક પાસાંમાં બીજાને પોતાનો અભિપ્રાય આપવા માટે પ્રોત્સાહિત કરીને તેમને પોતે કંપનીનો એક ભાગ છે તેવો અનુભવ કરાવવો. તેના અથવા તેણીના વિચારો, માન્યતા, હેતુ, પદ્ધતિ અને વલણોને કાર્યકર્તાઓ સુધી પહોંચાડવાં, જેઓ પછી તે વિચારોને કાર્યમાં બદલે તેવી શક્તી હોવી જોઈએ.

**પ્ર. 5 એક અસરકારક નેતા કયાં મૂલ્યો ધરાવતો હોવો જોઈએ?**

અસરકારક નેતા એ છે જે પ્રમાણિક, પ્રેરિત, ઉત્સાહી, આત્મવિશ્વાસવાળો, જેને કામ વિશે જાણકારી છે, સ્થિર લાગણીવાળો, પુખ્ત જુથ કાર્ય પર જે ભાર મૂકે છે તથા જે ને કાર્યકરોનો સાથે છે.

**પ્ર. 6 અનુયાયીઓ નેતા પાસેથી શું અપેક્ષા રાખે છે તથા શા માટે તેને પસંદ કરે છે?**

કર્મચારીઓ પોતાના નેતામાં ચોક્કસ લક્ષણો/ખાસિયતો જોવા ઈચ્છે છે. આપણામાંના મોટ ભાગના એવા નેતાઓ માટે ઉંચો અભિપ્રાય ધરાવે છે જેઓ પ્રમાણિક કાબેલ, દિર્ઘદૃષ્ટિવાળા અને પ્રેરણાદાયક હોય.

**પ્ર. 7 નેતાગીરીની શૈલી એટલે શું?**

સામાન્ય રીતે નેતાગીરીની શૈલી એટલે એવી રીતભાત અથવા વલણ જે કોઈ દોરવણી કરવા માટે અપનાવે. દા. ત. એક એવી વર્તુણક કે જેના વડે નેતા નિર્દેશન કરે છે, યોજનાનો અમલ કરે છે અથવા લોકોને પ્રેરે છે. એક નેતા તરીકે તમે જુદા જુદા સમયે પોતાને જ જુદી જુદી નેતાગીરીની શૈલીનો ઉપયોગ કરતા જોઈ શકશો.

**પ્ર. 8 સામાન્ય રીતે ઉપયોગમાં લેવાની જુદી જુદી નેતાગીરીની શૈલી કઈ છે?**

નેતાગીરીની ચાર શૈલી છે. જેમ કેઃ (i) અધિપત્ય ધરાવતા અથવા સર્વસત્તાધિશ નેતા. (ii) સક્રિય ભાગીદારી અથવા લોકનિયંત્રિત નેતા. (iii) પ્રતિનિધિત્વ ધરાવતા અથવા સલાહમસલત

કરનાર નેતા. (iv) ચાલતું હોય તેમ ચાલવા દેતા અથવા મુક્તશાસનમાં માનવાવાળા નેતા.

**પ્ર. 9 આધિપત્ય ધરાવતી/સર્વસત્તાધિશ નેતાગીરી એટલે શું?**

અધિપત્ય ધરાવતા અથવા સર્વસત્તાધિશ કર્મચારીઓ પર સત્તા જમાવવા માટે ધમકીઓ તથા સજા/શિક્ષાનો આધાર લે છે, કર્મચારીઓ પર વિશ્વાસ મુકતા નથી તથા કર્મચારીઓને સહકારની છુટ આપતા નથી.

**પ્ર. 10 સહભાગિતાવાળી નેતાગીરી એટલે શું?**

લાક્ષણિક રીતે લોકનિયંત્રિત નેતા એટલે - (i) કર્મચારીઓને કામમાં આગળ વધવા પ્રેરે (ii) જે પ્રાપ્ત કર્યું હોય તેને માન્યતા તથા પ્રોત્સાહન આપે (iii) કર્મચારીઓને લક્ષ્ય નક્કી કરવાની છુટ આપે.

**પ્ર. 11 પ્રતિનિધિત્વવાળી/સલાહમસલતવાળી નેતાગીરી એટલે શું?**

લાક્ષણિક રીતે પ્રતિનિધિત્વમાં માનનાર નેતા નીચેની બાબતો કરે (i) લોકો પાસેથી તેમના વિચારો જાણે (ii) આખરી નિર્ણયની સત્તા પોતાની પાસે રાખે.

**પ્ર. 12 ચાલતું હોય તેમ ચાલવા દેવું/મુક્ત સત્તાવાળી નેતાગીરી એટલે શું?**

ચાલતું હોય તેમ ચાલવા દેવાવાળા નેતા કર્મચારીઓ પર બહુ ઓછો કાબુ ધરાવે છે એવા તંત્રમાં જ્યાં કર્મચારીઓ કુનેહવાળા અનુભવી સમર્થ અને પ્રરિત હોય ત્યારે તેમને સોંપાયેલા કામમાં ભાગ લીધા વગર કે દખલ કર્યા વગર તેમને સત્તા તેમ જ જવાબદારી સોંપી દેવાં તે જ મોટે ભાગે ઉત્તમ છે.

**પ્ર. 13 પરિસ્થિતિ મુજબની નેતાગીરી એટલે શું?**

પરિસ્થિતિને અનુલક્ષીને જે જુદા જુદા પ્રકારની નેતાગીરી અપનાવી શકે તે પરિસ્થિતિજન્ય નેતા કહેવાય.

# 21. પ્રેરણા



**પ્રશ્ન 1. પ્રેરણા/પ્રેરિત કરવું એટલે શું?**

પ્રેરણાએ મૂળભૂત રીતે કર્મચારીઓ પાસે કામ કરાવવું અને કર્મચારીઓને કામ કરવા ઈચ્છતા કરવા વચ્ચેનો સ્પષ્ટ તફાવત છે.

**પ્રશ્ન 2. એવી કઈ બાબતો છે, જે લોકોને પ્રેરિત કરે છે?**

પ્રેરિત કરે તેવાં કેટલાંક પરિબળો (i) રસ પડે તેવું કાર્ય (ii) સારો પગાર (iii) થયેલાં કામની પૂરી કદર (iv) નોકરીની સલામતી (v) સારી કાર્ય સ્થિતી (vi) તંત્રમાં બઢતી તથા વિકાસની તક (vii) કર્મચારીઓ તરફ વ્યક્તિગત વિશ્વાસ (viii) અંગત સમસ્યાઓ માટે સહાનુભૂતિભરી મદદ.

**પ્રશ્ન 3. કઈ બાબતો સૂચવે છે કે કર્મચારીઓ નિરુત્સાહી થયા છે?**

નીચેનાં તત્વો પરોક્ષ રીતે નૈતિક અથવા ઉત્સાહને લગતી સમસ્યાઓ દર્શાવે છે. (i) વધારે પડતી ગેરહાજરી. (ii) ફેર-બદલીની ઉંચા દર. (iii) અકસ્માતની સંખ્યામાં વધારો. (iv) વધારે પડતી ફૂટ-ફાટ અથવા બગાડ. (v) કર્મચારીઓ તરફથી મોટી સંખ્યામાં ફરીયાદો અથવા ગાંભીર્ય.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**પ્રશ્ન 4. અકર્મણ્યતા માટેનાં કેટલાંક કારણો ક્યાં છે?**

કામગીરીની સમસ્યાનાં ચાર મુખ્ય કારણો છેઃ (i) જ્ઞાન તથા કુનેહઃ- કર્મચારી. પ્રક્રિયા યોગ્ય રીતે કેવ કરવી તે જાણતો નથી. કુનેહ, જ્ઞાન, શક્તિનો અભાવ. (ii) પ્રક્રિયાઃ- સમસ્યા કર્મચારીને લગતી નહીં પરંતુ કાર્યસ્થિતિ તથા ખરાબ પ્રક્રિયાઓને કારણે હોય. (iii) સ્રોતોઃ- કાર્ય માટે જરૂરી સ્રોતો અથવા ટેકનોલોજીનો અભાવ. (iv) પ્રેરણા અથવા સંસ્કૃતિઃ- કાર્ય કેવી રીતે કરવાનું છે તે કર્મચારી જાણે છે, છતાં ખોટી રીતે કરે છે.

**પ્રશ્ન 5. અકર્મણ્યતા સાથે કામ કરવા માટેના અભિગમો કયા છે?**


અપૂરતી કામગીરી સાથે વ્યવહાર કરવા માટે બે પ્રકારનાં વલણ છે. (1) જડ વલણ અને (2) પ્રોત્સાહક વલણ. અપૂરતી કામગીરી સાથે વ્યવહાર કરતી વખતે મોટેભાગે સામાન્ય વલણ તેમને તેમનાં કામમાંથી દૂર કરવાનું, બીજે તેઓ સારું કામ કરશે તેમ વિચારીને તેમની બીજા વિભાગમાં બદલી કરવાનું અથવા તેમને પગાર કાપવાનું અથવા કરવાની સજા કરવાની હોય છે. આવાં વલણને જડ વલણ કહે છે. જો કે આવું વલણ માત્ર ઈચ્છિત પરિણામ મેળવવામાં અસફળ જ નથી રહેતું, પરંતુ બધા કર્મચારીઓને નીચી નૈતિક્તાવાળાં તથા કરે છે.

પ્રોત્સાહક વલણમાં પ્રયત્નોની સ્વકૃતિ અને કદરનો સમાવેશ થાય છે જે કાર્યનાં વાતાવરણને સુધારવામાં, ઉત્પાદનની ગુણવત્તા સુધારવામાં તથા કર્મચારીઓના સંતોષમાં પરિણમે છે.

**પ્રશ્ન 6. કર્મચારીઓને પ્રેરિત કરવા માટેની નેતાઓની કેટલીક ટીપ્સની સૂચિ બનાવો.**

1. તંત્રનાં લક્ષ્યને પામવા માટે કયા સ્તરના અને પ્રકારના કાર્યની જરૂર છે તે નક્કી કરવું.
2. **લોકોને પ્રોત્સાહન તથા તાલીમ આપોઃ** નેતાએ તેમના જુથના સભ્યોમાં તેઓ જરૂરી કાર્ય કરી શકશે તેવો આત્મવિશ્વાસ પેદા કરવા માટે જરૂરી તાલીમ તથા પ્રેરણા પૂરા પાડવાં જોઈએ.
3. **સારા કામ બદલ ઈનામઃ** ભલે એક પ્રમાણપત્ર, પત્ર અથવા આભાર નાના અને મહત્વ વગરના લાગતાં હોય, તેઓ શક્તિશાળી પ્રેરકબળ બની શકે છે.
4. **તમારા કર્મચારીઓને આયોજન તથા સમસ્યાના ઉકેલની પ્રક્રિયાનો ભાગ બનવાની છુટ આપોઃ** જે લોકો નિર્ણય લેવાની પ્રક્રિયાના ભાગ બને છે. તેને તેના માટે માલિકી ભાવ થાય છે. આ વસ્તુ આયોજન સફળ થાય તેમાં તેમનો અંગત રસ ઉભો કરે છે.
5. **તમારા કર્મચારીઓની સંભાળ રાખોઃ** તમારો તેમનળી સાથે સમભાવ હોવો જોઈએ. ભલે તેમની અંગત જીંદગી પર તમારો કાબુ ન હોય, તમને તેમની દરકાર છે તેમ તેમને લાગવું જોઈએ.
6. **વાટાઘાટને ખુલ્લી તથા પારદર્શક રાખો.**
7. **તેમનાં કામને પડકારરૂપ, ઉત્તેજનસભર તથા અર્થપૂર્ણ બનાવો.**

# 22. અસરકારક સંચાર



**પ્ર. 1 તંત્રમાં અસરકારક સંચારની અગત્યતા શું છે?**

યોગ્ય વાતચીત વ્યક્તિને તેની પાસેથી શું અપેક્ષા છે તે જણાવે છે, એટલે કે યોગ્ય વ્યક્તિ સાચી માહિતી મેળવે છે તથા તંત્રની અંદર સહયોગનું વાતાવરણ છે તેમ જાણે છે. સામાન્ય અર્થમાં સંચાર એટલે માહિતીની આપ-લે તથા વિચારોનું આદાન-પ્રદાન. જો કે માહિતી તથા વિચારોની આપ-લે તો જ પૂરી થાય. જો તે સંદેશો જે વ્યક્તિ માટે હોય તે વ્યક્તિ તેને એ જ અર્થમાં સમજે, જે તેને સંદેશો મોકલનાર તે જે રીતે સમજ તેમ ઈચ્છતા હોય.

**પ્ર. 2 અસરકારક સંચારના શું ફાયદા છે?**

ઉત્પાદક્તામાં વધારો, ગુણવત્તાસભર ઉત્પાદન તથા સેવા, કર્મચારીઓ તરફથી વધારે સૂચનો, સર્જનાત્મકતાનાં ઉંચા સ્તર. કર્મચારીઓનો વધારે કાર્ય સંતોષ. ગેરહાજરદારીમાં ઘટાડો તથા કર્મચારીની ફેર-બદલીમાં ઘટાડો અસરકારક સંચારના ફાયદા છે.

**પ્ર. 3 તંત્ર વડે અનુસરાતી સંચારની વિવિધ રીતો કઈ છે?**

દરેક સ્તરના વ્યવસ્થાપકો મુખ્ય ચાર પ્રકારની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે - આયોજન, સંયોજન, દોરવણી તથા મુલ્યાંકન આકૃતિમાં દર્શાવ્યા મુજબ મૅનેજરે વાતચીત કરવી જોઈએ તેવાં પાંચ


---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સ્તર છે. તે છે ઉપર તરફ, નીચે તરફ, સામેની તરફ અને બહારની તરફ તથા પોતાના તરફ. ઘણાં તંત્રોમાં વાતચીતનો પ્રવાહ માત્ર એક જ દિશામાં એટલે કે નીચેની તરફ હોય છે. આવા નીચે તરફ હોય છે. આવા નીચે તરફની વાર્તાલાપમાં વ્યવસ્થાપકો પોતાની ભૂમિકા આદેશાત્મક છે તેમ સમજે છે. એટલે કે પ્રબંધન વડે નિર્ણયો લેવાય છે અને હાથ નીચેના માણસો પર લાદી દેવાય છે, જેઓ એ હુકમનું પાલન કરવું જોઈએ તેમ મનાય છે. વ્યવસ્થાપન તથા કર્મચારીઓ વચ્ચે બહુ પહોળી ખાઈ હોય છે. આવી પરિસ્થિતિ સ્પષ્ટ પણે "કામદારો કામ કરે અને વ્યવસ્થાપકો વ્યવસ્થા કરે" તેવો ખ્યાલ સૂચવે છે. આવા કાર્યસ્થળે વાતચીત 'જાણવા માટે જરૂર છે માટે' એવા આધાર પર થાય છે જે નીચી નૈતિક્તા તથા ઓછી ઉત્પાદક્તામાં પરિણમે છે.

ઉપર તરફની સંચાર મોટેભાગે કર્મચારીઓ તરફથી આંરભાતી સંચાર હોય છે અને તે આદેશાત્મક ન હોય તેવા પ્રકારની હોય છે. ઉપરની તરફની સંચારમાં વ્યવસ્થાપકો સૂચનો માગે છે, આવશ્યક માહિતી આપે છે અને ત્યારે પછી વિચારોની આપ-લે થાય છે. આ એક ઉપર-નીચે-ઉપર પ્રકારની સંચાર છે. આ સંચાર બધી દિશામાં વહે છે અને કર્મચારીઓના મતની સક્રિય વકિલાત તથા મૂલ્યાંકન થાય છે. આવી સંચારનું વલણ કાર્ય માટેની ભૂમિકા તથા જવાબદારીની સ્પષ્ટ સમજણમાં પરિણમે છે, જે પછી આગળ જતાં વધારે ઉત્પાદન તથા કામ તેમ જ મેનેજમેન્ટ તરફના હકારાત્મક અભિગમમાં પરિણમે છે.

આજનાં તંત્રો પૂરા તંત્રમાં કાર્ય જૂથોમાં ઉંચી કક્ષાનો તાલમેલ માગે છે. આવી એકસૂત્રતા માત્ર તંત્રમાં અસરકારક, સ્પષ્ટ તથા દ્વિ-માર્ગી સંચાર વડે જ શક્ય છે.



**પ્ર. 4 સક્રિય શ્રોતાની ભૂમિકા શું છે?**

સક્રિય શ્રોતા હોવું એ સામા માણસને સાંભળવા તથા પ્રતિભાવ આપવાનો એવો માર્ગ છે જે અરસ-પરસ સમજણમાં પરિણમે છે. મોટે ભાગે જ્યારે લોકો એકબીજા સાથે વાત કરે છે ત્યારે ધ્યાનપૂર્વક સાંભળતા નથી. સક્રિય સાંભળવું એ વક્તાને સાંભળવા તથા પ્રતિભાવ આપવાનો ઘડેલો પ્રકાર છે. સક્રિય સાંભળવામાં વક્તાને એક હેતુ સાથે સાંભળવાનો સમાવેશ થાય છે. આ હેતુ છે માહિતી મેળવવી બીજાને સમજવા, તેમની સમસ્યા ઉકેલવી, ટેકો દર્શાવવો ખ્યાલ વગેરે. આને માટે સંદેશો મેળવનાર તે વિવિધ સંદેશાને સંભાળપૂર્વક તથા ધ્યાનપૂર્વક સાંભળે, તેનો અર્થ સમજે, પછી તેના વિશે વિચારો દર્શાવીને તે અર્થની ચકાસણી કરે તે જરૂરી છે. આ લોકો વચ્ચે ગેરસમજ થતી અટકાવવામાં પણ મદદરૂપ છે.

**પ્ર. 5 સંચારના વિવિધ પ્રકારો કયા છે?**

વાટાઘાટના ચાર પ્રકાર છે. લેખિત પત્રવ્યવહાર, ઑન લાઈન સંવાદ, મૌખિક સંચાર તથા અમૌખિક (મૂંગી) સંચાર.

**પ્ર. 6 લેખિત સંચારનો ક્યારે તથા કેવી રીતે ઉપયોગ થાય છે?**

લેખિત પત્રવ્યવહારનો ઉપયોગ જ્યારે ઔપચારિક, કાર્યાલય સંબંધી અથવા લાંબાગાળાની પરિસ્થિતિ હોય ત્યારે કરવો જોઈએ. પત્રો ભાવમાં ઔપચારિક હોય છે અને એક વ્યક્તિને સંબોધાયેલા હોય છે. તેનો સત્તાવાર નોટિસ, ઔપચારિક રીતે નોંધાયેલા નિવેદનો તથા લંબાણપૂર્વકની વાટાઘાટ માટે ઉપયોગ કરાય છે. પત્ર કરતાં અહેવાલ વધારે વસ્તુલક્ષી તથા વધારે ઔપચારિક હોય છે. તેનો ઉપયોગ માહિતી, વિશ્લેષણ અને ભલામણ પહોંચાડવા માટે કરાય છે. જૂથ સાથેની લેખિત સંચારમાં સત્તાવાર અહેવાલ, બૉર્ડ નોટીસ, ચોપાનીયાં, જાહેરાત, પ્રદર્શિત કરવું તથા દૃશ્ય - શ્રાવ્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. લેખિત સંચાર એકરૂપતા આગળ વધારવા તથા સ્પષ્ટ સમજણમાં મદદ માટે સાદા શબ્દોમાં લખાયેલી હોવી જોઈએ.

**પ્ર. 7 ઑનલાઈન સંવાદનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરાય છે?**

ઈલેક્ટ્રોનિક મેઈલ એ એક અથવા વધારે લોકોને સંદેશો મોકલવાનો ઝડપી માર્ગ છે. જો કે ઈ-મેઈલ દ્વારા વાતચીત કરતી વખતે ધ્યાનમાં લેવા જેવા કેટલાંક પોઈન્ટ્સ છે તે નીચે મુજબ છે.

- તમારો પાસવર્ડ સુરક્ષિત છે તેની ખાતરી કરો
- યોગ્ય માળખાં અને આલેખનનો ઉપયોગ કરો
- આકાર તથા કદ વિશે સાવધાન રહો
- એક અર્થપૂર્ણ વિષયનો ઉપયોગ કરો
- કેપીટલ અક્ષરોમાં ન લખો કારણ તે તમે ગુસ્સામાં છો તેમ દેખાડે છે
- તમે ઈમેઈલ મોકલો તે પહેલાં ફરી વાંચી લો
- તમારા ઈમેઈલની એક કૉપી સાચવો

**પ્ર. 8 મૌખિક/બોલચાલની સંચારનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય?**

આમાં અનૌપચારિક કર્મચારી મીટિંગ, આયોજીત સભા/પરિષદ તથા સમુહ મીટિંગનો સમાવેશ થાય છે. મૌખિક સંચારમાં અવાજની સ્પષ્ટતા તથા સંદેશો પહોંચાડવા/આપવામાં સાવધાની

રાખવી જરૂરી છે. મૌખિક સંચાર ત્વરિત અભિપ્રાય સાથે ઝડપથી સંદેશો પહોંચાડવામાં પરિણમે છે. લોકો તે જ ક્ષણે પ્રશ્નો પૂછીને શંકા (જો હોય તો)નું નિરાકરણ કરી શકે છે.

**પ્ર. 9 અમૌખિક (મુંગી) સંચારમાં શેનો સમાવેશ થાય છે?**

મુંગા સંદેશા સંચાર માટે પ્રતિકૃતિ, ક્રિયા તથા વર્તુણકના ઉપયોગનો સમાવેશ થાય છે. પ્રતિકૃતિમાં તસ્વીરો, સિનેમા, નકશા, કોષ્ટક, ગ્રાફ તથા વિડીયોનો સમાવેશ થાય છે. એક અસરકારક સંચારકાર તે/તેની જે લોકો સાથે સંચાર કરે તેમની સાથે આંખનો સંપર્ક જાળવી રાખે છે.

**પ્ર. 10 તંત્રમાં સંચારનાં કયાં વિવિધ માધ્યમો પ્રવર્તે છે? તેમનો અસરકારક ઉપગોય કેવી રીતે કરી શકાય?**

આમ તંત્રને લગતી સંચારોનું નેટવર્ક (કાર્યજાળ) બે પ્રકારનાં માધ્યમોનું બનેલું હોય છે પરસ્પર સંબંધિત તથા પરસ્પર આધારિત એટલે કે ઔપચારિક તથા અનૌપચારિક માધ્યમો. આ માધ્યમો કેટલે અંશે સંદેશ સરળતાથી, ત્વરાથી તથા સચ્ચાઈથી તંત્રમાં ફેલાય છે તે નક્કી કરે છે. તે માધ્યમોમાં પ્રસરતા સંદેશાનો પ્રકારન નક્કી કરે છે. ઔપચારિક માધ્યમ તંત્રના જુદા જુદા હોદ્દાઓ વચ્ચે સંચારનો પ્રવાહ માટે ઈરાદાપૂર્વક બનાવાયેલ અને સત્તાવાર રીતે મુકરર કરાયેલ માર્ગ છે. આ માધ્યમ સંચાર માટેનું મર્યાદિત માધ્યમ છે જે માત્ર ઉપરી અથવા હાથ નીચેના કર્મચારીની દ્વારા આવશ્યક માહિતી પસાર થવાની છૂટ આપે છે. સંચાર માટેનું અનૌપચારિક માધ્યમ, જે દ્રાક્ષાસવ તરીકે પણ ઓળખાય છે, તે કોઈ સત્તાવાર ક્રિયાનું નહીં પરંતુ કાર્યસ્થળે સામાજિક દળોની પ્રક્રિયાનું પરિણામ છે. જ્યારે તંત્રને લગતી વધારે પડતી ઉત્તેજના જેવી કે નીતિમાં ફેરફાર, યાંત્રિકતા, કૉમ્પ્યુટરાઈઝેશન અથવા અંગત ફેરફાર થાય ત્યારે આ દ્રાક્ષાસવ (ગ્રેપવાઈન) વધારે સક્રિય બને છે. અનૌપચારિક વટાઘાટ એ તંત્રને લગતી પ્રક્રિયાનો અનિવાર્ય ભાગ છે. આ બાબતમાં મેનેજમેન્ટ વડે થઈ શકે તેવી એક જ વસ્તુ છે કે આ માધ્યમની ખરાબ અસરોને બને તેટલી ઓછી કરવા યોગ્ય પગલાં ભરી શકે છે.

**પ્ર. 11 સંચારની વર્તુણક્તા જુદા જુદા પ્રકારો કયા છે, તે વર્ણવો?**

સંચારની ચાર પ્રકારની વર્તુણક હોય છે. આક્રમક, શાંત, ત્યાગ અને કૃતનિશ્ચય. (i) આક્રમક વર્તુણક બીજા કોઈકના હક્કનું ઉલ્લંઘન કરી છે અથવા વિખુટું પાડી દે છે. તે કદાચ શારીરિક તથા શાબ્દીક/મૌખિક બન્ને જાતના ગુસ્સા અથવા અંકુશને દેખાડે છે. આક્રમકતા એ કેટલીક વખત બીક, સ્વાભિમાનનો અભાવ અથવા બીજા કોઈ પણ રસ્તે પરિસ્થિતિને કાબુમાં કરી શકવાની અશક્તિ દર્શાવે છે. (ii) શાંત અથવા પરોપકારી વર્તુણક મોટે ભાગે જેઓ અયોગ્ય વિનંતીઓને 'ના' કહેવા ન ઈચ્છતા હોય, વધારે પડતા નમ્ર અને મદદરૂપ થાય તેવા દેખાવા ઈચ્છતા હોય તેવામાં જોવા મળે છે વિનમ્ર વર્તુણક. (iii) મોટેભાગે મનદુઃખ/રોષ ઉભાં કરે છે જે પોતાનાં જ સ્વભિમાનમાં ઘટાડો અથવા આખરે આક્રમક ધડાકા રૂપે દેખાય છે. (iv) કૃતનિશ્ચિયી/સાગ્રહી વર્તુણક એટલે બીજી વ્યક્તિના દૃષ્ટિકોણ ને માન્ય કરતી વખતે જ તમારી પોતાની લાગણી/ માન્યતા વિશે કહેવું આવી કૃતનિશ્ચયી વર્તુણક મોટેભાગે આનંદપ્રદ પરિસ્થિતિ તરીકે જોવાય છે જ્યાં બન્ને પક્ષોની સંચાર પ્રક્રિયામાં અસરકારકતા વધવાને કારણે લાભ મેળવે છે. આમાં શક્ય સમસ્યાઓના ઉકેલના માર્ગે શોધતી વખતે તમારા હક્ક તથા માન્યતા માટે ઉભા રહીને થતી સ્પષ્ટ તથા સ્થિર સંચારને સમાવેશ થાય છે.

**પ્ર. 12 તંત્રમાં સંચારના અવરોધો કયા છે?**

તંત્રમાં ભલે ગમે તેટલી સારી વાટાઘાયની પધ્ધતિ હોય તો પણ દુર્ભાગ્યે અવરોધો ઉભા થઈ શકે છે અને થાય છે. અસરકારક સંચારમાં આવતા અવરોધને ઓળખવા તે સંચારની શૈલી સુધારણાનું પ્રથમ પગથીયું છે. અસરકારક સંચારમાં આવતા અવરોધોમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

- **શારીરિક અવરોધોઃ** જે તત્વો અવારનવાર સંચારમાં મુશ્કેલીના કારણો બને છે, તે છે - અલગ અલગ મકાનો અથવા સ્થળમાં રખાયેલા કર્મચારીઓ, કર્મચારીઓની અછત વગેરે હોય છે.
- **તંત્રનું માળખુંઃ** તંત્રનું માળખું જો અસ્પષ્ટ હોય તો કોની સાથે સંચાર કરવી તેની મુંઝવણ ઊભી કરી છે. બિનઅસરકારક અથવા આયોગ્ય માહિતી પદ્ધતિ કર્મચારીઓને તેમની પાસેથી શું અપેક્ષા છે તેની અચોક્કસતા તરફ દોરી જાય છે, જે અસરકારક સંચારમાં અસ્પષ્ટતા અથવા નિષ્ફળતામાં પણ પરિણામે છે.
- **વૃત્તિસ્થિતિજન્ય અવરોધઃ** વૃત્તિસ્થિતિજન્ય અવરોધો એક તંત્રમાંના કર્મચારીઓ સાથેના પ્રશ્નોને પરિણામે આવે છે. દાખલા તરીકે - નબળું વ્યવસ્થાપન, કર્મચારીઓ સાથે સલાહ-મસલતનો અભાવ, વ્યક્તિત્વનો ટકરાવ કે જે લોકોના સંચારમાં મોડું કરવા અથવા મનાઈ કરવામાં પરિણમી શકે છે.
- **પ્રાપ્તકર્તા તરફ લાગણીશીલતાનો અભાવઃ** એક સંદેશો જ્યારે પ્રાપ્તકર્તાને સ્વિકાર્ય ન હોય. દા. ત. પ્રાપ્તકર્તાની જરૂરિયાત, વિષયનું જ્ઞાન તથા ભાષાની કુનેહ ત્યારે સંચાર નિષ્ફળ જઈ શકે.
- **સંચાર માટેની મૂળભૂત કુનેહનો અભાવઃ** લોકોને સંદેશો સમજતા અટકાવી શકે.
- **વિષયનું અપુરતુ જ્ઞાન**
- જો મોકલનાર અયોગ્ય માધ્યમની સંચાર માટે પસંદગી કરે, તો સંચાર નિષ્ફળ થઈ શકે છે.
- સંચારની સાંકળ જેટલી વધુ લાંબી, તેટલી ક્ષતિની શક્યતા વધારે. જો એક સંદેશો ઘણા બધા મેળવનાર દ્વારા પસાર થયા, તો મોટેભાગે તે સંદેશો નાશ પામે છે.
- જો સંદેશો ઘડવામાં અને તેના સંચાલનમાં લાગણી વચ્ચે આવે તો પણ મેળવવામાં ભંગાણ પાડી શકે. જો તમારા નિરિક્ષકે મોકલેલો કાર્ય પ્રક્રિયામાં ફેરફાર સૂચવવા બાબતને અહેવાલ મેળવો અને તમને તમારો નિરિક્ષક પસંદ ન હોય, તો તમને વસ્તુલક્ષી રીતે તે અહેવાલ વાંચવામાં પણ તકલીફ થશે. તે ખોટાં અર્થઘટન તરફ દોરી જઈ શકે છે.
- જો એક જૂથનો નેતા પ્રકલ્પની ચર્ચા કરતી વખતે કોઈ વિક્ષેપ કે પ્રશ્નો પૂછવાની છૂટ ન આપે તો તે જોઈ શકશે કે જુથના સભ્યો તેમણે શું કરવાનું છે તે પૂરેપુરું સમજ્યા નથી.

# 23. જૂથ નિર્માણ



**પ્ર. 1 જૂથનો અર્થ શું છે?**

"એક ટુકડી એટલે એવાં કાર્યોનો સમુહ કે જે એક વ્યક્તિની અસરકારક રીતે પૂર્ણ થઈ શકે તેમ ન હોય, તે પૂરાં કરવા માટે સંગઠીત કરાયેલ જૂથ"

**પ્ર. 2 ટીમ વર્ક - જૂથ કાર્ય શું છે?**

"જૂથકાર્ય એ સહિયારી દૃષ્ટિ માટે સાથે મળીને કામ કરવાની આવડત છે." તંત્રો હવે તેમના સંસ્થાગત હેતુઓ તથા લક્ષ્યો પૂરાં કરવા માટેનાં કાર્યો માટે સંપૂરક કુનેહ ધરાવતા લોકોનાં જૂથ/ટુકડી બનાવવા ઈચ્છે છે.

**પ્ર. 3 એક સારા જૂથના લક્ષણો શું છે?**

એક સારા જૂથના હેતુનો ખ્યાલ હોય છે તથા કામ વિશે સ્પષ્ટ હોય છે. દરેક સભ્યો જાણે છે કે શું કરવાનું છે, તે પોતાની કામગીરી માટે જવાબદારી અનુભવે છે. સાથે કામ કરવાનાં ધોરણો નક્કી થઈ ગયાં હોય છે, સત્તા તથા નિર્ણય લેવાની રેખાઓ સ્પષ્ટ છે, વિખવાદોને ખૂલ્લી રીતે સમજાય છે, ખૂલ્લી અને પ્રમાણીક વાટાઘાટા થાય છે, દરેક સભ્યના અજોડ ગુણ સરાહાય છે, વિશ્વાસ અને સફળતાની આબોહવા હોય છે, જે સમાનભાગે વહેંચાય છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**પ્ર. 4 જૂથના વિકાસ માટેનાં જુદાં જુદાં પગલાં શું છે?**

જૂથનું ઘડતર તબક્કાવાર થાય છે. જુથના વિકાસના તબક્કાઓ સમજવા એ સફળ જુથ વ્યવસ્થાપનની ચાવી છે. મોટે ભાગે સામાન્ય રીતે સમજાતા પાંચ તબક્કા - આકાર આપવો, ધસી જવું, નોર્મીંગ, રજૂઆત તથા સ્થગિત કરવું.

**પ્ર. 5 જૂથમાં પ્રશ્નો ક્યારે ઊભા થઈ શકે?**

જૂથમાં અકર્મણ્યતાને કારણે પ્રશ્નો ઊભા થઈ શકે છે. આ વિશ્વાસના અભાવ, વિખવાદના ભય, પ્રતિબદ્ધતાનો અભાવ, જવાબદારીને ટાળવી તથા પરિણામ પ્રત્યે બેદરકારીને કારણે થઈ શકે છે.

**પ્ર. 6 જૂથના નેતાની ભૂમિકા શું છે?**

**જૂથના નેતા તરીકે જૂથને ચાલુ રાખવા તમારી નીચેની બાબતો કરવી જરૂરી છે.**

**જુથને તેના પ્રયોજનો ઓળખવામાં મદદ કરવીઃ** જ્યારે લોકો તેઓ જે લક્ષ્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેને સમજે ત્યારે વધારે અસરકારક રીતે કાર્ય કરે છે.

**લક્ષ્યબિંદુ અને સરહદ નક્કી કરવાંઃ** જુથને તેમનાં કામનાં લક્ષ્યબિંદુને સંભાળવામાં મદદ કરીને તમે તેમને તેમનાં લક્ષ્ય સુધી વધુ ઝડપથી પહોંચવા માટે તેમના નિશાન પર વધુ ધ્યાન આપતા કરી શકશો.

**તમારી માન્યતાઃ** જૂથના સંદર્ભમાં તમારા વાણી અને વર્તન બન્ને દ્વારા દર્શાવો કે તમે તેમાં માનો છો. એક વખત તેમને તેમનો હેતુ અને લક્ષ્ય અને તમારી માન્યતા મળી જાય એટલે તેઓ તેમના સફળતાના માર્ગ પર છે.

**તમારી ભૂમિકા સ્પષ્ટ કરોઃ** તમારી ભૂમિકા દોરવાની છે, કામ કરવાની કે બધા નિર્ણયો કરવાની નથી. જુથને જાણવાદો કે તમારી ભૂમિકા શું છે.

**ટેકેદાર બનોઃ** તમારી ક્રિયાઓથી જુથને ટેકો આપો. જુથને અવરોધો અને માર્ગમાં આડખીલીનો અનુભવ થશે. એ આડખીલીઓ હટાવવાનું, વધારાના સ્રોત/સાધનો શોધવાનું અને સામાન્ય રીતે ટેકો પૂરો પાડવો એ તમારું કામ છે.


**સરળતા કરી આપનાર બનોઃ** જુથને સફળ થવામાં મદદ કરો. જરૂર હોય ત્યારે માર્ગદર્શન પુરું પાડો. તે સમયે જ જુથને સફળ થવા દો અને ભવિષ્યની વધુ મોટી સિદ્ધિ માટે પોતાની જાતને વિકસાવવા દો.

**પ્ર. 7 એક જૂથમાં નેતાના ગુણો શું છે?**

**જુથના સભ્યો તેમના આગોવાનમાં નીચેના ગુણો શોધે છે.**

- કામ તેમ જ લોકો પ્રત્યે સમર્પિતતા.
- જુથને ટેકો તથા સેવા આપવાની ઈચ્છા.
- ઉત્સાહ, શક્તિ, પ્રેરણા અને પૂરતી નિપુણતા.
- બધો કાર્યભાર જુથના સભ્યો પર નાખી દેવાને બદલે પોતાના ખભા પર જવાબદારી ઉપાડવાની તૈયારી.
- લક્ષ્યો અને હેતુઓ પ્રાપ્ત કરવા માટે જુથને એકઠું થાય તેમ કરવાની આવડત.

# 24. સાક્ષર ભારત અભિયાન



**પ્ર. 1 સાક્ષર ભારત અભિયાન શું છે?**

આપણા વડાપ્રધાનશ્રીએ સાક્ષર ભારત અભિયાન શરૂ કર્યું છે, તે ભણતર અને સાક્ષરતા વિભાગ, માનવ અધિકાર કાર્યાલય કેન્દ્ર સરકારે વિશ્વ સાક્ષરતા દિવસે અમલી બનાવ્યું છે. તા. 8 સપ્ટેમ્બર 2009. સાક્ષર ભારત અભિયાનની 1લી ઓક્ટોબર, 2009ના રોજ સમયબદ્ધ રીતે 15થી 35 વર્ષની વય જુથના અભણ લોકોમાં સાક્ષરતા દાખલ કરવા માટે સ્થાપના થઈ છે અને તેની અવધિ માર્ચ 31, 2012 સુધી નિર્ધારિત રખાઈ છે અને તે સમય વધારવાનું કાર્ય કેન્દ્ર સરકાર વિચારશે. અંતે આ અભિયાન (સંસ્કાર ભારત) 70 લાખ વ્યકિતઓ, તેમાં પણ 60 લાખ અભણ મહિલાઓ હશે. 36૫ મહિલા પછાત વિસ્તારોમાં ગુજરાત ખાતે 121 તાલુકાઓ અને 13 જિલ્લાઓ આવરી લેવાશે. તેમાં દાહોદ, બનાસકાંઠા, પંચમહાલ, ડાંગ, નર્મદા, પાટણ, સુરેન્દ્રનગર, કચ્છ, સાબરકાઠાં, ભાવનગર, અમરેલી, જુનાગઢ અને જામનગર જિલ્લાઓની 2001ની વસ્તી ગણતરી પ્રમાણે ત્યાંની 50 ટકા અભણ મહિલાઓ હતી.

**પ્ર. 2 સાક્ષર ભારત અભિયાનના હેતુઓ શું છે?**

આ કાર્યક્રમનો સમગ્રતયા હેતુ આજીવન શિક્ષણની રીતે પ્રૌઢ શિક્ષણને આગળ ધપાવવાનો તથા મજબૂત કરવાનો અને તે રીતે એક શિક્ષિત સમાજ ઊભો કરવાનો છે. આ તરફ તે પ્રૌઢ

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

તથા સતત શિક્ષણને ઔપચારિક શિક્ષણ પદ્ધતિને સમાંતર કાયમી તથા સંસ્થાગત રીતે સ્થાપિત કરવી જરૂરી છે. તે પ્રૌઢ શિક્ષણના સાચા ખ્યાલને મજબૂત કરશે. તેનું વધારે લક્ષ એવો પ્રૌઢો, ખાસ કરીને મહિલાઓને શિક્ષિત કરવાનો છે, જેઓ પરંપરાગત શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણ લેવાની ઉંમર તથા તક વટાવી ચૂક્યા છે અને જેઓ કોઈ પણ પ્રકારનું શિક્ષણ લેવા ઈચ્છે છે. તેમાં સાક્ષરતા, પાયાગત શિક્ષણ (ઔપચારિક શિક્ષણને સમાનતા), વ્યવસાયી શિક્ષણ (કૌશલ્ય વિકાસ), શારીરિક તથા લાગણીનો વિકાસ, પ્રાયોગીક કલા, વ્યવહારુ વિજ્ઞાન, રમતગમત તથા મનોરંજનનો સમાવેશ થાય છે.

**પ્ર. 3 આ અભિયાનની મુખ્ય પ્રવૃત્તિઓ શું છે તથા તેનું ગ્રામ પંચાયત સાથે સંસ્થાકીય જોડાણ શું હશે?**

આ કાર્યક્રમના અમલીકરણ માટે કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલા જિલ્લાઓની ગ્રામ પંચાયતોમાં 1.70 લાખ લોક શિક્ષા કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ કાર્યક્રમ હેઠળ વર્તમાન સી.ઈ.સી.એસ. ચાલુ રાખવા માટે એન.એલ.એમ.એ.ની ખાસ મંજૂરી મેળવવી જરૂરી રહેશે. પાયાગત સ્તરે સાક્ષરતા અને જીવનભરના શિક્ષણને સંસ્થાકીય, સંચાલકીય અને રિસોર્સ સહાય પૂરી પાડવા માટેનાં સાધન સંપન્ન વિવિધલક્ષી લોક શિક્ષા કેન્દ્રો (સી.ઈ.સી.એસ.) ગ્રામ પંચાયત સ્તરે સ્થાપવામાં આવશે. 5000ની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતમાં સી.ઈ.સી.એસ.નું એક કેન્દ્ર સ્થાપવામાં આવશે. જો ગ્રામ પંચાયત 5000 કરતાં વધુ વસ્તી ધરાવતી હશે તો તેને માટે એક વધારાનું એ.ઈ.સી. કેન્દ્ર સ્થાપવામાં આવશે. એ.ઈ.સી. કેન્દ્રમાં બે પગારદાર સંયોજકો પ્રેરકની કરારના ધોરણે નિમણૂક કરવામાં આવશે. ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલા મકાનમાંથી એ.ઈ.સી.એસનું કાર્ય ચાલશે. પ્રેરકોની પસંદગી અનામત જૂથો (એસ.સી.એસ/ લધુમતીઓ) માંથી કરવાની રહેશે અને તેમાં ઓછામાં ઓછી એક મહિલા હોવી જોઈએ. પ્રેરક ઓછામાં ઓછો એસ.એસ.સી. પાસ હોવો જોઈએ. પંચાયત લોક શિક્ષા સમિતિ લગભગ 13 સભ્યોની બનેલી હશે. પંચાયત પ્રમુખ(સરપંચ) આ સમિતિના અઘ્યક્ષ હશે અને સમિતિ સભ્યોમાંથી ઉપાઘ્યક્ષને પસંદ કરવામાં આવશે. આ કમિટીનું મુખ્યકાર્ય લોકશિક્ષણ કેન્દ્રનું વ્યવસ્થાપન તથા પંચાયત સ્તરે પ્રવૃત્તિઓનું આયોજન, અમલીકરણ તથા નિરિક્ષણ કરવાનું રહેશે.

**પ્ર. 4 અભિયાન કોને લક્ષ્ય બનાવે છે?**

આ યોજનાનું મુખ્ય ઘ્યેય લગભગ 70 લાખ પ્રૌઢ વ્યકિતઓને વય જૂથ 15 થી ઉપરનાને પ્રાથમિક સાક્ષરતા પ્રદાન કરવાનો પ્રયાસ છે. ઉપરાંત લગભગ 1.5 લાખ પ્રૌઢોને પાયાની સાક્ષરતા પ્રદાન કરી ધંધાદારી જાણકારી પહોચાડવાનો છે. આ સિઘ્ધિઓ મેળવવા માટે યોજનામાં મહિલા સાક્ષરતાને પ્રધાન્ય આપી અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિ તથા લધુમતિ કોમ તથા અન્ય વિચરતી જાતિઓનાં પ્રૌઢને સાક્ષર કરવાનું લક્ષ્યાંક રાખે છે. દરેક વિસ્તારના ટકાવારી પ્રમાણે જુદા જુદા લક્ષ્યાંક હોય છે. દરેક જુથ તથા વિસ્તાર માટે નિયત લક્ષ્ય અને દરેક લક્ષ્ય માટે વિશિષ્ટ અભિગમ તથા રણનીતિ હશે.

**પ્ર. 5 આમાં પંચાયતોની ભૂમિકા શું હશે?**

પંચાયત રાજ સંસ્થાઓ (પી.આર.આઈ.એસ) રાજય, તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરે એસ.એલ.એમ.એ અને ગ્રામ સ્તરે સન્માનીય સ્ટેક હોલ્ડરર્સ તરીકે સમુદાયો સાથેની મુખ્ય અમલકર્તા એજન્સી છે. પ્રવૃતિઓ અને જવાબદારીઓનું ગ્રામ પંચાયત સ્તરે વર્ણન ઓ

કરવામાં આવ્યું છે. એસ.એલ.એમ.એ. ધ્વારા નિયુકત પંચાયતો કે એજન્સી, ગ્રામ પંચાયત સ્તરે કાર્ય-યોજનાઓની તૈયારીના અનુસંધાનમાં માઈક્રો પ્લાનિંગ માટે જવાબદાર રહેશે. માઈક્રો પ્લાનિંગમાં સર્વેક્ષણ, ડેટા - કલેકશન, લોક સંગઠન, વિવિધ સ્તરના કર્મચારીઓનો તાલીમી-સમયપત્રક, ટીચિંગ -લર્નિંગ સામગ્રી પ્રાપ્ત કરવી અને તેની વહેંચણી કરવી, અભ્યાસુઓના અભ્યાસનાં પરિણામોનું મૂલ્યાંકન, અંદાજપત્ર અંગેની જરૂરિયાતો વગેરેનો સમાવેશ થાય છે. મિશનના બધા જ કાર્યક્રમો અને પ્રવૃતિઓને ધ્યાનમાં રાખીને જી.પી. સ્તર આયોજનની રચના કરવાની રહેશે. તાલુકાઓ, ગ્રામ પંચાયત યોજનાઓને તાલુકામાં જ એકત્રિત કરશે અને તેમનું પોતાનું પ્રવૃતિ બજેટ તેની સાથે જોડશે. જિલ્લા અમલીકરણ એજન્સી તાલુકાના બધા જ આયોજનોને એકત્રિત કરીને તેનું પોતાનું પ્રવૃતિ બજેટ તેમાં ઉમેરે છે.

**પ્ર. 6 આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ખાનગી ક્ષેત્રો કઈ રીતે ફાળો આપી શકે?**

સ્વૈચ્છિક સંસ્થાઓના ના જોડાણને વધુ મજબૂત કરવામાં આવશે. એન.જી.ઓ.એસ અને અન્ય જૂથો કે જેમણે પ્રૌઢ શિક્ષણના મુદ્દાની લાંબા ગાળા સુધી જવાબદારી સ્વીકારી તેમાં ભાગ લીધો છે અને આ ક્ષેત્રમાં જેમણે અગાઉની સિધ્ધિઓના રેકોર્ડ તોડીને સારો દેખાવ કર્યો છે. તેમને બધાંજ સ્તરે રિસોર્સ ગૃપ્સ તરીકે લેવામાં આવશે. સ્વૈચ્છિક સેવા આપનાર વિભાગને મિશનના કોઈપણ કાર્યક્રમ હેઠળની પ્રવૃતિઓ તેમજ નવીન કાર્યક્રમો કે જે તે ઉદેશ્યો પ્રાપ્ત કરવાનું લક્ષ્ય ધરાવે છે તથા જેના માટે તેઓને મંજૂર કોસ્ટ નોર્મના ધોરણે ગ્રાન્ટ-ઈન-એડ પૂરી પાડવામાં આવશે. તેવા કાર્યક્રમોની પ્રવૃતિઓ હાથમાં લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. એન.જી.ઓ.ની પસંદગીની જવાબદારી એસ.એલ.એમ.એ. અથવા એન.એલ.એમ.એ. નકકી કરે તે મુજબની પેટા- રાજય અમલીકરણ એજન્સીની રહેશે. જો કે, એન.એલ.એમ.એ. મિશનના કોઈપણ ક્ષેત્રમાં સહયોગ આપવા માટે કોઈપણ એન.જી.ઓ.ની પસંદગી કરી શકે છે.

**શહેરી વિસ્તારો માટે રણ નીતિઃ** શહેરી વિસ્તારોમાં અભિયાનના હેતુઓને નવા સાધનોના ઉપયોગ વડે નવી રીતે પ્રાપ્ત કરી શકાય છે. કાર્યક્રમને જન શિક્ષણ સંસ્થાન, રાજ્ય સંસાધન કેન્દ્રો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક જુથો તથા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ અથવા બીજા કોઈ રીતે દ્વારા ઓળખાયેલ  સંસ્થા દ્વારા સંભાળી શકાય છે. સંસાધનોના જોડાણ માટે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળની હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી એલેવેશન મંત્રાલય વચ્ચે જોડાણ વિકસાવી શકાય છે.

**પ્ર. 7 આ અભિયાનની સફળતા માટેનાં મુખ્ય પાસાંઓ કયાં છે?**

આ અભિયાનની સફળતા માટેનાં મુખ્ય પાસાંઓ નીચે મુજબ છેઃ

1. અભિયાનની સફળતાનો આધાર સાક્ષરતા તરફી સામાજિક અભિગમ ઊભો કરીને તથા શિક્ષિત તથા અશિક્ષિત ખાસ કરીને મહિલા વર્ગને અને એ રીતે સમગ્ર સમાજને સંબોધીને તે કરી શકાય. ShGs, PRIs, CBOs તથા NGOs વગેરેમાંની મહિલાઓ સહિત શિખનારાઓને સાક્ષરતાનું તેમનાં રોજ-બ-રોજનાં જીવનમાં મુલ્ય, મહત્ત્વ તથા સુસંગતની દર્શાવવી તે આ માગણી ઊભી કરવા પાછળનું મુખ્ય પાસું છે.
2. પાયાગત સ્તરે મિશનના સુચાલન સાધન તરીકે લોક શિક્ષા કેન્દ્ર કાર્ય કરશે અને

મિશન હેઠળની બધા જ પ્રકારની પ્રવૃતિઓ, જેમાં તેના પ્રાદેશિક અધિકારની મર્યાદા હેઠળ સાક્ષરતા, પાયાગત શિક્ષણ, રોજગાર શિક્ષણ અને નિરંતર શિક્ષણનો પણ સમાવેશ થયેલો છે, તેના સંચાલન માટે જવાબદાર રહેશે.

3. પંચાયત રાજ સંસ્થાઓ રાજય, તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરે એસ.એલ.એમ.એ અને ગ્રામ સ્તરે સન્માનીય સ્ટેક હોલ્ડરર્સ તરીકે સમુદાયો સાથેની મુખ્ય અમલકર્તા એજન્સી છે. ખાસ કરીને ગ્રામ પંચાયત સ્તરે, ગ્રામ પંચાયતના અનુગ્રહ હેઠળ, આ કાર્યક્રમને લોકોના, લોકો માટે તથા લોકો વડેના કાર્યક્રમ તરીકે જોવાય છે. બધા હિસ્સેદારો, ખાસ કરીને પાયાના સ્તરના લોકોના કાર્યક્રમના આયોજન તથા અમલીકરણમાં યોગ્ય ભૂમિકા હશે. નેશનલ લીટરસી મિશન ઓથોરીટી તથા સ્ટેટ લીટરસી મિશન ઑથોરિટીની ભૂમિકા પ્રેરક સંસ્થા, સગવડ તથા સંસાધન પૂરી પાડનાર તરીકેની હશે.

પ્રવૃતિઓ અને જવાબદારીઓનું ગ્રામ પંચાયત સ્તરે વર્ણન ઓ કરવામાં આવ્યું છે. એસ.એલ.એમ.એ. ધ્વારા નિયુકત પંચાયતો કે એજન્સી, જી.પી. સ્તરે કાર્ય-યોજનાઓની તૈયારીના અનુસંધાનમાં માઈક્રો પ્લાનિંગ માટે જવાબદાર રહેશે. માઈક્રો પ્લાનિંગમાં સર્વેક્ષણ, ડેટા - કલેકશન, લોક સંગઠન, વિવિધ સ્તરના કર્મચારીઓનો તાલીમી-સમયપત્રક, ટીચિંગ -લર્નિંગ સામગ્રી પ્રાપ્ત કરવી અને તેની વહેંચણી કરવી, અભ્યાસુઓના અભ્યાસનાં પરિણામોનું મૂલ્યાંકન, અંદાજપત્ર અંગેની જરૂરિયાતો વગેરેનો સમાવેશ થાય છે. મિશનના બધા જ કાર્યક્રમો અને પ્રવૃતિઓને ધ્યાનમાં રાખીને જી.પી. સ્તર આયોજનની રચના કરવાની રહેશે. તાલુકાઓ, ગ્રામ પંચાયત યોજનાઓને તાલુકામાં જ એકત્રિત કરશે અને તેમનું પોતાનું પ્રવૃતિ બજેટ તેની સાથે જોડશે. જિલ્લા અમલીકરણ એજન્સી તાલુકાના બધા જ આયોજનોને એકત્રિત કરીને તેનું પોતાનું પ્રવૃતિ બજેટ તેમાં ઉમેરે છે.

ખાસ કરીને ગ્રામ પંચાયત સ્તરે, ગ્રામ પંચાયતના અનુગ્રહ હેઠળ, આ કાર્યક્રમને લોકોના, લોકો માટે તથા લોકો વડેના કાર્યક્રમ તરીકે જોવાય છે. બધા હિસ્સેદારો, ખાસ કરીને પાયાના સ્તરના લોકોના કાર્યક્રમના આયોજન તથા અમલીકરણમાં યોગ્ય ભૂમિકા હશે. નેશનલ લીટરસી મિશન ઓથોરીટી તથા સ્ટેટ લીટરસી મિશન ઑથોરિટીની ભૂમિકા પ્રેરક સંસ્થા, સગવડ તથા સંસાધન પૂરી પાડનાર તરીકેની હશે.

પ્રકાશન

प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge

સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા
(રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા)

SIRD
State Institute of Rural Development



સુંદરવન સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
ફોન/ફેક્સઃ ૦૭૯-૨૬૭૪૯૭૧૫, ૫૫૪૧૯૧૧૦



સંકલન અને પ્રસ્તુતિ

उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન

*(બેકવર્ડ રિજિયન ગ્રાન્ટ ફંડ હેઠળ પ્રકાશિત)*